Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... ६६ग / ४६(VII)

पञ्जिका संख्या ३०८४२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३०-८४२

अवाप्ति संख्या

पुस्तक संख्या 66 ग
८६ (VII)

आगत नं० ३०८४२

गुरुकुल पुस्तकालय कांगड़ी

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

સાતમી ચોપડી

Shah Bhailalbhai Dahyabhai
Book-Seller & Stationer,
NAVSARI.

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ. ૯૦

વિદ્યાપીઠ વાચનમાળા

સાતમી ચોપડી

[ગુજરાતી શાળાના સાતમા યા અંગ્રેજી શાળાના ત્રીજા ધોરણ માટે]

CHECKED 1973
Initial ......

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ : પ્રત   ૫૦૦, ૧૯૪૧
બીજી આવૃત્તિ : પ્રત ૬,૦૦૦, ,,
પુનર્મુદ્રણ : પ્રત ૫,૦૦૦, ,,
,, : પ્રત ૧૦,૦૦૦, ૧૯૪૨

આઠ આના   મે, ૧૯૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠે લગભગ તેની હસ્તીની શરૂઆતથી, ગુજરાતીના અભ્યાસને માટે સારી અને સુઘડ વાચનમાળા તૈયાર કરવાનો ઇરાદો સેવ્યો છે; અને તે અનુસાર આજ સુધીમાં કેટલીક ચોપડીઓ પ્રસિદ્ધ પણ કરી છે. તે બધું કામ તપાસીને, ઠીક લાગે તે સુધારવું વધારવું, અને આજે જે પસંદ કરવા જેવું ન લાગે તે રદ કરી નવેસર બીજું રચવું, એ કામ ઈ. સ. ૧૯૩૫ પછી વિદ્યાપીઠે ઉપાડયું છે. તે અનુસાર બાળપોથી તરીકે 'ચાલણ-ગાડી'ની સુધારેલી વધારેલી નવી આવૃત્તિ બહાર પડી છે. અને ત્યાર પછીની ચાર ચોપડીઓનું કામ હાથ ઉપર છે, જે પૂરું કરી થોડાક માસ બાદ જનતા આગળ મૂકવાની આશા છે.

વાચનમાળાની ત્યાર પછીની ત્રણ ચોપડીઓ — પાંચમી, છઠ્ઠી અને સાતમી — તેમની પ્રત્યક્ષ જરૂર અમને વિનય મંદિરનાં પ્રથમ ત્રણ ધોરણોને માટે પણ લાગ્યા કરી છે. કેમ કે એ વર્ગોને માટે કરીને પ્રસિદ્ધ થયેલી, ઉપલબ્ધ ચોપડીઓ સર્વ રીતે સંતોષ આપી શકતી નથી.

બીજી તરફથી સરકારે પોતાની આજ એક પેઢીથી પણ વધુ જૂની થયેલી વાચનમાળા છાપવાનું બંધ કર્યું, અને એનું સ્થાન આજ ખાલી જ છે. તેથી કુમાર મંદિરો કે સાત ધોરણની ગુજરાતી શાળાઓનાં છેલ્લાં ત્રણ ધોરણને માટે પણ યોગ્ય ચોપડીઓની જરૂર જણાય છે.

અને ઉપર જણાવેલાં ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ તથા હાઈસ્કૂલના પ્રથમ ત્રણ ધોરણના વિદ્યાર્થીઓની જરૂર ભિન્ન નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં ફરક પડતો હોય તો એટલો જ કે, પાછળનાં ધોરણોમાં અંગ્રેજી શરૂ થવાથી, શિક્ષણમાં ગુજરાતી ગૌણ સ્થાને જાય છે, તેથી કરીને કદાચ વરસમાં કામ ઓછું થાય. પરંતુ, બાળકની જરૂર, તેનાં વિકાસ તથા ઘડતર, અને જિજ્ઞાસા તથા કર્તૃત્વ વગેરે જોતાં, બેઉ પ્રકારનાં ત્રણ ધોરણો માટે સરખી જ વાચનમાળા જોઈએ.

શિક્ષણની આ જરૂર ઉપરાંત, જ્ઞાનવિજ્ઞાન અને સંસ્કારિતા તથા લોકજીવનની દૃષ્ટિએ પણ છેલ્લી પેઢીમાં આપણે ખૂબ વધ્યા છીએ. પ્રજાના જીવનનાં સર્વ અંગોનાં આદર્શ અને મહત્ત્વાકાંક્ષાઓમાં ભારે પલટો થયો છે. તેથી કરીને, દરેક દાયકે એને અનુરૂપ વાચનમાળા ઘડાતી કે રૂપાંતરિત થતી રહે, તો તે ઇષ્ટ છે.

આ ખ્યાલો ઉપરથી વિદ્યાપીઠની પુસ્તક પ્રકાશન સમિતિએ ઠરાવ્યું કે, વિનય મંદિર યા હાઈસ્કૂલનાં પહેલાં ત્રણ, અથવા કુમાર મંદિર કે સાત ધોરણની ગુજરાતી શાળાનાં છેલ્લાં ત્રણ, એ ધોરણોને માટે, વાચનમાળાની પાંચમી, છઠ્ઠી અને સાતમી ચોપડીઓ પણ તૈયાર કરવામાં આવે. તે અનુસાર, પાંચમી અને છઠ્ઠી ચોપડીઓ પ્રસિદ્ધ થઈ ગઈ છે, અને માળાની આ સાતમી ચોપડી હવે બહાર પાડવામાં આવે છે. તેની સાથે ત્રણ ચોપડીઓનું આ જૂથ પૂરું થાય છે, તેથી સંતોષ અને આનંદ થાય છે.

આ ત્રણ ધોરણોમાં વિજ્ઞાન, ભૂગોળ, ઇતિહાસ જેવા ખાસ વિષયો માટે અલગ પાઠ્ય પુસ્તકો વપરાતાં હોવાથી, તેમને વિષેના પાઠોથી વાચનમાળાની જગા રોકવાની જરૂર હવે રહી નથી. એટલે આ ચોપડીમાં એ વિષયના ક્રમિક ભાગો રાખ્યા નથી.

પાનાંની સંખ્યા સામાન્ય જરૂર કરતાં કાંઈક્ેય વધારે છે, તે એ ઇરાદે કે તેથી કરીને શિક્ષકોને પસંદગીનું ક્ષેત્ર મળી રહે.

વિદ્યાર્થીઓને કોષ વાપરતાં આવડે એ ઇરાદે, ચોપડીમાંથી પસંદ કરેલા લગભગ ચારસો શબ્દો અંતે આપ્યા છે.

કાવ્ય નાગરીમાં છાપવાનો રિવાજ સરકારી વાચનમાળામાં ચાલતો તે જારી રાખ્યો છે, જેથી આપણાં બાળકો, વગર બોજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગવ્યે, નાગરી લિપિનો પણ પરિચય કરી લઈ શકે. હવે હિંદુસ્તાનીનું શિક્ષણ પણ આ વર્ષોમાં શરૂ થાય છે, તેથી પણ નાગરીનો આ ઉપયોગ આવકારપાત્ર થશે.

આ પ્રકારનું પુસ્તક તૈયાર કરવામાં અનેક લેખકોનાં લખાણોનો, સીધો કે આડકતરો ઉપયોગ કરવાનો તો હોય જ છે, અને એ સૌનાં નામ ગણાવવા બેસવું અશક્ય લેખાય. છતાં આ સ્થળે સંસ્થા વતી તે સૌનો આભાર માનું છું. જે લેખકોએ પોતાનાં લખાણો આમાં લેવાની અમને પરવાનગી આપી છે, તેમનો પણ સંસ્થા આભાર માને છે. બાકી રહ્યા આ ચોપડીનું કામ કરનારા, વિદ્યાપીઠને સ્વકીય સમજનારા કાર્યકર્તાઓ અને સેવકો, જેમણે મહેનત લઈને ઉપરની સામગ્રીમાંથી આ ચોપડીના પાઠો ઘડ્યા છે. તેઓ તો ઘરના જ હોઈ, એમનો આભાર માનવાનો હોય નહિ.

છેવટે વિનંતિ કે, ગુજરાતના શિક્ષકો આ પુસ્તકને અપનાવે, અને તેને સુધારવા વધારવાને માટે પોતાની અનુભવસિદ્ધ સલાહ અને સૂચનાઓ આપી શિક્ષણના આ કાર્યને ઉત્તેજન આપે. એ જ.

તા. ૪-૩-'૪૧
ગૂ૦ વિ૦ કાર્યાલય

મગનભાઈ પ્ર. દેસાઈ
મહામાત્ર

બીજી આવૃત્તિ

સરકારી પાઠ્યપુસ્તક સમિતિએ આ ચોપડીને શાળાઓના ઉપયોગને માટે મંજૂર રાખી છે. નવી આવૃત્તિનો લાભ લઈ, બધું ફરી તપાસી જતાં સુધારવા જેવું કાંઈક લાગ્યું તે સુધાર્યું છે. ગુજરાતની અંગ્રેજી શાળાઓ તથા સ્કૂલ બોર્ડો હવે આ પુસ્તકને અપનાવે એવી વિનંતી છે.

તા. ૪-૬-'૪૧

મ૦ પ્ર૦ દે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

[કવિતાના પાઠનું નામ નાગરી લિપિમાં દર્શાવ્યું છે.]

૧. સત્ય એ જ પરમેશ્વર . . . ૯
૨. हरिनो मारग . . . ૧૦
૩. અવેરે જ શમે વેર, ન શમે વેર વેરથી . ૧૧
૪. 'नहि बेसारुं राम' . . . ૧૬
૫. દીવાદાંડીવાળો . . . ૧૭
૬. ગંગાભૈયા . . . ૨૨
૭. प्रभात ૨૬
૮. ચોવીસમા તીર્થંકર મહાવીર . . ૨૭
૯. जे गमे जगतगुरु देव जगदीशने . . ૩૧
૧૦. બલિદાનનો મહિમા ખંડ ૧–૨ . ૩૨
૧૧. जोगी जीवो रे एवा जगतमां . . ૩૮
૧૨. હિંદના દાદા મહર્ષિ દાદાભાઈ ખંડ ૧–૨ . ૩૯
૧૩. महेमानोने ૪૪
૧૪. એક કરુણાજનક દશ્ય . . ૪૪
૧૫. मोह-फोजनो मोरचो . . . ૪૭
૧૬. મોહની કુરબાની . . . ૪૮
૧૭. नळ दमयंती वियोग खंड १–३ . . ૫૦
૧૮. મફત અને ફરજિયાત શિક્ષણ . . ૫૩
૧૯. દમયંતી પર આરોપ ખંડ ૧–૨ . . ૫૬
૨૦. लोकसाहित्य खंड १–२ . . ૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२१. 'शेरमा दुहा		६४
૨૨. ઊધઈનો સમાજ	ખંડ ૧–૫	૬૪
२३. सावधान	खंड १–२	७४
૨૪. જ્ઞાની કવિ અખો ભગત		૭૫
२५. अखानी वाणी		७८
२६. समजण विना रे सुख नहि जंतने		७९
૨૭. અસ્પૃશ્યતા		૮૦
२८. कृपा मने क्यम ना करो?		८४
૨૯. લડવું જ જોઈએ?		૮૫
૩૦. પ્રવાહી આગનો ઉદ્યોગ	ખંડ ૧–૨	૮૮
३१. ब्रह्मगिरि		९२
૩૨. ભગવાન ઈશુ ખ્રિસ્ત		૯૩
३३. शोभा सलूणा श्यामनी		९६
૩૪. દ્રૌપદી	ખંડ ૧–૩	૯૭
३५. 'कवि शामळ कहे उत्तर लखो'	खंड १–२	१०४
૩૬. કન્યાકુમારીનાં દર્શન		૧૦૫
૩૭. વેરની આગ		૧૦૮
३८. पाटणपुरी पुराण !		११४
૩૯. સર સૈયદ અહમદ ખાન		૧૧૫
૪૦. સામાજિક જવાબદારી		૧૨૦
४१. मीठी माथे भात		१२३
૪૨. ચલણી નાણાનો ગજબ	ખંડ ૧–૩	૧૨૬
૪૩. ન્યાય કે દયા?		૧૩૧
४४. नाखुदा		१३६
૪૫. ચૂંટણી અને મતાધિકાર		૧૩૭
४६. एक ज दे चिनगारी		१४२
૪૭. સર રમણભાઈ નીલકંઠ	ખંડ ૧–૨	૧૪૩
૪૮. આગબોટ માટે સીડી	ખંડ ૧–૨	૧૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૪૯. માખીની રાજનીશી . . . ૧૫૧
૫૦. हुं तो नाविक नाविक . . ૧૫૬
૫૧. તારાઓ અને પરમાણુઓ ખંડ ૧–૨ . ૧૫૭
૫૨. मुखडानी माया . . . ૧૬૧
૫૩. એક અમર ત્રિપુટી . . . ૧૬૨
૫૪. शूरा बावीश हजार . . . ૧૬૮
૫૫. રશિયાની એક સાધ્વી ખંડ ૧–૪ . ૧૭૧
૫૬. माता गिरा गुर्जरी . . . ૧૭૮
૫૭. પ્રેમાનંદ ૧૭૯
૫૮. હબસીઓનો કુલગુરુ ખંડ ૧–૫ . ૧૮૧
૫૯. વસમી વિદાય . . . ૧૮૮
૬૦. निजानंदनी मस्ती . . . ૧૯૫
૬૧. સાચની મિત્રાચારી . . . ૧૯૬
૬૨. कांठे रमे रे रूडां वालुडां . . ૨૦૦
શબ્દકોશ . . . ૨૦૧
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય એ જ પરમેશ્વર

[સત્યાગ્રહ આશ્રમની શાળાના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને, તેમના હસ્તલિખિત 'મધપૂડા' માટે આ લેખ ગાંધીજીએ ઈ. સ. ૧૯૨૦માં લખી આપ્યો હતો.]

'સત્યનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને'— આ કાવ્યનું* રહસ્ય હું દિવસે દિવસે વધારે સમજ્યા કરું છું. હું એમ પણ જોઉં છું કે, એ વાક્યમાં જે વિચાર રહ્યો છે, તેનો પ્રયોગ કંઈ મોટાઓ જ કરે ને બાળકો કે વિદ્યાર્થી ન કરે એવું નથી. બચપણથી જ સત્યનો મારગ શોધાય ને તે મારગે જવાય, તો જ મોટા થતાં આપણે અસત્યને માર્ગે ચડતાં બચી શકીએ. જેમ કોઈ દરદને

આપણે જૂનું થવા દઈએ તો તે ઘર કરે છે ને મટાડવું અશક્ય થઈ પડે છે, તેમ અસત્યને આપણે બચપણથી આપણા શરીરમાં મનમાં ઘર કરવા દઈએ, તો પછી આગળ જતાં તે મહાવ્યાધિ થઈ પડે છે, ને તે અસાધ્ય રોગ જેવું થઈ આપણને હમેશાં ક્ષીણ કરતું જાય છે. આ જ કારણથી આપણે જગતમાં અસત્યનો વધારો જોયા કરીએ છીએ.

* પાઠ ૨માં આ કાવ્ય છે. ત્યાં 'હરિનો મારગ' એવા શબ્દ છે. ગાંધીજીએ અહીં કદાચ અજાણમાં જ 'હરિ' ફેરવીને 'સત્ય' કરી દીધું છે. તેમને મન 'હરિ' અને 'સત્ય' એક જ છે, તે આ પાઠમાં જોશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી વિદ્યાર્થી-જીવનમાં ઊંચામાં ઊંચો પાઠ એ છે કે, સત્ય શોધવું ને તે પ્રમાણે આચરવું.

એ મારગ શૂરાનો કહ્યો છે, કેમ કે હિમાલય ચડવામાં જેટલા પરાક્રમની જરૂર છે, તેના કરતાં સત્યની ઊભી સીડીએ ચડવામાં વધારે પરાક્રમની આવશ્યકતા છે. એટલે જો આપણે આ જગતમાં કંઈ પણ પુરુષાર્થ કરવો હોય, જગતની સેવા કરવી હોય, તો સત્યને પ્રથમ પદ આપી, તેને વિષે અચલિત શ્રદ્ધા રાખી આગળ વધ્યે જવું.

સત્ય એ જ પરમેશ્વર છે.

૨

હરિનો મારગ

हरिनो मारग छे शूरानो, नहि कायरनुं काम जोने;
परथम पहेलुं मस्तक मूकी, वळती लेवुं नाम जोने. हरि० १
सुत-वित-दारा शीश समरपे, ते पामे रस पीवा जोने;
सिंधु मध्ये मोती लेवा, मांही पडया मरजीवा जोने. हरि० २
मरण आंगमे ते भरे मूठी, दिलनी दुग्धा वामे जोने;
तीरे ऊभो जुए तमासो, ते कोडी नव पामे जोने. हरि० ३
प्रेम-पंथ पावकनी ज्वाळा भाळी पाछा भागे जोने;
मांही पडया ते महासुख माणे, देखनारा दाझे जोने. हरि० ४
माथा साटे मोंघी वस्तु, सांपडवी नहि सहेल जोने;
महापद पाम्या ते मरजीवा, मूकी मननो मेल जोने. हरि० ५
राम-अमलमां राता माता पूरा प्रेमी परखे जोने;
प्रीतमना स्वामीनी लीला ते रजनी दन नरखे जोने. हरि० ६

સ્વાધ્યાય

કવિ પ્રીતમદાસ (ઈ. સ. ૧૭૪૭–૧૭૯૯) નું આ ભજન ગુજરાતમાં સારી પેઠે પ્રખ્યાત થયું છે. બ્રહ્માનંદની 'શિર સાટે નટવરને વરીએ' ગરબી અહીં યાદ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવેરે જ શમે વેર, ન શમે વેર વેરથી

પ્રાચીન કાળમાં વારાણસી નગરીમાં બ્રહ્મદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તેનું રાજ્ય વિશાળ હતું, તેની આવક ભારે હતી, તેનું લશ્કર મોટું હતું, તથા તેના ભંડાર ભરેલા હતા. તે વખતે કોસલ દેશમાં દીઘીતિ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનું રાજ્ય નાનું હતું, તેની આવક થોડી હતી, તેનું લશ્કર નાનું હતું, તથા તેના ભંડાર ખાલી હતા.

કાશીરાજ બ્રહ્મદત્તે એક વખત ચતુરંગિણી સેના સજ્જ કરીને કોસલરાજ દીઘીતિ ઉપર ચડાઈ કરી. પોતાનાથી બ્રહ્મદત્ત સામે ક્ષણવાર પણ ટકી શકાશે નહિ એમ લાગવાથી, દીઘીતિ રાજા રાણી સાથે નગર છોડીને ભાગી ગયો, અને બ્રહ્મદત્તે આવીને કોસલદેશ તથા તેની સર્વ સાધનસામગ્રી કબજે કરી લીધાં.

દીઘીતિ પરિવ્રાજકને વેષે વારાણસીમાં જ આવીને રહ્યો. વખત જતાં તેની રાણીને પુત્ર અવતર્યો, તેનું નામ દીઘાવુ ('દીર્ઘાયુષી') પાડવામાં આવ્યું. કુમાર મોટો અને સમજણો થયો, એટલે દીઘીતિને વિચાર આવ્યો કે, 'કાશીરાજ બ્રહ્મદત્તને કદાપિ અમારી ભાળ લાગશે, તો ત્રણેયને તે મારી નાખશે; માટે દીઘાવુ કુમારને દૂર રાખવો ઠીક છે.' આમ વિચારી તેણે કુમારને નગર બહાર મોકલી દીધો. ત્યાં રહી કુમારે બધી વિદ્યાકળાઓ સંપાદન કરી.

તે સમયે દીઘીતિ રાજાનો વાળંદ કાશીરાજ બ્રહ્મદત્ત પાસે રહેતો હતો. તેણે એક વખત દીઘીતિ રાજાને વારાણસીમાં છૂપે વેશે પોતાની રાણી સાથે રહેતો જોયો. બ્રહ્મદત્તના વહાલા થવા તેની આગળ તેણે ચાડી ખાધી, અને કહ્યું કે, 'દીઘીતિ રાજા પોતાની રાણી સાથે આપણા નગરમાં જ અમુક સ્થળે છૂપે વેશે રહે છે.'

બ્રહ્મદત્તે તરત સિપાહીઓને આજ્ઞા કરી કે, 'દીઘીતિ રાજાને સહકુટુંબ પકડી લાવો.'

સેવકોએ દીઘીતિને તથા તેની રાણીને પકડી આણ્યાં, એટલે બ્રહ્મદત્તે હુકમ કર્યો કે, 'દીઘીતિના અને તેની રાણીના હાથ પીઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ બાંધો, તેમનાં માથાં મૂંડી નાંખો, ઢોલ વગાડતા વગાડતા તેમને આખા નગરમાં ફેરવો, અને પછી નગરની દક્ષિણ દિશાએ લઈ જઈ, તેમના ચાર ચાર કટકા કરીને ચાર દિશાઓમાં ફેંકી દો.'

સેવકો તે પ્રમાણે રાજારાણીનું માથું મૂંડીને તથા તેમને અવળે હાથે બાંધીને નગરમાં ઢોલ વગાડતા વગાડતા લઈ ચાલ્યા. એ જ અરસામાં દીઘાવુ કુમારને વિચાર આવ્યો કે, 'બહુ દિવસથી મેં માતપિતાને દીઠાં નથી; માટે લાવ આજે નગરમાં જઈને તેમને મળી આવું.' આવો વિચાર કરી તે નગરમાં દાખલ થયો, અને જુએ છે તો રાજમાર્ગે પોતાનાં માતપિતાને ઉપર જણાવેલી હાલતમાં સિપાહીઓ વધસ્થાને લઈ જાય છે. તે તરત તેમની નજીક આવ્યો. તેને દૂરથી આવતો જોઈને દીઘીતિ રાજાએ મોટેથી બૂમ પાડીને કહ્યું, 'બાપુ ! તું લાંબું જોઈશ નહિ, ટૂંકું ય જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે, અવેરથી જ વેર શમશે.' થોડે થોડે આંતરે દીઘીતિ ઉપર પ્રમાણે ત્રણ વાર બોલ્યો. દીઘીતિને વારંવાર આવું વિચિત્ર લવતો જોઈ લોકો કહેવા લાગ્યા કે, દુઃખનો માર્યો રાજા ગાંડો થઈ ગયો છે અને ગમે તેમ બોલે છે. ત્યારે દીઘીતિએ તેમને કહ્યું કે, 'હું ગાંડો નથી થઈ ગયો તથા ગમે તેમ નથી લવતો; મારા કહેવાનો અર્થ જે ચતુર હશે તે સમજશે !' દીઘાવુએ બાપના બધા બોલ સાંભળ્યા, અને હૃદયમાં સંઘરી રાખ્યા.

રાજારાણીને આખા નગરમાં ફેરવ્યા બાદ સિપાહીઓ તેમને દક્ષિણને દરવાજેથી નગર બહાર લઈ ગયા. ત્યાં તેમના ચાર ચાર ટુકડા કરી, તે ટુકડા તેમણે ચાર દિશામાં ફેંકી દીધા, તથા કોઈ તે ટુકડા ઉપાડી ન જાય તે માટે ત્યાં ચોકીપહેરો મૂક્યો. પરંતુ ચોકિયાતોને ભુલાવીને, દીઘાવુએ પોતાનાં માતપિતાના શબના ટુકડા ભેગા કર્યા, અને ચિતા સળગાવી તેમનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર બાદ ચિતાની આસપાસ, જોડેલે હાથે તે ત્રણ પ્રદક્ષિણા ફર્યો.

એટલું કરી, દીઘાવુ જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં જઈને તે છૂટે મોંએ ખૂબ રોયો. પછી આંસુ લૂછી, મનમાં કાંઈક પેંતરો રચી, તે વારાણસીમાં પાછો આવ્યો, અને બ્રહ્મદત્ત રાજાના અંતઃપુરની પડખે હાથીખાનું હતું, ત્યાં ગયો. ત્યાંના મહાવતને વીનવી તથા ખુશ કરીને તે તેની પાસે હસ્તીવિદ્યા શીખવાને બહાને રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ બ્રાહ્મમુહૂર્તે વહેલો ઊઠીને દીઘાવુ હાથીખાનામાં મધુર સ્વરે વીણા સાથે ગાવા લાગ્યો. એ મધુર સંગીત બ્રહ્મદત્તને કાને પડતાં તેણે પોતાના માણસોને પૂછ્યું, 'આ કોણ ગાય છે?' તેમણે જવાબ આપ્યો, 'એ તો મહાવતનો નવો શિષ્ય છે.'

રાજાએ તરત તેને પોતાની પાસે તેડાવી મંગાવ્યો, અને તેની પાસેથી ફરી તેનું ગાયન સાંભળ્યું. તેની આવડતથી ખુશ થઈ રાજાએ તેને પોતાની તહેનાતમાં જ રાખ્યો.

દીઘાવુ પણ રાજાની પહેલાં ઊઠે, અને રાજાના સૂતા પછી સૂએ; તેની આજ્ઞાનો ઝટ અમલ કરે, તેની આમન્યા સાચવીને પ્રિય વચન બોલે, અને તેને ખુશ રાખે. થોડા દિવસમાં તે રાજાનો વિશ્વાસપાત્ર અને માનીતો નોકર બની ગયો.

એક દિવસ બ્રહ્મદત્ત રાજા રથ જોડાવી, રસાલા સાથે મૃગયા કરવા નીકળ્યો. તે વખતે દીઘાવુ તેનો રથ હાંકતો હતો. તેણે વન-જંગલની આંટીઘૂંટીમાં એવી રીતે રથ હાંકવા માંડ્યો કે, રાજાનો રસાલો ક્યાંય રહી ગયો, અને રાજાનો રથ જુદી જ દિશામાં કેટલેય દૂર નીકળી ગયો. થોડા વખત બાદ રાજાએ થાકીને દીઘાવુને કહ્યું, 'હવે રથ છોડી નાખ; હું થાકી ગયો છું. થોડીક વિશ્રાંતિ લઉં, તેટલામાં આપણા માણસો પણ આવી પહોંચશે.'

દીઘાવુએ ઘોડા છોડી નાખ્યા, ને પોતે જમીન ઉપર પલાંઠી વાળીને બેસી ગયો. રાજા તેના ખોળામાં માથું મૂકીને સૂતો અને થાકને લીધે તરત જ નિદ્રાવશ થઈ ગયો.

તે વખતે દીઘાવુને વિચાર આવ્યો કે, વેર લેવાનો આ ઠીક અવસર છે; આ દુષ્ટ રાજાએ મારાં માતપિતાને ભૂંડી રીતે મરાવી નાંખ્યાં છે. એમ વિચારી તેણે મ્યાનમાંથી તલવાર ખેંચી. પણ તે જ વખતે તેને પિતાના છેલ્લા શબ્દો યાદ આવ્યા : 'બાપુ ! લાંબું જોઈશ નહિ, ટૂંકુંય જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે, અવેરથી જ વેર શમશે.' પિતાની છેલ્લી આજ્ઞા ઉથાપવી ઠીક નહિ એમ માની, તેણે તલવાર મ્યાન કરી.

પરંતુ ઊંઘતા રાજાના મોં સામું જોતાં, તેને ફરી પિતાનું મરણ યાદ આવ્યું અને તેનો વેરનો ઊભરો ચડી આવ્યો. બીજી વાર પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પિતાના શબ્દો યાદ કરી તલવાર મ્યાન કરી દીધી. એ જ પ્રમાણે ત્રીજી વાર પણ તલવાર ખેંચીને પાછી મ્યાન કરવા જતો હતો, તેવામાં બ્રહ્મદત્ત રાજા ગભરાયેલે ચહેરે સફાળો જાગી ઊઠ્યો.

દીઘાવુએ પૂછ્યું, 'મહારાજ! કેમ છળ્યા હો તેમ આમ ઝબકીને જાગી ઊઠ્યા?'

રાજાએ કહ્યું, 'તારા ખોળામાં સૂતા બાદ મને સ્વપ્નું આવ્યું, તેમાં મારા જૂના દુશ્મન રાજાનો પુત્ર જાણે મારો વધ કરવા તલવાર ઉગામી મારા ઉપર કૂદી પડ્યો, એમ મેં જોયું. કોસલદેશનાં રાજા-રાણીને તો મેં ક્યારનાં ઠેકાણે પાડી દીધાં છે; પરંતુ તેમનો પુત્ર જીવતો છટકી ગયો છે, તેથી અવારનવાર મને આમ દહેશત લાગ્યા કરે છે. એકાદ વાર તે મારા હાથમાં આવી જાય, તો પછી હું હંમેશ માટે તેની નિરાંત કરી દઉં!'

રાજાને મોઢે આ વાત સાંભળી દીઘાવુને વેરનો ઊભરો ફરી ચડી આવ્યો. તેણે તરત જ રાજાના કેશ પકડી, પોતાની તલવાર ઉગામી, તથા કહ્યું, 'હે રાજા, હું જ કોસલરાજનો પુત્ર દીઘાવુ છું. મારાં માતપિતાનું વેર લેવા હું જ આવીને તમારે ત્યાં છૂપે વેશે રહ્યો છું. આજે હવે તે વેરની વસૂલાત કરવાનો અવસર આવી પહોંચ્યો છે.'

બ્રહ્મદત્ત આ જોઈ ચોંકી ઊઠ્યો. તે ગભરાઈ જઈ દીઘાવુને પગે પડ્યો, તથા પોતાની અત્યાર સુધીની મિત્રતાને ખાતર પણ પોતાને જીવતદાન દેવા માટે કરગરવા લાગ્યો.

એક બાજુ પોતાના દુશ્મનની આવી દીન અવસ્થા જોઈ ને તથા બીજી બાજુ પોતાના પિતાના છેલ્લા શબ્દો યાદ લાવીને દીઘાવુએ હાથમાંની તલવાર ફેંકી દીધી. પછી તે બોલ્યો, "હે રાજા! જીવતદાન તો હવે તમારે મને આપવાનું છે, કારણ કે વેર વાળવાનો લાગ જોઈને પહેલાં મેં ત્રણ વાર તમારા ઉપર તલવાર ઉગામી હતી. પરંતુ મારા પિતાના અંતિમ શબ્દો યાદ આવવાથી, દરેક વખતે મેં મારી તલવાર પાછી મૂકી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, 'બાપુ! લાંબું જોઈશ નહિ, ટૂંકુંય જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે, અવેરથી જ વેર શમશે.' અત્યારે પણ એ શબ્દો યાદ લાવીને મેં મારી તરવાર ફેંકી દીધી છે. હવે તો તમારે જ મને જીવતદાન આપવાનું રહે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર બાદ બ્રહ્મદત્તે તથા દીઘાવુ કુમારે એકબીજાનો હાથ ઝાલી, અન્યોન્ય વેર ત્યાગવાના શપથ લઈ, એકબીજાને જીવતદાન આપ્યું.

પછી રાજા તથા દીઘાવુ કુમાર રથમાં બેસી નગરમાં પાછા આવ્યા. રાજાએ તરત જ દરબાર ભરીને પોતાના સર્વ દરબારીઓને તેડાવ્યા, અને તેમને પૂછ્યું કે, 'કોસલરાજ દીઘીતિનો પુત્ર આપણા હાથમાં આવે તો તેનું શું કરવું?'

કેટલાકે જવાબ આપ્યો, 'તેના હાથ કાપી નાખવા;' કેટલાકે કહ્યું, 'તેના પગ કાપી નાખવા;' કેટલાકે કહ્યું, 'તેનાં નાકકાન કાપી નાખવાં;' અને કેટલાકે કહ્યું કે, 'તેનું માથું કાપી નાખવું.'

ત્યાર બાદ બ્રહ્મદત્તે દીઘાવુને આગળ ધરીને કહ્યું, 'જુઓ, આ પોતે જ કોસલરાજનો પુત્ર દીઘાવુ છે.' પછી વનમાં બનેલી હકીકત સૌને કહી સંભળાવીને રાજાએ જાહેર કર્યું કે, 'દીઘાવુએ મને જીવનદાન દીધું છે, અને મેં તેને જીવનદાન આપ્યું છે. માટે હવે કોઈએ તેને કાંઈ કરવાનું નથી.'

ત્યાર બાદ દીઘાવુ તરફ ફરીને રાજાએ તેને પૂછ્યું, 'કુમાર! મરણકાળે તારા પિતાએ તને જે લાંબું ન જોવાનું કે ટૂંકું ન જોવાનું વગેરે કહ્યું હતું, તેનો અર્થ હવે તું મને કહી સંભળાવ.'

કુમારે કહ્યું, "'લાંબું જોઈશ મા' એટલે કે ચિરકાળ વેર લંબાવ્યા કરીશ મા. 'ટૂંકું જોઈશ મા' એટલે કે વાતવાતમાં મૈત્રી તોડીશ મા. 'વેરે વેર નહિ શમે' એટલે કે, મહારાજે મારાં માતપિતાને મારી નાખ્યાં, માટે હું મહારાજને મારી નાખું; તો મહારાજના પક્ષવાળાઓ પાછા મને મારી નાખે, અને મારા પક્ષવાળાઓ પાછા તેમને મારી નાખે, એમ વેર લાંબું ચાલ્યા જ કરે, અને તેનો કદાપિ અંત આવે નહિ. પરંતુ હવે આપણે પરસ્પર વેર તજવાનો નિશ્ચય કર્યો છે, એટલે અવેરથી આપણું વેર કાયમને માટે શમી ગયું, એ ઉઘાડું છે."

તે સાંભળી પ્રસન્ન થઈ રાજાએ દીઘાવુ કુમારને પોતાની પુત્રી પરણાવી, તથા તેનું કોસલદેશનું રાજ્ય સર્વ સાધનસામગ્રી સાથે તેને પાછું સોંપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

'ધમ્મપદ' કરીને એક પ્રખ્યાત બૌદ્ધ ધર્મગ્રંથ છે, તેમાં એક શ્લોક છેઃ—

नहि वेरेन वेरानि संमन्तीध कुदाचनं
अवेरेन च संमन्ति एस धम्मो सनंतनो ॥

આ જગતમાં કદાપિ વેરથી વેર શમતું નથી, અવેરથી — પ્રેમથી જ શમે છેઃ આ સનાતન ધર્મ છે.

૪

'નહિ બેસારું રામ'

[રામ-લક્ષ્મણની મદદથી વિશ્વામિત્ર ઋષિ પોતાનો યજ્ઞ પૂરો કરીને પાછા વળે છે. રસ્તામાં ગૌતમ ઋષિનો આશ્રમ આવે છે, ત્યાં શાપથી શલ્યા થઈને પડેલી ગૌતમ-પત્ની અહલ્યા, રામની ચરણરજથી પાછી અહલ્યા થાય છે. પછી રામ ગંગા પાર કરવા જાય છે. તે વખતનો નાવિક સાથેનો પ્રસંગ કવિએ આ કાવ્યમાં કેવી રીતે વર્ણવ્યો છે, તે હવે જુઓ.]

नाविक वळतो बोलियो, 'सांभळो मारा स्वाम,
साथ सहुको नावे वेसो, नहि बेसारुं राम. १
वार्ता में सांभळी छे, चरण-रेणुथी अपार,
अहल्या त्यां थई स्त्री सही, पाषाण फीटी नार. २
आजीविका मारी एह छे, जुओ मन विवेक;
स्त्री थातां वार न लागे, काष्ठ पाषाण एक. ३
आजीविका भागे माहरी, आगे एक स्त्री छे घेर,
वे मळीने शुं जमे? शी करुं त्यां पेर?' ४
हसी विश्वामित्र बोलिया, 'चरण-रेणे स्त्री थाय;
ते माटे गंगाजळ लईने, पखाळो हरि-पाय.' ५
हसीने हरि हेठा वेठा, राम अशरण-शरण,
नाविके गंगाजल लईने, पखाळ्या त्यां चरण. ६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. કવિ ભાલણ (ઈ. સ. ૧૪૩૪–૧૫૧૪) આપણા આદિ કવિ નરસિંહ મહેતાના સમકાલીન હતા. તેમની ભાષા અત્યારની ચાલુ ગુજરાતી કરતાં જરા જૂની છે, જોકે આ કાવ્ય તેવું નથી.

૨. અહલ્યાના શાપની વાત ખબર ન હોય, તો માતાપિતાને કે મોટાભાઈને પૂછજો.

૩. નાવિક રામને બેસાડવાની ના શું કામ પાડે છે? અને વિશ્વામિત્ર હસીને તેને જવાબ આપે છે, એમ કેમ?

૫

દીવાદાંડીવાળો

યુરોપમાં ઉત્તર સમુદ્રનાં ભમરાળાં કાળાં પાણીમાં પોતાનું માથું ઊંચું કરીને ઊભેલો એક નાનો પહાડી બેટ છે. પર્વતના શિખર સમા એના માથાની અણિયાળી ટોચ પર વસ્તી તો ક્યાંથી જ હોય? પણ વહાણવટીઓના કાળ જેવા એ બેટ પર દીવાદાંડી બાંધવી પડી છે. પૂનમની ભરતીને વખતે જો જોઈએ, તો નીચેના પહાડનું તો નામ-નિશાને બહાર નથી જણાતું; પાણીમાંથી જાણે દીવાદાંડીની શગ ન ફૂટતી હોય, એવો એનો દેખાવ થાય છે. દીવાની આ શગ તોફાનમાં સપડાયેલા વહાણવટીઓને કેવી વહાલી લાગતી હશે, તેની કલ્પના જમીન પર રહેનારાઓને પૂરેપૂરી ન આવી શકે.

દીવાદાંડીના સંરક્ષક તરીકે ડેવિડ અને તેની પત્ની મેરી ત્યાં જ રહેતાં હતાં. દીવાદાંડીનો દીવો બરાબર બળતો અને ફરતો રાખવો, એ દીવાદાંડીવાળાનું કામ. તમને ખબર હશે કે, દીવાદાંડીના દીવાને ફરતો રાખવામાં આવે છે. સ્થિર દીવા કરતાં તારાની જેમ ઝબૂકતો દીવો દૂરથી પણ નજર ખેંચે અને જુદો તરી આવે. તેથી કરીને, દીવાદાંડીના દીવા ઝબૂકતા દેખાય તેવી ગોઠવણ કરીને તેમને ફરતા રાખવામાં આવે છે. અર્ધી મિનિટમાં ૧૫ સેકન્ડ તે દેખાય અને બીજી પંદર સેકન્ડ ન દેખાય, એમ દર મિનિટે બે વાર ઝબૂકે. દૂરથી જોનારને તે ઝબક, ઝબક કરતો જાણે કોઈ તારો નીચે ઊતરી આવ્યો હોય, એમ લાગે. આમ દીવાને ઝબુકાવવા સારુ તેની જોડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરી સાંચાકામ ગોઠવવામાં આવે છે. કોઈ વાર જો મુંબઈ કે કરાંચી જવાનું થાય, તો ત્યાંની દીવાદાંડી જોવાનું ચૂકતા નહિ.

એક દિવસ રાતે ભારે તોફાન થયું. બેટ પરનો દીવો નીચેના કાળ-પર્વતની જાણ કરતો આકાશમાં ઘૂમતો હતો. દૂરથી માછીના મછવાએ દીવો દીઠો કે સુકાન ફેરવીને એ કાળમુખથી વેગળે રહીને હંકારી ગયો. ત્યાં તો એક આગબોટ આવી. કપ્તાને દીવો જોયો ને તરત હુકમ કર્યો, 'આગબોટને બે અંશ દૂર કરી લો.' એમ અનેક નાનાંમોટાં વહાણો ને આગબોટો આ કાળ-બેટ પાસે થઈને ગયાં અને એ દીવાદાંડીને ખરા દિલથી દુવા દેતાં ગયાં.

આ તોફાની રાતે ડેવિડ અને મેરી એમના ઓરડાની બારી આગળ વાળુ કરતાં બેઠાં હતાં. કાચની બારીમાંથી, બહાર ઊછળતા પાણી પર ચમકતા દીવાના ઝબકારા જોવાની મજા પડતી હતી. પતિપત્ની વાતો કરતાં કરતાં, ક્યારેક એ દીવાના ઓળા ને ચમકારા જોતાં તો ક્યારેક વાતોમાં મશગૂલ રહી વાળુ કરતાં બેઠાં હતાં, તેવામાં મેરીનું ધ્યાન બારી બહાર ગયું. એકાદ મિનિટ તે બહાર તાકી રહી. તોપણ દીવાનો ઝબકારો પાણી પર ન દેખાયો. એ ચમકી ઊઠી, 'ડેવિડ, દીવો ફરતો નથી કે શું?'

આ સાંભળી ડેવિડ સફાળો ઊઠયો. બારીએ જઈને જુએ છે, તો અફાટ પાણી પર પ્રકાશ જ નહોતો. મિનિટ ગઈ; બે મિનિટ જવા દીધી; દીવો તો ચમકે જ નહિ! તરત જ ડેવિડ દોડચો, દીવાદાંડીની સીડી ભણી. બબ્બે પગથિયાં કૂદતો તે તેને માથે પહોંચ્યો. પ્રચંડ દીવાની ઓરડીમાં જઈને જુએ છે તો, ખરેખર, દીવો સ્થિર ઊભો છે! એને ભાન નથી કે, સેંકડો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવની જવાબદારી લીધા પછી પોતે સ્થિર ઊભો રહ્યો છે ! ડેવિડ અને મેરી આભાં બનીને એક ક્ષણ વાર સામસામે જોતાં થંભી ગયાં. બીજી જ ક્ષણે ડેવિડ દીવાના સાંચાકામના ભંડકની બારી ખોલી, તેની લોખંડી સીડી ઝાલી સર સર નીચે ઊતર્યો. મેરીએ નાનો દીવો કરીને ભંડકને માથેથી તેને અજવાળું દેખાડ્યું. નીચે પહોંચીને ડેવિડ અટકી:પડેલા સાંચાકામને ઝપાટાબંધ સમારવા લાગી ગયો. તેવામાં તેણે ઓચિંતી બૂમ પાડી, 'ઓ રે . . .'

મેરી ચમકી, 'ડેવિડ, ડેવિડ, શું છે ?' ધારીને જુએ છે તો ડેવિડનો એક હાથ સાંચાકામનાં દાંતાળાં એ ચક્રોમાં ફસાઈ ગયો છે ! હાથ ભીંસાવાથી ચૂરો થયો છે; તેમાંથી લોહી વહ્યે જાય છે; અને પીડાને લઈને ડેવિડને મૂર્છા આવી ગઈ છે. ઝપાટાબંધ દીવો લઈને, મેરી ભંડકની સીડી પર ઊતરીને દીવો બાજુએ મૂકી ડેવિડનો હાથ છોડવવા લાગી. પણ પૈડાંના રાક્ષસી દાંતા એમ છૂટે એવા નહોતા. હવે ? ઉપર દીવો સ્થિર છે, અને દૂર દરિયામાં કોઈ વહાણ આવી રહ્યું હોય તો અચૂક એનું મરણ જ છે. એમાં કાંઈ ફેર પડે ?

ગરીબડી બનેલી મેરી ડેવિડના ઢળી પડેલા અંગ પર ઝૂકીને બોલી, 'ડેવિડ, ડેવિડ, બોલને હું શું કરું ?' કળ વળતાં ડેવિડે મંદ અવાજે કહ્યું, 'મેરી, દીવાને . . . હાથે હાથે . . પણ . . ફેરવ; ઉપર જા.' એટલું બોલતાં તો પાછો એનો શ્વાસ ખૂટ્યો. રડતા જેવે અવાજે મેરી બોલી, 'પણ એ કેવી રીતે બને ! તને આમ મૂકીને જતાં મારા પગ કેમ ઊપડે ? તારો હાથ તો પહેલો કાઢું ને ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુકુલ

છેલ્લો શ્વાસ લેતી વેળાને પણ બોલવું જ જોઈએ : 'દીવો, દીવો, . . . દેખાવો જ જોઈએ, . . . જા, ફેરવ. મારી — તારી ફરજ છે.'

ત્યાં તો દૂર કોઈ આગબોટનો પાવો કાને પડ્યો. જાણે તે એમ પૂછતો હોય, 'ભાઈ, કયે રસ્તે જવું?' જાણે તે ડેવિડને એમ કહેતો હોય, 'ભાઈ, તારી ફરજ!'

ડેવિડમાં હવે બોલવાના હોશ રહ્યા નથી. તે મેરીની સામે એકીટસે તાકી રહ્યો છે. આંખો જાણે એમ કહેતી હોય, 'મેરી, તું જા; કાળજું કઠણ કર.' છેવટનું જોર એકઠું કરી તે એક જ શબ્દ કાઢી શક્યો, 'ફરજ.'

મેરીથી હવે ઊભું રહેવાય એમ નહોતું. તેણે વગર આનાકાનીએ પગ ઉપાડ્યા ને ભંડક પરની દીવાની ઓરડીમાં આવી. દીવાની બેસણીને નીચેના સાંચાકામ સાથે જોડી હતી તે તેણે છોડી નાંખી, અને એક નાની ઓરડી જેવડા એ મોટા દીવાનો ફરતો સળિયો ઝાલી ધકેલવા લાગી. ધીમે ધીમે એ પ્રચંડ દીવો હાલ્યો. પહેલો તો તે બહુ જ ધીમો ફર્યો, પણ પછી જેમ જેમ ચાક ચડતો ગયો, તેમ તેમ તેનો વેગ વધ્યો ને મેરીને જોર કમી લાગવા માંડ્યું. એમ કરતાં કરતાં ફેરવવાની ફરજની ધૂનમાં ને ધૂનમાં મેરી બરાબર અર્ધી મિનિટે એક ચક્કરને વેગે પહોંચી ગઈ.

બરાબર આ જ સમયે દરિયામાં એક મોટી આગબોટે આ દીવો જોયો. જો જરાક મોડું થયું હોત તો! દીવો દેખતાંવેંત કપ્તાને ઝપાટાબંધ પોતાની દિશા ફેરવી લીધી: મોતના મુખમાંથી પોતાની આગબોટને કાઢી લીધી! પણ એને ખબર નહોતી કે, બરાબર સમય પર મળેલી એ ચેતવણી એક બિચારી અબળાના નબળા હાથને આભારી હતી. એણે તો પોતાની નોંધમાં લખી લીધું કે, ટાપુ પરની દીવાદાંડીનો દીવો બરાબર બળતો નહોતો.

આ પ્રમાણે આખી રાત મેરી પર આ સખત ફરજની મજૂરી કરવાનું આવી પડ્યું.

હાથ તો દીવાને ફેરવ્યા જ કરે છે, પણ મન નીચેની ઓરડીમાં પડેલા ઘાયલ પતિ પાસે છે. વચ્ચે વચ્ચે, દીવો ફેરવતી ફેરવતી તે બૂમ પાડે છે, 'ડેવિડ, હવે થોડી વાર આવી જાઉં? બોજારથી જરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

३०४६२ ६६ ज पुस्तकालय गुरुकुल कांगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારમાં ચક્કર વછોડી લઈશ.' પણ ડેવિડ તો એક જ વાત રટયાં કરે છે, 'ના મેરી, હમણાં નહિ. સવાર થવા દે.'

એક વાર તો મેરીથી રહેવાયું નહિ. તે ખરેખર નીચે દોડી જ ગઈ અને બોલી, 'ડેવિડ, હમણાં કોઈ વહાણ નહિ આવે. ઓજારોથી ચક્કર વછોડું છું; નહિ વાર લાગે.'

વખત જવાથી ડેવિડને કાંઈક કળ વળી હતી; નબળો પણ તે સ્વસ્થ હતો. તે કહે, 'ના ના, મેરી તને ખબર છે, જરી વારમાં તો શુંનું શું થઈ જાય તે? સવાર સુધી હું તો ટકી શકીશ. તું નહિ ટકી શકે?'

બિચારી મેરીની આંખમાં આંસુ આવી ગયાં. 'ટકવા મથીશ,' કહીને પાછી દીવો ફેરવવાની ફરજે વળગી. ત્યાર પછી એણે નીચે આવવા ડેવિડને પૂછયું નહિ.

સવારનો મંદ પ્રકાશ તોફાની દરિયા પર પથરાવા લાગ્યો. દીવાને ઝોડ જેવી વળગેલી મેરીના હાથ ફર્યા જ કરે છે. અર્ધો કલાક બાદ ડેવિડે અવાજ દીધો, 'મેરી, હવે પ્રકાશ થયો; બંધ રાખીને આવ.'

આખી રાતની મજૂરીથી થાકીને લોથ થઈ ગયેલી સ્ત્રી કાયાને ઢસરડતી ઢસરડતી નીચે આવી. નીચે પતિની દશા પણ એના કરતાં સારી તો નહોતી જ. લોહી વહી જવાથી ને પીડાથી તે પણ સાવ નંખાઈ ગયો હતો. લથડાતી ગતિએ આવતી પત્નીને નિહાળતો તે કહે, 'મેરી, મોટું પેચિયું લઈ આ ચાકી છોડ. જરા જોર કરવું પડશે.'

રહ્યુંસહ્યું બધું જોર કરીને મેરીએ પેચિયા વડે માથાકૂટ શરૂ કરી. કેટલીક વાર સુધી તો પેચિયું બરોબર બેસે નહિ; બેસે તો હાથમાં જોર ન મળે તેથી વછૂટી જાય. એક વાર બરોબર બેઠું ત્યારે મેરી ઊંધું જોર કરતી હતી. ડેવિડે બેઠેલે અવાજે કહ્યું, 'એમ નહિ!' એટલે મેરી હવે સીધું ફેરવવા લાગી. ચાકી જરીક ડગી. પછી તો વાર શી? પેચિયાથી જરા વધારે ઢીલી કરીને તેણે આંગળીઓ લગાડી ચપ ચપ ચાકી કાઢી. ક્રૂર ચક્કરના સાંધા ઢીલા થયા અને ડેવિડનો હાથ છૂટયો! હાથ છૂટતાં, જોર કરીને ડેવિડ ઊભો થયો. સ્ત્રી પુરુષ આનંદથી એકબીજા સામે જોઈ રહ્યાં. બેઉએ આકરી કસોટી પાર કરી હતી. ત્યાં તો બિચારી મેરી તમ્મર ખાઈ ગબડી પડી. ડેવિડે ગબડતી પત્નીને ઝાલી લઈ ઊંચકીને નીચેના ઓરડામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આણીને સુવાડી. બહાર તોફાન શમતું જતું હતું; સવાર સુંદર દેખાતું હતું; ટાઢની માત્રા વધી હતી. થોડી વારે મેરી જાગી. 'ડેવિડ, તારે હાથે પાટો બાંધું.'

ડેવિડ: ના; તું આરામ કર. પછી થશે.

મેરીએ તે ન માન્યું; પાટો બાંધ્યા પછી જ તે ફરી સૂતી. ડેવિડે દીવાદાંડી પર સંકટની નિશાનીનો વાવટો લગાવ્યો. પણ ત્યાર પછી ચોથે દહાડે મદદ આવી. ત્યાં લગી આ દંપતીના શા હાલ થયા હશે! પરંતુ આને વિષે જ્યારે જ્યારે વાત નીકળે, ત્યારે ડેવિડ એક જ વાત કહેતો, 'એમાં કાંઈ નહિ; એ તો મારી ફરજ હતી. હું ઘવાયો તો તેણે એ પૂરી કરી!'

સ્વાધ્યાય

૧. ઉત્સાહ આવે તો આ પાઠની વાત તમારા ઘરનાં મોટેરાંને કે ભાઈબહેનોને કહેજો.

૨. ડેવિડ અને મેરી એ બેમાં કોણ ચડે? તમારી ચર્ચાપરિષદમાં આ પ્રશ્નની ચર્ચા ગોઠવો.

૬

ગંગામૈયા

ગંગા કશું ન કરત અને એકલા ભીષ્મને જન્મ આપત, તોપણ આર્યજાતિની માતા તરીકે આજે તે પ્રખ્યાત હોત. ભીષ્મની ટેક, ભીષ્મની નિઃસ્પૃહતા, ભીષ્મનું બ્રહ્મચર્ય, અને ભીષ્મનું તત્ત્વજ્ઞાન, એ આર્યજાતિને માટે હંમેશનું આદરપાત્ર ધ્યેય બની ચૂક્યું છે. એવા મહાપુરુષની માતા તરીકે આપણે ગંગાને ઓળખીએ છીએ.

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય છે. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય, ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નદીને જ આભારી હોય છે. સાચે જ, નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય, ત્યારે આપણને કેટલો આનંદ થાય છે! શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં! તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી, પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

આ તો થઈ સામાન્ય નદીની વાત. પણ ગંગામૈયા તો આર્યજાતિની માતા છે. આર્યોનાં મોટાં મોટાં સામ્રાજ્યો એ નદીને કિનારે જ સ્થપાયાં છે. કુરુપાંચાલ દેશનો અંગવંગાદિ દેશો સાથે ગંગાએ જ સંયોગ કર્યો છે. આજે પણ હિંદુસ્તાનની આબાદી ગંગાને કિનારે જ વધારેમાં વધારે છે.

ગંગાનું જ્યારે આપણે દર્શન કરીએ છીએ, ત્યારે પાકથી ઊભરાતાં ખેતરો જ ધ્યાનમાં નથી આવતાં, અને માલથી લદાયેલાં વહાણો જ ધ્યાનમાં નથી આવતાં, પણ વ્યાસવાલ્મીકિનાં કવનો, બુદ્ધમહાવીરના વિહારો, અશોક સમુદ્રગુપ્ત કે હર્ષ જેવા સમ્રાટોનાં પરાક્રમો, અને તુલસીદાસ કે કબીર જેવા સંતજનોનાં ભજનો — એ બધાં યાદ આવે છે. ગંગાનું દર્શન એટલે શૈત્યપાવનત્વનું પ્રત્યક્ષ દર્શન.

પણ ગંગાનું દર્શન કંઈ એકવિધ નથી. ગંગોત્રી પાસેના હિમાચ્છાદિત પ્રદેશોમાંનું એનું રમતિયાળ કન્યારૂપ, ઉત્તરકાશી તરફનું ચીડ દેવદારના કાવ્યમય પ્રદેશમાંનું મુગ્ધ સ્વરૂપ, દેવપ્રયાગના પહાડી અને સાંકડા પ્રદેશમાં ચમકીલી અલકનન્દા સાથેની તેની રમત, લક્ષ્મણઝૂલાની કરાલ દંષ્ટ્રામાંથી છૂટ્યા પછી હરદ્વાર પાસેનું એનું અનેક ધારે સ્વચ્છંદ વિહરણ, કાનપુરને ઘસીને જતો એનો ઇતિહાસ-પ્રસિદ્ધ પ્રવાહ, પ્રયાગના વિશાળ પટ ઉપરનો એનો કાલિન્દી સાથેનો ત્રિવેણીસંગમ — દરેકની શોભા કંઈક જુદી જુદી જ છે. એક દૃશ્ય જોવાથી બીજાની કલ્પના ન આવી શકે. દરેકનું સૌંદર્ય જુદું, દરેકનો ભાવ જુદો, દરેકનું વાતાવરણ જુદું, દરેકનું માહાત્મ્ય જુદું.

પ્રયાગથી ગંગા જુદું જ સ્વરૂપ પકડે છે. ગંગોત્રીથી પ્રયાગ સુધી ગંગા વર્ધમાન છતાં એકરૂપ ગણાય. પણ પ્રયાગ પાસે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમુના મળે છે. યમુનાનું તો પહેલેથી જ એવડું કાઠું છે. તે ખેલે છે, કૂદે છે, પણ રમતિયાળ નથી દેખાતી. ગંગા શકુન્તલા જેવી તપસ્વી કન્યા દેખાય છે, જ્યારે કાળી યમુના દ્રૌપદી જેવી માનિની રાજકન્યા દેખાય છે. શર્મિષ્ઠા અને દેવયાનીની વાર્તા સાંભળીએ ત્યારે પણ પ્રયાગ પાસેના ગંગા અને યમુનાના મહામુશ્કેલીથી ભળતા શુક્લ કૃષ્ણ પ્રવાહ યાદ આવે છે. હિંદુસ્તાનમાં અસંખ્ય નદીઓ છે અને તેથી સંગમો પણ પાર વિનાના છે. આપણા પૂર્વજોએ આ બધા સંગમોમાં ગંગાયમુનાનો આ સંયોગ સૌથી વધારે પસંદ કર્યો છે, અને તેથી જ તેનું પ્રયાગરાજ એવું ગૌરવભર્યું નામ રાખ્યું છે. હિંદુસ્તાનમાં મુસલમાનો આવ્યા પછી જેમ હિંદુસ્તાનના ઇતિહાસનું રૂપ બદલાયું, તેમ જ દિલ્હી, આગ્રા અને મથુરાવૃંદાવન પાસેથી આવતા યમુનાના પ્રવાહને લીધે ગંગાનું સ્વરૂપ પણ સાવ બદલાઈ ગયું છે.

પ્રયાગ પછી ગંગા કુલવધૂની પેઠે ગંભીર અને સૌભાગ્યવતી દેખાય છે. હવે પછી એને મોટી મોટી નદીઓ મળતી જાય છે. યમુનાનાં જળ મથુરાવૃંદાવનથી શ્રીકૃષ્ણનાં સ્મરણાં અર્પે છે, જ્યારે અયોધ્યાથી આવતી સરયૂ આદર્શ રાજા રામચંદ્રના પ્રતાપી પણ કરુણ જીવનનાં સંભારણાં લાવે છે. દક્ષિણ તરફથી આવતી ચંબલ નદી રંતિદેવના યજ્ઞયાગની વાતો કરે છે, જ્યારે શોણભદ્ર મહાન કોલાહલ કરતો ગજગ્રાહના દારુણ યુદ્ધની ઝાંખી કરાવે છે. આવી રીતે પુષ્ટ થયેલી ગંગા પાટલિપુત્ર પાસે મગધ સામ્રાજ્ય જેવી વિસ્તીર્ણ થઈ જાય છે. તોપણ ગંડકી પોતાનો અમૂલ્ય કરભાર લઈ આવતાં અચકાઈ તો નથી જ. બિહારની પ્રાચીન ભૂમિમાંથી આગળ વધતાં ગંગા ક્યાં જવું તેના જાણે વિચારમાં પડી જાય છે. આવડો પ્રચંડ વારિરાશિ પોતાના અમોઘ વેગથી પૂર્વ તરફ ધસતો હોય તેને દક્ષિણ તરફ વાળવો, એ શું સહેલી વાત છે? છતાં તે તેમ વળ્યો છે. બે સમ્રાટો અથવા બે જગદ્‌ગુરુઓ જેમ એકાએક એકબીજાને મળતા નથી, તેમ ગંગા અને બ્રહ્મપુત્રાનું થયેલું દેખાય છે. બ્રહ્મપુત્રા હિમાલયની પેલી પારનું બધું પાણી લઈને આસામમાંથી પશ્ચિમ તરફ આવે છે અને ગંગા આ બાજુથી પૂર્વ તરફ જાય છે, એમનો સામસામે મેળાપ કેમ થાય? કોણ કોને પ્રથમ નમે અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ કોને મારગ આપે? આખરે બન્નેએ નક્કી કર્યું કે, બન્નેએ દાક્ષિણ્ય કેળવી સરિત્પતિનાં દર્શને જવું, અને ભક્તિનમ્ર થઈ જતાં જતાં જ્યાં બને ત્યાં રસ્તામાં એકબીજાને મળી લેવું.

આમ ગોલંદો પાસે જ્યારે ગંગા અને બ્રહ્મપુત્રાનાં વિશાળ જળ ભેગાં થાય છે, ત્યારે સાગર આથી જુદો હોતો હશે કે કેમ, એવી શંકા ઊપજે છે. વિજય પ્રાપ્ત કર્યા પછી ધડાયેલી સેના પણ જેમ અવ્યવસ્થિત થઈ જાય છે અને વિજયા વીરો ફાવે તેમ ફરે છે, તેમ હવે પછી આ મહાન નદીઓનું થાય છે. અનેક મુખે તે સાગરને જઈને મળે છે. દરેક પ્રવાહનું જુદું જુદું નામ છે. અને કોઈ કોઈ પ્રવાહને તો એક કરતાં વધારે નામો છે. ગંગા અને બ્રહ્મપુત્રા એક થઈ પદ્માનું નામ ધારણ કરે છે. એ જ આગળ જતાં મેઘનાને નામે ઓળખાય છે.

આ અનેકમુખી ગંગા ક્યાં જાય છે? સુંદરવનનાં નેતરનાં ઝુંડ ઉગાડવા કે સગરપુત્રોની વાસના તૃપ્ત કરી તેમનો ઉદ્ધાર કરવા? આજે જઈને જોશો તો જૂના કાવ્યમાંથી અહીં કશું રહ્યું નથી. જ્યાં જુઓ ત્યાં શણનાં ગૂણિયાં બનાવનારી મિલો અને એવાં જ બીજાં ભમરાળાં કારખાનાં. જ્યાંથી હિંદી કારીગરીની અસંખ્ય વસ્તુઓ હિંદી વહાણમાં લંકા અથવા જાવાદ્વીપ સુધી જતી, ત્યાંથી જ હવે વિલાયતી અને જાપાની આગબોટો પરદેશી કારખાનાંમાં બનેલો કચરો માલ હિંદુસ્તાનનાં બજારોમાં ભરી દેવા માટે આવતી દેખાય છે. ગંગામૈયા પહેલાંની પેઠે આપણને સમૃદ્ધિઓ અર્પે છે, પણ આપણા નબળા હાથ તે ઝીલી શકતા નથી. ગંગામૈયા! આ દૃશ્ય જોવાનું તારા નસીબમાં હજી ક્યાં સુધી હશે?

સ્વાધ્યાય

૧. શ્રી. કાકાસાહેબ કાલેલકરે આપણા દેશની કેટલીક નદીઓ વિષે આ પ્રકારના લેખો લખ્યા છે અને તે 'લોકમાતા' નામના સંગ્રહમાં પ્રસિદ્ધ કર્યા છે. એ તમારે વાંચવા જોઈએ.

૨. ભીષ્મની જીવનકથા તમને આવડે છે?

૩. આ પાઠમાં વર્ણવેલા ગંગાના આખા વિસ્તારનો, તમારી ભૂગોળની મદદ લઈને, નકશો દોરો.

૪. રંતિદેવ અને ગજગ્રાહની વાત ભાગવતમાંથી મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

પ્રભાત

[ઉપજાતિ]

घंटा तणा चार टकोर वाग्या, उद्योगी लोको जन सर्व जाग्या;
जाणे श्रुति चार तणा उचारे, मुमुक्षु अज्ञानपणुं उतारे ! १
पूर्वे ऊॅग्यो शुक्र तणो सितारो, तेजस्वी ते शोभित श्रेष्ठ सारो;
शुं सूर्यनो ते सरदार आव्यो, संधि करावा शुभ विष्टि लाव्यो ? २
परोढिये शीतळ वायु वाय, तेथी पडे टाढ अने ध्रुजाय;
कुराज्यमां जेम जनो न जंपे, बीके बधा लोकनी काय कंपे. ३
परोढिये झाकळ तो पडे छे, भीनां थयेलां तरु ते वडे छे;
जाणे निशा-सुंदरी छांडी धीर, रोई धरावे निज नेण नीर ! ४
कू कू स्वरो कुर्कट तो करे छे, सर्वत्र जेना स्वर संचरे छे;
जाणे रविराय पधारनारो, तेना छडीदार तणा उचारो ! ५
वाजे रूॅडां चोघडियां नगारां, जे लोकने नित्य जगाडनारां;
जाणे नवा राज्यनी फोज आवे, तेनी वडी नोबत आ बजावे ! ६
घंटी तणा घोष घणाक थाय, दाणा पड्या बे पडमां दळाय;
आकाश पृथ्वी पड बे प्रमाणो, जीवो पड्या तेम दबाय जाणो. ७
मही वलोवे महियारी नारी, तजी बीजुं, माखण ले उतारी;
ते जेम सुज्ञो सुणी शास्त्रबोध, तजे बीजुं, संघरी सार शोध. ८
सीमा भणी शब्द करे शियाळ, काने पडे घोष घणा कराळ;
जाणे निशानी चमूने जणावे, नासो, हवे सूर्यनुं सैन्य आवे ! ९
विद्यारथी पाठ ऊॅठी करे छे, जाणे रविना जश ऊच्चरे छे !
प्रभातियां गाय सुभक्त प्रीते, जाणे रविना गुण गाय गीते ! १०

સ્વાધ્યાય

૧. કવિ દલપતરામે અહીં ગાયેલું પ્રભાત આજે તો ઓછું જ જોવા મળે એમ છે. છતાં તેના અવશેષ આપણાં ગામડાંમાં થોડાક જોવા મળે.

૨. ઝાકળ જોવા જેટલા અને પરોઢિયાનો શીતળ વાયુ ખાવા જેટલા વહેલા ઊઠો છો ? પ્રભાતનું દર્શન આંખોને ઠારનારું અને શરીરને તાજું કરનારું હોય છે.

૩. કવિએ આપેલી ઉપમાઓ તરફ ખાસ ધ્યાન આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ચોવીસમા તીર્થંકર મહાવીર

હિંદુ ધર્મમાં ભગવાનના રામ, કૃષ્ણ વગેરે ચોવીસ અવતારોની માન્યતા છે. તેવી રીતે જૈન ધર્મમાં ચોવીસ તીર્થંકરોની માન્યતા છે. સંસ્કૃતમાં 'तीर्थ' એટલે નદી કે તળાવમાં ઊતરવા માટે કરેલો ઓવારો; અને 'कर' એટલે કરનાર. નદી કે તળાવમાં સહેલાઈથી ઊતરી શકાય તે માટે જેમ ઓવારાની જરૂર પડે છે, તેમ સાચો ધર્મ શો છે તેની સમજ મળે તે માટે અનુભવી પુરુષોના ઉપદેશની જરૂર પડે છે. તેથી સાચા ધર્મની સમજ આપનાર મહાપુરુષોને 'તીર્થંકર' કહેવામાં આવે છે. જૈન ધર્મનો ઉપદેશ આપનાર તેવા ચોવીસ તીર્થંકર થઈ ગયા છે, એમ માનવામાં આવે છે. તેમાંના પ્રથમ તીર્થંકર ઋષભદેવને તો જૈન નહિ એવા હિંદુઓ પણ ચોવીસ અવતારોમાંના એક અવતાર માને છે.

મહાવીરને ચોવીસ તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકર માનવામાં આવે છે. બુદ્ધ ધર્મના સ્થાપનાર ગૌતમ બુદ્ધ જે અરસામાં થઈ ગયા, તે જ અરસામાં મહાવીર પણ થઈ ગયા. તેમના મૃત્યુથી ગણવામાં આવતા વીર સંવતનું, ઈસવી સન ૧૯૪૧માં ૨૪૬૭ મું વર્ષ આવે છે.

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે ધર્મગુરુ તો બ્રાહ્મણ જ હોય. પરંતુ ગૌતમ બુદ્ધ તેમ જ મહાવીર બંને ઇક્ષ્વાકુવંશના ક્ષાત્રયો હતા તથા રાજપુત્રો હતા. ગૌતમ બુદ્ધ નેપાળની તળેટીમાં રહેતા શાક્ય નામના ક્ષત્રિયોના કુળમાં જન્મ્યા હતા; અને મહાવીર પટણાથી ૨૭ માઈલ ઉત્તરે આવેલા વૈશાલિ નગરની પાસેના પરામાં રહેતા જ્ઞાત નામના ક્ષત્રિઓના કુળમાં જન્મ્યા હતા. મહાવીરના પિતાનું નામ સિદ્ધાર્થ હતું, અને તેમની માતાનું નામ ત્રિશલા હતું.

મહાવીરનું નાનપણનું નામ વર્ધમાન હતું. નાનપણથી જ તે પરાક્રમપ્રિય તથા નિર્ભય હતા. એક વાર છોકરાઓ સાથે ગામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર ઝાડ ઉપર રમતાં તેમણે ઝાડે વીંટાયેલા એક ભયંકર સર્પને હાથે ઉઠાવીને ફેંકી દીધો હતો. જેવા રમવામાં તેવા જ ભણવામાં પણ તે અગ્રેસર હતા. તેમની આવડત જોઈ તેમના ગુરુને પણ પાછા પડવું પડ્યું હતું.

પોતાની માતા પ્રત્યે તેમને છેક નાનપણથી પ્રબળ ભક્તિ હતી. માતાને જરા પણ દુઃખ થાય તે મહાવીર જોઈ શકતા નહિ. માતાના આગ્રહને કારણે, પોતાને ન ગમતું કાંઈ કરવું પડે તો તે પણ એ કરતા. જેમ કે, નાનપણથી જ તેમને પરણવાનું મન ન હતું. પરણીને ઘરસંસારમાં બંધાઈ રહેવા કરતાં સાધુ-સંન્યાસી થઈ ભારે તપ કરવાનું તેમને ઘણું મન હતું. પરંતુ માતાના આગ્રહથી તથા તેમનું દિલ ન દુખાય તે માટે, તેમણે યશોદા નામની એક રાજપુત્રી સાથે લગ્ન કર્યું હતું.*

મહાવીર ૨૮ વર્ષના થયા ત્યારે તેમનાં માતાપિતા મરણ પામ્યાં. એટલે તેમના મોટાભાઈ નંદિવર્ધન રાજગાદીએ આવ્યા. માતાની આડ ન રહેવાથી મહાવીરે હવે સંન્યાસી થવાનો વિચાર કર્યો; પરંતુ મોટાભાઈએ થોડો વખત થોભી જવાનો તેમને આગ્રહ કર્યો. મહાવીરે મોટાભાઈની આ આજ્ઞા સ્વીકારી તો ખરી; પરંતુ પોતાનું જીવન છેક જ બદલી નાખ્યું અને ખાનપાન વગેરેના કઠોર નિયમો પાળવાનું શરૂ કરી દીધું. તે રીતે એએક વર્ષ વિતાવ્યા બાદ તે પોતાની સર્વ સંપત્તિનું દાન કરી દઈ, સાથે માત્ર એક વસ્ત્ર રાખી તપ કરવા ચાલતા થયા. મહાવીરે તીવ્ર ઉત્સાહ અને દૃઢ પ્રયત્નથી એવું તો દારુણ તપ આદર્યું કે, તેમનું નામ ‘મહા વીર’ પડ્યું.

મહાવીરની એવી માન્યતા હતી કે, મનુષ્યનો આત્મા સ્વભાવથી શુદ્ધ છે તથા અનંત શક્તિવાળો છે; પરંતુ જુદી જુદી વાસનાઓ તથા તેમનાથી પ્રેરાયેલાં સારાંખોટાં કર્મો દ્વારા તે મલિન તથા દીન બની ગયો છે; તેથી પાપકર્મો કરતા અટકી, ખૂબ તપ કરવામાં આવે, તો તેના તાપથી, અંદર મેલના જામેલા થર ઓગળી જાય અને આત્મા પાછો શુદ્ધ તથા સર્વશક્તિમાન થાય.

* જૈનોના શ્વેતાંબર અને દિગંબર એવા બે ભેદ છે. તેમાંથી દિગંબરો એવું માને છે કે, મહાવીરે કદી લગ્ન કર્યું જ નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપના બે વિભાગ છે. ઉપવાસ કરવા, ટાઢ-તડકો સહન કરવાં, એક જ સ્થિતિમાં લાંબો વખત બેસી રહેવું અથવા ઊભા રહેવું — આવાં તપો 'બાહ્ય' અથવા બહારનાં તપો ગણાય. તેવાં બહારનાં તપોથી શરીર કસાય, મનના રસ સુકાય, અને એ રીતે બીજા એટલે 'આંતરિક' અથવા અંદરના તપમાં મદદ મળે. અંદરનું તપ એટલે ધ્યાન. મનને જુદા જુદા પદાર્થો તરફ દોડતું રોકી, એક જગાએ સ્થિર કરી રાખવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, તથા તેનામાં વિવિધ શક્તિઓ પ્રગટ થાય છે.

આ બન્ને પ્રકારનાં તપ સાધતી વેળા, બીજા અજ્ઞાન અથવા દુષ્ટ લોકો કે પ્રાણીઓ તરફથી જે કાંઈ કષ્ટ દેવામાં આવે, તેને શાંતિથી સહન કર્યા કરવાનો મહાવીરે નિશ્ચય કર્યો હતો. તે માનતા કે, બીજાઓ આપણને દુઃખ દે છે તેનું કારણ આપણાં જ પૂર્વકર્મો છે; તેમ જ તે દુઃખ સહન કરવાં એ એક પ્રકારે તપ જ કર્યું કહેવાય. આ કારણથી, કોઈ ગમે તેવું દુઃખ દે તોપણ, મહાવીર તેનો જરા પણ વિરોધ કરતા નહિ. ઉપરાંત, સ્વભાવથી તે એવા દયાળુ હતા કે, પોતાને થતું દુઃખ નિવારવા તે બીજા કોઈ પ્રાણીને દુઃખ દઈ શકતા નહિ. ડાંસ-મચ્છર કરડે, કે વકરેલા કૂતરા બચકાં ભરી માંસના લોચા તોડી ખાય, તોપણ તેમને તે વારતા નહિ; અને એ બધું દુઃખ પોતાનાં જ કર્મોના ફળરૂપ છે અથવા તપરૂપ છે, એવું માની સહન કરી લેતા. પોતે ભિક્ષા માગવા જતા ત્યારે પણ, બીજા યાચકો તથા કાગડા-કૂતરાં વગેરેને અન્ન મળવામાં અડચણ ન આવે, તેનો તે ખાસ ખ્યાલ રાખતા. ભિક્ષા આપનારને પણ નવું ભોજન બનાવવાની મુશ્કેલી ઊભી થવાની હોય તો તે ત્યાંથી ખસી જતા. ઘરનાં બધાં ખાઈ રહ્યા બાદ વધ્યું-ઘટ્યું જ માગી લાવીને તે ખાતા. સાધુ થતી વખતે જે એક વસ્ત્ર તેમણે રાખ્યું હતું, તે એક વાર ઝાંખરાંમાં ભરાઈને નીકળી ગયા બાદ તેમણે બીજું વસ્ત્ર પણ માગીને પહેર્યું નહોતું. જે પ્રદેશના લોકો બહુ ક્રૂર હોય તથા સાધુ-સંન્યાસીને ખાસ કનડગત કરતા હોય, તે પ્રદેશમાં પોતાના નિશ્ચયની કસોટી કરવા સારુ તે ખાસ જતા, અને ત્યાંના લોકોએ આપેલાં પારાવાર કષ્ટો સહન કરતા. કોઈ કોઈ વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જંગલમાં ધ્યાનમાં બેઠા હોય કે ઊભા હોય, ત્યારે કોઈ તેમને કશું પૂછે કે કાંઈ કહે, તો તે સાંભળી શકતા નહિ. આથી પેલા લોકો ચિડાઈને તેમને તરેહવાર પીડાઓ કરતા.

એક વખત તે એક ઝાડ તળે ધ્યાનમાં બેઠા હતા; તેવામાં એક ભરવાડ બળદો ચરાવતો ત્યાં આવ્યો. તેને કંઈક કામ યાદ આવવાથી તે પાસે બેઠેલા મહાવીરને બળદો સોંપી ગામમાં પાછો ગયો. પરંતુ મહાવીરે તો કશું સાંભળેલું જ નહિ. બળદો ચરતા ચરતા દૂર ચાલ્યા ગયા. થોડી વારે ભરવાડ પાછો આવીને જુએ છે તો બળદ ન મળે. તેણે મહાવીરને બળદો વિષે પૂછ્યું, પરંતુ ધ્યાન ધરીને બેઠેલા મહાવીર સાંભળે તો જવાબ આપે ને? છતાં ભરવાડ તો ખૂબ ગુસ્સે થઈ ગયો, અને તેણે મહાવીરને 'ઢોંગી! ખોટું બહેરાપણું બતાવે છે?' એમ કહી, તેમને સાચેસાચ બહેરા કરવા તેમના બંને કાનમાં અણીદાર શૂળો ભોંકી દીધી. મહાવીરે ન તો તેને કંઈ કહ્યું કે ન પોતાના કાનનો કંઈ ઉપાય કર્યો. કેટલાક વખત બાદ કોઈ વૈદ્યે તેમના કાનમાંથી તે શૂળો ખેંચી કાઢી. પણ તે વખતે તો તે શૂળો માંસ સાથે એવી ચોંટી ગઈ હતી કે, મહાવીર જેવા ધૈર્યવાન પુરુષથી પણ ચીસ પાડી દેવાઈ.

આમ બાર વર્ષના કઠોર તપને અંતે વૈશાખ સુદ દશમને દિવસે, જૃમ્ભક નામે ગામની પાસેના એક વનમાં, મહાવીરને જ્ઞાન ઉપજ્યું, અને તે શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા, તથા 'સૌ પ્રાણીઓના પૂજ્ય' એ અર્થનું 'અર્હન્ત' એવું ઉપનામ પામ્યા. તેમણે પોતાનાં શરીર-મન ઉપર સંપૂર્ણપણે વિજય મેળવ્યો હોવાથી તે 'જિન' પણ કહેવાયા.

ત્યાર પછીનું ત્રીસેક વર્ષ જેટલું જીવન તેમણે અહિંસા, સંયમ અને તપનો ઉપદેશ આપવામાં જ ગાળ્યું. કેટલાય બ્રાહ્મણો, રાજાઓ, રાજપુત્રો, વેપારીઓ, કારીગરો વગેરે તેમના શિષ્ય થયા, અને તેમણે બતાવેલે માર્ગે સાધુ-સંન્યાસી થઈ તપ કરવા લાગ્યા. જેમનાથી સાધુ-સંન્યાસી થઈ આકરાં તપ ન થઈ શક્યાં, તેવા ગૃહસ્થોએ તેમણે બતાવેલા ધર્મને સહેજ હળવી રીતે પાળવાનું નક્કી કરી તેમનું શિષ્યપદ સ્વીકાર્યું. તે ગૃહસ્થો શ્રાવકો કહેવાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધા સાધુ તેમ જ શ્રાવકો 'જિન' એવા મહાવીરના શિષ્યો હોવાથી 'જૈન' કહેવાયા, અને આજે પણ તે જ નામથી ઓળખાય છે. આજ જૈનો અહિંસા અને તપ એ બે વસ્તુ ઉપર વિશેષ ભાર મૂકે છે. કોઈ પણ ધર્મમાં એ બે વસ્તુ ન હોય તો તેને ધર્મ જ ન કહેવાય, એવી અગત્યની એ વસ્તુઓ છે.

સ્વાધ્યાય

૧. જૈન દેરાસર ન જોયું હોય તો જોજો. ગુજરાતમાં મોટું જૈન તીર્થ કયું? ત્યાં ગયા છો?

૨. મહાવીર સ્વામીની વીરતા શામાં રહેલી છે?

૯

જે ગમે જગતગુરુ દેવ જગદીશને

[પ્રભાતિયું]

जे गमे जगतगुरु देव जगदीशने, ते तणो खरखरो फोक करवो;
आपणो चिंतव्यो अर्थ कंई नव सरे, ऊगरे एक उद्वेग धरवो. जे० १
हुं करुं हुं करुं, ए ज अज्ञानता, शकटनो भार ज्यम श्वान ताणे;
सृष्टि मंडाण छे सर्व एणी पेरे, जोगी जोगेश्वरा कोक जाणे. जे० २
नीपजे नरथी तो कोई न रहे दुःखी, शत्रु मारीने सौ मित्र राखे;
राय ने रंक कोई दृष्टे आवे नहि, भवन पर भवन पर छत्र दाखे. जे० ३
ऋतु लता पत्र फळफूल आपे यथा, मानवी मूर्ख मन व्यर्थ शोचे;
जेहना भाग्यमां जे समे जे लख्युं, तेहने ते समे ते ज पहोंचे. जे० ४
ग्रंथ गरबड करी, वात न करी खरी, जेहने जे गमे तेने पूजे;
मन कर्म वचनथी आप मानी लहे, सत्य छे ए ज मन एम सूझे. जे० ५
सुख संसारी मिथ्या करी मानजो, कृष्ण विना बीजुं सर्व काचुं;
जुगल कर जोडी करी नरसैंयो एम कहे, जन्म प्रतिजन्म हरिने ज जाचुं. जे० ६

સ્વાધ્યાય

નરસિંહ મહેતાનાં કેટલાંક ઉત્તમ પદોમાંનું આ એક છે. બીજાં પદો વાંચવા ઇચ્છો, તો 'કાવ્યપરિચય'ના બે ભાગો જેવો સંગ્રહ મેળવીને તેમાંથી વાંચજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

બલિદાનનો મહિમા

૧

સાધારણ કુસ્તી તો આપણે બધા કરીએ છીએ. મલ્લોની કુસ્તી પણ આપણામાંના કોઈ કે જોઈ હશે. હાથી હાથી સામસામા સાઠમારી કરે છે એ પણ ઘણા જાણતા હશે. માણસોને હાથીના પગ નીચે કચડીને મારી નાખવામાં આવતા, એ પણ ઇતિહાસ વાંચનારને જાણમાં હશે. સ્પેનમાં આજે પણ માણસ અને સાંઢની સાઠમારી થાય છે અને સેંકડો સાંઢોનો ભોગ અપાય છે, એ તાજું વર્ણન પણ કેટલાકે વાંચ્યું હશે. પણ એ બધાની ખૂનરેજીને ભુલાવે એવાં તો રોમમાં એક કાળે થતાં ‘ગ્લૅડિયેટર્સ’—મલ્લોનાં યુદ્ધો હતાં.

ઈ. સ. પૂર્વે ૨૬૪ થી ઈ. સ. ૪૦૦ સુધી, એટલે લગભગ સાતસો વર્ષ સુધી, એ પ્રથા રોમન સામ્રાજ્યમાં ચાલુ રહી. મરનાર પાછળ નરમેધ કરવાના જૂના રિવાજમાંથી એનો જન્મ થયો, અને જોતજોતામાં તો એ બધે જ ફેલાઈ ગઈ. એક એક પ્રસંગે મલ્લોની સેંકડો જોડીઓ ભાલા કે તરવાર લઈને લડતી. માણસોને એકબીજાનાં ગળાં રેંસતાં જોવામાં જ લોકોને આનંદ પડવા લાગ્યો. રાજાથી માંડીને રંકમાં રંક સુધીના લોકો એ તમાશાઓમાં હાજર રહેતા. પહેલાં તો ગુલામો અને યુદ્ધના કેદીઓને જ લડાવવામાં આવતા. પાછળથી મુક્ત લોકો પણ એમાં ઊતરવા લલચાયા ને સારાં સારાં કુટુંબના માણસો પણ એમાં ભાગ લેતા થયા. રાજાઓએ લોકપ્રિય થવા સારુ મલ્લયુદ્ધો માટે મોટાં મોટાં પથ્થરનાં પ્રેક્ષાગારો (ઍમ્ફી-થિયેટર) બાંધી આપ્યાં. રોમમાં આજે એવું એક ખંડેર છે, તે એંશી હજાર માણસ માય એવડું છે. એવાં પ્રેક્ષાગારો રોમન સામ્રાજ્યના એકેએક મોટા શહેરમાં હતાં. એમ કહેવાય છે કે, આવું એક પ્રેક્ષાગાર પડી ગયું તેમાં વીસ હજાર માણસ ચગદાઈ મૂઆં ! પછી તો મલ્લયુદ્ધો ચા-પાણીના મેળાવડાની જેમ રોજનાં થઈ પડ્યાં. મોટો માણસ મરી જાય ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રોમનું પ્રેક્ષાગાર—કોલોઝિયમ

મલ્લયુદ્ધ થાય. અમલદારોનો અમલ શરૂ થાય ત્યારે મલ્લયુદ્ધ. શ્રીમંત વેપારી માલ ખપાવવો હોય ત્યારે મલ્લયુદ્ધ કરાવે. સામાજિક ઉત્સવ હોય એટલે મલ્લયુદ્ધ તો ખરાં જ. જે માણસ વધારે મલ્લયુદ્ધ કરાવે તેને ચૂંટણીમાં વધારે મત મળે. ઉમરાવને ત્યાં ઉજાણી હોય તેમાં લોકો ખાતા જાય ને મલ્લયુદ્ધ જોતા જાય. એક ઉમરાવ તો એવો હતો કે, તેને લોહીની છાંટ ઊડતી જોયા વિના ખાવાનું ભાવતું નહિ! જાહેર હોજ અને હમામખાનાં એ રોમની ખાસ વિશેષતા હતી. ત્યાં પણ મલ્લયુદ્ધ થવા લાગ્યાં!

અત્યાર સુધી પુરુષે પુરુષ લડતા. છોકરાછોકરીઓ માણસોનાં લોહી ઊડતાં જોતાં. કવિઓ એનાં વર્ણનો કરતા. લોકોને એ સિવાય બીજી વાતમાં રસ પડતો નહિ. દયા કે કમકમાટી જેવી વસ્તુ જ લોકો ભૂલી ગયા હતા! પરંતુ સ્ત્રીઓ પણ આ યુદ્ધમાં ઊતરવા લાગી ત્યારે તો હદ વળી ગઈ. આખા સામ્રાજ્યમાં મલ્લોની શાળાઓ સ્થપાઈ અને મલ્લોનાં ધાડાં ને ધાડાં દેશમાં ફરવા લાગ્યાં. ક્રૂરતા કાંઈ એટલેથી અટકે? એટલે જાનવરો — રીંછ, સાંઢ, વાઘ, હાથી, સિંહ, જિરાફ, સાબર, મગર, સાપ — લડાવવાનું ને મારવાનું દાખલ થયું. એક એક તમાશામાં હજારો પ્રાણીઓનો સંહાર થતો. દિવસોના દિવસો સુધી તમાશા ચાલતા. નીરો[1] કરીને માનવકુલાંગાર, માતૃઘાતક[2], લોહીતરસ્યો

૧. રોમનો આ બાદશાહ (ઈ. સ. ૩૭-૬૮) તેના ઘાતકીપણા માટે કહેવતરૂપ થઈ ગયો છે. ૨. પોતાની માને તેણે મરાવેલી તેથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બાદશાહ થયો. એણે પોતાની મોજને ખાતર આખું રોમ બળાવ્યું, અને એક વાર બગીચામાં રોશની કરવા ખ્રિસ્તીઓને રાળવાળાં પહેરણ પહેરાવી જીવતા બાળી મૂક્યા !

લોકો ભાનસાન ભૂલ્યા હતા અને તેઓએ મર્યાદા મૂકી હતી. જે માણસ મલ્લયુદ્ધોને ઉત્તેજન આપતો તેને તેઓ પૂજતા. ઘણા ઘણા ભલા બાદશાહોએ આ ખૂનરેજીમાં કાંઈક મર્યાદા દાખલ કરવાનાં ફાંફાં માર્યાં; નીતિશાસ્ત્રીઓએ રોઈ રોઈને ઉપદેશો આપ્યા; પણ એનો જુવાળ તો દિવસે દિવસે ચડતો જ જતો હતો. લડનારાઓ પણ રાજીખુશીથી મરવા તૈયાર થતા ! એ રીતે મરવામાં મોટું માન ગણાતું ! એક બાદશાહ કહેતો, ‘મને મરતા માણસની મુદ્રામાં કેવો ફેરફાર થાય છે એ જોવામાં બહુ રસ પડે છે.’ મલ્લો લડી રહે અને એક હારે એટલે એને મારીને પૂરો કરવો કે જીવતો રાખવો એ પ્રેક્ષકોને પૂછવામાં આવતું, અને એમના નિર્ણય પ્રમાણે હારેલા માણસના હાલ થતા. એ સ્થિતિ સાત સૈકાં સુધી ચાલી અને સત્તા કે નીતિ એમાંથી એકે એને રોકી શક્યું નહિ.

જે કામ કોઈ ન કરી શક્યું, તે એક ખ્રિસ્તઘેલા સત્યાગ્રહી સાધુએ પોતાનું બલિદાન આપીને કર્યું. આ બલિદાનનો મહિમા અંગ્રેજ કવિ ટેનિસને એની અનુપમ શૈલીમાં ગાયો છે. એ કાવ્યનો સાર હવે આપણે જોઈએ.

૨

દોઢ હજાર વર્ષ પહેલાંની આ વાત છે. ગ્રીસ દેશને એક દૂરને ખૂણે એક ખ્રિસ્તી સાધુ રહેતો હતો. સ્થાન એકાંત અને નિર્જન હતું. ખ્રિસ્તે જેમ માનવજાતિના કલ્યાણ માટે દેહ આપ્યો, તેમ પોતે પણ માનવજાતિ માટે પ્રાણ અર્પણ કરવા, એવી તેની ઊંડી અભિલાષા હતી.

રોજ સંધ્યા સમયે પશ્ચિમ ભણી, પૃથ્વીના ઉદરમાંથી ફાટી નીકળતો ધગધગતો લાવા-રસ ઊછળી રહ્યો હોય એમ, લોહીવર્ણે પૃથ્વી રંગાઈ જતી. અસ્તાચળ પર જતા સવિતાનારાયણ કોપ્યા હોય એમ, રાતાં રાતાં કિરણોનો અંબાર ધરતી પર પથરાતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશુનું ચારસોમું વર્ષ હતું. દિવસો પર દિવસો જતા હતા અને આવી રક્તવર્ણી સંધ્યાઓ થતી હતી. આવી સંધ્યાઓના સૂર્યનો પ્રકાશ એક ગુફામાં પડતો હતો.

એ ગુફામાં પેલો સાધુ રહેતો હતો. તેનું નામ ટેલિમેકસ હતું. તે ઉપવાસ અને પ્રાર્થનામાં દિવસો વિતાડતો. માણસની સાથે બોલવા જેટલા પ્રસંગમાં પણ તે નહોતો આવતો. કાયકષ્ટથી તેનાં ડાચાં બેસી ગયાં હતાં, આંખો ઊંડી ગઈ હતી, અને શરીર સુકાઈ લાકડા જેવું થયું હતું.

ગુફાની અંદર એક પાષાણુની ક્રોસની આકૃતિ હતી. તેના પવિત્ર હાથથી એ બંધાઈ હતી. રોજ સૂર્યકિરણ એના પર અથડાતાં. સાધુ ત્યાં રોજ આવતો, આમ તેમ ફરતો, અને આ બધું જોતો.

એક દિવસ સાયંકાળે તેની નજર એકાએક પશ્ચિમ તરફ ગઈ. તેને થયું, ‘ અહા ! આ તે પશ્ચિમમાં શું પૃથ્વીને દાવાનળ લાગ્યો છે, કે પોતાના પતનથી કોપેલો શેતાન અગ્નિ વરસાવે છે ?’ જાણે કોઈ એના પ્રશ્નનો જવાબ આપતું હોય એમ ઊંડો અવાજ આવ્યો : ‘ જાગ, હે સ્વપ્નદ્રષ્ટા, આમ કામ વગરનું જીવન શું ગાળે છે ? આળસુ શું પડ્યો રહે છે ? નિઃસ્વાર્થ સેવામાં જીવન કૃતાર્થ કરવાને બદલે આમ શું દહાડા ખુટાડે છે ?’

ટેલિમેકસની આંખે અંધારાં આવ્યાં. નજર આગળથી કંઈક દશ્યો પસાર થઈ ગયાં. જાણે ઝાંખાં, પડછાયા જેવાં માણસો લડતાં લડતાં ઊડી જાય છે. વળી એક બીજું દશ્ય દેખાયું : એક પાંખોવાળી આકૃતિ વેગે ઊડતી ઊડતી તેની પાસે આવીને પશ્ચિમ તરફ આંગળી કરી તેના કાનમાં ફૂંક મારી ગઈ, ‘ રોમ. ’

હૃદય બોલી ઊઠ્યું, ‘ પ્રભુનો આદેશ ! ’ આદેશ સાંભળ્યો કે તે ઊઠ્યો અને આથમતા સૂર્યની દિશામાં મોઢું કરી તેણે ચાલવા માંડ્યું. ઉજ્જડ મુલકો અને ફળદ્રુપ ખેતરો વટાવતો તે આગળ વધવા લાગ્યો. રોજ સાંજે પશ્ચિમમાં સૂરજ આથમતો ને રાતે આકાશમાં ચકચકતું તારામંડળ ઊગીને પશ્ચિમ તરફ ઢળી પડતું. રોમ નજીક નજીક આવતું હતું. સો વહાણાં વાઈ ગયાં. ટેલિમેકસ થાકીને લોથ થઈ ગયો. તેના પગ સૂજીને થાંભલા જેવા થઈ ગયા. આખરે તેણે રોમમાં પગ મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ખ્રિસ્તી શહેર કહેવાતું. એની ભવ્યતા, એની જાહોજલાલી આ સાધુની આંખને ફીકી ફીકી લાગી. એ ઘેરાયેલી આંખ તો રોમનાં સહસ્રસ્તંભ મહાલયોની ખખડધજ દીવાલોની વચ્ચે ઊડતા પેલા દેવદૂતને જોવાને તલસતી હતી.

એટલામાં નફટાઈથી હસતું, સમ ખાતું અને ગાળો ઉચ્ચારતું, ઠઠ્ઠામશ્કરી અને હોહા કરતું એક ટોળું પસાર થયું. રીઢા રોમન લોક એમની રાક્ષસી રમતોની વાતો કરતા હોકારાબકારા કરતા ચાલ્યા જતા હતા. ટેલિમેકસના કાન વૃદ્ધાવસ્થા અને થાકને લીધે બહેર મારી જવા આવ્યા હતા. તે હોઠ ફફડાવીને બડબડતો હતો: 'પ્રભુનો આદેશ!'

માણસોનો તો જુવાળ ચડતો હતો. દરિયાની ઓટમાં જેમ કોઈ તૂટયુંફૂટયું ખંડેર તણાઈ જાય એમ આ ઓટમાં ટેલિમેકસ ઘસડાયો. થોડી વારે આંખો ફાડીને જુએ છે તો પોતે રોમના વિશાળ પ્રેક્ષાગાર 'કોલોઝિયમ'[૧] આગળ આવી પહોંચ્યો હતો

અને એણે ત્યાં શું જોયું? પાંજરામાં પૂરેલા વનરાજની ત્રાડ સંભળાઈ. જૂના વખતમાં ખ્રિસ્તીઓના લોહીના તરસ્યા સિંહની એવી જ ગર્જનાઓ રોમમાં સંભળાતી. ત્રણ ગુલામો એક મરેલા સિંહને ઘસડી જતા હતા. એક ગુલામ એક મરેલા માણસને તાણતો હતો.

પાછળના ટોળાનો હડસેલો આવ્યો અને ટેલિમેકસ ઠેસ ખાઈને કોલોઝિયમની અંદર દાખલ થઈ ગયો. બેઠો. તેની આંખે અંધારાં આવી ગયાં. પણ બહારના બપોરના તડકાથી અંજાઈ ગયેલ આંખ

---

૧. રોમના પ્રખ્યાત પ્રેક્ષાગારનું નામ. તેનું ચિત્ર ઉપર આપ્યું છે.

૨. એટલે કે, ઈસ્વી સનનાં પહેલાં ત્રણ સૈકાંમાં, કે જ્યારે રોમન બાદશાહો આદિ-ખ્રિસ્તીઓને તેમના ધર્મના કારણે ખૂબ પજવતા તથા રીબતા અને ઘાતકી રીતે મારી નંખાવતા. તે અટકયું ચોથા સૈકામાં, જ્યારે રોમન બાદશાહ કૉન્સ્ટંટાઈને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. તે પહેલાંની દશાની અહીં વાત કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે પળ વાર પછી ઊઘડી, ત્યારે તેણે આજુબાજુ નજર નાંખી નિહાળી જોયું. માથા પર રાતો લોહી જેવો ચંદરવો તાણેલો હતો; ધૂળમાંથી માણસોના લોહીની છાંટ ઊંચે ઊડતી હતી; મલ્લો યુદ્ધ માટે ધસ્યા જતા હતા; અને એંશી હજાર ખ્રિસ્તીઓ માણસ માણસનું ખૂન કરે તે જોવા બેઠા હતા.

શરીરને અચાનક આંચકો લાગે ને એકાદું જૂઠું પડેલું અંગ જાગ્રત થઈ જાય, તેમ ટેલિમેકસના દેહમાં ઈશ્વરે જાણે એકાએક બળનો સંચાર કર્યો. તેનામાં નવલોહિયા કુમારનો ઉત્સાહ રેડાઈ ગયો. તે કૂદી ઊઠ્યો, હળવે રહીને નિસરણીનાં પગથિયાં ઊતર્યો, અને જે વાડ પ્રેક્ષકોને આત્મઘાતી મારાઓથી જુદી પાડતી હતી, તેના ઉપર થઈને ટપી ગયો. ત્યાંથી આગળ ધસ્યો અને મલ્લોની તલવાર ઊછળતી હતી તેમની વચ્ચે જઈને ખડો થઈ ગયો. હાથ ઊંચા કરી ગંભીર અવાજે તેણે સાદ કર્યો: 'થંભી જાઓ! જેણે માણસજાતને સારુ પોતાના પ્રાણ કુરબાન કર્યા, એ પરદુ:ખભંજન મહાન ઈશુ ખ્રિસ્તને નામે કહું છું કે, થંભી જાઓ!'

ક્ષણેક શાંતિ પથરાઈ ગઈ; જાણે સ્મશાન. બીજી જ ક્ષણે સર્પોનું અરણ્ય ફૂંફાડા મારતું હોય એવા ચીડ અને તિરસ્કારના સુસવાટ સંભળાયા. પ્રેક્ષકોમાંથી, ઘુઘવાટ કરતા સાગરના જેવી ઘોર ગર્જના થઈ, અને પછી એકસામટા હજારો પથરાઓનો વરસાદ વરસ્યો. વૃદ્ધ સાધુ ટેલિમેકસ હતો ન હતો થઈ ગયો. અને ફરી પાછી પૂર્વવત્ સ્મશાનશાંતિ છવાઈ ગઈ.

ટેલિમેકસનું સ્વપ્ન ફળ્યું. એ સ્વપ્નમાંથી એક ભવ્ય કૃતિનો જન્મ થયો અને દુનિયા જાગી. એ વિશાળ કોલોઝિયમમાં ભેગાં થયેલાં ઝનૂની ટોળાંઓ તો એ મૃત દેહને અર્ધા ભયથી અર્ધા આશ્ચર્યથી ટગર ટગર જોઈ રહ્યાં. એમના પર એ મરણની કશી અસર ન થઈ. પણ જે હૈયાંઓમાં કાંઈક દયા ઉદારતા રહી હતી, તે તો શરમથી થથરી ગયાં. હમામખાનાંમાં, શહેરના ચોકમાં, ચૌટે ચૌટે, ચકલે ચકલે ને શેરીએ શેરીએ એ મરણની જ વાતો થવા લાગી. ઉપદેશકોની વાણીએ એ બલિદાનનો મહિમા દિવસોના દિવસો સુધી ગાયો; એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદારચરિત સાધુના અંતકાળના અમર શબ્દો ઉપર દિવસોના દિવસો સુધી પ્રવચનો ચલાવ્યાં. એ અમર શબ્દોના પડઘા વાતાવરણને ભેદતા બાદશાહ ઑનોરિયસને કાને અથડાયા. ઑનોરિયસે એ વાત સાંભળી અને તે દિવસથી (ઈ. સ. ૪૦૪) ફરમાન કાઢયું કે, આજ પછી હવે રોમ આ અધર્મના સડામાં સબડયાં ન કરે, અને રોમના ઉત્સવો માણસે વહેવરાવેલા માણસના લોહીથી કલંકિત ન થાય.

સ્વાધ્યાય

યુરોપની સંસ્કૃતિ ઘડનાર બે પ્રાચીન દેશ— એક રોમ અને બીજો ગ્રીસ. રોમન લોકની જાહોજલાલી તેમના કોલોઝિયમ જેવી જ પ્રચંડ હતી. તેની આ પાઠમાં વર્ણવેલી એબ પણ એવી જ નથી ? એક માણસના કેવા બળથી — કેવા કાર્યથી એ એબના પાયા ધ્રણધ્રણી ગયા ?

૧૧

જોગી જીવો રે એવા જગતમાં

['જનની જીવો રે' એ ઢાળ]

जोगी जीवो रे एवा जगतमां, सगा सौना सोहाय जी;
शत्रु शोधतां संसारमां, जेने नव जडे कोय जी. जोगी० १
स्थावर जंगम स्थूळ सूक्ष्म, चराचर जे जन जी;
मन कर्म वचने दूभे नहि, दया दिले अनंत जी. जोगी० २
निश्चे एवाने नीरखीने, दया दुष्टने न्होय जी,
वीजा ते सर्वे दया करे, ज्यारे एवाने जोय जी. जोगी० ३
देहदर्शी दुःख भोगवे, करे सुखनो उपाय जी;
आत्मदर्शी आनंदमां रहे सुखमां सदाय जी. जोगी० ४
मूल्ये पोतानुं भासे नहि, त्रण काळमां तन जी;
निष्कुलानंद एम समजी, जोगी न करे जतन जी. जोगी० ५

સ્વાધ્યાય

૧. ગયા પાઠના ટેલિમેકસ જોગીનો દાખલો અહીં યાદ કરો.

૨. આ કાવ્ય કોણે લખ્યું છે ? તેમનું એક કાવ્ય ૬ઠ્ઠી ચોપડીમાં છે તે વાંચો. ઉપરાંત વાંચવા ઇચ્છો તો 'કાવ્યપરિચય' સંગ્રહમાં જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

હિંદના દાદા મહર્ષિ દાદાભાઈ

૧

હિંદી જનતાએ જેમને 'હિંદના દાદા'નું વહાલસોયું નામ આપ્યું છે, એ મહર્ષિ દાદાભાઈ નવરોજીનો જન્મ સને ૧૮૨૫ના સપ્ટેંબરની ૪થી તારીખે મુંબઈ મુકામે થયો હતો. તેમના પિતા નવરોજી છ સૈકાંથી પોતાના કુટુંબમાં પેઢીધર ચાલતો આવેલો પારસી ધર્મગુરુ કે મોબેદનો ધંધો કરતા હતા; માતા માણેકબાઈ કરકસરવાળાં અને મહેનતુ હોઈ ઘર સરસ રીતે ચલાવી જાણતાં હતાં. દાદાભાઈ ચાર વર્ષના થયા ત્યારે પિતા ગુજરી ગયા. એટલે તેમને મોટા કરવાનો બધો ભાર એકલાં માણેકબાઈ ઉપર આવી પડ્યો. આ ફરજ અદા કરવામાં માણેકબાઈ પૂરતાં કાબેલ નીવડ્યાં. તે વખતના રિવાજ મુજબ, માણેકબાઈએ દાદાભાઈને પાંચમે વર્ષે ગુલબાઈ નામની એક કન્યા સાથે પરણાવી પણ દીધા!

'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ' એ સિદ્ધાંત ઉપર ચાલતી જૂની ધૂડી નિશાળનો એ જમાનો હતો. દાદાભાઈએ એવી શાળામાં ભણવાનું શરૂ કર્યું. તે પૂરું કરી તે અંગ્રેજીમાં બેઠા. ત્યારે અંગ્રેજી શાળામાં ફી લેવામાં આવતી નહિ. દાદાભાઈ તેથી જ તેમાં ભણી શક્યા.

શાળાનું ભણતર પૂરું કરી તે મુંબઈની આજની એલ્ફિન્સ્ટન કૉલેજ, કે જે ત્યારે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ નામથી ઓળખાતી, તેમાં દાખલ થયા. ત્યારે મુંબઈ યુનિવર્સિટી તો સ્થપાઈ પણ નહોતી. ૧૮૪૫માં ઇન્સ્ટિટ્યૂટનો અભ્યાસ પૂરો કરીને તે કામધંધા તરફ વળ્યા. અનેક વિચારો બાદ તે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં જ ગણિતના અધ્યાપક તરીકે દાખલ થયા. તે કામ તેમણે ઈ. સ. ૧૮૫૬ સુધી કર્યું. આ વર્ષો દરમ્યાન એમની સેવાભાવના તો જાગ્રત જ હતી. ઈ. સ. ૧૮૫૧માં તેમણે 'રાસ્ત ગોફ્તાર' નામનું ગુજરાતી સાપ્તાહિક શરૂ કર્યું. તેમાં તે સમાજસુધારાની હિમાયત કરતા. પણ જે કામથી તે આજ મશહૂર છે, તે તો તે હવે પછી શરૂ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૮૫૬માં એક હિંદી વેપારી પેઢીની લંડનની શાખાના વ્યવસ્થાપક તરીકે તે વિલાયત ગયા. અને ત્યારથી એમની આખા રાષ્ટ્રની સેવાની પ્રવૃત્તિઓની શરૂઆત થાય છે. આજ પણ આપણને સ્વરાજ તો નથી મળ્યું. તે વખતે તો અંગ્રેજી રાજ્ય તાજું સ્થપાયું હતું. એટલે અનેક બાબતો, જે આજે ઘણી સુધરી ગઈ છે, તેમાં તે વખતે લોકોને ઘણી ફરિયાદો કરવાનું રહેતું હતું. વિલાયતમાં જઈને તેમણે જોયું કે, હિંદ પર રાજ્ય કરતી અંગ્રેજ પ્રજા હિંદની ખરી હાલત વિષે જ કશું જાણતી નથી! તેથી તેમણે 'ઇસ્ટ ઇંડિયા એસોસિયેશન' નામની સંસ્થા સ્થાપી. તે સંસ્થામાં વિલાયતમાં વસતા હિંદીઓ અને હિંદના ભલામાં રસ લેતા નિવૃત્ત અમલદારો તથા ગવર્નરો ભાગ લેતા. ઉપરાંત, દાદાભાઈએ વિલાયતમાં ફરીને, વ્યાખ્યાનો દ્વારા પણ લોકોને હિંદની ખરી સ્થિતિ વિષે પરિચિત કરવા માંડ્યા.

હિંદની સ્થિતિ વિષે એમને ખાસ શું કહેવાનું હતું, એમ તમને કદાચ મનમાં થશે. દાદાભાઈએ કરેલી આપણા દેશની મોટામાં મોટી સેવા એ જ છે. અત્યાર સુધી લોકો એમ માનતા કે, હિંદમાં અંગ્રેજી રાજ થવાથી લોકો પૈસેટકે આબાદ થાય છે. દાદાભાઈએ સરકારી જમાખર્ચના હિસાબો તથા આખી રાજનીતિનું બારીક અધ્યયન કર્યું, અને તે પરથી તેમણે શોધી કાઢ્યું કે, દુનિયામાં આપણો દેશ તો અતિ ગરીબ છે; આપણી માથા દીઠ સરાસરી વાર્ષિક આવક* માત્ર વીસ રૂપિયા જ છે! ઉપરથી રૂડારૂપાળા લાગતા આ રાજ્યમાં આપણો દેશ ધોવાતો જાય છે, અને એમ જો ચાલ્યા કરશે તો થોડાંક વર્ષોમાં આપણે ધોળા પૂણી જેવા થઈ જઈશું.

આ એક ભારે શોધ હતી. એ વાત આજે સૌ સ્વીકારે છે. પરંતુ ઈ. સ. ૧૮૭૬માં અંગ્રેજીમાં એક નિબંધ લખીને પહેલવહેલી જ્યારે દાદાભાઈએ જગત આગળ એ વાત રજૂ કરી, ત્યારે સ્વાભાવિક રીતે સરકારને તે ખૂંચી અને તેણે એનો વિરોધ કર્યો. ખૂબ ધીરજથી દાદાભાઈએ એની સત્યતા સિદ્ધ કરી બતાવી. તેમને

* આ આંકડામાં કાંઈક વધારો થયો છે; પરંતુ આજ પણ આપણો દેશ બીજા દેશોની સરખામણીમાં હતો તેવો જ ગરીબ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજ પ્રજાનાં ન્યાયબુદ્ધિ અને સત્યપ્રેમ પર શ્રદ્ધા હતી. તે માનતા કે, અંગ્રેજોને જો દલીલો દ્વારા વસ્તુસ્થિતિ સમજાવીએ, તો તેઓ સમજે અને સુધારવા મથે એવા છે. આ શ્રદ્ધાથી કામ કરતાં તેઓ, હિંદ દેશ ગરીબ થતો જાય છે, એ વસ્તુ બરોબર બતાવી શક્યા. તે પછી, તે દૂર કરવા શું કરવું ઘટે?— એ પ્રશ્નનો જવાબ શોધવા કે આપવા તરફ તે વળ્યા. અને એ એમની મહાન સેવાનો બીજો અને મુખ્ય ભાગ છે. હવે આપણે તેનું સ્વરૂપ સમજવા તરફ વળીએ.

૨

ઈ. સ. ૧૮૮૫માં મુંબઈમાં હિંદની રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ. દાદાભાઈ તેના એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા, અને આ સંસ્થા દ્વારા જ તેમણે આખી જિંદગી પોતાનું કામ કર્યું. ઈ. સ. ૧૮૮૬માં મહાસભાની બીજી બેઠક કલકત્તામાં મળી; તેના પ્રમુખ તરીકે દાદાભાઈને પસંદ કરવામાં આવ્યા. હિંદી મહાસભાનું પ્રમુખપદ એ દેશની પ્રજા તરફથી તેના સેવકને મળતું મોટામાં મોટું માન ગણાય. ઈ. સ. ૧૯૦૭માં દાદાભાઈ જાહેર કામકાજમાંથી નિવૃત્ત થઈ મુંબઈ પાસે વરસોવામાં રહેવા લાગ્યા, ત્યાં સુધીમાં તેઓ ત્રણ વાર મહાસભાના પ્રમુખ થયા હતા.

છેલ્લું પ્રમુખપદ તેમને ઈ. સ. ૧૯૦૫માં કલકત્તામાં મળ્યું હતું. હિંદના પ્રજાકીય ઇતિહાસમાં આ વરસ બંગભંગને કારણે અમર થયું છે. લૉર્ડ કર્ઝનના આ કામથી લોકોમાં ભારે ખળભળાટ મચ્યો હતો. મહાસભામાં મતભેદથી ભંગાણ પડે એવી પરિસ્થિતિ હતી. બંગભંગ નાબૂદ કરવા શું કરવું એ વિચાર પર કેટલાક નરમાશથી કામ લેવા ઇચ્છનારા અને કેટલાક ગરમીથી ઝપાટો મારવા ઇચ્છનારા હતા. આમ નરમ પક્ષ અને ગરમ પક્ષ વચ્ચે જો ઝઘડો પડે, તો દેશની એ મહાન સંસ્થા તૂટી જાય; તેમાંથી તેને કોઈ પણ રીતે બચાવવી જોઈએ. આ અઘરું અને અગત્યનું કામ દાદાભાઈ ઉપર નાખવામાં આવ્યું: તેમને તે વર્ષની મહાસભાના પ્રમુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂંટવામાં આવ્યા. દેશના સૌ લોકોએ આ વરણીને હર્ષથી વધાવી લીધી, કેમ કે સૌને દાદાભાઈમાં પૂરી શ્રદ્ધા હતી.

દાદાભાઈએ લોકોની પસંદગીને સાચી ઠેરવી બતાવી. આ મહાસભાના મંચ પરથી જ પહેલવહેલો 'સ્વરાજ' શબ્દ એ મહર્ષિને મોઢેથી નીકળ્યો, અને એ જાદુઈ શબ્દે આજ સુધી આપણને મંત્રમુગ્ધ રાખ્યા છે. પ્રમુખ તરીકેનું તેમનું વ્યાખ્યાન જીવનભરના પોતાના અનુભવોના નિચોડ સમાન, અથવા તો એમણે નિવૃત્ત થતા પહેલાં દેશને માટે મૂકેલા આખરી વસિયતનામા સમાન ગણાય. તે ઐતિહાસિક ભાષણના અંતમાં તેઓશ્રીએ કહેલા શબ્દો આજ પણ આપણને પ્રેરણા આપી શકે એવા ભાવભર્યા અને દેશભક્તિથી ધબકતા છે. તેમણે કહ્યું, 'હવે મારા આયુષનાં જે થોડાં વર્ષો બાકી રહ્યાં છે, તેમાં હું કઈ કઈ શુભ વાતો જોવા પામવાનો છું, એ તો હું કાંઈ જાણતો નથી. પણ મારી માતૃભૂમિ અને મારા દેશબંધુઓ પ્રત્યે સ્નેહ અને ભક્તિના બે બોલ હું મૂકી જઈ શકું એમ હોય, તો કહું કે, એકતા સાધો, મંડ્યા રહો, અને સ્વરાજ મેળવો, કે જેથી આજે જે લાખો માણસો દારિદ્રથી, ભૂખમરાથી અને મહામારીથી મરણ પામે છે, અને

જે કરોડો માણસો પૂરતા અન્નને અભાવે ભૂખમરો વેઠે છે, તેઓ બચવા પામે, અને હિંદ ફરી એક વાર જગતની સર્વશ્રેષ્ઠ સંસ્કૃત પ્રજાઓમાં પોતાનું પુરાણ કાળનું ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસભાની આ બેઠક પછી એમનું શરીર લથડતું ચાલ્યું. દાક્તરોએ સલાહ આપી કે હવે આરામ લેવો જોઈએ. એટલે હિંદની સેવામાં ઘરડા થયેલા આ મહાપુરુષે પોતાની ૮૨ વર્ષની ઉંમર બાદ, સાચી મહેનત કરીને કમાયેલો આરામ લેવો શરૂ કર્યો. ખરેખર, એક કુટુંબના દાદાને શોભે એ રીતે હવે તે વરસોવામાં નિવૃત્તિપરાયણ જીવન ગાળવા લાગ્યા. અને ૯૨ વર્ષની વયે, ઈ. સ. ૧૯૧૭ના જૂનની ૩૦મી તારીખે એ આ દુનિયા છોડીને ગયા. મુંબઈની મલબાર ટેકરી પર આવેલા દખમા સુધી તેમને વળાવવા આખા મુંબઈના સૌ અગ્રગણ્ય લોક આવ્યા હતા. હજારો લોકોનો એ શાંત સમૂહ, દાદાભાઈ પ્રત્યેનાં પ્રેમ અને કૃતજ્ઞતાનો મૂંગો એકરાર હતો. દાદા જયંતીને એક પ્રસંગે એમને વિષે લખતાં ગાંધીજીએ કહ્યું છે કે, 'એ પવિત્ર પુરુષના જીવનમાંથી નિયમિતપણું, અનન્ય દેશભક્તિ, સાદાઈ, ગરીબાઈ, અને અથાગ ઉદ્યોગનો પાઠ હું શીખ્યો અને મારા જેવા ઘણાયે શીખ્યા છે. જે સમયે સરકારની ટીકા કરવી એ રાજદ્રોહ ગણાતો હતો, અને સત્ય સંભળાવવાની ભાગ્યે જ કોઈની હિંમત ચાલતી હતી, તે સમયે દાદાભાઈએ સરકારની સખતમાં સખત ટીકા કરી હતી, અને અંગ્રેજી રાજતંત્રની ખામીઓ નીડરપણે બતાવી હતી. જ્યાં સુધી હિંદુસ્તાનની હયાતી રહેશે ત્યાં સુધી, હિંદુસ્તાનની પ્રજા દાદાભાઈને પ્રેમપૂર્વક યાદ રાખશે, એ વિષે મને જરાયે શંકા નથી.'

સ્વાધ્યાય

૧. દાદાભાઈનું 'હિંદુસ્તાનની ગરીબાઈ' પુસ્તક વાંચો. તેમાં તેમનું આથી વધારે વિસ્તૃત જીવનચરિત પણ વાંચવા મળશે.

૨. મહાસભા વિષે વધારે જાણવા ઇચ્છો, તો તેનો ઇતિહાસ મળે છે તે વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

મહેમાનોને

महेमानो ओ वहालां! पुनः पधारजो.
तम चरणे अम सदन सदैव सुहाय जो.
करजो माफ हजारो पामर पाप, जे
दिनचर्यामां प्रभु पासे पण थाय जो.
महेमानो ओ वहालां! पुनः पधारजो.
उन्नत गिरिशृंगोनां वसनारां तमे,
ऊतर्यां रंक घरे : शो पुण्य-प्रभाव जो!
शुश्रूषा सारी ना अमने आवडी,
लेश न लीधो ललित उरोनो लहाव जो.
महेमानो ओ वहालां! पुनः पधारजो.

સ્વાધ્યાય

૧. સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' ઉપનામથી કવિ તરીકે ઓળખાય છે. તેમનાં કાવ્યોના સંગ્રહ 'પૂર્વાલાપ'માંથી આ લીધું છે.

૨. ત્રીજી ચોથી લીટીનો અર્થ આમ છે : રોજનાં કામોમાં જે પાપ-ગુના કે દોષો થાય છે તે પ્રભુ પણ માફ કરે છે; તેમ તમે પણ માફ કરજો.

પારકાના દોષો દયાથી જે માફ કરે છે, તેને જ પોતાના દોષોની પ્રભુ પાસે માફી માગવાનો અધિકાર છે, એ ભાવ પણ અહીં યાદ રાખવો જોઈએ.

૧૪

એક કરુણાજનક દૃશ્ય

દુનિયામાં હિંદુસ્તાન જેવો બીજો કોઈ પણ દેશ એવો નહિ હોય કે જ્યાં હમેશનો ભૂખમરો અને પરિણામે અસંખ્ય લોકોનું હળવે હળવે મોતને આધીન થવું, એ એક સદાનો પ્રશ્ન થઈ પડ્યો હોય. આ વસ્તુઓ હિંદુસ્તાનના મનુષ્યત્વને હણી રહી છે. આનો ફડચો પણ નવીન જ હોવો જોઈએ.

૧૯૨૧ની સાલમાં હું* જગન્નાથપુરી ગયો હતો. તે દિવસોમાં

* એટલે ગાંધીજી. 'ધર્મમંથન' નામના તેમના લેખસંગ્રહમાંથી આ પાઠ લીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં એક બહુ જ ભલો અને પરગજુ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હતો. તેના આશરા હેઠળ એક અનાથાલય ચાલતું, તે જોવા એ મને લઈ ગયો. ત્યાં અનેક હૃષ્ટપુષ્ટ ને પ્રફુલ્લ બાળકો સાદડી ગૂંથવાનો, ટોપલી બનાવવાનો, કાંતવા વણવાનો, અને એવા બીજા ઉદ્યોગો કરી સુખી જીવન ગાળતાં હતાં. પેલા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે મને કહ્યું કે, આ બધાં બાળકો દુકાળ-પીડિત માબાપોનાં હતાં અને કેટલાંકને તો હાડપિંજરની દશામાં જ અનાથાલયમાં દાખલ કરેલાં.

આ આશ્રમ દેખાડ્યા પછી એ ભલો સુપારન્ટેન્ડેન્ટ મને એક ખુલ્લી જગામાં લઈ ગયો. તે સ્થાન જગન્નાથજીના મંદિરની જ દીવાલોની છાયામાં હતું. ત્યાં નગરની આસપાસ બાર માઈલની અંદર રહેનારા દુષ્કાળ-પીડિત લોકોને હારબંધ બેસાડવામાં આવ્યા હતા. આ લોકોમાં પ્રાણની જ્યોતિ ધીમે ધીમે ઝાંખી પડતી જતી હતી. નિરાશાની જીવંત



મૂર્તિ સમાન તેઓ હતા. તેમની પાંસળીઓ એક એક કરીને ગણી શકાય એવી હતી. એક એક નસ ઊપસીને બહાર આવી પડી હતી. કોઈના શરીર પર માંસનું કે સ્નાયુનું નામ નહોતું. તતડી ગયેલી કરચલીવાળી ચામડી અને હાડકાં એટલું જ નજરે પડતું હતું. આંખોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૂર ઊડી ગયેલું હતું. જે મૂઠીભર ચોખા તેમને મળતા, તે ઉપરાંત આ જગતમાં બીજી કશી વસ્તુમાં તેમને કશો રસ ન રહ્યો હોય, એમ જણાતું હતું. આવી સ્થિતિમાં આવી પડેલાં આ સ્ત્રીપુરુષો — આપણી જ બહેનો અને આપણા જ ભાઈઓ — આ પ્રમાણે ધીમે ધીમે રિબાઈને મોતને શરણે જતાં હતાં, એ મારા અનુભવમાં ભારેમાં ભારે કરુણાજનક ઘટના મેં જાણી છે.

મેં સુપરિન્ટેન્ડેન્ટને પૂછ્યું, "આ લોકોને પેલાં 'અનાથ' બાળકોની જેમ કેમ ન રાખી શકાય ?"

તેણે કહ્યું, 'એ લોકો ત્યાં રહે જ નહિ, અને કામ પણ ન કરે.'

વળી હજારો સ્ત્રીપુરુષો કોઈ સંસ્થાના આશ્રય તળે કામ કરવા તૈયાર હોય તોપણ, તેમને સમાવવા જેટલી જગા પણ ન હોય.

ઓરિસામાં આ લોકોને બારણે જળપ્રલય અને અનાવૃષ્ટિને લીધે હમેશાં દુકાળ હોય છે. તેઓ કોઈ પણ જાતનો એવો ધંધો નથી કરતા કે જેનો આવા પ્રસંગોએ તેઓ આશરો લઈ શકે. પરિણામે તેઓ હમેશાં આળસુ થઈ પડ્યા રહે છે. આ જાતનું આળસ એટલું લાંબું ટકી રહ્યું છે કે હવે તે એક આદત થઈ પડી છે. આમ ભૂખ્યાં પેટ અને નિરુદ્યમીપણું એ હજારો માણસોના જીવનનાં સાથી થઈ પડ્યાં છે. અને આ સ્થિતિ ઓછેવત્તે અંશે હિંદુસ્તાનના બીજા ભાગોને વિષે પણ કહી શકાય.

આનો ફડચો શો ? આપણે રેલનો ઇલાજ વખતે શોધી કાઢીએ. વખતે લોકોને ખેતીના વધારે સુગમ ઉપાયો શીખવીએ. અને ત્યારે પણ ખેડૂતો, જો ઇચ્છે તો, કામ કરવા માટે નવરા તો રહેવાના જ. પણ આ સુધારા માટે યુગો જોઈએ. તે દરમિયાન લાખો ભૂખ્યાં ભૂખમાંથી કેમ બચી જાય ? જવાબ ખોળતાં રેંટિયો (અને તેના જેવા ગ્રામોદ્યોગો) મળે છે. પણ જે લોકો મુદ્દલ કામ કરવાની જ ના કહે છે તે કાંતશે ખરા ? હા. જો આપણે ભણેલાગણેલા, પૈસેટકે સુખી ગણાતા લોકો રેંટિયો ઉપાડી લઈએ તો. પોતાનાં વસ્ત્ર માટે જેઓને કાંતવાની કશી જરૂર ન હોય, તેવાં હજારો ભાઈબહેનો દિલથી આ પીડિત લોકોની નજરોનજર કાંતે, તો તેની અસર થયા વિના રહે જ નહિ. માટે જો આપણે આપણાં ભૂખે મરતાં ભાંડુઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપનાવીશું, તો આપણે કાંતવાની શરતની નિંદા કરતા અટકીશું એટલું જ નહિ, પણ આમવર્ગની દિવસે દિવસે વધતી જતી ગરીબીની પીડાના અમોઘ ઔષધ તરીકે તેને વધાવી લઈશું.

સ્વાધ્યાય

૧. દાદાભાઈના પાઠમાં હિંદની ગરીબાઈની વાત આવે છે તે અહીં યાદ કરો. તે વિષેનું તેમનું પુસ્તક વાંચવાનું સૂચવ્યું જ છે.

૨. તમારી આસપાસના પ્રદેશની ગરીબાઈ કેવી ને કેટલી છે તે તપાસો. ગાંધીજી ઉપાય સૂચવે છે તે ત્યાં ચાલે એમ લાગે છે? તમને એ કેવો ગમે છે?

૩. આળસ આપણાં ગામોમાં કેવું વ્યાપ્યું છે, તે તપાસો. ૬ ઠ્ઠી ચોપડીમાં 'આળસુ લોકો' પાઠ છે તે પણ વાંચી જાઓ.

૧૫

મોહ-ફોજનો મોરચો

धीर धुरंधरा शूर साचा खरा, मरणनो भय ते तो मंन नाणे;
खर्व निखर्व दळ एक सामां फरे, तरणने तुल्य तेने ज जाणे. १
मोहनुं सेन महा विकट लडवा समे, मरे पण मोरचो नहि ज त्यागे;
कवि गुणी पंडित बुद्धे बहु आगळ, ए दळ देखतां सर्व भागे. २
काम ने क्रोध मद लोभ दळमां मुखी, लडवा तणो नव लाग लागे;
जोगिया जंगम तपी त्यागी घणा मोरचे गये धर्मद्वार मागे. ३
एवा ए सेनशुं अडीखम आखडे, गुरुमुखी जोगिया जुक्ति जाणे;
मुक्त आनंद मोह-फोज मार्या पछी, अखंड सुख अटळ पद राज माणे. ४

સ્વાધ્યાય

૧. સ્વામી મુક્તાનંદ (ઈ. સ. ૧૭૬૧–૧૮૨૪) સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ હતા. એમના આ પદની જોડે 'આશ્રમભજનાવલિ'માં 'શૂર સંગ્રામકો દેખ ભાગે નહીં, દેખ ભાગે સોહી શૂર નાહીં' એ કબીરનું ભજન વાંચો, તો મજા આવશે.

૨. મોહ સાથે લડવું કેવું અઘરું છે, તેનો દાખલો આની પછીનો પાઠ ભણશો ત્યારે કાંઈક સમજાશે. મોહ સામે લડવાનું એટલે કોની સામે લડવાનું? એક સંસ્કૃત સુભાષિત છે કે, માણસ પોતે જ પોતાનો મિત્ર કે શત્રુ છે. એ અહીં લાગુ પાડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१६

મોહની કુરબાની

મુસલમાનોના તહેવારોમાં બકરીઈદ એ એક મોટો તહેવાર ગણાય. આ તહેવાર અરબસ્તાનનો એક અતિ પ્રાચીન તહેવાર છે. એને પેગંબર સાહેબે શરૂ કરેલો નથી; પરંતુ અગાઉથી ચાલ્યા આવતા એક લોકપ્રિય ઉત્સવમાં કશો વાંધો ન લાગવાથી તેને તેમણે પોતાના ધર્મમાં અપનાવ્યો હતો. આ તહેવારની ઉત્પત્તિનો ઇતિહાસ અતિ બોધક કથા છે.

હજારો વર્ષો પૂર્વે ઇબ્રાહીમ કરીને એક ભારે ઈશ્વરપરાયણ આરબ થઈ ગયો. તેને બે પુત્ર હતા; તેમાંના એકનું નામ ઇસ્માઈલ. પિતાને એની ઉપર બહુ હેત હતું. આ જોઈ શેતાનને ઇબ્રાહીમની કસોટી કરવાનું મન થઈ આવ્યું. તેણે ખુદાને કહ્યું, 'જુઓ તમારો ભક્ત! તમે તેને વધારે વહાલા છો કે ઇસ્માઈલ?' ઈશ્વરે કહ્યું, 'હું જ'; અને ઇબ્રાહીમને સ્વપ્નમાં કહ્યું, 'તારી પ્રિયમાં પ્રિય ચીજની કુરબાની કર.'

ઇબ્રાહીમે વિચાર કર્યો, 'મારી પ્રિયતમ વસ્તુ તો મારો પુત્ર; તેની તે કુરબાની હોતી હશે! સ્વપ્નાં તો સાચાં ન હોય.' અને એમ વિચારી સ્વપ્નની વાત એણે વિસારે પાડી.

ત્યાં તો ફરી એ જ સ્વપ્ન એને આવ્યું, 'તારી પ્રિયતમ ચીજ કુરબાન કર.' આમ વારંવાર એકની એક વાત સ્વપ્નમાં આવવાથી ઇબ્રાહીમને ખાતરી થઈ કે, પ્રભુ મારા પુત્રનું બલિદાન ચાહે છે. તરત તેણે ઇસ્માઈલને કુરબાન કરવાને માટે અરણ્યમાં વેદી તૈયાર કરી, અને તેના પર ઇસ્માઈલનો વધ કરવા તૈયાર થયો. જેવી તેણે પુત્રના ગળા પર મારવા છરી ઉગામી, તેવો જ ઈશ્વરી અવાજ આવ્યો, 'સબૂર; તું કસોટીમાંથી પાર પડ્યો છે. પ્રભુપ્રેમ આગળ પુત્ર કે કુટુંબ કશું તને વિસાતમાં નથી, એ તેં પ્રત્યક્ષ બતાવ્યું છે. હવે તું પુત્રને બદલે એક પશુનો બલિ આપ એટલે બસ થશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ઇબ્રાહીમ એક ઘેટાને વધેરી, પુત્રને લઈને ઘેર આવ્યો. ત્યારથી એના વંશમાં આ દિવસની યાદગીરી તરીકે પશુની કુરબાની કરવાનો રિવાજ દાખલ થયો. એના પુત્ર ઇસ્માઈલનો વંશવેલો વધીને આગળ જતાં અરબસ્તાનના બધા લોકો થયા. એટલે કુરબાનીનો આ દિવસ આખા અરબસ્તાનમાં ઊજવાતો થયો. એ ઇસ્માઈલના વંશમાં જ ઇસ્લામ ધર્મના નબી હજરત મહંમદનો જન્મ થયો હતો.

પુત્રપ્રેમ કે કુટુંબપ્રેમ અને ઈશ્વરપ્રેમ કે પોતાની ટેક વચ્ચેનો આ ગજગ્રાહ હિંદુધર્મકથાઓમાં પણ અનેક સ્થાને વર્ણવેલો મળે છે. ટેકને ખાતર તારામતીને અને જાતને વેચનાર રાજા હરિશ્ચંદ્ર; અતિથિધર્મને ખાતર કેલૈયા પુત્રને અર્પણ કરનાર સગાળશા શેઠ; રાજધર્મને ખાતર પ્યારી સીતાનો ત્યાગ કરનાર રઘુવીર રામ; પુત્ર કરતાં એકાદશીનું વ્રત આગળ કરનાર રુકમાંગદ રાજા; આ બધા એ જ ગજગ્રાહનાં યાદગાર દૃષ્ટાંતો છે. તેઓએ પોતાના મોહની કુરબાની કરી ઈશ્વરપ્રેમને અમર કર્યો છે. આમ બકરીઈદનો તહેવાર એકલા ઇબ્રાહીમની કુરબાનીનું જ સ્મરણ નથી કરાવતો, પરંતુ એના જેવા અનેક ભક્તરાજ અને ટેક-વીર મહાપુરુષોએ કરેલી મોહની કુરબાનીની કથાઓની યાદ આપે છે. એ ભાવથી અને એ પ્રકારની સમજથી જો આપણે ચાલીએ, તો કેટલો બધો લાભ થાય! પરંતુ, આજે તો કેટલીક વાર એવું બને છે કે, બકરીઈદને નિમિત્તે કોમ કોમ વચ્ચે ઝઘડા જાગે છે. જો સાચો ધર્મ સમજાય તો આ ઝઘડા ટળી જાય. કવિ ઇકબાલ કહે છે તેમ, 'मजहब नहीं सिखाता आपसमें बैर रखना.' આપસ આપસમાં વેર બાંધવું એવી ધર્મની શીખ નથી.

સ્વાધ્યાય

૧. ઘણા એમ માને છે કે, બકરી-ઈદ એટલે બકરી કુરબાન કરવાનો તહેવાર. પણ એ બરાબર નથી. તેનો સાદો અર્થ એટલો જ છે કે, કુરબાનીની ઈદ.

૨. યહૂદીઓ પણ ઇબ્રાહીમને જ પોતાનો આદિ પૂર્વજ માને છે. તેના બીજા પુત્ર આઇઝેકની ઓલાદ તે યહૂદીઓ, જેમાં ઈશુ ખ્રિસ્ત પેદા થયા.

૩. પાઠમાં ઇશારો કરેલી હિંદુ ધર્મકથાઓ જાણો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

નળ દમયંતી વિયોગ

[અર્ધું વસ્ત્ર વચ્ચેથી ફાડીને, મનમાં આનાકાની કરતો, નળ રાજા છેવટે દમયંતીને અર્ધી રાતે, વનમાં સૂતી મૂકીને જાય છે — દોટ મૂકીને નાસી જાય છે કે રખેને પાછું મન ફરે. પણ બીજે દિવસે તેને ખૂબ રડવું આવે છે. તેનું વર્ણન કવિ પ્રેમાનંદ પોતાના 'નળાખ્યાન'માં કરે છે, તે હવે વાંચો :]

૧

[રાગ રામશ્રી]

नळ जळ नयणे भरे ने करे विविध विलाप;
व्याकुळ अंग पोता तणुं, अवनी पछाडे आप. १
'वैदरभी वामा रंक रामा, एकलडी वन मध्य,
भय धरशे ने फाटी मरशे, जीव्यानी टळी अवध्य. २
नहि मळे फरी कोकिलास्वरी, शो ऊपन्यो विखवाद !
मन-गमयंती, बोल, दमयंती,' नळे मांडयो साद. ३
'विश्व-मोहिनी, सृष्टि-दोहिनी, सुंदरी सुजाण,
विरहिणी वल्लभ, दर्शन-दुर्लभ, बोल, पियुना प्राण.' ४
वन फरतो, रुदन करतो, जोतो आव्यानी वाट;
कळिए चरण धरणनां भूस्यां, वन कीधुं निर्वाट. ५
वड-डाळे भूपाळ वळग्यो, ते रुए हृदयाफाटे;
मोह धारण, कर्म कारण, कहे भुज दई ललाटे. ६
राय विलपे, घणुं कलपे, संभारे सुख स्नेह;
कबूध आवी, मन भावी, अन्याये दीधो छेह. ७
अजगर, वाघ, वरु, नाग, छे दारुण वननी हद;
कराड कोतर, सिंहना स्वर, श्यामा फाटी मरशे सद्य. ८
दोह्यले पामी गजगामी, देव गया निर्मुख;
स्वयंवर साथ, सांभळी वात, सर्व पामशे सुख. ९
कोण नेत्र लुए? राय रुए.........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२

[આ બાજુ હવે દમયંતીના શા હાલ થયા ? વાંચો.]

[દોહરા]

स्वप्नुं आव्युं नारने, मूकी जाय छे नाथ;
जागी ऊठी अचानके, ग्रहवा प्रभुनो हाथ. १
वैदर्भी थई गाभरी, वळी जुए चोपास;
अम अबळानां हृदे कारमां, बीउं, तमारे हास. २
जोयुं वन फरी फरी, सम देई कीधा साद;
पछी रुए बहु विध करी, पामी अति विषाद. ३

[રાગ રામગ્રી]

वैदर्भी वनमां वलवले, अंधारी रात;
भामिनी भय पामे घणुं, एकलडी रे जात. वैदर्भी० ४
रसनाए नाम ज नळ तणुं, मुख जपती रे जाय;
शुद्ध नथी शरीरनी, भांजे कंटक पाय. वै० ५
रोई रोई राती आंखडी, भरे आंसु नीर,
नयणे धारा वब्वे झरे, वहे अंग रुधिर. वै० ६
हींडतां ते आखडे, पगमां वागे ठेस;
चालंती ऊभी रहे, भराये कांटे केश. वै० ७
अंगे उझरडा पड्या घणा, वहे शोणित-धार;
ओ नळ! ओ नळ! बोलती, बीजो नहि विचार. वै० ८
ऊंडां कोतर ऊतरे, चडे गिरि कराड;
अशुद्धे उर धडके नहि, पाडे वाघ बराड. वै० ९
वांकी वाट, टींबा टेकरा, भयानक खोह;
राफ मांहे साप फूंफवे, घणुं घूघवे घोह. वै० १०
शब्द पशुपंखी तणा, न पडे कांई प्रीछ;
वरु वणियर वहावे अरण्यमां, धाये वळगवा रींछ. वै० ११
शूकर, रोझ, चिकारडां, चीतरा दे फाळ;
फाळ-नाद होये घणा, बहु बोले शियाळ. वै० १२
आंबा, आंबली, लीमडा, अरीठा अपार;
शीमळ, समळी, सेगठा, न सूझे पंथ विचार. वै० १३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

खेर, खाखर ने कांचकी, कंटाळा थुवेर;
बावळिया बहु बोरडी, सरगुवा समेर. वै० १४
आखडी पडती सुंदरी, चरणे वेला वींटाय;
छूटा केश कामिनी तणा, झांखरे झींटाय. वै० १५
वृक्ष अथडाये अंगशुं, मूके कांटामां पाय;
शुद्ध नथी रे शरीरनी, भजती नळराय. वै० १६
दिवस निशा प्रीछे नहि, एवुं घाडुं अरण्य;
दमयंती भूली भमी त्यां दिवस त्रण. वै० १७
अन्न उदक पामी नहि, नहि बेसवुं शयन,
त्रण दिवस एम वही गया, भमयंतां वन. वै० १८

३

भूली भमे छे भामिनी, नैषधनाथनी नार रे;
ओ नळ! ओ नळ! बोलती, भीमकराज-कुमार रे. भू० १९
धोवायुं काजळ आंसुए करी, वेदनाए व्याकुळ रे;
अर्ध उघाडी देहडी, नाथे फाडयुं छे पटकूळ रे. भू० २०
एवे दीठो एक चीतरो, धाई दमयंती ऊलट रे;
पूछे, भाळ नळ भूपाळनी? छे तारा जेवी कट रे. भू० २१
शार्दूल दीठो वाटमां, वैदर्भी पूछे धरी वहाल रे;
नैषध-नरेश वाटे मळ्या? छे तारा जेवी चाल रे. भू० २२
सावज थाये गाभरा, भय पामी नासी जाय रे;
रखे वनदेवी अमने झालती, पशु-अरि कंपाय रे. भू० २३
पूछे ऊंचा द्रुमने, तारी गगने गई डाळ रे;
तरुवर, जो मारी वती, कहीं दीसे भूपाळ रे? भू० २४
पर-उपकारी सदा तमो, वळी शीतळ तारी छांय रे;
नैषधनाथ क्यहुं दीठडा? जोऊं छउं वनमांय रे? भू० २५
तरु उत्तर आपे नहि, तेम तेम राणी रोय रे;
पुण्यश्लोके ज्यारे परहर्या, शत्रु थया सर्व कोई रे. भू० २६

સ્વાધ્યાય

૧. નળાખ્યાન આખું મેળવી શકો તો મેળવીને વાંચો.

૨. નળદમયંતી નાટકમાંથી એક પ્રસંગ પાઠ ૧૯માં આપ્યો છે, તે તમારી મેળે વાંચી જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

મફત અને ફરજિયાત શિક્ષણ

[સ્વ૦ ભારતસેવક ગોપાળ કૃષ્ણ ગોખલેએ દિલ્હીની વડી ધારાસભાના સભ્ય તરીકે (ઈ. સ. ૧૯૧૨માં) આપેલા વ્યાખ્યાનમાંથી આ પાઠ ઘડયો છે. સ્વ૦ દાદાભાઈની જેમ, એ પણ આપણા દેશના એક આગળ પડતા સેવક થઈ ગયા. પૂનાની 'ભારતસેવક સમાજ' નામની સંસ્થા એમણે સ્થાપી હતી.]

કેટલાક શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિથી કહે છે કે, આજકાલ પ્રાથમિક શાળાઓમાં જે જાતનું શિક્ષણ અપાઈ રહ્યું છે, તે એવું નકામું છે કે તેનો ફેલાવો થાય એ અનિષ્ટ છે. એવી શાળાઓમાં ઘણાખરા શિક્ષકો તાલીમ પામેલા હોતા નથી; શાળાનાં મકાનો પણ છોકરાંઓને બેસાડવાને લાયક હોતાં નથી. તેથી આ ખામીઓ દૂર થતાં સુધી, તાલીમ પામેલા શિક્ષકો અને શાળાનાં સારાં મકાનો મળતાં સુધી, શિક્ષણનો વિસ્તાર વધારવાનો પ્રશ્ન થોભાવવો જોઇએ. *સાહેબ, આવા વાંધા આણનારાઓ વિશાળ લોકશિક્ષણનો મૂળ હેતુ જ સમજતા નથી. તેનો હેતુ દેશમાંથી નિરક્ષરતાને હાંકી કાઢવાનો છે. શિક્ષણના ગુણનો પ્રશ્ન મહત્ત્વનો જરૂર છે, પણ તેનો વિચાર દેશમાંથી નિરક્ષરતા નાબૂદ થયા બાદ જ થઈ શકે. હવે હેતુ આવો હોવાથી, હાલ તુરત વાચન લેખન અને ગણિતનો સાદો અભ્યાસક્રમ શીખવી શકે તેવા શિક્ષકો અને ગામડાંમાં લોકો જેવાં ઘર ભાડે કે ભેટ તરીકે શાળા ખાતાને આપે, તેનાથી કામ નભાવવું રહ્યું. જાપાનમાં એ લોકોએ ફરજિયાત કાયદો[1] શરૂ કર્યો ત્યારે લોકોનાં ઘરોના ઓટલાઓ ઉપર

---

* ધારાસભાના પ્રમુખને ઉદ્દેશીને તેના દરેક સભ્યે ભાષણ કરવું જોઈએ એવો નિયમ હોય છે. 'સાહેબ' તેમને કહ્યું છે.

૧. ઈ. સ. ૧૮૭૨ માં જાપાનમાં આ કાયદો થયો. ઈ. સ. ૧૮૯૦ માં મિકાડોએ પ્રજા જોગું જાહેરનામું કાઢી એને વેગ આપ્યો. આજ જાપાનમાં અભણતા માત્ર ૫ ટકા જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાઓ બેસાડતા. હું ધારું છું કે, જે કરતાં જાપાનની આબરૂ ગઈ નહિ, તે કરતાં આ દેશની પણ આબરૂ નહિ જાય. તાલીમ પામેલા શિક્ષકો તથા સારાં મકાનોની કિંમત હું ઓછી આંકું છું એમ આનો અર્થ નથી. હું એટલું જ કહું છું કે, આ ખામીઓ દૂર થાય ત્યાં સુધી નિરક્ષરતાને દેશનિકાલ કરવાનો પ્રશ્ન બાજુએ મૂકવો ન જોઈએ. તે સુધારાનું કામ પણ આપણે જરૂર હાથમાં લઈએ, અને દેશમાં સારા શિક્ષકો ને સારાં મકાનો દિવસે દિવસે વધારતા જઈએ.........

શિક્ષણને દેશવ્યાપી કર્યું એટલે અમારાં બધાં જ દુઃખો દૂર થઈ જવાનાં અથવા અમે એકદમ પૃથ્વીમાંથી સ્વર્ગમાં જઈ પડવાના, એમ માની લેવા જેવો ભોળો તો કોઈ નથી. શિક્ષણ ફેલાશે છતાં સ્ત્રીઓ અને પુરુષોને પોતાની અપૂર્ણતાઓ સાથે ઝૂઝવાનું તો ચાલુ જ રહેવાનું છે. જીવનમાં અન્યાય અને સંકટ, મતલબીપણું ને તકરારો, એ તો ત્યારેય રહેવાનાં જ. નિરક્ષરતા દૂર થઈ એટલે કંઈ દારિદ્ય આપમેળે જવાનું નથી, કે દેશભક્તો કે દયાધર્મીઓ માટે કાર્યક્ષેત્ર મટી જવાનું નથી. પણ એટલું થશે કે, કેળવણીનો દેશવ્યાપી ફેલાવો થતાં, દેશના લોકોને જીવનમાં આગળ વધવાની વધારે તકો મળશે. સાહેબ! વિચાર કરો કે, જ્યાં અમારી ૯૪ ટકા પ્રજા અજ્ઞાનમાં ડૂબેલી હોય, ત્યાં આરોગ્ય કે કરકસરના સિદ્ધાંતો તેમને કેવી રીતે સમજાવી શકાય? તેમ કામદાર વર્ગમાં કુશળતા પણ ક્યાંથી આવે? જ્યાં ૯૪ ટકા લોકને વાંચતાં કે લખતાં આવડતું ન હોય, ત્યાં વહેમની બદી સામે અમે કેવી રીતે લડી શકીએ? દેશજીવનનું ધોરણ કેવી રીતે ચડાવી શકીએ?

પણ સાહેબ, હું જાણું છું કે, આજ દિનનો સૂરજ ડૂબે તે પહેલાં મારા આ બિલને ડુબાડી દેવામાં આવ્યું હશે. હું તેની તકરાર કરતો નથી. હું તો નિરાશ પણ થવાનો નથી. . . . હું હમેશાં માનતો આવ્યો છું અને મેં ઘણી વાર કહ્યું પણ છે કે, અમે આ યુગના લોકો અમારા દેશની સેવા અમારી નિષ્ફળતા દ્વારા જ કરવાની આશા રાખી શકીએ. પોતાની સફળતાથી દેશસેવા કરનાર ભાગ્યવંતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરનારીઓ તો ભવિષ્યમાં પેદા થશે. દેશની આગેકૂચમાં અમારે ભાગે જે સ્થાન આવ્યું છે, તેનાથી અમારે સંતોષ માનવો રહ્યો. આજે ગબડાવી પાડવામાં આવેલું આ બિલ પાછું ઊભું થશે — પડી પડીને ફરી ઊભું થશે, અને અંતમાં એક સફળ બિલ પોતાની જાતનાં જ મુડદાંઓ ઉપર પગલાં માંડતું ખડું થશે, અને આખા દેશભરમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે.[1] બનવા જોગ છે કે આ આશા કદી સિદ્ધ ન થાય. એ પણ બનવા જોગ છે કે, અમારા પ્રયત્નોથી અમારા હૃદયમાં વસતા મહાન ધ્યેયની સિદ્ધિમાં આડકતરી પણ મદદ ન થાય; અમારા પ્રયત્નો કેવળ સમુદ્રતટની રેતીમાં હળ હાંકવા સમાન નિષ્ફળ જાય. ભલે અમારા કર્મનું જે ફળ આવવાનું હોય તે આવે. છતાં એક બાબત તો સ્પષ્ટ છે કે, અમારું પોતાનું કર્તવ્ય અમે બજાવી છૂટ્યા છીએ, એટલા આત્મસંતોષના તો અમે અધિકારી થઈશું. અને જ્યાં ધર્મનો માર્ગ સ્પષ્ટ દેખાતો હોય, ત્યાં તો કર્મ કરતે નિષ્ફળતાને વરવું, એ અકર્મના કરતાં શ્રેષ્ઠ જ છે.

સ્વાધ્યાય

૧. ઈ. સ. ૧૯૪૧માં હિંદની વસ્તી ગણાઈ તેમાં કેટલા ટકા અભણ આવ્યા તે હજી બહાર પડ્યું નથી. ઈ. સ. ૧૯૩૧ની ગણતરીમાં કુલ ૯૦ાા ટકા હતા. ગરીબાઈની જેમ આ અભણતામાં પણ આપણો દેશ દુનિયામાં પહેલો આવે છે! તમારા ગામનું વસ્તીપત્રક કાઢો. અભણને ભણતા કરવા તમે વિદ્યાર્થીઓ શું શું કરી શકો તે વિચારો. તમારા ગામમાં પ્રૌઢશિક્ષણનું કામ ચાલે છે?

૨. ભાષણના અંતમાં કહેલાં ભાગ્યવંતાં નરનારી આપણે છીએ કે આપણી પછી આવશે? કેમ એ ભાગ્ય હજી નથી ઊઘડતું?

૩. આ ભાષણ મોઢે કરો અને તમે પોતે ભાષણકર્તા હો એમ બોલો.

---

૧. ગોખલેજીની આ ભવિષ્યવાણીમાંથી એટલું સાચું પડ્યું છે કે, ફરજિયાત શિક્ષણનો કાયદો સ્વ૦ વિઠ્ઠલભાઈ પટેલે (મુંબઈની) ધારાસભામાં પસાર કરાવ્યો છે, અને આજે વડી સરકાર એક નીતિ તરીકે એ સિદ્ધાંત સ્વીકારે છે. પરંતુ જ્ઞાનનો પ્રકાશ હજી ફેલાયો નથી. ૯૪ ટકા અભણ હતા તેને બદલે ૯૦ાા ટકા અભણ થયા એટલું જ થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

દમયંતી પર આરોપ

[નળ રાજાએ ત્યજ્યા પછી, અથડાતી કુટાતી દમયંતી ચેદિદેશ પહોંચે છે, અને પોતાની જ માસીને ઘેર દાસીને વેશે ગુપ્ત રીતે રહે છે. તે વખતે એના પર ચોરીનો આરોપ આવે છે, તે પ્રસંગ સ્વ૦ સાક્ષર શ્રી. રણછોડભાઈ ઉદયરામ કૃત 'નળદમયંતી નાટક'માંથી અહીં લીધો છે.]

૧

दमयंती — [ચોટલો છૂટો, દાસીનો ગરીબ વેશ છે. ઠોકર ખાતી પ્રવેશ કરે છે, તેથી નાહવાના પાણીનું વાસણ હાથમાં છે તે છલકાય છે.] જેની સેવામાં રહ્યાં તેનું કામ મન રાખીને કરવું જોઈએ એ વાત ખરી, પણ મારાથી ઘણી ચૂકો થઈ જાય છે, અને હું બહુ ઠપકામાં આવું છું. પરંતુ મારું મન મારા હાથમાં હોય ત્યારે ને? ઘડીમાં બાળકો પાસે, તો ઘડીમાં વિખૂટા પડેલા નાથ પાસે, એમ મારું મન ભટકયા જ કરે છે.

सुनंदा — [પ્રવેશ કરીને] દાસી ! અંઘોળ કરવાની બધી તૈયારી કરી છે ?

दमयंती — હા, બાસાહેબ.

सुनंदा — [પોતાના ગળામાંથી હાર કાઢીને] દાસી, લે આ હાર, રાખ તારી પાસે. અંઘોળ કરી રહું ત્યારે આપજે મને.

[દમયંતી હાર ઝાલી ઊભી રહે છે; સુનંદા સ્નાનાગારમાં સ્નાન કરવા જાય છે. થોડી વાર પછી] દાસી! આમ કામ કરીશ તો તારે ને મારે નહિ બને. મર્દન કરવાની સુગંધી કયાં છે? આજે પણ કાલની પેઠે ભૂલી ગઈ? લાવ વહેલી, અને કર મારે શરીરે મર્દન.

[દમયંતી પોતાની પાસેનો હાર ટોલ્લે ભેરવીને, તાકામાં સુગંધીનો ડાબલો હતો તે લઈને ઓરડામાં જાય છે.]

कलि — [ઉપરથી અદૃશ્ય પ્રવેશ કરીને] આ દમયંતી પાસે હું આવી જ શકતો નથી. એના પતિવ્રતપણાનું તેજ તેની આસપાસ અગ્નિનો કોટ કરી મૂકે છે. પણ વેગળા રહીને જે પજવણી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કરું. [હાર જોઈને] હાશ ! લાવ આ હાર લઈ લઉં, અને કેવી રમૂજ થાય છે તે જોઉં.

[હાર લઈ, રાજી થતો જાય છે.]

सुनंदा — દાસી ! અંગૂછો ક્યાં છે ?

दमयंती — [બહાર નીકળતાં નીકળતાં] લાવી, બાસાહેબ.

[ખીંટીએથી અંગૂછો આપે છે.]

सुनंदा — [બહાર આવીને] દાસી, લાવ હવે મારો હાર.

दमयंती — [ટોલ્લે ભરવેલો લેવા જાય છે.] અરેરે ! અહીંથી હાર ક્યાં ગયો ?

सुनंदा — શું હાર નથી ?

दमयंती — ના, બાસાહેબ. સુગંધીનો ડાબલો લેતી વેળાએ મેં ટોલ્લે ભેરવ્યો હતો.

सुनंदा — આગળનાં બારણાં બંધ છે, અહીંયાં બીજું કોઈ છે નહિ, ને એટલી વારમાં હાર ક્યાં ગયો ?

दमयंती — [આગળ પાછળ શોધ્યા પછી] આ તો ટોલ્લો ગળી ગયા જેવું થયું !

सुनंदा — ખરી વાત ! કામની છૂટ નહિ, વિસરાળ જોઈએ તો પાર વની, અને બીજા આવા અવગુણ !

दमयंती — [મોં ચડાવીને] મારામાં શા અવગુણ દીઠા ? બાસાહેબ, મારા ઉપર આળ ચડાવવા જેવું આપનું બોલવું થાય છે.

सुनंदा — ત્યારે હાર ક્યાં છે ?

दमयंती — હાર મેં મૂક્યો ત્યાં નથી. એ વિના બીજું હું શું કહું ?

सुनंदा — એમ છૂટી પડચે નહિ ચાલે. [આગળ જઈ બારણાં ઉઘાડી] કોણ છે અહીં ? માતાને મોકલો તો.

दमयंती — આ દુઃખ કોની આગળ કહું ? અરે, હવે હું શો ઉત્તર આપીશ ?

सुनंदा — વેળા ઘણી છે, ગોઠવી રાખને ઉત્તર !

दमयंती — ચોભીલી છું, જેમ ફાવે તેમ કહો.

[ભાનુમતી પ્રવેશ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भानुमती — [બંનેની વાત સાંભળીને] આશ્ચર્યની વાત ! તું નિર્દોષતાની મૂર્તિ છે, તેમ સુનંદા પોતે પોતાનો હાર સંતાડે નહિ; ત્યારે શું સમજવું ? સરખેસરખાંમાં જો કાંઈ હાસ્ય કર્યું હોય, તો હવે આપો સુનંદાને એનો હાર.

दमयंती — માતાજી, મેં હાસ્ય નથી કર્યું. વળી, મારા ઉપર શંકા આવતી હોય, તો સૂર્યની સાક્ષીથી કહું છું કે, હું નિર્દોષ છું.

भानुमती — હાર સરખી તુચ્છ વસ્તુને માટે આ આગ્રહ નથી; પણ મહેલમાંથી આ પ્રમાણે વસ્તુ ચાલી જાય, એ વાત મહારાજ સાંખી રહે એમ નથી.

दमयंती — મારા ક્રૂર ભાગ્યમાં જે લખ્યું હશે તેમ બનશે, બીજું શું કહું ? અરે પરમેશ્વર, હું કેવી સંકડામણમાં આવી ગઈ છું ! અરે, આ પ્રમાણે મારી લાજ જવાની વેળા આવી ?

सुनंदा — હાર આપો, એટલે કાંઈ જશે નહિ.

भानुमती — આનો નિવેડો કરવાની મને કાંઈ સત્તા નથી; તેમ જ અમારા દેશના ધારા પ્રમાણે, હું રાજ્યની રાણી છું તોપણ, ધર્માસનસ્થાનમાં જઈને મારે આ બનાવ મહારાજને કાને નાખવો પડશે.

दमयंती — જેમ કરવું ઘટિત હોય તેમ કરો.

[ત્રણે જાય છે.]

२

[ચેદિરાજ ધર્માસન ઉપર બિરાજ્યા છે; બીજા દરબારીઓ પોતપોતાને સ્થાને બેઠા છે.]

प्रतिहार — મહારાજાધિરાજ ચેદિરાજનું રાજ્ય અમર તપો.

चेदिराज — પ્રતિહાર, જેઓને કાંઈ વિનંતી કરવાની હોય તેઓને એક પછી એક રજૂ કરો.

[ભાનુમતી, સુનંદા અને દમયંતી પ્રવેશ કરે છે. દરબારીઓ વગેરે ઊઠીને માન આપે છે. રાજાની પાસેના આસને દેવી બેસે છે, અને સુનંદા તથા દમયંતી ધર્માસનની સામે ઊભાં રહે છે.]

चेदिराज — કહો, તમારે શું કહેવાનું છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कलि — [ઉપર અદશ્ય પ્રવેશ કરીને] જેના ઉપર ખાર હોય તેને દુ:ખમાં જોવામાં કેટલું બધું સુખ છે! વાહ રે, સતીબાઈ! તમારી ફજેતીના વાવટા ઠીક ઊડચા દેખાય છે તો!

सुनंदा — રાજપિતા, હું સ્નાન કરવા બેઠી તે વેળાએ મારો હાર મેં આ દાસીને આપ્યો; અને નાહીને ઊઠચા પછી પાછો માગ્યો, ત્યારે ખોવાયેલો જણાયો.

चेदिराज — દાસી, આ વિષે તું શું કહે છે?

दमयंती — રાજાજી, રાજકુમારીએ મને હાર આપ્યો એ વાત ખરી; પણ એમણે સુગંધીનો ડાબલો માગ્યો તે આપવા સારુ મેં હાર ટોલ્લે ભેરવ્યો, અને ખપ પડચે જોયો તો ત્યાં મળે નહિ.

चेदिराज — તમારા એ વિના બીજું કોઈ ત્યાં હતું, અથવા અંદર આવી શકે એવો સંભવ હતો?

सुनंदा — આગલાં બારણાં બંધ કરેલાં હતાં, અને અમારા બે વિના ત્રીજું કોઈ હતું નહિ.

चेदिराज — કેમ દાસી, એમ જ હતું?

दमयंती — હા રાજાજી.

चेदिराज — આશ્ચર્ય! દાસી, દોષમુક્ત થવાનું ત્યારે તારે શિર રહે છે.

कलि — [સ્વગત] ઠીક સપડાઈ છે. એ ફાંસીને લાકડે લટકે તો મને ટાઢક વળે.

दमयंती — રાજાજી, જે ભાગ્યે મને આ સ્થિતિએ પહોંચાડી છે, તે મને મુક્ત થવા દે એમ હોત, તો મારે માથે ચોરીનો અપવાદ આવત નહિ.

चेदिराज — દાસી, તારી મુખમુદ્રા ઉપરથી તું ખોટું કામ કરે એવી જણાતી નથી. તોપણ નિર્દોષ દેખાવરૂપી પડદામાં ભરાઈને દુરાચરણ કરનાર, પરમેશ્વરે આપેલી પ્રસાદીને વગોવે, તેવાને શિક્ષાએ પહોંચાડવાનું પણ આ ધર્માસનનું કામ છે. માટે ભાગ્ય ઉપર દોષ મૂકી છૂટી શકાશે નહિ. અમારા રાજ્યના ધારા પ્રમાણે, ચોરીનો અપરાધ ઘણો મોટો ગણાય છે, અને તેની શિક્ષા પણ મોટી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दमयंती — અરે, છેવટે હું ચોરી કરનાર ઠરી? પણ હું ચોર નથી એ કોણે જાણ્યું? અરે, મારી કકળતી આંતરડીથી, મારા પીડાતા – અરે મારા છૂંદાતા – હૃદયથી અતિશય સંતાપ પામી, મારું નિર્દોષપણું સાબિત કરવાને, બળતરાની મારી બોલું છું કે, જે મને આ ધર્માસનની સામે, આ દરબારીઓની સામે, અને અહીં મળેલી લોકોની ઠઠની સામે, અરે પવિત્ર ન્યાયની સામે, હલકી પાડવાને, જૂઠી ઠરાવવાને, દુઃખી-દુઃખી કરવાને કાવતરું કરતું હોય, તે પાપી, [કલિ ગભરાય છે.] જેમ મારું કોમળ કાળજું હમણાં ફફડે છે તેમ, બાણથી ધવાયેલું પક્ષી પડે તેમ, મારા આ બળતા શબ્દરૂપી બાણે ભેદાઈને આ ધર્માસનનાં ચરણ આગળ પછડાઈ પડજો, અને ખોવાયેલો હાર જડજો.

कलि – – 'સતી! સતી!'

[એમ બૂમ પાડતો તેના પગ આગળ હાર નાખીને પડે છે, અને ધરતીમાં ઊતરી જાય છે. રાજ્યસભા આશ્ચર્ય પામે છે.]

[બે પુરુષો ધસીને પાસે આવે છે.]

सुदेव — પર્ણાદ! એ તો એ જ. અવાજ આપણાં દેવી દમયંતીના જેવો જ છે. દેવી દમયંતી!

दमयंती — [સંગાથે] આર્ય સુદેવ! ભાઈ પર્ણાદ! અરે, મારી આવી સંકટની વેળામાં તમારો આ પ્રમાણે ભેટો! [સુદેવને] મારા પતિ ક્યાં છે? પર્ણાદ! મારાં બાળક, મારાં બાળકની [રડે છે] શી વલે છે? તે મારે માટે ટળવળી મરતાં હશે, તેથી જ તું અહીં આવ્યો હોઈશ.

[મૂર્છા પામે છે.]

भानुमती — કોણ, મારી દમયંતી? મારી બહેનની કુંવરી?

सुनंदा — કોણ, મારી બહેન? અરે, મેં જેને દાસી ગણી, તે મારી બહેન?

[દોડી આવે છે.]

चेदिराज — મહારાજ નળની પત્ની, સતી દમયંતી?

[આગળ ધસી આવે છે, અને દરબાર ખડો થઈ જાય છે. આશ્ચર્ય પામી સૌ માંહોમાંહે વાતો કરતાં દમયંતીને જોયાં કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાનુમતી — અરે, મેં આ પ્રમાણે તારી પાસે હલકું કામ કરાવીને માથે ચોરી ચડાવી? ધિક્કાર છે મને! એને મૂર્છા આવી છે, માટે એને જલદી અંદર લઈ ચાલો!

[લઈ જાય છે.]

સ્વાધ્યાય

૧. પુસ્તકાલયમાંથી નળદમયંતી નાટક મેળવીને વાંચો. પ્રેમાનંદના આખ્યાનમાં કે આ નાટકમાં વધારે આનંદ આવ્યો, તે વિચારો.

૨. નળની મૂળ કથા મહાભારતમાં છે. લહેર પડે તો મોટા મહાભારતમાંથી તે ભાગ ખોળીને વાંચો. વનપર્વમાં તે હશે.

૩. સુદેવ અને પર્ણાદ કોણ? ચેદિરાજને ત્યાં ક્યાંથી?

૨૦

લોકસાહિત્ય

[જે સાહિત્ય કોઈ પુસ્તકરૂપે લખાયું નથી, પણ લોકોમાં પરંપરાથી બોલાતું આવ્યાથી સચવાઈ રહ્યું છે, તેને લોકસાહિત્ય કહે છે; જોકે હવે તો આ સાહિત્ય છપાવા લાગ્યું છે. પરંતુ આવા સાહિત્યના લેખકો ઘણે ભાગે અજ્ઞાત હોય છે. નીચે એવા સાહિત્યમાંથી થોડુંક આપ્યું છે. એમાંનો દરેક દુહો એક સ્વતંત્ર કાવ્ય છે. એક જ ટૂંક કે શ્લોકમાં જેનું આખું કાવ્ય થઈ ગયું હોય, એવા કાવ્યને મુક્તક કહે છે. મુક્તક એટલે મોતી. મોતીનો એક જ દાણો જેમ સુંદર છે, કીમતી છે, અને એ એકલો પણ સ્વતંત્ર ઘરેણા તરીકે વાપરી શકાય છે, તેમ જ આ કાવ્યનું છે. હિંદુસ્તાનના સાહિત્યની એ ખૂબી છે કે, તેમાં જૂના સમયથી આવાં પુષ્કળ મુક્તકો લખાતાં આવ્યાં છે. ઘણાં મુક્તકોમાં જીવનના સારરૂપ જ્ઞાન કે ડહાપણ, ઘણા જ થોડા શબ્દોમાં, ઘણી સુંદર રીતે કહેલું હોય છે. ખંડ ૧માં આપેલા દુહા એવાં સુભાષિતના દાખલા છે. અને ખંડ ૨માં લોકસાહિત્યનું એક કાવ્ય આપ્યું છે.]

૧. સુભાષિત

बाकर बच्चां लाख, लाखे बिचारां;
सिंहण बच्चुं एक, एके हजारां. १

गई संपत फिर सांपडे, गयां वळे छे वहाण;
गई कीर्ति आवे नहि, गया न आवे प्राण. २

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पीपळ पान खरंतां, हसती कूंपळियां;
अम वीती तम वीतशे, धीरी बापुडियां. ३
सोबत करतां श्वाननी, बे बाजुनुं दुःख :
खीज्युं करडे पिंडीए, रीझ्युं चाटे मुख ! ४
जळ न बोळे काष्ठने, कहो क्यांनी ए प्रीत ?
आपण सींच्युं जाणीने, नव बोळे ए रीत. ५
धन जोबन ने ठाकरी, ते उपर अविवेक;
ए चारे भेगां हुवां, अनरथ करे अनेक. ६
आशा ऊंडी खाड, पहाडथी पण पुराय नहि !
हेम मेरु सम होय, तोये मन माने नहि. ७
गाज्या मेह वरसे नहि, भस्या श्वान नव खाय;
बहु-बोल्या नव रण चडे, थोड-बोल्या न घर जाय. ८
गुणनी उपर गुण करे, ए तो वहेवारां वट्ट;
अवगुण उपर गुण करे, खरी खत्रियां वट्ट. ९
दळ फरे, वादळ फरे, फरे नदीनां पूर;
शूरा बोल्या ना फरे, पश्चिम ऊगे सूर. १०
विपत पडे ना वलखीए, वलख्ये विपत न जाय;
विपते उद्यम कीजिये, उद्यम विपतने खाय. ११
मोती भांग्युं वींधतां, मन भांग्युं कवेण;
घोडो भांग्यो खेडतां, एने नहि सांधो नहि रेण. १२
ऋतुए ऊगे मोगरा, ऋतुए आवे फूल;
ऋतु विनानुं चाहीए, ते तो धूळे धूळ. १३
कोयलडी ने काग, वाने वरताये नहि;
जीभलडीमां जवाब, साचुं सोरठियो कहे. १४

२. જેસલ તોળલ

[જેસલ કરીને કચ્છી લુટારાના હૃદયપલટાનું આ લોકગીત છે. હોડીમાં તે બેઠો છે. હોડી ડૂબું ડૂબું કરે છે. એમ મરણ નજર સામે આવે છે, ત્યારે જેસલની નજર આગળ પોતાનું આખું પાપજીવન તરવરે છે; એને તેનો પસ્તાવો થાય છે. હોડીમાં બેઠેલી સતી સ્ત્રી તોળલ તેને ધીરજ આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને કહે છે કે, તારાં પાપનો એકરાર કરી ધર્મિષ્ઠ બન, તો તું જરૂર તરીશ. હવે કાવ્ય વાંચો.]

पाप तारुं परकाश, जाडेजा, धरम तारो संभाळ रे,
तारी बेडलीने बुडवा नहि दउं, जाडेजा रे: एम तोळल कहे छे जी. १
वाळी गोंदरेथी गाय, तोळी राणी, वाळी गोंदरेथी गाय रे,
बहेनी भाणेजां मारियां, तोळलदे रे: एम जेसल कहे छे जी. २
पादर लूंटी पाणियार, तोळी राणी, पादर लूंटी पाणियार रे,
वनना मोरला मारिया, तोळलदे रे: एम जेसल कहे छे जी. ३
फोडी सरोवरपाळ, तोळी राणी, फोडी सरोवरपाळ रे,
वन केरा मृगला मारिया, तोळलदे रे: एम जेसल कहे छे जी. ४
लूंटी कुंवारी जान, तोळी राणी, लूंटी कुंवारी जान रे,
सात वीसुं मोडबंधा मारिया, तोळलदे रे: एम जेसल कहे छे जी. ५
हरण हण्यां लख चार, तोळी राणी, हरण हण्यां लख चार रे,
एवां करम तो में कर्यां, तोळलदे रे: एम जेसल कहे छे जी. ६
जेटला माथाना वाळ, तोळी राणी, जेटला माथाना वाळ रे,
एटलां करम तो में कर्यां, तोळलदे रे: एम जेसल कहे छे जी. ७
पुण्ये पाप ठेलाय, जाडेजा, पुण्ये पाप ठेलाय रे,
तारी बेडलीने बूडवा नहि दउं, जाडेजा रे: एम तोळल कहे छे जी. ८

સ્વાધ્યાય

૧. વિદ્યાપીઠ વાચનમાળાની છઠ્ઠી ચોપડીમાં, અંગુલિમાલ લૂંટારાનો હૃદયપલટો થાય છે, તેની કથા છે તે જુઓ.

૨. ગીતામાં એક શ્લોક (જુઓ 'ગીતાધ્વનિ' અધ્યાય ૯, શ્લોક ૩૦) છે:

'દુરાચારીય કો મોટો થઈ અનન્ય ભજે મને;
સાધુ જ તે થયો માનો; જે સુનિશ્ચયમાં ઠર્યો.
શીઘ્ર તે થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને.'

દુરાચારી છતાં પસ્તાવો કરીને પાછો ધર્મ તરફ વળે તો તે તરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

'શેષ'ના દુહા

૧

एकल खावुं, एकल जोवुं, एकल रमवुं, ईश !
एकल वाटे विचरवुं, करम न कदी लखीश.

२

एकल देता दान जे, एकल झूझता जंग,
एकल जगनिंदा सहे, ए मरदोने रंग.

३

मुख सम को मंगल नहि, मृत्यु समी नहि हाण;
जग सम को जंगल नहि, सत्य समी नहि वाण.

સ્વાધ્યાય

કવિ 'શેષ' તે સાક્ષર શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક. તેમના કાવ્ય-સંગ્રહ 'શેષનાં કાવ્યો'માંથી આ દુહા લીધા છે. એ લોક-સાહિત્ય તો ન કહેવાય; છતાં લોકસાહિત્યના દુહા જોડે સરખાવો, તો તેમાં ખપી જાય એવી એમની છટા છે. અને તેના ભાવ?

૨૨

ઊધઈનો સમાજ

૧

ઊધઈને ન જોઈ હોય એવું નાનું બાળક પણ ગુજરાતમાં ભાગ્યે હશે. આપણી આલમારીઓ, ચોપડીઓ, સાદડીઓ, અરે ઘરના થાંભલા તથા છાપરાંની વળીઓ સુધ્ધાં, એણે કેટલીયે વાર ખાઈ નાંખ્યાં છે. આજે એક જગ્યાએથી કાઢો તો કાલે બીજી જગ્યાએથી હુમલો કરે, અને એવા હેરાન કરી મૂકે કે ન પૂછો વાત. છતાં ઊધઈ કેવી જાતનું જંતુ છે, એ પોતાનું રંજાડ-કામ ક્યાં રહીને કરે છે, એ કેવી રીતે પોતાનું જીવન ગુજારે છે, એનામાં કેવા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલી જાતના ભેદો છે, વગેરે જાણવાનો ગુજરાતના કોઈ વિદ્વાને કે જુવાને પ્રયત્ન કર્યો હોય, એમ જણાયું નથી.

હા, કેટલાક વગર ભણેલા ગામડિયા તથા વાઘરી વગેરે લોકો આપણા કરતાં ઊધઈ વિષે વધારે જાણતા હોય છે ખરા. તેમાંના કેટલાક ઊધઈનું જાળું — એટલે જમીનની નીચે જ્યાંથી રહ્યે રહ્યે એ ચારે દિશાએ પસરે છે તે ઊધઈનો માળો — શોધી કાઢી શકે છે, અને તેઓ કહે છે કે, એ જાળામાં રહેતી ઊધઈની રાણીનો નાશ કરવામાં આવે, તો તેનો આખો પરિવાર નાશ પામે છે.

પણ ઊધઈનો વધારે ઊંડો અભ્યાસ યુરોપ, અમેરિકાના વિદ્વાનોએ કર્યો છે. યુરોપની ભાષાઓમાં, સુંદર ચિત્રો સહિત, દુનિયાની જાત જાતની ઊધઈનાં વર્ણન અને તેના જીવન વિષે પુષ્કળ માહિતી આપનારાં અનેક પુસ્તકો લખાયાં છે. છતાં, યુરોપમાં ઊધઈ લગભગ અજાણ્યું જંતુ છે. ઠંડા દેશોમાં એ જીવી શકતી જ નથી.

ગુજરાતીમાં 'ઊધઈનું જીવન' નામે એક જ પુસ્તક અત્યાર સુધી પ્રસિદ્ધ થયું છે. તેયે સ્વતંત્ર લખાણ નથી, પણ અંગ્રેજી પુસ્તકનો તરજુમો જ છે.

મધમાખી, કીડી અને ઊધઈ એ ત્રણેની જીવનપદ્ધતિ અને સમાજરચના અતિશય આશ્ચર્યકારક, અટપટી અને ચતુરાઈભરેલી છે. તેમાંય ઊધઈની જીવનપદ્ધતિ અને સમાજરચના તો એ ત્રણે જંતુઓમાં વધારેમાં વધારે જૂની, ચકિત કરનારી અને ગૂઢ છે. એને જાણવાનું કામ પણ ઘણું મુશ્કેલ છે. કારણ કે, ઊધઈનું જાળું સાધારણ રીતે જમીનથી દસ પંદર ફૂટ નીચે હોય છે; વળી એ પોતાનું કામ અંધારી નાળોમાં, આપણને પોતાનું મોઢું બતાવ્યા વિના જ કરે છે. આપણે એની નાળ તોડીએ ત્યારે જ આપણે તેને જોઈ શકીએ છીએ, પણ તે જેટલી બહાર નીકળી પડે તેટલીને જ. બહાર નીકળેલી ઊધઈ પાછી પોતાની નાળમાં પેસી શકતી જ નથી. એને કાં તો કીડી ઉપાડી જાય છે, અથવા તે ભટકીને મરે છે. એટલે એનું સાચું જીવન તો માણસની નજરની આડે રહીને જ ચાલે છે.

છતાં, ઘણી મહેનત લઈ એ વિષે જે માહિતી ભેગી થઈ છે, તેનો સાર જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

દુનિયામાં ઊધઈની લગભગ બારસોથી પંદરસો જુદી જુદી જાતો શોધવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મત પ્રમાણે, એ દુનિયાનું પ્રાચીનમાં પ્રાચીન જંતુ છે.

ગુજરાતનાં ખેતરોમાં ઊધઈના રાફડા તમે જોયા હશે. એ, ઘણુંખરું, શંકુ આકારના ઢગલા જેવા હોય છે. સાધારણ માટીના ઢગલા કરતાં એ ઘણા સખત હોય છે. વરસાદથી પલળીને એ પડી જતા નથી. છતાં, પ્રમાણમાં આપણા પ્રાંતના રાફડા તો બહુ જ નાના અને સાદી જાતના હોય છે. દુનિયાના જુદા જુદા ભાગોમાં એ રાફડાઓનાં આકાર, ઊંચાઈ, મજબૂતી વગેરે વિવિધ પ્રકારનાં અને આશ્ચર્યકારક હોય છે. કેટલાક તો વીસ વીસ ફૂટ ઊંચા અને ત્રીસ ફૂટના ઘેરાવામાં પથરાયેલા હોય છે. કેટલાક બરાબર ઉત્તર-દક્ષિણ દિશા બતાવનારા હોય છે. કેટલાકની માટી સિમેંટના જેટલી સખત જામે છે, અને તેથી રસ્તા તથા ટેનિસનાં ક્રીડાંગણ બાંધવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

પણ રાફડા તો ઊધઈના નગરનો બહારનો ભાગ જ સમજવો. એનો સાચો કિલ્લો અને વિસ્તાર તો સદાય જમીનની નીચે જ રહે છે, અને ઉપરના ભાગનો નાશ થવાથી ઊધઈનું જીવન નાશ પામતું નથી.

જમીનની નીચે, એ રાફડા-નગરની મધ્યમાં, ચાવેલા અને કરકરા કરેલા લાકડાના ચૂરાનો એક પોલો ઘુમ્મટ હોય છે. એ ગોળાકાર ઘુમ્મટ તળિયાથી આશરે છથી બાર ઇંચ ઊંચો હોય છે. એના પોલાણમાંથી બધી દિશાઓમાં અનેક ચાલો અથવા ગલીઓ નીકળે છે. ટાંકણીના માથા જેટલી કરોડો લીખો કે ઇયળોથી એ ભરેલો હોય છે. એની ભીંતોમાં હજારો ઝીણાં છિદ્રો હોય છે. એ ભાગ બીજા ભાગો કરતાં વધારે ગરમ રહે છે.

પેલી ચાલો વાટે વધારે સારા ઓરડાઓમાં જવાય છે. એમની બેઉ બાજુએ રેતીના કણો જેવાં નાનાં નાનાં ધોળાં લંબગોળ ઈંડાં ખડકેલાં હોય છે. ત્યાર પછી નીચે ઊતરતાં એક બીજો ખંડ આવે છે. ઊધઈનું જાળું કહે છે, તે આ જ જગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઉધઈ કુટુંબ

વચ્ચે ઉધઈ-રાણી છે; એના મધ્ય ભાગમાં લાંબું જંતુ છે તે ઉધઈ-રાજા છે. ઝીણાં જંતુઓ ઉધઈ-મજૂરો છે; ચોકીપહેરો કરે છે તે સૈનિકો છે. લગભગ પૂરેપૂરા પ્રમાણનું ચિત્ર છે.

એનો દેખાવ અદ્દ્ભુત હોય છે, એમ સર્વે જોનારાઓ વર્ણવે છે. એનું આ ચિત્ર જુઓ. ખંડની વચ્ચોવચ એક મોટું જંતુ પડેલું છે. એ ત્રણેક ઇંચ લાંબું, ઇંચ દોઢ ઇંચના ઘેરાવાવાળું, લગભગ સફેદ સાકરિયા જેવું હોય છે. એની બે બાજુએ ઝીણા ઝીણા પગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આગલી બાજુએ, મોટી ટાંકણી ખોસી હોય તેવું એક ઝીણું માથું જરાક જેટલી લાંબી ગરદનને વળગેલું હોય તેમ દેખાય છે. વારંવાર એ પોતાની ગરદન અને મોઢા પરના અડિયા એટલે મૂછોના વાળ હલાવ્યા કરે છે. તેની આજુબાજુ બીજાં નાનાં મોટાં હજારો જંતુઓની ભીડ નજરે પડે છે. એ જંતુઓ કરતાં આ જંતુ લગભગ દશ હજાર ગણું મોટું કહેવાય. આ જ ઊધઈ-રાણી. આખા રાફડામાં જે કોઈ ઊધઈ રહે છે તે સૌની આ જ માતા. આ ખંડ તે એનો દરબાર અથવા મહેલ.

એ ઊધઈ રાણી ખરી, પણ એના મહેલમાં તે જન્મકેદમાં પડ્યા જેવી હોય છે. મહેલના દરવાજા એટલા નાના હોય છે કે તેમાંથી એનું મોટું શરીર જઈ જ ન શકે. વળી એના ભારે શરીરને માટે એના પગ સાવ જ નાના અને નકામા જેવા છે. એની ગરદન પણ એટલી ટૂંકી હોય છે કે, પોતાનો ખોરાક સામે પડ્યો હોય તોયે એ પોતાની મેળે લઈ ન શકે. ઉપરાંત, આટલું મોટું પેટ હોવા છતાં, એનામાં ખોરાકને પચાવવાની શક્તિ નથી. આથી નાની ઊધઈઓ ખોરાકને પોતાના આંતરડામાં પહેલો પચાવી, તે પાછો કાઢીને, રાણીને ખવાડે છે. ચિત્રમાં જે અનેક ઝીણી ઝીણી ઊધઈઓને તમે એના મોઢા આગળ જુઓ છો, તે બધી એને વારાફરતી ખોરાક ખવાડીને જાય છે.

ઊધઈ-રાણીનું દેખીતું કામ એક જ જણાય છે: એ રાત દિવસ ઈંડાં મૂકયે જાય છે. રોજનાં તે ઓછામાં ઓછાં ત્રીસ હજાર ઈંડાં મૂકે છે; એટલે વર્ષે દહાડે એક અબજથી વધુ ઈંડાં થાય. આ તો હળવી ગણતરીનું પ્રમાણ છે. કેટલાકના મતે, તે રોજનાં એંશી હજારથી વધુ ઈંડાં મૂકી શકે છે. એનું પૂરું આયુષ્ય પાંચ વર્ષનું ગણાય છે. તેટલી મુદતમાં એ કેટલી ઊધઈની માતા થઈ શકે, તેની ગણતરી કરો.

પણ તેનું દેખીતું કામ આટલું જ હોવા છતાં, મહેલની બહાર તે પગ પણ ન મૂકી શકતી હોવા છતાં, અને પોતાનો ખોરાક પણ ખાવા અશક્ત હોવા છતાં, આખા રાફડામાં દૂર દૂર સુધી એની જ સત્તા કોઈક ગૂઢ રીતે ચાલે છે. બીજી રાણી ગોઠવાય તે પહેલાં જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મરી જાય, તો આખો રાફડો નાશ પામી જાય. રાણી વિના બીજી ઊધઈઓ જીવી શકતી નથી. એના શરીરને જખમ થાય અથવા તે માંદી પડે, તો તેટલો વખત રાફડામાં જ્યાં ત્યાં અંધેર વર્તે, બધાં કામ ગોટાળામાં પડી જાય. એ સાજીસમી હોય તેટલો વખત બધું તંત્ર સીધુંદોર ચાલે છે. કેવી રીતે એની અસર આખા રાફડા પર પહોંચે છે, તે હજુ સમજી શકાયું નથી.

૩

રાણીના શરીર પાસે એક લાંબું જંતુ દેખાય છે તે ઊધઈ-રાજા છે. ઊધઈ-રાજા એની રાણીને છોડીને ક્યાંય જતો નથી. એની આજુબાજુ કે એના શરીર પર એ ફર્યા કરે છે. દેખીતી રીતે એ નમાલો દેખાય છે; પણ એની રાણી પર હુમલો થાય, તો તે પોતાના ગજા પ્રમાણે તેનો બચાવ કરવા ચૂકતો નથી, અને છેવટે તેને માટે પોતાનો પ્રાણ પણ પાથરે છે.

જાણે ચોકીદારો હોય તેમ, ચિત્રમાં કેટલાંક જંતુઓ પહેલી હારમાં ગોઠવાઈને ઊભાં છે તે જોયાં? એ સિપાઈ-ઊધઈઓ છે. રાફડામાં આવા સિપાઈઓની સંખ્યા લગભગ કુલ વસ્તીના પંચમાંશ જેટલી હોય છે. તેઓ ઊધઈ-રાજાની સેના તથા પોલીસ છે. કામ કરનારી ઊધઈઓને મોખરે રહી તેમની સલામતી જોવી, આવજાના રસ્તાઓનું નિયમન કરવું, નવો ખોરાક ક્યાં પ્રાપ્ત થઈ શકે એમ છે તેની શોધ કરવી અને જાણ કરવી, શત્રુ ચડી આવે તો તેની સામે ઝૂઝવું, આ એમનું કામ. આ માટે એમના શરીરની રચના બીજી ઊધઈઓ કરતાં જુદી જાતની હોય છે. કેટલાક પ્રકારની ઊધઈઓમાં સિપાઈ-ઊધઈને માથે ભિંગડાળું કવચ હોય છે. એના બાકીના શરીરની સરખામણીમાં એ કવચ અઘટિત રીતે મોટું અને જબરું વધેલું હોય છે. એ સાથે એને બે સખત જડબાં હોય છે, તે કમાનવાળા સાંડસાની જેમ કામ કરે છે. એ સાંડસો પોલાદ જેવો સખત અને શરીરના બીજા ભાગ કરતાં વધારે વજનદાર, મોટો અને અગવડભર્યો હોય છે. આને લીધે એને બાપડાને ખાવાનુંયે ફાવતું નથી. મજૂરોને તેના મોંમાં કોળિયા મૂકવા પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક જાતની ઊધઈના સૈનિકો[1] વળી જુદી જાતના હોય છે. એ સૈનિકોના માથામાં જડબાંને બદલે એક રબરના કુક્કા જેવો અવયવ હોય છે. એ પણ જડબાંના જેવો જ વજનદાર હોય છે. એ કુક્કાને પિચકારી જેવું એક ઝીણું છિદ્ર હોય છે. સિપાઈ એ કુક્કાના સ્નાયુઓને દબાવે છે, ત્યારે એમાંથી એક જાતના ચીકણા રસની ધાર છૂટે છે. ઇંચ દોઢ ઇંચ જેટલી દૂર તે ઊડે છે. સૈનિકને ખબર પડે કે સામે કીડી કે કોઈ બીજો શત્રુ આવી લાગ્યો છે, ત્યારે તે પોતાની પિચકારી તેના પર છોડે છે. તેનાથી કીડીના પગ ચોંટી જાય છે, અને કીડી આગળ વધી શકતી નથી.

૪

પણ રાફડાની મોટી વસ્તી તો પેલી ઝીણી ઝીણી જીવાત દેખાય છે તે છે. તે મજૂર-ઊધઈ કહેવાય છે. પણ એને ઊધઈ-નગરની આમપ્રજા પણ કહી શકાય. લગભગ ૭૫ ટકા જેટલી તેમની જ વસ્તી હોય છે. ઊધઈ-રાજનો સર્વ રચનાત્મક કાર્યક્રમ તેઓ ચલાવે છે. જમીન ખોદવી, નાળો બાંધવી, ઈંડાં ઇયળ વગેરે ઉછેરવાં, ખોરાક લાવવો, ઉગાડવો, ખાવો, પચાવવો અને રાજા, રાણી, સૈનિક તથા બીજાં જે કુંવર-કુંવરીઓ કહેવાય છે તે સર્વેને ખવડાવવો, એ બધાં કામો તેમને જ કરવાનાં હોય છે. એને (તેમ જ સિપાઈઓને) આંખ, કાન, નાકની જ્ઞાનેંદ્રિયો હોતી નથી. એને દિવસ નથી: એની અંધારી નાળોમાં એને સદાયે રાત જ છે. પણ વિસામો લેવાનું એ જાણતી જ નથી. આથી તેને સદાયે દિવસ જ છે એમ પણ કહી શકાય.

મજૂરનું શરીર અતિશય નાજુક હોય છે. સૈનિક જેવું એને સ્વરક્ષાનું કશું સાધન નથી. માત્ર એનું મોં સખત ચીજોને પણ કાતરી શકે એવું તીણું હોય છે, અને એની લાળમાં એવાં રસાયણો રહેલાં છે કે, ધાતુ અને કાચને પણ તે કોરી શકે છે.

ઊધઈ કોઈ જાતનાં જીવજંતુને ખાતી જણાતી નથી. રાંધેલાં કે લીલાં ધાનને પણ ભાગ્યે જ અડે છે. કાડી — એટલે કે વનસ્પતિ-

૧. આ જાતના સૈનિકનું ચિત્ર ૭૨મા પાના ઉપર 'ઊધઈના જીવન-ચક્ર'નું ચિત્ર છે તેમાં વચ્ચે છે, તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રમાં રહેલો રેસાવાળો ભાગ — એ એનો એકમાત્ર ખોરાક છે. આ કાઠીને પચાવવાની શક્તિ ઊધઈની કેટલીક જાતો સિવાય બીજા કોઈ પણ જંતુમાં જોવામાં આવી નથી.

ઊધઈની કેટલીક જાતો કાઠીને જાતે પચાવી શકતી નથી. છતાં, કાઠી વિના એને ખોરાક મળી શકે નહિ. આવી ઊધઈઓ પોતાના રાફડાની અંદર ઠેકાણે ઠેકાણે નાનકડા ક્યારાઓ કરે છે, અને તેમાં એક જાતની શેવાળ ઉગાડે છે. એ શેવાળને માટે કાઠીનું ખાતર આવશ્યક હોય છે. આથી ઊધઈ કાઠીની રજ કરીને તે ક્યારાઓમાં ફેલાવે છે. એમ જે શેવાળ ઊગે છે, તેના પર ઊધઈ-નગરની પ્રજા જીવે છે. આ જાતની ઊધઈને ખેડૂત-ઊધઈ કહી શકાય.

ઊધઈનો જે રંજાડ ચાલે છે તે આ કાઠી મેળવવા માટે જ હોય છે.

ઊધઈ કેવળ આપણી મિલકતનો રંજાડ કરી નાંખનાર જંતુ હોય એવું આપણને લાગે છે ખરું. પણ એ તો આપણા ટૂંકા સ્વાર્થની દૃષ્ટિ છે. કુદરતમાં ઊધઈ પૃથ્વીની બહુ ભારે સેવા પણ બજાવે છે. દર વરસે શિશિર ઋતુમાં જ્યારે વનસ્પતિ સુકાઈ જાય છે, ત્યારે વનોમાં હજારો ખાંડી સૂકાં ડાળાં, ડાંખળી, પાંદડાં, ઝાડ, વગેરે વનસ્પતિનો ઢગલો થાય છે. એને કોઈ ખાતું કે પચાવી શકતું નથી. કેવળ હવા અને વરસાદની પણ એના પર ઘણી ઝપાટાબંધ અસર થતી નથી. આથી જો તે એમ ને એમ પડી રહે, તો થોડાં વર્ષમાં વનોમાં કાઠીનો એવો ઢગલો થાય કે, કાષ્ઠના ડુંગરા જ રચાય. એને પરિણામે ઝાડો નાશ પામી જાય. પણ ઊધઈ તે બધાંનો ઝપાટાબંધ નિકાલ આણે છે. અને તેમ કરવા માટે તેને કરોડો ખાંડી માટી પણ ખોદી કાઢવી પડે છે. એને પરિણામે પૃથ્વી પણ પોચી થાય છે અને પાણીને પી શકે છે. વળી માટી સાથે કાઠી ભળવાથી ખાતર પણ થાય છે, તે નદીમાં કાંપ થઈને જ્યારે કિનારા પરનાં ખેતરોમાં બેસે છે, ત્યારે તે ખેતરોને ઘણાં ફળદ્રુપ કરી મૂકે છે. ઊધઈ વિના આવો કાંપ તૈયાર થાય નહિ.

ચિત્રમાં આ નાની ઊધઈઓ રાણીને ખવાડતી, પંપાળતી, તથા તેનાં ઈંડાંને ઉછેરઘરોમાં ઊંચકી જતી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

પણ ઊધઈ-નગરના એક બીજા નાગરિકનો હજુ ઉલ્લેખ કરવાનો રહ્યો છે. આ નીચેના ચિત્રમાં તે જુઓ. એ નાગરિકો તે ઊધઈ-નગરનાં કુંવર - કુંવરીઓ છે. એમને ચાર પાંખો અને બે આંખો હોય છે. એમનું શરીર પેલા ઊધઈ-રાજા જેવું છે. ચોમાસું બેસતાં સુધી એ કુંવર-કુંવરીઓનાં ટોળાં રાફડાની અંદર મોજ કરતાં ફર્યાં કરે છે. ઊધઈ એમને છૂટથી ખવાડે છે અને તેમને કશું કામ કરવું પડતું નથી.



જ્યારે ચોમાસાનો પહેલો વરસાદ પડે છે અને જમીનમાંથી મીઠી સુગંધ નીકળવા માંડે છે, ત્યાર પછી એક દિવસ સાંજે જમીન પર રાફડાઓનાં મોઢાં એકાએક ખુલ્લાં થઈ જાય છે, અને તેમાંથી લાખોની સંખ્યામાં આ કુંવર-કુંવરીઓ બહાર ઊડી આવે છે. ઘણી વાર આખું વાતાવરણ એમનાથી ભરાઈ જાય છે. પંખીઓ, વાંદરાં, બિલાડાં વગેરે ઘણાંક નાનાંમોટાં જનાવરો તેમનો શિકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. કેટલાક દેશોમાં માણસોયે તેને ખાય છે. તેમાંનાં હજારો આપણા દીવાઓ પર પડીને મરી જાય છે. દીવાની આજુબાજુ એમની પાંખોનો ઢગલો થયેલો આપણે જોઈએ છીએ. ત્રણ ચાર દિવસ સુધી આપણે આ કુંવર-કુંવરીઓની વિદાય તથા સંહારની લીલા જોઈએ છીએ.

છતાં, એમાંનાં કોઈક તો બચી જાય છે, અને તેઓ નવું ઊધઈ-નગર વસાવે છે. કુંવર તેનો રાજા બને છે અને કુંવરી રાણી. પેલી રાણીનું ચિત્ર જોયું તે મૂળે એ રાજાના જેવા જ રૂપ અને કદની હતી. પણ સંસાર માંડ્યા પછી એનું શરીર એવું જુદું પડી ગયું.

ઊધઈમાં અદ્ભુત પ્રકારની જ્ઞાનશક્તિ રહેલી છે. એક જ માતાનાં સરખાં લાગતાં ઈંડાંને જુદી જુદી રીતે ખોરાક આપીને, તેમાંથી તે કુંવર-કુંવરી, સિપાઈ (ઘણી વાર બે ત્રણ જાતના), મજૂર વગેરે ઊધઈના અલગ અલગ વર્ગો ઉપજાવે છે. (બીજા ચિત્રમાં ઊધઈનું એ જીવનચક્ર બતાવ્યું છે.) કુંવરકુંવરીઓને આંખો અને પાંખો હોય છે, પણ તેઓ કામ નથી કરતાં અને જાતે ખાઈ પણ શકતાં નથી. ખાવાની શક્તિ તો કેવળ કામ કરનાર મજૂરમાં જ હોય છે. કામ કરે તે ખાય, બીજાં બધાં મજૂરોની ભલમનસાઈ પર જીવે, એવો ઊધઈ-રાજનો કાયદો છે. કોઈ રાજારાણી, સિપાઈ કે કુંવર-કુંવરીનો નાશ કરવો હોય, તો મજૂરો તેને ખોરાક આપવાનું બંધ કરી દઈ શકે.

ઊધઈની બીજી ઘણીયે જાતની જ્ઞાનશક્તિ વિષે આશ્ચર્યકારક વાતો છે. સ્મીધમન નામનો એક મોટો ઊધઈશાસ્ત્રી કહે છે કે, 'સૃષ્ટિની અજાયબીઓમાં ઊધઈનું સ્થાન મોખરા પર આવે છે.'

ઊધઈ વિષે પચાસ વર્ષ અભ્યાસ કરનાર નોઈઝ નામે એક બીજો લેખક કહે છે, 'પૃથ્વીના એકેએક ભાગમાં અનેક જાતના લોકો વચ્ચે મેં જીવન ગાળ્યું છે; પણ મને મનુષ્યો વચ્ચે એવી ખાતરીપૂર્વક નિશાનીઓ મળી નથી કે જેથી મને વિશ્વાસ બેસે કે, કોઈ પ્રેમળ, દયાળુ, ઉદાર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પ્રભુ છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઉધઈના જીવનમાં તો સવાય હું બીજાં કોઈ ચિહ્ન જોતો જ નથી.'

સ્વાધ્યાય

૧. ઉધઈના અને મનુષ્યના સમાજની તુલના વિચારો.
૨. ઉધઈ જો ઘરમાં આવતી હોય તો તે નિહાળજો.
૩ ઉધઈ માત્ર હેરાન જ કરે છે ? કે કાંઈ સારું પણ કરે છે ?

२३

सावधान

१

आ तन रंग पतंग सरीखो, जातां वार न लागे जी;
असंख्य गया धनसंपत्ति मेली, तारी नजरो आगे जी. १
अंगे तेल फुलेल लगावे, माथे छोगां घाले जी;
जोबन जरनुं जोर जणावे, छाती काढी चाले जी. २
जेम उंदरडे दारू पीधो, मस्तानो थई डोले जी;
मगरूत्रीमां अंग मरोडे, जेम तेम मुखथी बोले जी. ३
मनमां जाणे मुज सरीखो, रसियो नहि कोई रागी जी;
वहारे ताकी रही विलाडी, लेतां वार न लागे जी. ४
आजकालमां हुं तुं करतां, जमडा पकडी जाशे जी;
ब्रह्मानंद कहे, चेत अज्ञानी, अंत फजेती थाशे जी. ५

२

मूरखो रळी रळी कमाणो रे,
माथे मेलशे मोटो पहाणो. ध्रुव
धाई धूतीने धन भेळुं कीधुं, कोटिध्वज कहेवाणो,
पुण्यने नामे पा जंई न वावर्यो, अधवचर्थी लूंटाणो रे. मूरखो० १
भर्या कोठार तारा धर्या रहेशे, नहि आवे साथे एक दाणो;
मसाणनी राखमां रोळाई गया कंईक, कोण रंक ने कोण राणो ! रे. मू० २
मंदिर माळियां मेली करीने नीचे जई टेराणो;
भोजो भगत कहे, मूआ पूठे जीव घणो घणो परताणो रे. मूरखो० ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. જીવન એક મુસાફરી છે, સોદો કરી લેવાનો અપૂર્વ મોકો છે, એવા ભાવનું રૂપક છઠ્ઠી ચોપડીમાં (પાઠ ૪૩) તમે જોઈ આવ્યા. તે અહીં યાદ કરો.

૨. જીવનમાં અનેક લાલચોમાં લપટાઈ પડવાનો ભય છે. તેથી ગફલતમાં ન પડી જવાય, માટે સાવધાન રહો, એ આપણા જૂના કવિઓનું એક મોટું કાવ્ય-વસ્તુ છે.

૨૪

જ્ઞાની કવિ અખો ભગત

સંસ્કૃતમાં કહેવત છે કે, પવન દીવાને હોલવી નાંખે છે, પણ દાવાનળને ફેલાવે છે. સંકટનું પણ કાર્ય ઘણી વાર એવું બને છે. ઉપરાઉપરી સંકટો આવે એટલે પોચો માણસ હતાશ થાય છે, ઘણી વાર નાસ્તિક બને છે, ભલાની દુનિયા છે જ નહિ એમ કહી ભલાઈનો ત્યાગ કરે છે. એ જ સંકટો જ્યારે કોઈ મહાન વિભૂતિ ઉપર આવી પડે છે, ત્યારે તેમને લીધે જ તે જીવનમાં ઊંડે ઊતરે છે, અને સાગરમાં ડૂબકી મારીને મોતી લાવતા મરજીવાની પેઠે, અસાધારણ તેજવાળા અનુભવના સિદ્ધાંતો શોધી લાવી દુનિયાને તેમની ભેટ ધરે છે. ઈ. સ. ૧૬૧૫ થી ૧૬૭૫ માં થઈ ગયેલો અમદાવાદનો સોની, કવિ અખો આવી એક વ્યક્તિ હતો. તેનું વિશ્વાસપાત્ર જીવનચરિત્ર મળી આવતું નથી; પરંતુ જે થોડુંક જાણવા મળે છે તે પરથી આટલું તો સ્પષ્ટ થાય છે કે, તે એક અસાધારણ પુરુષ હતો.

પહેલાં તે અમદાવાદ નજીક આવેલા જેતલપુર ગામમાં રહેતો હતો. ૧૫ વર્ષની ઉંમરે તેને અમદાવાદ આવવાનું થયું. તે વીસ વર્ષનો થયો તે પહેલાં જ એના પિતાનો સ્વર્ગવાસ થયો, અને ત્યાર પછી થોડા જ વખતમાં તેની એકની એક વહાલસોયી બહેન પણ ચાલી ગઈ. અને તે જ અરસામાં એની પત્ની પણ ગુજરી ગઈ. આમ ઉપરાઉપરી થયેલાં સગાંવહાલાંનાં મરણથી સંસારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણભંગુરતાનો તેને અનુભવ થયો અને તેમાંથી સંસાર પ્રત્યે વૈરાગ્યનાં બીજ તેનામાં વવાયાં.

અખાને વિષે એક એવી દંતકથા ચાલે છે કે, એક બાઈને તે પોતાની ધર્મની બહેન ગણતો હતો અને સગી બહેનના જેટલું તેના ઉપર હેત રાખતો હતો. તે બાઈએ એક વાર સોનાકંઠી કરી આપવા અખાને ત્રણસો રૂપિયા આપ્યા. બહેનના હેતથી પ્રેરાઈ, અખાએ પદરના રૂપિયા સો ઉમેરીને તેને ચારસોની કંઠી કરી આપી. 'સોની સગી માનુંય કાઢી લે' એવી લોકોક્તિ છે. તે પરથી આ બાઈને મનમાં વહેમ ગયો, ને તેનું નિવારણ કરવા તેણે પેલી કંઠી ચોકસીને દેખાડી. ચોકસીએ તેને કાપીને કસી જોઈ ચારસોની કિંમત આંકી. આથી પેલી બાઈ પસ્તાવા લાગી, અને અખા પાસે જઈ કબૂલ કરવાની હિંમત તો ન ચાલી, પણ કંઠી ફરી ગંઠાવવા માટે અખાને આપી. કલાવીપટાવીને અખાએ સાચી હકીકત તેની પાસેથી જાણી. આ ઉપરથી એના દિલમાં, સંસારના સંબંધ કેવા જૂઠા અને સ્વાર્થી હોય છે, તે સચોટ વસી ગયું.

બીજી એક દંતકથા એવી ચાલે છે કે, અખો અમદાવાદની બાદશાહી ટંકશાળનો ઉપરી હતો. એક વાર કોઈએ તેની વિરુદ્ધ બાદશાહ આગળ એવી ફરિયાદ કરી કે, અખો સોનાચાંદીના સિક્કામાં હલકી ધાતુનો ભેગ કરે છે. બાદશાહે તપાસ કરી તો અખો નિર્દોષ જણાયો. પરંતુ અખાના દિલ પર આને લીધે પણ વૈરાગ્યની છાપ વધારે સજ્જડ પડી, અને ધંધોરોજગાર છોડી તે સત્યશોધને પંથે નીકળી પડ્યો. અને તે માટે તે ઠેઠ કાશી સુધી પહોંચ્યો. માર્ગમાં તેણે અનેક સાધુસંતોનો સમાગમ કર્યો, અને તેમની પાસેથી તે જ્ઞાન મેળવવા મથ્યો; પરંતુ તેનું સમાધાન ન થયું. ઊલટું, એ વર્ગમાં ચાલતાં અનેક દંભ, પાખંડો વગેરે તેના જોવામાં આવ્યાં. અંતે કાશીમાં બ્રહ્માનંદ નામના એક સંન્યાસીનો ઉપદેશ સાંભળી તેને શાંતિ થઈ.

'દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ' એમ કહેવાય છે. સાધુસંન્યાસીઓમાં ફરી ફરીને થાકેલો અખો પહેલો તો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માનંદની પરીક્ષા કરવામાં પડ્યો. બ્રહ્માનંદજી પોતાના મઠમાં અનેક સંન્યાસીઓને વેદાંતનો ઉપદેશ આપતા. અખો તે છૂપી રીતે સાંભળતો. તેમાં તેને રસ પડ્યો એટલે તે રોજ સાંભળવા જવા લાગ્યો. પરંતુ બીજી તરફથી તે આ સંન્યાસીની અનેક રીતે પરીક્ષા કરવા લાગ્યો. જ્યારે એણે જોયું કે, બ્રહ્માનંદજી તો પોતે જોયેલા અનેક પાખંડી જેવા નહિ, પણ ખરા સાધુ છે, ત્યારે તે તેમનો શિષ્ય થયો અને તેમની પાસે રહી વેદાંત ભણ્યો. આમ કેટલાંક વરસ સુધી તે કાશીમાં રહ્યો. પછી તે ગુજરાતમાં પાછો આવ્યો, અને જે કાવ્યોનો અમર વારસો આજ આપણને મળ્યો છે, તે બધાં તેણે લખ્યાં.

એનાં કાવ્યોની ભાત બીજા કવિઓનાં કરતાં જુદી જ પડે છે. પ્રાચીન કાવઓમાં કેટલાકે પૌરાણિક આખ્યાનો કહ્યાં છે. મોટા ભાગના કવિઓએ વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન અને કૃષ્ણ-ગોપીની શૃંગાર-ભક્તિનાં પદો ગાયાં છે. શામળ જેવાએ સંસ્કૃત તથા પ્રાકૃત લૌકિક સાહિત્યમાંથી વસ્તુ લઈને આપણને વાર્તા-રસ ચખાડ્યો છે. પરંતુ હાથમાં બેધારી તલવાર લઈ દંભ, પાખંડ, અને વહેમની સામે ઝૂઝનાર તો જ્ઞાની કવિ અખો જ છે. ગુરુઓ, ધર્માચાર્યો, તથા સંન્યાસીઓનાં ધતિંગોનો છચોક વિરોધ કરી, તેમની પ્રપંચજાળમાંથી છૂટા રહેવાને માટે સમાજને તેણે ઠોક પાડીને ચેતવ્યો છે. જ્ઞાનનો ઇજારો રાખી બેઠેલા પંડિતોને તેણે બતાવી આપ્યું છે કે, મનુષ્યની ઉન્નતિ પંડિતાઈના આડંબર વિના પણ થઈ શકે છે. પોતાનો ઉપદેશ સમજાવવા તેણે જે ઉપમાઓ અને દૃષ્ટાંતો આપ્યાં છે તે બધાં, સમાજના તેના વિશાળ અનુભવ અને બારીક નિરીક્ષણમાંથી સૂઝેલાં હોઈ, બહુ સચોટ અને બોધક હોય છે. ટૂંકમાં, જ્યાં જ્યાં તેને સડો કે જડતા દેખાયાં છે, ત્યાં ત્યાં તેણે પોતાનો હથોડો ઉગામવામાં પાછી પાની કરી નથી. એના થોડાક દાખલા તમને આની પછીના પાઠમાં જોવા મળશે. એમાં જો રસ આવે તો આગળ ઉપર આ જ્ઞાની અને ઉત્કટ સત્યપ્રેમી કવિનાં વધારે કાવ્યો જરૂર વાંચજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખાની વાણી

सुतर आवे तेम तुं रहे, ज्यम त्यम करीने हरिने लहे;
वेश टेक छे आडी गली, पेठो ते न शके नीकळी;
अखा, कृत्यनो चडशे कषाय, रखे तुं कांई करवा जाय. १
खटदर्शनना जूजवा मता, मांहोमांही खाधी खता;
एकनुं थाप्युं बीजो हणे, अन्यथी आपने अदको गणे;
अखा, ए ज अंधारो कूवो, झघडो भांगी कोई न मूओ. २
पडे नहि जे पृथ्वी सूए, कने नहि ते, कहो, शुं खुए ?
टाढुं ऊनुं नहोये आकाश, पाणीमां नहोये माखण छाश;
ब्रह्मज्ञान एवुं छे अखा, ज्यां नहि स्वामी सेवक सखा. ३
देहाभिमान हतुं पाशेर, विद्या भणतां वाध्युं शेर;
चर्चा वदतां तोलुं थयो, गुरु थयो त्यां मणमां गयो;
अखा, एम हलकाथी भारे होय, आत्मज्ञान मूळगुं ते खोय. ४
तरणा ओथे डुंगर रहे, एवो उखाणो सर्वे कहे;
तरणुं ते जीवनो अहंकार, ते पाछळे रह्यो करतार;
अखा, अहंकार वधार्यो गमे, ते माटे जीव भवमां भमे. ५
जन कोई भूख्यो ऊंघी गयो, करे आहार स्वप्नवश थयो;
भक्ष करे पण मांहे भूख, ठाली ने ठाली रहे कूख;
तेम अखा, सघळो संसार, त्रिगुण भोगनो करतो आहार. ६
तिलक करतां त्रेपन वह्यां, जपमाळानां नाकां गयां;
तीरथ फरी फरी थाक्यां चरण, तोय न पहोंच्या हरिने शरण;
कथा सुणी सुणी फूटया कान, अखा, तोय न आव्युं ब्रह्मज्ञान. ७
एक मूरखने एवी टेव, पथ्थर एटला पूजे देव;
पाणी देखी करे स्नान, तुलसी देखी तोडे पान;
ए तो अखा, बहु उत्पात, घणा परमेश्वर ए क्यांनी वात ! ८
नथी वांक विश्वंभर तणो, जे कहीए ते वांक आपणो;
जेम कोई भोजन जमाडवा करे, त्यां रिसाणो ते रीसे फरे;
पूर्णानंद पीरसनारो रहे, अखा, अभागियाने कोण कहे ? ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भाषाने शुं वळगे भूर ? जे रणमां जीते ते शूर;
संस्कृत बोल्ये ते शुं थयुं ? कांई प्राकृतमांथी नासी गयुं ?
बावननो सघळो विस्तार, अखा, त्रेपनमो जाणे पार. १०
शबरी संस्कृत शुं भणी हती, भाई ? कया वेद वांच्या करमाबाई ?
व्याध ते शुं भण्यो'तो वेद ? गणका शुं समजती हती भेद ?
वळी श्वपचनी समज्यो रीत, अखा, हरि तेना जेनी साची प्रीत. ११
पाने पोथे लखिया हरि, जेम वेळुमां खांड वीखरी;
संते खाधी कीडी थई अने वंचके तो स्वूधी वही;
ते माटे ते तेवा रह्या, अखा, संत पारंगत थया. १२

२६

સમજણ વિના રે સુખ નહિ જંતને

[રાગ સામેરી]

समजण विना रे सुख नहिं जंतने रे;
वस्तु गति केम करी ओळखाय ?
आपमां वसे रे आपनो आतमा रे;
तेणे कांई जीवपणुं नव जाय. समजण० १
रवि रवि करतां रे रजनी नहि मटे रे;
अंधारुं तो ऊग्या पूंठे जाय;
हृदे रवि ऊगे रे निज गुरु-ज्ञाननो रे;
थनार होय ते सहेज थाय. समजण० २
जळ जळ करतां रे तृष्णा तुरत नव टळे रे;
भोजन कहेतां न भागे भूख;
प्रेमरस पीतां रे तृष्णा तुरत टळे रे;
एम महा ज्ञानीओ बोले छे मुख. समजण० ३
पारसमणि विना रे जे पथरा मळे रे,
तेणे कांई कांचन लोह न थाय;
समजण विना रे जे साधन करे रे,
तेणे कांई जीवपणुं नव जाय. समजण० ४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दश मण अग्नि रे लखीए कागळे रे;
एने लई रूमां जो अलपाय;
एनी अग्निथी रे रू नथी दाझतुं रे,
रती एक साचे प्रलय ज थाय. समजण० ५
जीवपणुं मटे रे अनहद चिंतव्ये रे,
ए तो वाणीरहित छे रे विचार;
जे जे नर समज्या रे ते तो त्यां शम्या रे,
कहे अखो, ऊतर्या पेले पार. समजण० ६

સ્વાધ્યાય

૧. આને મળતું નરસિંહ મહેતાનું કાવ્ય, 'જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' છે, તે જુઓ. ('કાવ્ય-પરિચય'માં તે મળશે.)

૨. આ કાવ્યમાં કહેલી વસ્તુ કદાચ ન સમજાય. તોય તે સમજાવવા અખાએ આપેલી ઉપમા તો સમજાશે. તે પરથી તેના કહેવાનો ભાવાર્થ સમજવા તમારે મથવું જોઈએ.

૨૭

અસ્પૃશ્યતા

કોઈ પણ માણસને પોતાના કરતાં નીચો, હલકો, ગંદો કે હીન માનીને તેને ન અડકવું, અને તેમાં ધર્મ માનવો, એવો વિચિત્ર રિવાજ આપણા દેશમાં સેંકડો વરસોથી ચાલે છે. એ રિવાજને અસ્પૃશ્યતા કહે છે. અસ્પૃશ્યતા એટલે અડકવા લાયક નથી એવું માનવું તે. આ રિવાજ આપણા જ દેશમાં અને ખાસ કરીને તેમાંયે હિંદુધર્મી લોકોમાં જોવામાં આવે છે. દુનિયાના બીજા કોઈ દેશમાં એવો રિવાજ નથી. તેથી ગાંધીજીએ એને હિંદુધર્મનું કલંક કહ્યું છે; અને એ રિવાજને દૂર કરી, અસ્પૃશ્ય ગણાતી વર્ણો (જેમને હવે આપણે હરિજનો કહીએ છીએ, તેમના) પર થયેલો અન્યાય ધોઈ નાંખવો જોઈએ, એમ જણાવ્યું છે.

માણસે જાજરૂ વાળ્યું હોય તેથી કે બીજી રીતે તેનાં હાથપગ કે શરીર અસ્વચ્છ હોય, અથવા તેને કોઈ ચેપી રોગ થયો હોય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલા પૂરતું તેને કોઈ ન અડે, એ જુદી વાત થઈ. પણ માણસ ગમે તે જાતનો હોય, ગમે તે ધંધો કરતો હોય, છતાં નાહી ધોઈને ચોખ્ખો થયેલો હોય, તો તેને શું કામ ન અડવા જેવો ગણવો, એ સામાન્ય બુદ્ધિમાં ન ઊતરે એવી વાત છે. દાક્તર તો ગમે તેવા ગંદા કે ચેપી રોગવાળાને પણ અડકે છે; તેથી આપણે એની પાસેથી દવા મેળવી શકીએ છીએ. મા બાળકનું મેલું ધુએ છે; તેથી જ આપણે મોટા થઈ શક્યા છીએ. તેમ જ, જો ભંગી જાજરૂ ન વાળે, કે ચમાર આપણાં મૂએલાં ઢોરને તાણી જઈને તેનું રૂપાળું ચામડું કમાવી ન આપે, તો સમાજ એક દહાડો પણ ટકે ખરો? તેથી કરીને એ ધંધા અને તે કરનારા લોકો સમાજનાં આદરપાત્ર અંગ છે. દુનિયાના બીજા દેશોમાં એમ જ હોય છે.

કદાચ તમને એમ લાગશે કે, આ રિવાજને નિંદનારા ગાંધીજી જ પહેલા પાક્યા છે. ના, એમ નથી. એમના અગાઉ અનેક ભક્તો, વિદ્વાનો તથા જ્ઞાની પુરુષો, અને ધર્મસુધારકોએ સૈકાંથી આ કુચાલનો વિરોધ કર્યો છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, રામાનંદ, કબીર, નાનક, વિવેકાનંદ, દયાનંદ, વગેરે મહાપુરુષોની મોટી હારમાળા આપણા ધાર્મિક ઇતિહાસમાંથી બતાવી શકાય. જોકે, એ વાત ખરી છે કે, આજના યુગમાં જ્યારથી આપણે યુરોપ–અમેરિકાના ખ્રિસ્તી લોકોના સંસર્ગમાં આવવા લાગ્યા, ત્યારથી આ રિવાજની વિચિત્રતા વધારે ઉઘાડી પડતી ગઈ છે. આજે આપણા દેશમાં ચાલતી રાજ્યપદ્ધતિ આ પ્રકારે માણસ માણસ વચ્ચે ભેદ માને એવી નથી. રેલવેમાં, રસ્તા પર, અને સાર્વજનિક સર્વ જગાઓમાં પ્રજાના દરેક માણસને કાયદેસર હરવાફરવાનો ને તેમનો લાભ લેવાનો હક છે, કેમ કે કાયદાની નજરે સૌ કોઈ સરખું છે.

પરંતુ આ ગોરા ખ્રિસ્તીઓ પણ આપણું જોઈને બગડ્યા લાગે છે. તેઓએ આપણા દેશમાં આવીને જોયું કે, આ લોકો પોતાની ઊંચતા બતાવવાને માટે માણસને દૂર રાખે છે અને તેને અડકતા પણ નથી. એટલે કાળી ગુલામ પ્રજા કરતાં ગોરી રાજકર્તા પ્રજાની ઊંચતા બતાવવાને માટે, તેમણે આપણો ન્યાય આપણી ઉપર જ ચલાવ્યો! પરિણામે, આપણા દેશમાં કાળાગોરાના ભેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડચા; અને આફ્રિકાની અંગ્રેજ વસાહતોમાં તો આ રંગભેદ એટલે સુધી ચાલ્યો કે, કેટલેક સ્થળે તો આપણુ હિંદીઓને પેસતા બંધ કર્યા; જ્યાં પેસવા દીધા ત્યાં રહેવાના વાડા જુદા રખાવ્યા એટલું જ નહિ, પણ રેલવે બસ વગેરે વાહનોમાં પણ ગોરા જોડે બેસવાની મના કરી! ખરેખર, હાથનાં કરેલાં હૈયે વાગ્યાં કે વાવ્યું તેવું લણ્યું, તે આનું નામ.

આજે હવે ઊંચા કહેવાતા હિંદુઓએ હરિજનોની સેવા સારુ હરિજન સેવક સંઘ નામની એક અખિલ ભારતીય સંસ્થા કાઢી છે, તે તમે સાંભળ્યું હશે. તે ઈ. સ. ૧૯૩૨માં સ્થપાઈ. તેના મુખ્ય સેવક અને મંત્રી આપણા ઠક્કર બાપા છે. તેમણે એક વાત કહી છે તે પણ, આ રિવાજ વિષે વિચાર કરતી વખતે, યાદ કરવા જેવી છે. તેમણે કહ્યું છે કે, ઉત્તરથી જેમ જેમ દક્ષિણ તરફ જતા જશો, તેમ તેમ અસ્પૃશ્યતાનો આ ધારો વધારે ને વધારે પળાતો જતો જણાશે. વળી આ ધારો હિંદના બધા ભાગોમાં એક રૂપે અને એક રીતે નથી પળાતો. પંજાબમાં એ બહુ થોડો પળાય છે. ભંગી મકાનના જીના પર ચડી ઠેઠ અગાશી સુધી જઈને ત્યાં વાળી શકે. બિહાર વગેરે પ્રાંતોમાં તાડી દારૂ વેચનારા પણ અસ્પૃશ્ય મનાય છે; આપણે ત્યાં નથી મનાતા! અને દક્ષિણમાં મદ્રાસ પ્રાંતમાં તમે જુઓ, તો ત્યાં તમને અવનવા પ્રકારની આભડછેટ પાળવાની રીતો મળે. અમુક જાતના માણસને જોવામાત્રથી અભડાવાય, એમ ત્યાંના લોકો માને છે! આપણે ત્યાં હરિજનોનો સ્પર્શદોષ જ મનાય છે; મદ્રાસ બાજુ દૃષ્ટિદોષ પણ મનાય છે! તેથી ત્યાં એવા નિયમો જોવામાં આવે છે કે, અમુક જાતના અસ્પૃશ્યે – જેમ કે, ભંગીએ ૧૬ ફૂટ દૂર રહેવું, ચમારે ૩૨ ફૂટ દૂર રહેવું, પરિયાએ ૬૪ ફૂટ દૂર રહેવું, વગેરે! તમને લાગશે, આ તો ભારે જુલમ ગણાય. સારી વાત છે કે, આ દૃષ્ટિદોષ કે અંતરદોષની અસ્પૃશ્યતા હવે નાબૂદ થતી જાય છે, અને દક્ષિણના લોકો તે બાબતની પોતાની માન્યતાની ભૂલ સુધારે છે. એટલું જ નહિ, પણ ત્રાવણકોરના હિંદુ રાજાએ તો પોતાના રાજ્યમાંથી અસ્પૃશ્યતાના ચાલને નાબૂદ કર્યો છે. તે રાજ્યમાં હરિજનો હરેક રીતનો પોતાનો સાર્વજનિક હક સમાન દરજ્જાથી ભોગવે છે. અને આથી કરીને ત્યાંના લોકની ધાર્મિકતા પર કશું ખરાબ પરિણામ નથી આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક ભોળા લોક પૂછે છે, હરિજનને કોઈ ન અડકે, પણ તેથી એમને સોસવું શું કામ પડે? ન અડકવાથી શી શી હાડમારીઓ અને મુશ્કેલીઓ પડે, એ તો જરાક જાતઅનુભવ કરી જોયે અથવા તો હરિજનોની સ્થિતિ પ્રત્યક્ષ જઈને જોયે જણાય. ન અડકનારાઓ હરિજનોને સાર્વજનિક ચીજોને પણ નથી અડકવા દેતા. તેઓ કૂવા કે જળાશય પર હરિજનોને નથી જવા દેતા; દેવમંદિરમાં પણ નથી આવવા દેતા; સરકારી નિશાળોમાં એમનાં બાળકો સૌ જોડે બેસે તેય એમનાથી સહન નથી થતું. દક્ષિણમાં તો એવા પ્રતિબંધ પણ છે કે, હરિજનો અમુક રાહદારી રસ્તા પર ચાલી પણ ન શકે!

ઉપરાંત, બ્રાહ્મણ વાણિયા વગેરે બીજા વર્ગો વચ્ચે હોય છે એવો અવરજવરનો, ભાઈચારાનો સામાજિક સંબંધ રહેતો નથી, તેથી હરિજનો પછાત રહી જાય છે. આવા સંસર્ગને અભાવે તેમને સંસ્કારોની કેળવણી મળી શકતી નથી. ધંધોરોજગાર પણ એ લોક શી રીતે કરી શકે? હરિજન દુકાન માંડે, પણ એને ત્યાંથી લે કોણ? આવી આવી તો પાર વગરની પંચાતો આ ન અડવાની સાદી જેવી લાગતી વાતમાંથી નીપજે છે. અને ન અડવાથી આપણે સામા માણસનું અપમાન કરીએ છીએ, તે તો વળી જુદું.

આના કરતાંય વસમી વાત તો બીજી છે, અને તે તેમના પર કરાતા જુલમની. આવા જુલમની વાતો તો એટલી બધી છે કે તેના ગ્રંથ લખી શકાય. વાનગી ખાતર એક બે કહું.

સવર્ણ કહેવાતા લોકો પોતાને કૂવે હરિજનોને પાણી નથી ભરવા દેતા. એટલે એક ગામનાં હરિજનોએ પોતાને માટે અલગ કૂવો કર્યો. પરમેશ્વરનું કરવું તે એ કૂવાનું પાણી સવર્ણોના કૂવાથી સારું નીકળ્યું. સવર્ણ લોકે જઈને એ કૂવો પચાવી પાડ્યો!

રજપૂતાનાના એક ગામના ધનવાન હરિજને પોતાને ત્યાં નાત જમાડી, તેમાં ઘી ખાંડ વાપરીને શીરો બનાવ્યો. ગામના સવર્ણો કહેવા લાગ્યા, 'તમે લોકોને તે વળી ઘી ખાંડ કેવાં? તમે પણ ઘી ખાંડ ખાઓ, તો પછી તમારા અમારામાં ફરક શો રહ્યો?' એમ કહીને તેમણે તે લોકોને મારવા માંડ્યા. પરિણામે નાત રફેદફે તો થઈ, પણ એ લોકે હરિજનોને એવા તો માર્યા કે તેમાં સરકારની પોલીસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે પડવું પડયું ! આવા આવા તો, હસવા જેવી વાતો માટે કરાતા, અનેક જુલમોના દાખલા મળે છે. છતાં હજી સુધી અસ્પૃશ્યતા નાશ પામતી નથી, એ કેવું વિચિત્ર છે ! એનો નાશ ન થાય તો આપણો દેશ અર્વાચીન જગતમાં માનભેર ને સ્વતંત્ર નહિ રહી શકે, એ ઉઘાડું છે.

સ્વાધ્યાય

૧. તમારી શાળામાં તથા ગામમાં આ રિવાજ ચાલે છે કે ?

૨. ગામની હરિજન વસ્તી જોવા ગયા છો ? તે પણ પોતાના ગામનો એક ભાગ છે, એમ ગણી ગામલોક વર્તે છે ?

૩. આ રિવાજ દૂર કરવા શું કરવું જોઈએ, તે વિદ્યાર્થીમંડળમાં ચર્ચો.

૨૮

કૃપા મને કયમ ના કરો?

[રાગ કાફી]

कृपासिंधु कहावो रे, कृपा मने क्यम ना करो ?
आवडी शी अडंबी रे, रंक पर राज्य धरो ! कृपा०
अनेक भक्तना पूर्या मनोरथ, मन इच्छा तत्काळ;
एक मुने टाळ्यो तेमांथी, ते ना घटे गोपाळ;
बरदने छे बट्टो रे, दासने करतां परो. कृपा० १
दोष, दयानिधि, क्यां लगी जोशो मारा, गणतां नहि आवे अंत;
छो सुकुमार, श्रमित थशो, माटे भूली भूली जाओ भगवंत;
बंधेने गुण थाशे रे, ए ज उपाय खरो. कृपा० २
मारी आशा पूरण करतां नाणुं नहि वेसे, नाथ;
छो उदार अति, अंतरजामी, हुं छुं दीन अनाथ;
समुद्र नहि खूटे रे, बिंदु एक करतां वरो. कृपा० ३
प्रमाण मूकी वळ प्रमय धरो,[1] सीधे मारां काज;
हुं कहुं छुं तेनी कहेण विचारो, तमो मन समजो, महाराज;
दयानां दुःख कापो रे, रंगीला हृदियामां धरो. कृपा० ४

સ્વાધ્યાય

પોતા ઉપર કૃપા કરવા દયારામ પ્રભુ આગળ કઈ દલીલો કરે છે ?

---

૧. આ ચરણનો પાઠ બરોબર નથી લાગતો, તેથી અર્થ સ્પષ્ટ નથી. 'પ્રમાદ મૂકી બળ સમય (કે સદય) ધરો,' એવો પાઠ હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડવું જ જોઈએ ?

બે રાષ્ટ્રો વચ્ચે વાંધો પડે કે તકરાર થાય, ત્યારે તેના ઉકેલને માટે તેમણે લડવું જ જોઈએ ?

દક્ષિણ અમેરિકામાં આર્જેન્ટાઈન અને ચીલી નામનાં બે પ્રજાસત્તાક રાજ્યો છે. તેઓ જોડાજોડ છે અને તેમની વચ્ચે એન્ડીસ નામનો એક ઊંચો પર્વત સૂતેલો છે. આ પર્વતનાં શિખરો ઉપર બધો વખત બરફ છવાયેલો રહે છે. તેથી પર્વતના કયા શિખર આગળ આર્જેન્ટાઈનની સરહદ પૂરી થાય છે અને કયા શિખર આગળ ચીલીની હદ શરૂ થાય છે, એ નક્કી કરવામાં બન્ને દેશો વચ્ચે વારંવાર ચકમક ઝર્યાં કરતી હતી.

ગયા સૈકાના અંતમાં, એન્ડીસ પર આવેલાં કેટલાંક સરોવરોની હદ નક્કી કરતાં, બંને રાજ્યો ઝઘડવાની અણી ઉપર આવી પહોંચ્યાં, અને પોતપોતાની લડવાની સરસામગ્રી અને માણસો તથા ધન વગેરે એકત્રિત કરવા પણ લાગ્યાં. ઈ. સ. ૧૯૦૦ ના ઉનાળામાં તો લડાઈ જાહેર કરવાનું નક્કી પણ થયું. તેવામાં એપ્રિલના ઈસ્ટરના તહેવારો આવ્યા. આ તહેવારો, ઈશુ ખ્રિસ્ત ક્રોસ પર મૃત્યુ પામ્યા પછી પુનર્જીવન પામ્યા, એના આનંદના દિવસો મનાય છે. તે દિવસોમાં ખ્રિસ્તી લોકો પૂજાપાઠ વગેરે કરે છે. તે પ્રમાણે આર્જેન્ટાઈન અને ચીલી એ બે ખ્રિસ્તી રાજ્યોની પ્રજા શાંતિરાજ ઈશુને નામે દેવળોમાં પ્રાર્થના કરવા ઊભરાવા લાગી. આ સોનેરી તકનો લાભ લઈને આર્જેન્ટાઈનના મોટા પાદરીએ પોતાના મુખ્ય દેવળમાં શાંતિપાઠ બોધતું પ્રવચન આપ્યું. ગંભીર નાદે તેણે ઈસ્ટરના સપરમા દહાડે લોકોને કહ્યું કે, 'પડોશી જોડે મૈત્રી કરો; કેમ કે કોની વાત સાચી ને કોની ખોટી છે, એ તો લડાઈ બાદ પણ કહેવું મુશ્કેલ છે; લડાઈથી તો કોનું લશ્કરી બળ વધારે છે એ જ, બહુ તો, જણાઈ શકશે.' અને એના સમર્થનમાં બાઈબલમાંથી સુંદર સુવાક્યો ટાંકી લોકોને આ વાત એણે ઠસાવી. અને પછી તો તે આખા રાજ્યમાં ફરીને આ ઉપદેશનો પ્રચાર કરવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્જેન્ટાઈનના પાદરીનો આ ઉપદેશ એન્ડીસની પેલે પાર ચીલીમાં પણ પહોંચ્યો. ચીલીના મોટા પાદરીએ પણ એ સૂર ઝીલી લઈ શાંતિબોધનું કામ પોતાના દેશમાં પણ ઉપાડયું, અને તેને સારુ તે દેશનાં ગામોમાં ફરવા લાગ્યો.

શરૂમાં તો, લડતે અને મમતે ચડેલી પ્રજાઓ આ શાંતિઘેલા ખ્રિસ્તી પાદરીઓને હસવા લાગી. પરંતુ તેમના હૃદયની ધગશ અને પવિત્ર ધર્મબુદ્ધિ અસર કર્યા વગર ન રહી: લોકો પલળવા લાગ્યા અને ધીમે ધીમે લોકમત શાંતિ તરફ વળવા લાગ્યો. પ્રજાનો મત આ રીતે ફર્યો, એટલે બેઉ રાજ્યોના પ્રમુખોએ સરહદના પ્રશ્નનો ઉકેલ આણવા સંદેશા ચલાવ્યા. તેમાંથી એવો તોડ આવ્યો કે, આ પ્રશ્નને અંગે તટસ્થ એવા ઇંગ્લેંડના રાજાને લવાદ થવાનું આમંત્રણ મોકલવું. તે પરથી બેઉ પ્રમુખોની સહીથી ઇંગ્લેંડના રાજા ઉપર લવાદ થવાનું આમંત્રણ ગયું. રાજાએ પોતાના એલચીઓ મારફત આ તકરારી પ્રશ્નની તપાસ કરી અને ચુકાદો આપ્યો કે, તકરારી પ્રદેશ બંને રાજ્યોએ સરખે હિસ્સે વહેંચી લેવો જોઈએ, કારણ કે બંને પક્ષ તરફ થોડું સત્ય છે તો તેની સાથે થોડુંક અસત્ય પણ છે.

આવી સરસ રીતે તકરારનો નિવેડો આવ્યો, તેથી બંને રાજ્યો રાજી થયાં, અને તેમણે ઠરાવ કર્યો કે, હવે પછી જ્યારે કોઈ બાબત પર મતભેદ થાય, ત્યારે લડવાની જંગલી રીતને બદલે તટસ્થ પંચ કે લવાદ મારફત તેનો તોડ કાઢવો. આમ બે પાદરીઓની સાચી ધર્મનિષ્ઠાથી બે દેશો ભારે દુઃખ અને ખર્ચ તથા માનવ-સંહારમાંથી બચી ગયા.

આવા યાદગાર બનાવનું સંભારણું ભવિષ્યની પ્રજાને પણ રહે એવું હવે વિચારવામાં આવ્યું. તેને માટે બેઉ રાષ્ટ્રની બહેનોએ ઈશુ ખ્રિસ્તનું એક બાવલું એન્ડીસ પર્વત પર ઊભું કરવાનો ઠરાવ કર્યો. બંને રાજ્યની બહેનોએ આ કામમાં ઉદાર હાથે મદદ કરી. તોપોના ભંગારમાંથી ઈશુની એક ભવ્ય મૂર્તિ ઘડવામાં આવી. એન્ડીસના ઊંચા પર્વત પર તેને લઈ જવાનું કામ બંને રાજ્યના સિપાહીઓએ મળીને કર્યું. પછી તેને ખુલ્લું મૂકવાનો દિવસ આવ્યો. તે વખતે એ દિવસ બેઉ દેશોમાં તહેવાર તરીકે પાળવામાં આવ્યા. આબાલવૃદ્ધ બધાં પ્રજાજનો બાવલાને સ્થળે મળ્યાં. જાણે એક જ રાષ્ટ્રનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાજનો હોય એમ, સરહદનો વિચાર કર્યા વગર, સૌએ પોતાની રાવટીઓ ઠોકી ઉદ્‌ઘાટનને દિવસે ઉજાણી કરી. બેઉ દેશનાં બાળકો ભેગાં મળીને મેદાની રમતો ખેલ્યાં; લોકોએ ગાનતાન અને નાચ દ્વારા પોતાનો આનંદ બતાવ્યો. આખું વાતાવરણ ઉમંગથી ઊભરાતું હતું.



બાવલું ખુલ્લું મૂકવાને દિવસે સવારે તેના માનમાં તોપોના અવાજ થયા. પછી બહેનો, ભાઈઓ તથા પાદરીઓ વગેરે ઈશુની પ્રતિમા આગળ પ્રાર્થના માટે ભેગાં થયાં. પ્રાર્થના બાદ એ પૂતળું ખોલવામાં આવ્યું. એની નીચે નીચેના શબ્દો લખેલા છે :

'પરદુઃખભંજન ઈશુના ચરણમાં બેસી, આર્જેન્ટાઈન અને ચીલીની પ્રજાએ શાંતિ જાળવવાની જે પ્રતિજ્ઞા લીધી છે, તે પ્રતિજ્ઞા તૂટે તે પહેલાં આ પર્વતો માટીમાં મળી જશે !'

એન્ડીસ પર્વત આજ સુધી સાક્ષી પૂરે છે કે, ત્યારથી આ બે દેશો લડ્યા નથી. દુનિયાનાં સૌ રાષ્ટ્રો આમ શું કામ ન કરી શકે ?

સ્વાધ્યાય

૧. નકશામાં, આ પાઠમાં આવતાં સ્થળો જુઓ.

૨. તમારા ગામના ઝઘડાઓમાં લવાદ કે પંચ મારફત પતાવટ થાય છે ? ગામમાં શાના ઝઘડા થાય છે, તે શી રીતે પતાવાય છે, અદાલતમાં કેટલા જાય છે, એ બધું જાણો.

૩. એક દેશની પ્રજામાં થતા ઝઘડા અને બે સ્વતંત્ર દેશો વચ્ચેના ઝઘડામાં શો ફરક ? બે દેશોને માટે અદાલત હોય છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

પ્રવાહી આગનો ઉદ્યોગ

[શ્રી. કાકાસાહેબ કાલેલકરે પોતાનો 'બ્રહ્મદેશનો પ્રવાસ' લખ્યો છે, તેમાંથી આ પાઠ ઘડ્યો છે. તે આખી ચોપડી પણ વાંચવા જેવી છે.]

૧

બ્રહ્મદેશનું સાચું દર્શન અમને યેનનજાંવમાં થયું. અહીં ઘાસલેટના પ્રખ્યાત કૂવા છે.

દૂરથી તાબૂત જેવાં પવનચક્કીનાં લોઢપિંજરો દરેક કૂવા પર દેખાવા લાગ્યાં. આ કૂવા બહુ પાસે પાસે છે. કેટલા ઊંડા હશે એની તો



અમને કલ્પનાયે આવવી મુશ્કેલ. યંત્ર વતી કૂવામાંથી તેલ ખેંચાતું હતું. દવા માટે બળદોનું લોહી* ચૂસી લે છે, તેમ દીવા માટે પૃથ્વીનું લોહી ચૂસવાનું કામ અહીં ચાલતું હતું. એક એક કૂવો બે હજાર ફૂટ, ત્રણ હજાર ફૂટ ઊંડો ! ત્રીસ કે ચાળીસ ફૂટ ઊંડો કૂવો થયો કે આપણે કહીએ છીએ, 'અહોહો ! આ કૂવામાં તો ચક્કર આવે !' ત્રણ હજાર ફૂટ ઊંડા કૂવા એટલે શું, એની કલ્પના કરવી પણ કઠણ છે. ચૂસી કાઢેલું તેલ પાસેના એક મોટા મકાનમાં ભેગું થયું હતું. કૂવા જોયા પછી અમે ત્યાં જવાના હતા.

---

* આનું વર્ણન લેખકના 'હિમાલયના પ્રવાસ'માં પ્રકરણ ૧૬ માં આવે છે. તે વાંચીને શિક્ષક વર્ગમાં કહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂવાઓના આ વનમાં એક અટૂલો કૂવો દેશી ઢબે ચાલતો હતો. એ કૂવો તો સાવ છીછરો. ફક્ત પાંચસો ફૂટ ઊંડો! બ્રહ્મી મજૂરો દોરીનો છેડો પકડી દોડતા જાય અને મેલા ઘાસલેટની ડોલ ભરાઈને ઉપર આવે. અમારી સાથેના અમારા ગૃહપતિએ કહ્યું, 'અહીં ગામડાંના લોકો કૂવાઓની માટી કોડિયામાં ભરી રાખે છે. સાંજ પડી કે માટી સળગાવી દીધી. આખી રાત ભૂક ભૂક ભૂક બળ્યાં કરે. માટી નિસ્તેલ થાય એટલે એ ફેંકી દે છે અને બીજી સ્નેહાળ માટી ભરે છે.' આ કૂવામાં મેં ડોકિયું કર્યું. આગગાડીના બોગદામાં જેવું દેખાય તેવું ગાઢું અંધારું અંદર ભરાયું હતું. બહારના પ્રકાશને લીધે અંદરનું નથી દેખાતું એમ ધારી, મેં મારા હાથમાંની ચોપડીનું ભૂંગળું બનાવી, દૂરબીનની પેઠે ધરી, દૃષ્ટિ અંદર ફેંકી. આંખો તાણી તાણીને અંદર જોયું. પણ નર્યા અંધારા સિવાય કશું દેખાય નહિ.

કૂવાઓ વિષે જેટલી માહિતી મળી શકે તેટલી પૂછી અમે એંજિનઘરમાં ગયા. ત્યાં કૂવામાંથી કાઢેલું ઘાસલેટ ભેગું કરી, પછી રંગૂન સુધી પંપ કરવામાં આવે છે. યેનનજાંવથી રંગૂન પાસેના એક બેટ સુધી મોટા નળ નાંખેલા છે. અહીંથી લગભગ ત્રણસો માઈલ સુધી તેલ પોતાને પગે દોડતું જાય છે. પછી પેલા બેટમાં એને વલોવવામાં આવે છે અને એની શુદ્ધિ થાય છે. તેલ અને પાણીનો મેળ ખાય નહિ એમ આપણે અનુભવ પરથી કહીએ છીએ. પણ એ કેટલું આશ્ચર્ય કે, ઘાસલેટના કૂવા મોટી મોટી નદીઓને કિનારે જ મળે છે!

૨

હવે યેનનજાંવના ઘાસલેટનું અંતે શું થાય છે તે જોવા અમે રંગૂન પાસેના પેલા બેટ પર ગયા. રસ્તે ઘાસલેટની મોટી મોટી ટાંકીઓ દરબારગઢ જેવી વિરાજતી હતી. કારખાનામાં મેં જોયું કે યેનનજાંવનું ઘાસલેટ અહીં શુદ્ધ થાય છે. અતિ શુદ્ધ ઘાસલેટ તે પેટ્રોલ. એથી ઊતરતાં ઘાસલેટો જુદા જુદા નળમાંથી અલગ અલગ ભરાતાં હતાં. ઘાસલેટના ડબા પણ અહીં જ તૈયાર થાય છે. ઘણાં વરસથી સ્વદેશમાં દરેક સ્ટેશન પર ઘાસલેટની જે વખારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અમે જોતા આવેલા, તેનું ઊગમસ્થાન જોઈ મને આશ્ચર્ય થયું. હિન્દુસ્તાન જેવા મહા દેશને પ્રવાહી આગ પૂરી પાડવાનું કામ આ એક બેટ કરે છે. એની કેટલી મહત્તા!

છેલ્લે અમે ઘાસલેટની મલાઈ અથવા મેલનું કારખાનું જોવા ગયા. એ મેલ ત્યાં વલોવાતો હતો. એમાંથી પૅરેફિન, સ્ટીરિન જેવાં મીણો સ્વચ્છ થઈને નીકળતાં હતાં. જોઈને તો ખાવાનું જ મન થાય! ગંદું વેસેલિન પણ આ વલોણામાંથી જ નીકળે છે.

પાસે જ મીણબત્તીનું કારખાનું હતું. ઘાસલેટનો ધંધો મુખ્ય; ટિનના ડબ્બાનો ધંધો એનો આનુષંગિક ધંધો, અને મીણબત્તીનું કારખાનું એનો જોડધંધો કહેવાય.

મીણબત્તીના કારખાનામાં મિલની બદીઓનું પ્રથમ દર્શન થયું. એક મોટા ખંડમાં સંખ્યાબંધ બાઈઓ ને નાનાં છોકરાં બેઠાં હતાં અને મીણબત્તી માટે વાદળી કાગળનાં ખોખાં બનાવતાં હતાં. હું નથી ધારતો કે, કોઈ પણ યંત્રની ઝડપ આ મજૂરોના હાથની ઝડપ કરતાં વધારે હશે. એમના હાથ જાણે સંચાના જ ભાગ! એક ખોખું અનેક માણસના હાથમાંથી પસાર થાય. આ લોકોના પગાર એમના કામ પર આપવામાં આવે છે. અમુક સો ખોખાં થાય ત્યારે આટલા આના મળે. શરૂઆતમાં આવા કામમાં છોકરાંઓને જરૂર મજા પડે, એનો રંગ પણ જામે. પણ હમેશને માટે એ ને એ જ કામ કરવું પડે, તો માણસનું યંત્ર બની જાય.

બીજા ખંડમાં એ જ કામ કરનારી બાઈઓ હતી. એમનાં મોઢાં પર કશો ભાવ દેખાતો ન હતો. જાણે હર્ષ અને શોક, આશા અને નિરાશા, બંનેથી તેઓ પર થયાં હોય. ખેતરમાં કામ કરનાર લોકો ઓછાં કષ્ટ નથી વેઠતા. પણ ખેતીકામમાં વચ્ચે વિનોદ પણ ચાલી શકે છે. અહીં વિનોદની મનાઈ નહિ હોય, પણ આવા વાતાવરણમાં માણસને વિનોદ સૂઝે ત્યારે ને?

અહીં જો આટલું છે તો યુરોપમાં શી દશા હશે? ગરીબ બાઈઓની આવી સ્થિતિ જોયા પછી ટૉમસ હૂડે 'પહેરણનું ગીત' ('ધી સૉન્ગ ઑફ ધી શર્ટ') લખ્યું હોવું જોઈએ. આ રહ્યું એનું શ્રી. ઉમાશંકર જોષીએ કરી આપેલું ગુજરાતી રૂપાંતર:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોઢે મંદિર શંખ ફૂંકાયા, ને સાંજે થયા ઘંટનાદ !
રાત ખૂટે તોય કામ ન ખૂટે ! કોને દેવો મારે સાદ !
દહાડો આખો ઠરી ન બેસવું ઠામ !
રાતે તોયે ઊભું કામ ને કામ !
માથું ભમે ને અંગ ઢળી પડે, હાથે ખાલી ચડી જાય;
પાંપણે જાણે મણીકા મેલ્યા, પડળે વળે ઝાંય.
તુરંગે કેદીય નીંદર પામે !
તોયે ના છોડી મને આ કામે !
કોર ઓટું ને ઓરિયાં ગૂંથું,
ઓરિયાં ગૂંથું ને કાપલી સાંધું;
સાંધું, સાંધું, તે મોડી રાતે કામમાં ઝોલાં આવે,
થાકેલો મારો હાથ સોણામાં કામ અગાડી ચલાવે;
— અરે ! મારું કામ થાશે પૂરું ક્યારે ?
કોર ઓટું ને ઓરિયાં ગૂંથું,
ઓરિયાં ગૂંથું ને કાપલી સાંધું;
સાંધતાં મારું હૈયું વિલાતું ને માથું લે ઘુમ્મરઘેર,
થાક્યોપાક્યો મારો હાથ તોયે ના છોડે દોરાની સેર;
— અરે ! મારે દસ ખાનારાં ઘેર !
ભાઈલા ! તારે બહેન છે વારુ ?
બેટા ! તારે માડી છે વારુ ?
ઘરમાં તારે છે વહુવારુ ?
પહેરી ફાડે તું તે વસ્ત્ર નથી, એ જાણી લે, મારા બાપ !
ભાંડુ તારા જેવાં મનેખના એ આયખાનાં છે માપ !
— રામજી ! કાં રોટલા મોંઘા ?
લોહીમાંસ આટલાં સોંઘાં ?

સ્વાધ્યાય

૧. એક બે પેઢી ઉપર આપણે દિવેલ બાળતા હતા તે જાણો છો ? અને દિવેલ કોપરેલ દેશમાં પાર વિનાનું મળી શકે છે.

૨. કારખાનાના મજૂરોની હાલત જોવા કોક મોટા ઉદ્યોગના શહેરની મજૂર-વસ્તી જોવા જવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ટામસ હૂડ ઈ. સ. ના ૧૯મા સૈકામાં થઈ ગયો. તે વખતે વિલાયતમાં કારખાનાં શરૂ થયાં હતાં. આજ કારખાનાં ને મિલોના મજૂરોનું સુખ એ જગતમાં મોટો પ્રશ્ન થઈ પડયો છે. શિક્ષકે આનો દાખલો આપી સમજાવવું.

૩૧

બ્રહ્મગિરિ

[ઇંદ્રવજ્રા]

ऊठयो प्रभाते बहु थाक तोये, चाल्यो तळावे अतिशे उमंगे;
नाही करी *ब्रह्मगिरि भणी ते मांडयुं जवा में लई भोमियाने. ૧
जोतां नीचे डुंगरनी अहींथी, झाझो थयो हुं मन मांही रंगी;
आहा! शुं शोभा वरणी शकुं रे! जोतां थयो स्तब्ध ज छेक हुं रे! ૨
चोपास संधुं सूनकार लागे, वच्चे झराना मृदु शब्द थाये;
लूहेरो वळी वायुनी मंद आवे, जोउं रूडो डुंगर पूर्ण भावे. ૩
जोतां नवुं विस्मय मन पामे, गंभीरताथी भय भारी जामे;
आनंद तोये पछी व्यापी रेहे, एवो चमत्कारिक पूहाड छे ए. ૪
संसार संधो वीसरी जवाये, पापी प्रपंचो मनमांथी जाये;
लीला पीतां हुं नथी रे धरातो, एवो तपस्वी गिरि छे ज आ तो. ૫
ए सर्व जोतां चित तो समायुं विश्वेशमां, ने बीजुं कंई न भाव्युं;
आनंदमां नर्मद छेक डूब्यो, एवो दीसे ब्रह्मगिरि ज ऊभो! ૬

સ્વાધ્યાય

૧. 'કન્યાકુમારીનાં દર્શન' પાઠ હવે પછી આવે છે તે જુઓ. ભલે તે પદ્યમાં નથી, છતાં ગદ્યમાં લખેલું એક ગદ્ય-કાવ્ય જ છે. કુદરત પણ કેવી અસરકારક સુંદરતા ધરાવે છે, તે આ બે પાઠો પરથી જણાશે.

---

* નાશિક ત્ર્યંબક પાસેના પહાડનું નામ. તે પહાડ યાત્રાનું ઠેકાણું ગણાય છે. કવિ ત્યાં ગયા હતા. તેના વર્ણનના કાવ્યમાંથી આ ભાગ લીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

ભગવાન ઈશુ ખ્રિસ્ત

ઈસ્વી સનનાં આજ જેટલાં વર્ષ થયાં છે તેટલાં વર્ષ ઉપર, જોસેફ નામના એક યહૂદી સુતારની સ્ત્રી મેરીને પેટે, ખ્રિસ્તીઓના



પેગંબર ઈશુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. એ ત્રીસ વર્ષની ઉમરના થયા ત્યાં સુધીની એમના જીવનની હકીકત બહુ થોડી મળી આવે છે. એમનાં માબાપ અને ભાઈઓ સાથે એ નેઝરેથ શહેરમાં રહેતા, અને પિતાની મદદે આવી સુતારનું કામ કરતા, તથા પોતે પરણ્યા નહોતા;—એટલું જ ચોક્સ જણાયેલું છે.

ત્રીસમા વર્ષમાં એક વખતે એમના સાંભળવામાં આવ્યું કે, પાસેના વનમાં જોન નામે એક સાધુ ઉપદેશ આપે છે. તે ઉપરથી જિસસ એનો ઉપદેશ સાંભળવા ગયા. એ ઉપદેશનો સાર એ હતો કે, પ્રભુનું રાજ્ય (ધર્મરાજ્ય) આવવાનો સમય થયો છે, માટે કોઈએ પાપ કરવું નહિ, અને સૌ પ્રત્યે પ્રેમ અને સમાન-ભાવથી વર્તવું. 'જેની પાસે બે વસ્ત્ર હોય તેણે નવસ્ત્રાને પોતાનું એક વસ્ત્ર આપી દેવું; અને જેની પાસે અન્ન હોય તેણે ભૂખ્યા સાથે વહેંચીને ખાવું.' 'તમારું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારાં કૃત્યોથી જણાઈ આવશે. તમે ભલું નહિ કરો તો, જે ઝાડને ફળ આવતાં બંધ થાય છે એ ઝાડને કાપીને જેમ લોક એનું બળતણ કરે છે, તેમ તમારું પણ થશે.'

આ ઉપદેશ સાંભળી જે યહૂદીઓએ પોતાનું જીવન બદલવાનું કબૂલ કર્યું, તેમને જોને એમની શુદ્ધિના ચિહ્નરૂપે જોર્ડન નદીમાં સ્નાન કરાવ્યું, અને એમ જલદીક્ષા આપી. તે વખતે જોને એવી ભવિષ્ય-વાણી કાઢી કહેવાય છે કે, 'મારા કરતાં જે સમર્થ છે, તે મારી પાછળ આવે છે; એના પગરખાની દોરી છોડવા પણ હું યોગ્ય નથી.' આ 'પાછળ આવનાર' તે ઈશુ ખ્રિસ્ત કે જિસસ ક્રાઇસ્ટ.

જિસસ ક્રાઇસ્ટ તરત જ તે સ્થળેથી વનમાં ચાલ્યા ગયા, અને ચાળીસ દિવસ પ્રભુનું ધ્યાન કરી પરમ બોધ પામ્યા. જેમ ગૌતમ બુદ્ધને 'માર' નામની આસુરી સંપતે લલચાવવા ફોકટ પ્રયત્ન કર્યો હતો, તેમ જિસસને પણ શેતાને સમસ્ત પૃથ્વીનું રાજ્ય વગેરેની ઘણી ઘણી લાલચો આપી, પણ તે ડગ્યા નહિ. એમણે જણાવ્યું કે, 'શાસ્ત્રમાં લખાઈ ચૂકેલું છે કે, મનુષ્ય માત્ર રોટલી (અન્ન) થી જીવશે નહિ, પણ પ્રભુના મુખમાંથી નીકળતા દરેક શબ્દથી જીવશે.' અર્થાત્, સંસારના ઉપભોગ નહિ, પણ પ્રભુનાં વચન — તેની આજ્ઞાનું પાલન, એ જ મનુષ્યનું ખરું કર્તવ્ય છે અને ખરું જીવન છે.

પછી વનમાંથી ગામમાં આવી ઈશુ ખ્રિસ્તે જગતના કલ્યાણ અર્થે ઉપદેશ આરંભ્યો. સૌથી પહેલા બે માછીઓ તેમના શિષ્ય થયા. તેઓ જાળ ફેંકી દઈને ઈશુની પાછળ ચાલ્યા, અને ત્યારથી ધીમે ધીમે એમનું શિષ્યમંડળ વધતું ગયું. જિસસે યહૂદી પ્રાર્થના-મંદિરમાં ('સિનેગોગ') જઈ ઉપદેશ કરવા માંડ્યો. ભૂત આવેલું હોય એમ વેલછા કાઢતો એક માણસ આવ્યો એનું ભૂત કાઢી નાંખ્યું, પતિયાંની પત મટાડી, અને વિશ્રામવારે (એટલે રવિવારે) કોઈ પણ જાતનું કામ કરી શકાય નહિ એવો યહૂદી ધર્મનો પ્રતિબંધ હોવા છતાં, એ વારે પણ દર્દીઓનાં દર્દ મટાડવામાં એમણે સંકોચ રાખ્યો નહિ; અને જણાવ્યું કે, 'વિશ્રામવાર માણસ માટે કર્યો છે, માણસને વિશ્રામવાર માટે કર્યો નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જાતના ઈશુના ઉપદેશ અને કૃત્યોથી યહૂદી ધર્મગુરુઓ ભડક્યા, અને એમને રાજદ્રોહના ગુનામાં ફસાવવાની અને મરાવવાની અનેક યુક્તિઓ રચવા લાગ્યા. ઈશુ દર્દીનાં દર્દ મટાડતા તથા ભૂત કાઢતા એ સંબંધમાં એવી વાત ચલાવી કે, એ શેતાનનો ઉપાસક છે અને તેથી આવાં અદ્ભુત કૃત્યો કરી શકે છે!

એક વખત રાતે ઈશુ પોતાના શિષ્યમંડળને સાથે લઈ વાળુ કરવા બેઠા હતા. વાળુ કરી મોડી રાતે એક સ્થળે પ્રભુની પ્રાર્થના કરી, શિષ્યોને જગાડતા હતા, એટલામાં યહૂદા નામે તેમનો જ એક શિષ્ય હથિયારબંધ સિપાઈઓની સાથે ત્યાં આવ્યો, અને 'આ ઈશુ' એમ ઓળખાવવા માટે, એણે પ્રેમનો ડોળ કરી ઈશુને ચુંબન કર્યું. સિપાઈઓએ ઈશુને પકડ્યા; શિષ્યો એક પછી એક નાસી ગયા! ઈશુને મુખ્ય ધર્માચાર્ય પાસે લઈ ગયા. યહૂદી ધર્મગુરુએ તેમને પ્રશ્ન પૂછ્યો, 'ઈશ્વરનો પુત્ર ખ્રિસ્ત તે તું કે?' ઈશુએ ઉત્તર દીધો, 'હા!' આમ ઉત્તર દેવામાં એમણે ઈશ્વરનું અપમાન કર્યું એવો આરોપ મૂકીને એમને તેણે મોતની સજા ફરમાવી, અને ઘણી ક્રૂર મશ્કરીઓ કરવા માંડી. યહૂદીઓને મોતની સજાનો અમલ કરવાની સત્તા ન હતી, તેથી બીજે દહાડે ઈશુને પાઇલેટ નામના રોમન અધિકારી પાસે લઈ જવામાં આવ્યા, તથા આ 'યહૂદીઓનો રાજા' હોવાનો દાવો કરે છે, એમ એમના ઉપર રાજદ્રોહનો આરોપ મુકાયો.

પાઇલેટ સારી રીતે સમજતો હતો કે, આ સઘળું યહૂદી લોકનું તરકટ છે. છતાં પણ એણે લોકની માગણીને વશ થઈને ઈશુને વધસ્તંભ ઉપર લઈ જવાની આજ્ઞા કરી! રોમન સિપાહીઓએ ઈશુને રાજાનો પોષાક પહેરાવ્યો અને માથે કાંટાનો મુકુટ મૂક્યો, અને કપાળે (કોઈ કહે છે વધસ્તંભ ઉપર) 'યહૂદીઓનો રાજા!' એવા મશ્કરીના શબ્દો લખીને ચોડ્યા. ઈશુને વધસ્તંભ ઉપર ચડાવ્યા અને એમના દેહને ખીલા માર્યા. છતાં પણ, 'હે પ્રભુ, તારી ઇચ્છા અનુસાર થજો, મારી નહિ; તેઓ શું કરે છે તેની એમને ખબર નથી,' — એમ પ્રભુઇચ્છાને શરણ થઈ, પોતાના દુશ્મનો માટે પણ પરમ ક્ષમાના શબ્દો ઉચ્ચારી, એમણે પ્રાણ છોડ્યા! આમ પોતાના સત્યધર્મને ખાતર આત્મબલિદાન આપી, તે પોતાનાં પ્રેમ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષમાનો પાઠ જગતને આપી ગયા. આજે જગતમાં જેમને ખ્રિસ્તી કહેવામાં આવે છે તે લોકો તેમના અનુયાયી છે.

સ્વાધ્યાય

૧. દુનિયાના મુખ્ય મુખ્ય ધર્મોનું વર્ણન આપતી, 'ધર્મવર્ણન' નામની ચોપડી સાક્ષરશ્રી આનંદશંકર ધ્રુવે લખી છે. આ પાઠ તેના એક પ્રકરણ પરથી તૈયાર કર્યો છે. એ ચોપડી તરત નહિ તો આગળ ઉપર વાંચવા જેવી છે.

૨. ખ્રિસ્તી દેવળ પાસે હોય તો તે જોવા જજો. એકાદ વિશ્રામ-વારને દિવસે તેની પ્રાર્થનામાં પણ હાજરી આપો, તો ખ્રિસ્તી પ્રાર્થનાની ઢબ જોવા મળશે.

૩. ઈશુ ખ્રિસ્તના વતનનો પ્રદેશ પેલેસ્ટાઈન જગતના નકશામાં જુઓ. આજે તે કોના તાબામાં છે?

૩૩

શોભા સલૂણા શ્યામની

[ગરબી]

शोभा सलूणा श्यामनी,
तुं जोने सखी, शोभा सलूणा श्यामनी. ध्रुव
कोटी कंदर्प लजावे एनुं मुखडुं, फीकी पडे छे कळा जामिनी. तुं जोने० १
सद्‌गुण-सागर नटवर नागर, बलिहारी एना नामनी. तुं जोने० २
कोटी आभूषणनुं ए रे भूषण, सीमा छे अभिरामनी. तुं जोने० ३
जे एने जाणे तेने तो ए सार सवनो, बीजी वस्तु नथी कामनी. तुं जोने० ४
अनुपम ए अलबेलो रसियो, जीवनमूळी दयारामनी. तुं जोने० ५

સ્વાધ્યાય

પાઠ ૨૮ માના કાવ્યમાં અને આમાં જે ભક્તિ અને પ્રેમ છે તેનો ભેગો વિચાર કરો. બેઉ દયારામનાં કાવ્યો છે એ જોયું ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪
દ્રૌપદી

૧

હિંદુઓમાં નીચેની પાંચ સતીઓનાં નામ પ્રાતઃસ્મરણીય, એટલે રોજ પ્રાતઃકાળમાં યાદ કરવા જેવાં મનાય છે: અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા, ને મંદોદરી. તેમાંથી સતી સીતા વિષે તમે છઠ્ઠી ચોપડીમાં થોડુંક ભણી ગયા. આ પાઠમાં સતી દ્રૌપદી વિષે થોડુંક હવે શીખીશું. સીતા જેમ રામાયણનું મુખ્ય સ્ત્રી-પાત્ર છે, તેમ દ્રૌપદી મહાભારતનું મુખ્ય સ્ત્રી-પાત્ર છે. એને વિષે થોડુંક જાણો, તો તે મારફતે તમને મહાભારતની આખી કથાનો પણ કાંઈક ખ્યાલ આવશે.

દ્રુપદ રાજા અને દ્રોણ ઋષિ બન્ને નાનપણના દિલોજાન દોસ્ત હતા. કૃષ્ણ સુદામાની પેઠે, એક જ ગુરુના આશ્રમમાં તેઓ સાથે ભણ્યા હતા. પણ મોટપણે એક દિવસ એ લોકોની દોસ્તી તૂટી. દોસ્તી તૂટી તો તૂટી, પણ બન્ને વચ્ચે ઊલટું હાડ-વેર બંધાઈ ગયું! અને દ્રુપદે પ્રતિજ્ઞા લીધી કે, 'દ્રોણનું માથું ઉતારે એવો પુત્ર મેળવું તો જ હું ખરો.' આ ઇરાદાથી તેણે યાજ નામે ઋષિ પાસે જઈને કહ્યું કે, 'મહારાજ, દ્રોણનું માથું ઉતારે એવો પુત્ર મારે જોઈએ છે. કૃપા કરી મારી પાસે એવો યજ્ઞ કરાવો.'

યાજ મુનિએ દ્રુપદ રાજાને યજ્ઞની દીક્ષા આપી અને યજ્ઞ શરૂ કરાવ્યો. યજ્ઞની પૂર્ણાહુતિને દિવસે યાજ મુનિએ શુદ્ધ મંત્રોચ્ચાર સાથે પૂર્ણાહુતિનું શ્રીફળ હોમ્યું, અને તરત જ યજ્ઞની વેદીમાંથી ઘોડા પર બેઠેલો એક તરુણ બહાર આવ્યો. યાજે કહ્યું, 'દ્રુપદ, લે આ તારો પુત્ર. અને આ વેદીમાં એક પુત્રી પણ તારે માટે તૈયાર છે. કેમ કે, તને દ્રોણનો વધ કરનાર પુત્ર તો મળ્યો, પણ વધની તૈયારી કરનારેય કોઈ જોઈશે ને?' આમ કહીને યાજે બીજું શ્રીફળ હોમ્યું અને એક સુંદર ઘાટીલાં અંગવાળી કન્યા અંદરથી બહાર આવી. યાજે કહ્યું, 'દ્રુપદ, આ કન્યાના શરીરનો રંગ કાળો છે, માટે એનું નામ કૃષ્ણા રાખજે.' એ જ દ્રુપદની પુત્રી દ્રૌપદી.

૭–૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે યજ્ઞ પૂરો થયો. પછી જતી વખતે યાજે દ્રુપદને કાનમાં કહ્યું, 'તારી મનઃકામના પૂર્ણ કરવા તને પુત્ર પુત્રી તો મેં અપાવ્યાં; પણ ભાઈ, મારા દિલની વાત હવે તને કહી દઉં. આ પુત્ર અને આ પુત્રી તારું નામ અમર તો કરશે, પણ થોડા જ વખતમાં મહા દારુણ સંગ્રામ મંડાશે.' એ દારુણ સંગ્રામ તે જ કૌરવપાંડવો વચ્ચે થયેલું મહાભારતનું યુદ્ધ !

દિવસો વીતવા માંડ્યા. દ્રુપદકન્યા મોટી થઈ. દ્રુપદની ઇચ્છા તેને મહાન યોદ્ધા અર્જુન સાથે પરણાવવાની હતી. પણ તે વખતે પાંડવો વનવાસ ભોગવતા હતા, એટલે દ્રુપદે સ્વયંવર રચ્યો. દેશ પરદેશના મોટા મોટા રાજાઓ એમાં આવ્યા. કૌરવો આવ્યા, કર્ણ આવ્યો, અને બ્રાહ્મણવેશે પાંડવો પણ આવ્યા. સ્વયંવરમાં શરત એ હતી કે, નીચે પાણીમાં પડતું પ્રતિબિમ્બ જોઈને તે ઉપરથી, ઉપર ચકર ચકર ફરતી માછલીને જે વીંધે, તે દ્રૌપદીને વરે. એક પછી એક બધા રાજાઓનો વારો આવી ગયો, પણ કોઈ એ મત્સ્યવેધ કરી શક્યું નહિ. એટલામાં મહાન બાણાવળી કર્ણ ઊઠ્યો. એણે બાણ ચડાવ્યું. બધાને લાગ્યું કે, હમણાં એ માછલીને વીંધી નાંખશે. પણ ત્યાં તો દ્રૌપદી બોલી ઊઠી કે, 'હું સૂતપુત્રને વરવાની નથી.' આ અપમાનથી ક્રોધે ભરાઈ કર્ણે ધનુષબાણ ફેંકી દીધાં, અને સમસમી રહેલે દિલે પોતે પોતાની જગ્યા પર જઈને બેસી ગયો.

ક્ષત્રિયોનો વારો પૂરો થયા પછી બ્રાહ્મણોનો વારો આવ્યો. બ્રાહ્મણોમાંથી એક તેજસ્વી તરુણ બહાર આવ્યો અને તેણે તરત જ બાણ ચડાવી માછલીને વીંધી નાખી. એક બ્રાહ્મણને દ્રૌપદી જીતી જતો જોઈને, બધા ક્ષત્રિયોને અપમાન લાગ્યું, અને તેઓ બધા એ બ્રાહ્મણ સાથે લડવા તૈયાર થયા. પણ એ બ્રાહ્મણે અને તેના ભાઈઓએ થઈને બધાને હરાવીને નસાડી મૂક્યા, અને દ્રૌપદીને લઈને તેઓ પોતાને નિવાસસ્થાને ગયા.

બ્રાહ્મણ સાથે ક્ષત્રિયકન્યા પરણી શકે એવો એ કાળમાં ચાલ હતો, પણ તે સામાન્ય ધારો નહોતો. તેથી, દ્રૌપદીને બ્રાહ્મણો વેરે પરણેલી જોઈ, એની માતા ખૂબ દુઃખી થઈ. પણ પછી એને જ્યારે ખબર પડી કે, આ બ્રાહ્મણો તે બીજા કોઈ નહિ પણ પાંડવો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, ત્યારે એના જીવને ટાઢક વળી. પાંડવોની માતા કુન્તાના અકસ્માત્ નીકળી ગયેલા વચનનું પાલન કરવા દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની થઈ.

આમ દ્રુપદ જેવા સસરા મળ્યા એટલે પાંડવો સબળ થયા. તે જોઈને કૌરવોને તેમના ભાગનું અર્ધું રાજ આપવું પડયું. પાંડવોએ પોતાના અર્ધા રાજમાં નવી નગરી ઇન્દ્રપ્રસ્થની સ્થાપના કરી અને ત્યાં દ્રૌપદીની સાથે તેઓ રાજ કરવા લાગ્યા. તેમાં એમને બહુ સારી નામના મળી. અનેક રાજાઓ જોડે એમને મૈત્રી થઈ. તેમની સમૃદ્ધિ પણ ખૂબ વધી. આ બધો એમનો ઉત્કર્ષ જોઈને કૌરવો તો ઈર્ષાથી સળગી જતા હતા. થોડા વખત પછી પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો, એટલે તો બળતામાં ઘી હોમાયું. કંઈ પણ યુક્તિ પ્રયુક્તિ કરીને દ્રૌપદી તથા પાંડવોને હેરાન કરવાનું કૌરવોએ નક્કી કર્યું.

મામો શકુનિ, દુર્યોધન, દુઃશાસન અને કર્ણની ચંડાળચોકડી આ બાબતનો વિચાર કરવા ભેગી મળી. શકુનિએ યુક્તિ સુઝાડી કે, 'યુધિષ્ઠિર જુગારનો બહુ રસિયો છે, એટલે આપણે તેને જુગાર રમવા બોલાવીશું તો એ ના નહિ પાડે, અને પછી જુગારમાં આપણે એનું રાજપાટ પડાવી લઈશું.' કૌરવોએ યુધિષ્ઠિરને જુગારનું કહેણ મોકલ્યું. જુગારના આમંત્રણની ક્ષત્રિયથી ના પડાય નહિ એવી તે સમયની કુરૂઢિને વશ થઈ, યુધિષ્ઠિર જુગાર રમવા બેઠા. તેમાં તેમની ઉપરાઉપરી હાર થવા માંડી અને તેઓ બધું ગુમાવી બેઠા. હાર્યો જુગારી બમણું રમે એ ન્યાયે, અંતે પાંચે ભાઈઓ સમેત દ્રૌપદીને પણ તેમણે હોડમાં મૂકી! અને તેમાં પણ તે હાર્યા. દુર્યોધને હવે પાંડવોની આ અવશ દશામાં દ્રૌપદીને હેરાન કરવાનું આદર્યું.

૨

હસ્તિનાપુરના રાજદરબારમાં માણસોની ઠઠ જામી હતી. એક બાજુ ભીષ્મ દ્રોણ વગેરે પૂતળાની જેમ સ્થિર થઈને બેઠા હતા. બીજી એક બાજુ મનમાં ધૂંધવાતા અવશ પાંડવો માથાં નીચાં ઘાલીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠા હતા. અને એક બાજુ દુર્યોધન, શકુનિ, કર્ણ વગેરે વિશ્વવિજય કરીને આવ્યા હોય તેમ, મૂછો પર તાવ દેતા હતા. બધાની નજર દરવાજા તરફ હતી. એવામાં ઘવાયેલી વાઘણ જેવી પાંચાલી સભામાં દાખલ થઈ. એને મોઢે શ્વાસ માતો ન હતો. એની આંખમાંથી ક્રોધ વરસતો હતો. 'તમારો કાળ હવે આવી પહોંચ્યો છે. આ સભામાં ભીષ્મ અને દ્રોણ જેવા ધર્મજ્ઞ વડીલો બેઠા છે, આ સભામાં પ્રતાપી પાંડવો હયાત છે, છતાં દુઃશાસન મારો ચોટલો ખેંચી શકે છે! માટે કહું છું કે, ક્ષત્રિયો, તમારો કાળ હવે ભરાઈ ગયો છે. જગતમાંથી ક્ષત્રીવટ હવે પરવારી ગઈ છે.'— દ્રૌપદીએ ત્રાડ પાડીને કહ્યું.

'ચાલ ચાલ હવે, ક્ષત્રીવટવાળી ના જોઈ હોય તો! તું અને પાંડવો તો અમારાં દાસ છો. ચાલો, ઉતારો તમારાં કપડાં.' દુઃશાસને રુઆબથી એનો ઉત્તર વાળ્યો.

યુધિષ્ઠિરે ઊભા થઈ પોતાનું ઉત્તરીય ઉતારી દીધું અને તરત જ ભીમ, અર્જુન, નકુળ અને સહદેવે પણ પોતપોતાનાં કપડાં ઉતારી દીધાં. દ્રૌપદીની વારી આવી. 'કેમ તું કપડાં ઉતારે છે કે નહિ?' દુઃશાસન તડૂક્યો, અને દ્રૌપદીનું વસ્ત્ર તેણે ખેંચવા માંડ્યું. અસહાય દ્રૌપદી પ્રાર્થના કરવા લાગી: 'હે દ્વારિકાવાસી ગોવિંદ, હે ગોપીજનપ્રિય કૃષ્ણ, મારી લાજ તારા હાથમાં છે. તું અનાથનો નાથ છે અને શરણાગતનો બેલી છે.'

દ્રૌપદીનો આ આર્તનાદ ચૌદ લોકને વીંધીને ભગવાનને કાને પહોંચ્યો. હજાર હાથીના બળવાળા દુઃશાસનના હાથ હેઠા પડ્યા; દ્રૌપદીની લાજ રહી. એવામાં દુર્યોધને પોતાની સાથળ ઉઘાડી કરીને દ્રૌપદીને કહ્યું, 'આવ, અહીં બેસ.' આ જોઈ સઘળા સભાજનો નીચું જોઈ ગયા. પણ, આ બધું ગુજરતું જોઈ ભીમથી રહેવાયું નહિ, અને તેણે પ્રતિજ્ઞા કરી કે, 'આ દુઃશાસને દ્રૌપદીનો ચોટલો ખેંચ્યો છે, એટલે યુદ્ધમાં તેનો વધ કરી એના લોહીમાં એ ચોટલો બોળું, તો જ હું ખરો. અને આ બેશરમ દુર્યોધને દ્રૌપદીને પોતાની સાથળ બતાવી છે, તે સાથળના મારી ગદાથી ચૂરા કરું, તો જ હું ભીમ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમિયાન ધૃતરાષ્ટ્ર સભામાં આવી પહોંચ્યા. બધી વાત જાણીને તે શરમાયા અને તેમણે દુર્યોધન વગેરેને ધમકાવ્યા, અને પાંડવોને છૂટા કરાવી તેમનું રાજપાટ પાછું અપાવ્યું. આથી દુર્યોધન પિતા પર ચિડાયો તો ખૂબ, પણ તે વખતે તે લાચાર બની ગયો, જોકે મનમાંથી તેની દાઝ તો ઓલવાઈ ન હતી. તેણે ફરી યુધિષ્ઠિરને જુગાર રમવા બોલાવ્યા. ભલા યુધિષ્ઠિર ક્ષત્રિયધર્મનું (!) પાલન કરવા ફરી તૈયાર થયા! દુર્યોધને કહ્યું, 'જે હારે તે બાર વરસ વનમાં જાય અને એક વરસ અજ્ઞાત રહે.' યુધિષ્ઠિર કબૂલ થયા, રમ્યા અને હાર્યા!

૩

પાંચ પાંડવો તથા દ્રૌપદી બાર વરસને વનવાસે નીકળ્યાં. પાંડવો તો વનજીવનથી ટેવાયેલા હતા, પણ રાજમહેલમાં ઊછરીને મોટી થયેલી દ્રૌપદી માટે એ જીવન બહુ કષ્ટમય હતું. છતાં વનની બધી અગવડો તેણે સહન કરી. પોતાની દુરવસ્થા ઉપર એકાન્તમાં આંસુ ઢાળી બેસી રહે એવી તે સાધારણ સ્ત્રી ન હતી; તેમ જે આવી પડે તેનો ઉપાય કર્યા વિના નિષ્ક્રિય રહે એવી પણ તે ન હતી. યુધિષ્ઠિરની ઢીલી પોચી નીતિ તેને જરાય ગમતી નહિ. એટલે તેમને ટોણા મારી દુર્યોધનનો બદલો લેવાને તે ઉશ્કેર્યા કરતી. ક્યારે વનવાસ તથા અજ્ઞાતવાસ પૂરા થાય અને ક્યારે કૌરવોને તેમનાં દુષ્ટ કર્મોની સજા પાંડવો તથા પોતાના ભાઈ ધૃષ્ટદ્યુમ્ન પાસે કરાવું, તેવું તેને થયા કરતું. છેવટે બાર વર્ષ પૂરાં થયાં. અજ્ઞાતવાસનું તેરમું વર્ષ વિરાટ નગરમાં ગાળવાનો પાંડવોએ નિશ્ચય કર્યો. છયે જણ વેશ બદલી નાખીને વિરાટ નગરના રાજાને ત્યાં નોકરીમાં રહ્યાં. દ્રૌપદી સૈરંધ્રી નામ ધારણ કરી રાણીની દાસી તરીકે રહી.

વિરાટની રાણીનો ભાઈ કીચક બહુ દુરાચારી હતો. દ્રૌપદીનું રૂપ જોઈ એ મોહમાં પડ્યો અને તેને પજવવા લાગ્યો. એ રાજ્યમાં કીચકની એટલી બધી સત્તા ચાલતી હતી કે, ખુદ રાજા પણ તેને કંઈ કરી શકતો નહોતો. કીચકની કનડગતથી અકળાઈને દ્રૌપદી છાનીમાની એક દિવસ ભીમ પાસે ગઈ અને તેને બધી વાત કરી. ભીમે કહ્યું, 'એમાં શી મોટી વાત છે? હું આજે રાત્રે જ એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરો કરી નાખીશ. તું જરાય ગભરાતી નહિ.' અને તે જ રાત્રે ભીમે, કોઈ જાણે નહિ તેમ, કીચકને કચડી નાખ્યો. કોઈને ખબર પણ ન પડી કે કીચકને કોણે મારી નાખ્યો.

તેરમા વરસનો અજ્ઞાતવાસ પૂરો કરીને પાંડવો પાછા આવ્યા અને તેમણે પોતાનું રાજ્ય માગ્યું, ત્યારે કૌરવોએ એમને સોયની અણી ઉપર રહે એટલી જમીન પણ આપવાની ના પાડી. કૃષ્ણ જેવાએ વચ્ચે પડીને વિષ્ટિ કરી, પણ દુર્યોધન એકનો બે ન થયો. એટલે હવે લડવા વિના બીજો ઉપાય ન રહ્યો.

મહાભારતનું યુદ્ધ મંડાયું. હિંદુસ્તાનનાં આર્ય અનાર્ય બધાં જ રાજકુલોએ કૌરવપક્ષે કે પાંડવપક્ષે ભળી એ યુદ્ધમાં ભાગ લીધો. જાણે આખા આર્યાવર્તે યુદ્ધની આગમાં પતંગિયાની પેઠે ઝંપલાવ્યું. આ જ યુદ્ધમાં ભીમે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી: દ્રૌપદીની વેણી ખેંચનાર દુઃશાસનની છાતી ફાડી તેના રુધિરથી દ્રૌપદીની વેણી સીંચી ફરી બાંધી; અને ભર સભામાં દ્રૌપદીને જાંઘ દેખાડનાર દુર્યોધનની જાંઘો ગદાયુદ્ધમાં ભાંગી. આ જ યુદ્ધમાં દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને પિતાનું વેર વાળવા દ્રોણનો વધ કર્યો. પણ તેમાંથી નવો જ ફણગો ફૂટ્યો: દ્રોણપુત્ર અશ્વત્થામાએ પોતાના પિતાનો વધ કરનારને હણવાનો નિશ્ચય કર્યો. ધૃષ્ટદ્યુમ્નને તો તેણે માર્યો જ, પણ સાથે બધાય પાંચાલોને સુધ્ધાં પૂરા કર્યા, અને શિબિરમાં ઊંઘતા પાંડવોના પાંચ પુત્રોને પાંડવો ધારી મારી નાખ્યા. આ ખબર સાંભળતાં દ્રૌપદીની આંખમાંથી આગ વરસી: 'મારા પુત્રોને મારનારનો બદલો લેવો જ જોઈએ.' એટલે ભીમ અને અર્જુન ભાગી જતા ગુરુપુત્રને પકડી તો લાવ્યા, પણ તે બ્રાહ્મણ હોઈ અવધ્ય હતો. હવે શું કરવું? કૃષ્ણે વચલો રસ્તો કાઢી બતાવ્યો: અશ્વત્થામાને જાનથી મારવો એ તો સ્થૂલ વધ છે; પણ આપણે એના માથાનો મણિ હરી લઈએ, તો જીવતો છતો એ મરેલો જ ગણાશે. તે પરથી અર્જુને એનો મણિ લઈ લઈને તેને કાઢી મૂક્યો.

યુદ્ધ પૂરું થયું. તેની આગમાંથી પાંચ પાંડવો અને કૃષ્ણ ઉપરાંત યુદ્ધમાં ભાગ નહિ લેનારાં સ્ત્રીજનો તથા ધૃતરાષ્ટ્ર ને વિદુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલાં જીવતાં રહ્યાં. પાંડવોની જીત તો થઈ, પણ બીજી બાજુથી તેમાં કશું રાજી થવા જેવું ન રહ્યું. તેમણે યુદ્ધહિંસાના પાપની શાંતિને અર્થે અશ્વમેધ યજ્ઞ કર્યો; પરંતુ દ્રૌપદી તથા પાંડવોના દિલનો વિષાદ ન ટળ્યો તે ન જ ટળ્યો. તેમણે હવે વાનપ્રસ્થાશ્રમમાં જવાનું ઠરાવ્યું, અને અર્જુનના પૌત્ર પરીક્ષિતને રાજગાદી સોંપી તેઓ હિમાલયમાં ચાલ્યાં.

હિમાલયમાં પહોંચ્યા પછી યુધિષ્ઠિરે દ્રૌપદીને પૂછ્યું, 'હજી હસ્તિનાપુર જવાનો વિચાર થાય છે?' દ્રૌપદીએ કહ્યું, 'પહેલાં સમ્રાજ્ઞી થવાનો ખૂબ મોહ હતો. પણ આ યુદ્ધ જોયા પછી એની ભયંકરતાનો ખ્યાલ આવ્યો છે. આપણે સૌ કાળનાં રમકડાં છીએ એ હવે સમજાયું છે. પરમેશ્વરના ગૂઢ સંકેત પ્રમાણે આપણે બધાં લડ્યાં, હાર્યાં, જીત્યાં, અને છેવટે હવે હિમાલય તરફ જઈએ છીએ. આ બધું ચલાવનાર જે ભગવાન છે, તેમને મારા હજારો નમસ્કાર હજો.'

આટલું બોલતાં બોલતાં દ્રૌપદી જમીન પર ઢળી પડી, અને એ અતિ માનિની આર્ય સ્ત્રીનો પ્રાણ પૃથ્વી પરથી ઊડી ગયો.

સ્વાધ્યાય

૧. 'મહાભારત' શબ્દનો લાક્ષણિક અર્થ ખબર છે ને?

૨. કૌરવો પાસે બધું જ હતું છતાં શું કામ લડ્યા? એ એમના દુર્ગુણને શું કહેવાય?

૩. ઉત્તમ હિંદુ ધર્મગ્રંથ તરીકે પંકાયેલી ગીતા આ યુદ્ધ વખતે શ્રીકૃષ્ણે અર્જુનને કહેલી, એ ખબર છે?

૪. દ્રૌપદી અને સીતાના સ્વભાવની સરખામણી કરો. તમારી સભામાં ચર્ચાનો વિષય તે બની શકે.

૫. 'મહાભારતનાં પાત્રો' એ ચોપડીઓ વાંચો તો ભારત-કથા આખી જાણવા મળશે.

૬. 'વેરની આગ' એ પાઠ ૩૭મો તમારી મેળે વાંચી જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

'કવિ શામળ કહે ઉત્તર લખો'

૧

कोण पृथ्वीथी प्रौढ ? कोण अणुथी पण नानो ?
कोण पवनथी पहेल ? कोण देवोथी दानो ?
कोण इंदुथी विमळ ? कोण अग्निथी तातो ?
पयथी उज्ज्वळ कोण ? कोण मदिराथी मातो ?
वळी कवण तेज तरणि थकी ? कोण शर्कराथी गळी ?
कवि शामळ कहे, उत्तर लखो, तो तो पहोंचे मन रळी. १
कवण तरणथी तुच्छ ? कवण मणिथी छे मोंघो ?
स्वर्णथी शोभे कवण ? कवण कुशकाथी सोंघो ?
कवण बरासथी वहेक ? कवण काजळथी काळो ?
कवण लोहथी कठण ? कवण बाळकथी बाळो ?
वळी कवण वींछीथी वेदना ? कवण सरवथी छे गळी ?
शामळ, मेलुं शुं मेशथी ? कहो तो पहोंचे मन रळी. २

२

'ઉત્તર લખ્યો'

महीथी मोटुं दान, अणुथी लोभी नानो;
पवनथी पहेलुं मन, विवेक देवोथी दानो;
चंद्रथी निर्मळ क्षमा, क्रोध अग्निथी तातो;
दूधथी ऊजळो यश, अमल मदिराथी मातो;
छे तेज तरणिथी नेत्रनुं, गरज साकरथी छे गळी;
शामळ कहे, उत्तर लख्यो, पहोंची तेनी मन रळी. ३
तृणथी जाचक तुच्छ, मणिथी सद्‌गुण मोंघो;
स्वर्णथी शोभे सपूत, गरीब कुशकाथी सोंघो;
कीर्ति बरासथी वहेक, कपूत काजळथी काळो;
सूम लोहथी कठण, अज्ञ बाळकथी बाळो;
दुर्वचन वींछीथी वेदना, मिष्ट वाणी सौथी गळी;
छे कलंक मेलुं मेशथी, पहोंची तेनी मन रळी. ४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

કન્યાકુમારીનાં દર્શન

[ગાંધીજી ઈ. સ. ૧૯૨૫માં પોતાના હિંદના પ્રવાસ દરમિયાન કન્યાકુમારી ગયા, તે વખતે પોતે જે અનુભવ્યું તેનું વર્ણન 'નવજીવન'માં તેમણે લખેલું, તેમાંથી આ પાઠ ઘડચો છે. હિંદની એ દક્ષિણ સીમા કેવી ભવ્ય લાગતી હશે, તે આ વર્ણન પરથી પણ કાંઈક તો જણાશે.]

કાશ્મીરથી કન્યાકુમારી ને કરાંચીથી આસામ, એવી હિંદુસ્તાનની સીમા છે. ત્યાં હિંદુસ્તાનની ચારે દિશા પૂરી થાય છે. મથાળે હિંદુકુશરૂપી શિખર હિંદમાતાને સુશોભિત ને સુરક્ષિત રાખે છે. નીચે અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનાં શુદ્ધ જળ હિંદમાતાનું પાદપ્રક્ષાલન કરે છે. કન્યાકુમારી એટલે શંકર સરખા અવધૂત પણ સાક્ષાત્ દેવરૂપ જોડે વિવાહ અર્થે તપશ્ચર્યા કરતી પાર્વતી.

હિંદુસ્તાનનો આ છેડો છે, એટલે ત્રણ બાજુએ આપણે દરિયો જ જોઈએ છીએ. એ પાણી અહીં મળે છે, તેથી એ રંગનો પણ કંઈક ભાસ આવે છે. આપણું મુખ બરોબર દક્ષિણ તરફ હોઈ એક જ જગ્યાએથી આપણે ડાબી જમણી બાજુએ સૂર્યને ઊગતો ને આથમતો જોઈ શકીએ છીએ. એ દેખાવ જોવા જેટલો તો અમને સમય ન હતો; પણ સૂર્યને સવારના પહોરમાં તારાઓને નિસ્તેજ કરી બંગાળના 'મહોદધિ'માં સ્નાન કરી ઊગતો અને સાંજે સુવર્ણમય આકાશમાંથી ઊતરી પશ્ચિમના 'રત્નાકર'માં શયન કરવા છુપાઈ જતો આપણે કલ્પી શકીએ છીએ. ત્યાં રહેનાર દરબારી અતિથિગૃહના રક્ષકે તો છેવટે સૂર્યાસ્તનો ભવ્ય દેખાવ જોવાને રોકાવા અમને બહુ લલચાવ્યા; પણ ઘોડે, નહિ મોટરે, ચડીને આવેલ અમે એ રસ લૂંટવા ક્યાંથી રોકાઈ શકીએ? મેં તો હિંદમાતાના પાદ-પ્રક્ષાલનથી પવિત્ર થયેલા સમુદ્રનાં મોજાંથી મારા પગને પવિત્ર કરીને જ સંતોષ માન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિની શી રચના! પુરાણીનો શો રસ! અહીં હિંદુસ્તાનની સીમાએ, જ્યાં આપણી દુનિયાનો છેડો છે ત્યાં, ઋષિઓએ કન્યા-કુમારીના મંદિરની સ્થાપના કરી, ને પુરાણીઓએ તેમાં સાથિયા પૂરી તેને શણગાર્યું. મને ત્યાં સૃષ્ટિસૌન્દર્યનો રસ લૂંટવાની અભિલાષા ન રહી,—જોકે ત્યાં તો એ રસનાં કૂંડાં જ લૂંટાય છે. મને તો ત્યાં ધર્મના રહસ્યનું અમૃતપાન મળ્યું.

હજુ તો હું ત્યાંના સુંદર ઘાટ ઉપર મારા પગ સમુદ્રમાં બોળી રહ્યો હતો, ત્યાં મારા સાથીઓમાંના કોઈએ મને કહ્યું, 'પેલી ટેકરી ઉપર જઈ વિવેકાનંદ સમાધિસ્થ થતા.' આ વાત સાચી હો યા ન હો, પણ તદ્દન શક્ય હતી. સારો તરનાર ત્યાં સુધી તરી જઈ શકે. એ ટેકરીરૂપ બેટ ઉપર શાંતિનો તો પાર જ ન હોય. સમુદ્રમાં મોજાંનું મંદ અને મધુર વીણાગાન તો સમાધિને પોષે. એટલે મારી ધર્મજિજ્ઞાસા વધુ તીવ્ર થઈ. પગથિયાની બાજુએ જ એક ચબૂતરો બનાવ્યો છે. તેની ઉપર સોએક માણસ સુખેથી બેસી શકે. મને તો ત્યાં બેસી ગીતાજીનો પાઠ ગાવાની હોંશ થઈ આવી. પણ છેવટે તે પવિત્ર ઇચ્છા પણ દબાવી, ગીતાના ગાનારની મૂર્તિને જ મારા હૃદયમાં ભરી હું શાંત રહ્યો.

આમ પવિત્ર થઈ અમે મંદિરમાં ગયા. હું તો અસ્પૃશ્યતા-નિવારણનો હિમાયતી ને પોતાને ભંગી તરીકે ઓળખાવનારો; તેથી તેમાં મારો પ્રવેશ થઈ શકશે કે કેમ, એ વિષે જ જરા શંકા હતી. મેં મંદિરના અધિકારીને કહી દીધું કે, તેની દૃષ્ટિએ જ્યાં જવાનો મને અધિકાર ન હોય ત્યાં મને ન લઈ જાય; હું તે પ્રતિબંધને માન આપીશ. તેણે કહ્યું, 'માતાનાં દર્શન તો સાડાપાંચ વાગ્યા પછી જ થાય અને તમે તો ચાર વાગ્યે આવ્યા છો; પણ તમને બીજું બધું બતાવીશ. તમારે સારુ પ્રતિબંધ તો છેક જ્યાં દેવી બિરાજે છે, ત્યાં જવાની બાબતમાં તો ખરો; પણ તે તો વિલાયત જઈ આવેલા દરેકને સારુ છે.'

મેં કહ્યું, 'તો એ પ્રતિબંધનું હું સુખેથી પાલન કરીશ.' આટલી વાત પછી તે અધિકારી મને અંદર લઈ ગયો ને મને અંદરની બાજુએ થતી પ્રદક્ષિણા કરાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને મૂર્તિપૂજક હિંદુના અજ્ઞાન ઉપર દયા ન છૂટી, પણ તેના જ્ઞાનનું વિશેષ ભાન થયું. મૂર્તિપૂજાનો માર્ગ બતાવી એક ઈશ્વરના અનેક ન બનાવ્યા, પણ મનુષ્ય એક ઈશ્વરને તેનાં અનેકાનેક રૂપે પૂજી શકે છે ને પૂજ્યે જશે એ વસ્તુ શોધી, ને તે જગતને બતાવી. ભલે ખ્રિસ્તી કે મુસલમાન પોતાને મૂર્તિપૂજક ન માને. પણ પોતાની કલ્પનાને પૂજનાર પણ મૂર્તિપૂજક જ છે. . . . જેને જે રૂપે ગમે તે રૂપે તે ઈશ્વરને પૂજે. પથ્થર કે સોનારૂપાની મૂર્તિ બનાવી, તેમાં ઈશ્વરનું આરોપણ કરી, તેનું ધ્યાન ધરી, જે મનુષ્ય ચિત્તશુદ્ધિ કરશે, તેને પણ મોક્ષનો સંપૂર્ણ અધિકાર છે. આ બધું મને પ્રદક્ષિણા કરતાં વધારે સ્પષ્ટ થયું.

પણ ત્યાંયે મારા સુખમાં દુઃખ તો હતું જ. મને તો પ્રદક્ષિણા કરવા દીધી. છેવટ લગી મને ન જવા દે તે તો હું વિલાયત જઈ આવેલો તેને લીધે. પણ અસ્પૃશ્યોનો પ્રતિબંધ તો તેમના જન્મને લીધે. આ કેમ સહ્યું જાય? શું કન્યાકુમારી અભડાઈ જાય? શું પુરાતન કાળથી આમ જ ચાલ્યું હશે? એમ હોય જ નહિ, એવો અંતરનાદ આવ્યો. અને જો તેમ ચાલતું આવ્યું હોય તોયે પુરાતન છતાં તે પાપ જ છે. પાપ પોતે પુરાતન થયું એટલે તે પાપ મટી પુણ્ય બનતું નથી. એટલે આ કલંક દૂર કરવાને મહાયજ્ઞ કરવાની પ્રત્યેક હિંદુની ફરજ છે, એમ મને વિશેષ દૃઢ થયું.

સ્વાધ્યાય

૧. આગળ આવી ગયેલો અસ્પૃશ્યતાનો પાઠ અહીં યાદ કરો.

૨. પરદેશ જઈ આવેલાને મંદિરમાં કેમ નથી પેસવા દેતા?

૩. ગાંધીજી છેવટે જે પ્રશ્નો પૂછે છે એ તમારી ચર્ચાપરિષદમાં ચર્ચો.

૪. કન્યાકુમારી જવાનો રેલમાર્ગ ભૂગોળમાંથી જાણજો.

૫. કયા ધર્મ મૂર્તિપૂજામાં માને છે અને કયા નથી માનતા, એ જાણો છો? એ બધાએ માંહોમાંહે તકરાર ન કરવી જોઈએ, એ શાથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેરની આગ

[મહાભારતનું યુદ્ધ પૂરું થવા આવ્યું છે, તેવામાં રથમાં બેસી ગાંધારી, સંજય અને ધૃતરાષ્ટ્ર પ્રવેશ કરે છે.]

ધૃતરાષ્ટ્ર — વત્સ સંજય ! કહે, કહે, કુરુકુલનો એકમાત્ર અવશેષ એવો મારો પુત્ર દુર્યોધન ક્યાં છે ? તે જીવતો છે કે નહિ ?

ગાંધારી — બેટા ! જો તે સાચે જ જીવતો હોય, તો તે ક્યાં છે ?

સંજય — અરે, પેલા વડ હેઠળ મહારાજ દુર્યોધન એકલા બેઠા.

ગાંધારી — [ગળગળી થઈને] એકલો બેઠો છે ? હાય ! તેને પડખે તેના સો ભાઈ હવે ક્યાંથી હોય !

સંજય — બાપુ ! માજી ! હળવે રહીને રથમાંથી હેઠાં ઊતરો.

[બન્ને ઊતરે છે.]

[લજ્જાથી નીચે મોંએ દુર્યોધન બેઠો છે.]

સંજય — [પાસે જઈને] મહારાજનો જય ! માજી સાથે બાપુ પધાર્યા છે; જુઓ તો ખરા.

[દુર્યોધન મૂંઝાય છે.]

ધૃતરાષ્ટ્ર — બેટા દુર્યોધન ! યુદ્ધને અંતે તારા શરીરમાં પેઠેલાં બાણો જાળવીને ખેંચી કાઢ્યા બાદ તારું બખ્તર ખોલી નાખ્યું હોય, તારા જખમો ઉપર મલમપટ્ટા બાંધ્યા હોય, અને તારા પ્રિય મિત્ર કર્ણરાજાને અઢેલીને બેઠો બેઠો હારીને શાંત પડેલા રાજાઓને તું દૂરથી લીલાપૂર્વક નિહાળતો હોય, તે વખતે આવીને, 'બેટા, હવે બહુ દુખતું તો નથી ને ?' એવું પૂછવાનો દહાડો મારે પાપીને ન આવ્યો.

[ધૃતરાષ્ટ્ર અને ગાંધારી હાથ પસારતાં પસારતાં[1] પાસે આવી, તેને ભેટે છે.]

ગાંધારી — બેટા, એટલું બધું વાગ્યું છે કે, અમે આવ્યાં છીએ છતાં તારાથી બોલાતું નથી ?

ધૃતરાષ્ટ્ર — બેટા દુર્યોધન ! મારી સાથે પણ આવું કરીશ ? પહેલાં તો તું કદી આમ કરતો નહોતો.

---

૧. ગાંધારીએ પણ ધૃતરાષ્ટ્રની પેઠે આંધળી થવા લગ્નના દિવસથી જ આંખે પાટા બાંધી દીધા હતા, એ ખબર હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गांधारी — બેટા, તું પણ અમને નહિ બોલાવે, તો શું હવે દુઃશાસન વગેરે આવીને અમને બોલાવવાના છે? [રડે છે.]

दुर्योधन — મારા તમામ ભાઈઓનો નાશ થતો મેં નજરે જોયો, પણ તેમનો બદલો હું વાળી શક્યો નથી. તમારા બધા પુત્રોનો નાશ કરાવીને મેં તમો બંનેને આમ રડતાં કરી મૂક્યાં છે. પવિત્ર ભરતવંશમાં પાકેલા એવા કપૂતને હજી તમે તમારો પુત્ર ગણો છો?

गांधारी — બેટા, એમ ન બોલીશ. તું એકલો જીવતો હશે, તોપણ અમ આંધળાંની લાકડી છે. તું મારે દીર્ઘાયુષી થા. પછી મારે રાજ્યેય નથી જોઈતું, કે વિજયેય નથી જોઈતો.

दुर्योधन — મા! આ તે કેવી દીનતા? ઉત્તમ ક્ષત્રિયવંશમાં જન્મેલીને આવું બોલવું છાજે? પોતાના સો સો વીર પુત્રો મરવા છતાં તેમની ચિંતા તો કરતી નથી, ને મારા જેવા કપૂતને જીવતો રાખવા ઇચ્છે છે, એ તે તારી કેવીક વત્સલતા! પુત્રશોકથી તું ભાન ભૂલી ગઈ લાગે છે.

संजय — મહારાજ! 'ઘડો કૂવામાં પડી ગયો, માટે દોરડું પણ પાછળ નાખી દેવાય?'

दुर्योधन — એ કંઈ બધે જ લાગુ ન પડે. સાધ્ય જ ન રહ્યું, તો પછી સાધન શું કરવાનું? [રડે છે.]

धृतराष्ट्र — [દુર્યોધનને આલિંગીને] બેટા, ટાઢો પડ, અને મને તેમ જ દુઃખી થતી તારી માને ટાઢાં પાડ.

दुर्योधन — બાપુ, હમણાં તમારે ટાઢાં પડવાની વેળા નથી; હું કુંતીના બધા પુત્રોને મારી નાખું, ત્યાર બાદ તેની સાથે પુત્રશોક કરતાં કરતાં પણ તમે શોભશો.

गांधारी — બેટા, મારે તો તું એકલો જીવતો છે એટલે બહુ છે. હવે લડવાની વાત માંડી વાળ; તને પગે લાગું; અહીંથી જ તું પાછો ફરી જા; મારો બોલ રાખ.

धृतराष्ट्र — બેટા, તારી માનું વચન રાખ, તથા સગાંસંબંધી વિનાના બનેલા મારું કહેવું પણ સાંભળ. જેમની ઉપર મદાર બાંધીને તેં પાંડવોને તુચ્છકાર્યા હતા, તે દ્રોણ અને ભીષ્મ હવે ક્યાં છે? કર્ણની આશા રાખતો હોઉં, તો તેના દીકરાને તેની આંખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ જ મારી નાખીને અર્જુને આખા જગતને ચોંકાવી દીધું છે. દુશ્મનોએ મારા બધા પુત્રો મારી નાખ્યા; હવે તારા પૂરતી જ તેમની પ્રતિજ્ઞા અધૂરી રહી છે. માટે હવે તેમના પ્રત્યેનો તુચ્છકાર તજી દે, અને રણભૂમિમાંથી પાછો ફર.

દુર્યોધન — રણભૂમિમાંથી પાછો ફરીને પછી શું કરું?

ગાંધારી — બેટા, તારા બાપુ કે વિદુર જે કહે તે.

સંજય — દેવ! એ જ બરાબર છે.

દુર્યોધન — હજુ સલાહો આપવાની રહી છે શું?

સંજય — દેવ! વિજયની ઇચ્છાવાળો જ્યાં સુધી જીવતો હોય, ત્યાં સુધી ડાહ્યા પુરુષો તેને સલાહ આપી શકે.

દુર્યોધન — [સક્રોધ] તો આપ જ ડાહ્યા મારે યોગ્ય શી સલાહ આપો છો, તે જ પ્રથમ સાંભળી લઉં!

ધૃતરાષ્ટ્ર — બેટા, સંજય ખરું કહે છે, તેમાં તેના ઉપર ગુસ્સે શાને થાય છે? જો તું જરા શાંત થાય તો હું જ તને કાંઈક કહું. સાંભળ.

દુર્યોધન — કહો.

ધૃતરાષ્ટ્ર — બેટા, વિસ્તારથી કહેવાની શી જરૂર છે? હજુ પણ યુધિષ્ઠિર કહે તે શરતે તું તેની સાથે સમાધાન કરી દે.

દુર્યોધન — બાપુ! મા તો પુત્રશોકથી વિહ્વલ થઈ ગયાં છે, અને ન સમજે, એટલે એમ કહે; પરંતુ તમે પણ આવા ભાનભૂલા થશો! પણ તમારેય શો દોષ કાઢું? પુત્રશોક જ એવી વસ્તુ છે. પરંતુ પિતાજી, જરા વિચાર તો કરો કે, જ્યારે મારા સોયે ભાઈઓ જીવતા હતા, ત્યારે તો મેં વાસુદેવનું વિષ્ટિનું કહેણ તુચ્છકારી કાઢ્યું. અને હવે જ્યારે ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, સોયે ભાઈઓ, તથા બીજા મારા મિત્રરાજાઓ મરી પરવાર્યાં ત્યારે, માત્ર પોતાના શરીર ઉપરની મમતાને લીધે, હું પાંડવો સાથે સંધિ કરવા જાઉં? સહેજ પણ મોટાઈવાળા પુરુષને માટે એ કેવું શરમભરેલું થાય? તથા અંતે પણ તેમાંથી શું સુખ મળી જવાનું હતું? અને સંજય, તું મોટો રાજનીતિજ્ઞ થઈને એટલુંય જાણતો નથી કે, રાજાઓ તો પોતાનો પક્ષ ખંડિત થવા લાગે ત્યારે જ સંધિ કરવા તૈયાર થાય? એટલે દુઃશાસનને મારીને જાતે અખંડ રહેલા પાંડવો મારી સાથે સંધિ શું કામ કરે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धृतराष्ट्र — બેટા, એમ છતાં મારી વિનંતિ યુધિષ્ઠિર પાછી નહિ જ ઠેલે. ઉપરાંત તેને પણ નિરંતર ઉચાટ રહ્યા જ કરે છે.

दुर्योधन — શી વાતનો?

धृतराष्ट्र — બેટા, યુધિષ્ઠિરે એવી પ્રતિજ્ઞા લીધી છે કે, 'મારો એક પણ ભાઈ મરાશે, તોપણ હું જીવતો નહિ રહું.' અને રણસંગ્રામનો શો ભરોસો? ક્યારે કેવીય ધોખાબાજી થાય, અને હાથ ઘસતા રહી જવું પડે. એટલે પોતાના ભાઈઓના નાશની બીકે, તે તો તું કહે તે ઘડીએ સંધિ કરવા તત્પર રહેવાનો.

संजय — ખરી વાત છે.

गांधारी — બેટા, તારા બાપુ ઠીક કહે છે; તેમનું કહેવું માન.

दुर्योधन — બાપુ! મા! સંજય! પોતાનો એકાદ ભાઈ મરે તોય જાતે મરવાની પ્રતિજ્ઞા કુંતીનો છોકરો લે; અને દુર્યોધન તો તેના સો સો ભાઈ મરાય તોપણ જીવવાની ઇચ્છા રાખે! મારા ભાઈ દુઃશાસનનું ખોબે ખોબે લોહી પીનાર ભીમને ગદાની અણીએ ચીરી નાખીને દિશાઓમાં ફેંકી ન દઉં; પરંતુ ગરીબડો થઈ તેની સાથે સંધિ કરવા જાઉં!

गांधारी — હાય! હાય! બેટા દુઃશાસન! મારા લાડકા! યુવરાજ! જગતમાં કોઈનું આવું મોત સાંભળ્યું છે! અભાગણી ગાંધારી, તું સો વીરોને જન્મ આપનારી કહેવાઈ; પણ તેં સો પુત્રો નહિ, પણ સો દુઃખોને જ જન્મ આપ્યો.

[બધાં રડે છે.]

संजय — [આંસુ પાડતો] બાપુ! મા! તમે બંને તો મહારાજને સમજાવવા આ રણભૂમિ ઉપર આવ્યાં છો. જરા હૈયું કઠણ રાખો.

धृतराष्ट्र — બેટા દુર્યોધન! દૈવ આમ વાંકું થઈ બેઠું છે; અને તુંય તારી મમત છોડતો નથી. તો બાકી રહેલા એકલા તારા આધારવાળી તારી રાંક મા અને હું હવે શું કરીશું?

दुर्योधन — કહું હવે તમારે બંનેએ શું કરવું જોઈએ તે? પોતાના સાઠ હજાર પુત્રો મરી ગયા ત્યારે આપણા વડવા સગર રાજાએ શું કર્યું હતું? પોતે જાતે રાજ્યની ધુરા વહન કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા પુત્રો પણ આખા જગતને જીતી, ઐશ્વર્ય ભોગવી, શત્રુઓનાં મોં કાળાં કરી, હજારો રાજાઓના મુગટ પગની ઠેસે ઉડાવી, રણસંગ્રામમાં સામે મોંએ લડતા લડતા મરણ પામ્યા છે; તો હવે તમે બંને રાજગાદી સંભાળો. એથી બીજું કરવા જશો તો તેમાં ક્ષત્રીવટ નહિ હોય.

[નેપથ્યમાં મોટો હાહાકાર સંભળાય છે.]

ગાંધારી — [સાંભળીને, સભય] બેટા, આ હાહાકાર અને આ રણશિંગાનો અવાજ શાનો સંભળાય છે?

संजय — રણભૂમિ ઉપર તો આવા હાહાકારો થયા જ કરવાના.

धृतराष्ट्र — ભાઈ સંજય! જાણી લાવ તો; આ હાહાકાર તો બહુ મોટો તથા કારમો છે. તેનું કાંઈક ખાસ કારણ હોવું જોઈએ.

दुर्योधन — બાપુ, મહેરબાની કરો; આપણું નસીબ અવળું છે; નવું કાંઈ અશુભ સાંભળવાનું મળે, ત્યાર પહેલાં મને રણભૂમિ ઉપર પહોંચી જવા દો.

गांधारी — બેટા, ઘડીક ઊભો રહીને મને અભાગણીને શાંત પડવા દે.

धृतराष्ट्र — બેટા, હજુ પણ તારે લડવું જ હોય, તો દુશ્મનોનો ગુપ્ત રીતે વધ કરવાનો કંઈ ઉપાય વિચારી કાઢ.

दुर्योधन — વાહ! મારા ભાઈઓને તો તેમણે ઉઘાડેચોક હણ્યા; અને હું તેમને છાની રીતે મારવા જાઉં? મારા ભાઈઓના વધનો બદલો હું તેમની પેઠે ઉઘાડેચોક રણભૂમિ ઉપર જ ન લઉં, તો પછી તે લીધો ન લીધો સરખો જ છે.

गांधारी — બેટા, તું એકલો છે. તારી મદદમાં હવે કોણ છે?

दुर्योधन — મા, તારા દીકરાઓનો નાશ કરનાર હું જો એકલો છું, તો પાંડવો પણ કેટલાક છે? અત્યાર સુધી નસીબે તેઓની જ યારી કરી છે; પણ હવે તે નિષ્પક્ષપાતી થશે, અને પૃથ્વી પાંડવો વિનાની થશે.

[નેપથ્યમાં ફરી પાછો હાહાકાર સંભળાય છે.]

[દોડતો પ્રવેશ કરીને]

सारथि — મારી નાખ્યા બાપ! [નીચે પડતું મૂકે છે.]

दुर्योधन — શું છે? શું છે? જલદી કહે, જલદી કહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૃતરાષ્ટ્ર અને સંજય — કહે, કહે, શું થયું ?

સારથિ — બીજું શું ? કર્ણનો રથ ખાલી લઈને શલ્ય રાજા પાછા આવ્યા છે.

દુર્યોધન — હાય, પ્રિય મિત્ર કર્ણ ! [મૂર્છિત થાય છે.]

ગાંધારી — બેટા, શાંત થા, શાંત થા.

સંજય — મહારાજ, શાંત થાઓ, શાંત થાઓ.

ધૃતરાષ્ટ્ર — હાય, દૈવ, હાય. ભીષ્મ દ્રોણ માર્યા ગયા પછી મારા દીકરાનો જે એકમાત્ર આધાર હતો, તે શૂરો કર્ણ પણ ગયો. બેટા, શાંત થા, શાંત થા. હાય, દુષ્ટ દૈવ ! સો સો પુત્રોના નાશનું દુઃખ તો હજુ વેઠી રહ્યો છું, તેવામાં આ દુર્યોધનની પણ આશા મૂકવાની ઘડી આવી. બેટા, દુર્યોધન, શાંત થા, શાંત થા. તારી આ દુખિયણ માને ટાઢી પાડ.

દુર્યોધન — [જરા ભાનમાં આવી] ભાઈ કર્ણ, જરા તારા પ્રિય બોલ તો સંભળાવ. કોઈ દહાડો મારાથી જુદો પડ્યો નથી, અને કદી મને ન ગમતું કર્યું નથી; તો પછી આજે મને એકલો મૂકી ક્યાં જાય છે ? [ફરી મૂર્છિત થાય છે.]

[બધાં આશ્વાસન આપે છે.]

દુર્યોધન — મારો પ્રાણાધિક અંગરાજ મરી ગયા પછી જીવતા રહેતાં પણ શરમ આવે છે, તો પછી શાંત થવાની તો વાત જ ક્યાં ? મારા સગા ભાઈઓને શત્રુએ મારી નાખ્યા, તેમનો શોક થવો જોઈએ, છતાં મેં નથી થવા દીધો. પરંતુ મારા પ્રિય મિત્ર કર્ણની જેણે આ વલે કરી, તેના તો આખા કુળનું નિકંદન કાઢીને જ હું જંપીશ.

સ્વાધ્યાય

૧. દ્રૌપદીના પાઠમાં ભીમે દ્રૌપદીનું અપમાન કરનાર દુઃશાસનને મારવાનું જે પણ લીધું હતું તે તમે જોઈ ગયા. તે પ્રસંગ પરથી સંસ્કૃતમાં ‘વેણીસંહાર’ નામે નાટક રચાયું છે. આ પાઠ એમાંથી છે.

૨. વેર સામે વેર વધ્યા જ કરે છે, અને તેનો છેડો જ નથી આવતો, તે શી રીતે તે અહીં જુઓ. દીક્ષીતિનો પાઠ (૩ જો) યાદ કરો.

૩. ધૃતરાષ્ટ્ર કેમ પોતાના પુત્રને કાબૂમાં નહિ રાખી શકતા હોય ? ‘મહાભારતનાં પાત્રો’માંથી ‘ધૃતરાષ્ટ્ર’ વાંચો તો તેનો ઉત્તર મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮

પાટણપુરી પુરાણ !

[રોળાવૃત્ત]

अहीँयां सहस्रलिंग तळाव विशाळुं हतुं;
अहीँयां पाटण जूनुं अहीं आ लांबुं सूतुं;
अहीँयां राणीवाव तणां आ हाड पडेलां;
मोटा आ अहीं बुरज मळ्या माटीना भेळा : १
एम दॅई दॅई नाम करवीँ रहीँ वातो हावां !
पाटणपुरी पुराण ! हाल तुज हाल ज आवा !
गूजरातनो पूत रही ऊभो आ स्थळमां,
कोण एहवो जेह-नयन भींज्यां नहि जळमां ! २
जळ निर्मळ लॅई वहे कुमारी सरिता पेली;
नासे, पासे धसे, लाडती लाजे घेली;
ईश्वर-करुणा, खरे, वही आ नदी-स्वरूपे,
स्मित करी प्रीति भरे, भरे आलिंगन तुंपे. ३
तुंपे, पाटण ! दया धरंती ए सूचवती :—
भले काळनी गति मनुजकृतिने बूझवती,
मुज प्रेम-सरित-पूॅर वह्युं जाशे अणखूट्युं;
छो धनविभव लुटाय, झरण मुज जाय न लूट्युं. ४

સ્વાધ્યાય

૧. સ્વ૦ કવિ નરસિંહરાવ દિવેટિયા કૃત 'કુસુમમાળા'માંથી આ કાવ્ય છે.

૨. પાટણનાં ખંડેરો વચ્ચે ઊભા રહીને આ કાવ્ય યાદ કરો તો કવિએ આ કાવ્યમાં જે દુઃખ રેડ્યું છે તે પ્રત્યક્ષ થાય. પાટણ ગયા છો ? જૂની નગરીનાં ખંડેર જોવા જજો.

૩. જૂના પાટણનો ઇતિહાસ ખબર છે ? ગુજરાતનાં પ્રાચીન પાટનગરો ક્યાં ક્યાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯

સર સૈયદ અહમદ ખાન

હિંદની ભૂગોળમાં તમે અલીગઢ શહેરનું નામ શીખ્યા હશો. ત્યાં હિંદની જાણીતી મુસ્લિમ વિદ્યાપીઠ છે. અનેક મુસ્લિમ નવજુવાન ત્યાં આજ બી. એ. અને એમ. એ. સુધી ભણી શકે છે. તેની શુભ શરૂઆત એક સાદી કૉલેજ માત્રથી ઈ. સ. ૧૮૭૫માં સૈયદ અહમદ ખાન નામના એક માણસે કરી હતી. એક નવાઈની વાત છે કે સૈયદ અહમદ પોતે અંગ્રેજી ભણેલા નહોતા! પરંતુ તે સમજદાર અને જમાનો ઓળખી જાણનાર ચતુર પુરુષ હતા. જીવનમાં એમની એકમાત્ર ને મોટી ઝંખના એ હતી કે, પડતી દશામાં આવેલી મારી મુસ્લિમ કોમમાં અંગ્રેજી કેળવણી દાખલ કરીને મારે તેની સેવા કરવી છે. આ ઝંખના ફલીભૂત કરીને તે આ ફાની દુનિયામાંથી ગયા. આ કારણથી તેઓ અર્વાચીન હિંદના એક મોટામાં મોટા મુસ્લિમ નેતા તરીકે વખણાય છે.



તેમનો જન્મ ઈ. સ. ૧૮૧૭માં દિલ્હીમાં થયો હતો. તે એક ઊંચા ખાનદાન કુટુંબના નબીરા હતા. તેમના બાપ મોગલ બાદશાહની નોકરીમાં હતા. તેમની મા અજીજ-ઉન્નિસા પણ એક ખાનદાન કુટુંબની ભણેલી બાઈ હતાં. સૈયદ અહમદના બાળપણમાં જ એમના પિતા ગુજરી ગયા. તેથી બાળક અહમદને ઉછેરીને મોટો કરવાનું કામ તેની સુશીલ અને સુજ્ઞ માએ કર્યું હતું. તે જમાનામાં મુસ્લિમ બાળકોને ભણવાને માટે સવડો ઓછી હતી. બાળક અહમદને તેની માએ ઘેર જ ભણાવ્યો, અને મોટપણે અહમદે જે ગુણો તથા સમજ ખીલવ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો સંગીન પાયો નાખ્યો. પછીથી ખંત અને મહેનતથી આ ભણતરને વધારીને સૈયદ અહમદ પોતાના જમાનાના એક મોટા વિદ્વાન તરીકેની નામના કમાયા. અને એ નામનાની કદર વિલાયતમાં પણ થઈ.

આપણે ઉપર જોયું કે, સૈયદ અહમદની ઘરની સ્થિતિ સારી નહોતી. એટલે ૧૮ વર્ષની વયે ત્યારની કંપની સરકારની નોકરીમાં તે દાખલ થયા. થોડાં વર્ષ પછી તેમણે મુનસફની પરીક્ષા આપી; અને તેમાં તે આગલે નંબરે પાસ થયા, એટલે તેમને મુનસફની જગા મળી. આજની જેમ તે વખતે, આ નોકરી માટે, અંગ્રેજી ભાષાના જ્ઞાનની જરૂર નહોતી.

ઈ. સ. ૧૮૪૬ થી ૧૮૫૪ સુધી તેમની નોકરી દિલ્હી શહેરમાં હતી. આ વર્ષો દરમિયાન તેમણે દિલ્હી શહેરનાં ખંડેરો તથા સ્મારકો વગેરેનો અભ્યાસ કરી શહેરના જૂના ઇતિહાસ પર એક નિબંધ લખ્યો. એ નિબંધ એટલો અભ્યાસપૂર્વક લખાયો હતો કે, તેની નામના તે વિષયના એક પ્રમાણગ્રંથ તરીકે થઈ. એક ફ્રેંચ પંડિતે એનો અનુવાદ કર્યો, તે પરથી વિલાયતની રૉયલ એશિયાટિક સોસાયટી નામની વિદ્યાસભાનું ધ્યાન તે તરફ ખેંચાયું. તેણે, એ ગ્રંથની લાયકાત જોઈને, તેના લેખકને પોતાના સભ્ય બનાવી માન આપ્યું.

ઈ. સ. ૧૮૫૭ નો વિષમ કાળ આવ્યો. તે વખતે સૈયદ અહમદ બિજનોરમાં નોકરી કરતા હતા. ત્યાં તેમણે દેશી સિપાઈઓ જોડે વાટાઘાટ કરીને અનેક ગોરાં સ્ત્રીપુરુષોના જાન બચાવ્યા. અંગ્રેજી રાજ હિંદના ભલાને માટે છે, તે ભલે અહીં કાયમ રહે, એવી તેમની દૃઢ ભાવના હતી. આ વિષમ કાળમાં પણ તેમની તે ભાવના અચળ રહી હતી.

ઈ. સ. ૧૮૫૭ની આંધી પૂરી થઈ. કંપની સરકાર એમાંથી યશસ્વી રીતે પાર આવી. પણ પછીથી અંગ્રેજ અમલદારોએ દેશીઓ પર કારમી વેરની વસૂલાત આરંભી. ત્યારે પણ સૈયદ અહમદે, સ્થિરપણે નિર્દોષ દેશી ભાઈઓને પડખે ઊભા રહી, તેમનો બચાવ કર્યો. પણ એનાથી વધારે કદર લાયક વાત તો બીજી છે.

સરકારે એક બાજુ 'બળવાખોરો' પર વેર વાળવા માંડ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બીજી બાજુએ પોતાને તે વખતે મદદ કરનારાઓની ઉપર ઇનામ-અકરામ ને જાગીરો પણ વરસાવી. બિજનોરના કલેક્ટરે ભલામણ કરી કે, ‘બળવા’માં સરકારને મદદ કરવા બદલ સૈયદ અહમદને જાગીર આપવી જોઈએ. તે પરથી વાર્ષિક દોઢેક લાખની આવકનો એક તાલુકો તેમને આપવાનું ઠર્યું. પરંતુ આ દિલદાર હિંદીએ કહ્યું, ‘મારા દેશભાઈઓના લોહીથી ખરડાયેલી એવી જાગીર મને ન ખપે.’ અને પોતે જેવા હતા તેવા, મજૂરી કરી ખાતા એક સરકારી નોકર જ રહેવાનું તેમણે પસંદ કર્યું. તેમને દુનિયામાં ગરીબીનું દુઃખ નહોતું. એમના આત્મામાં જે વાત ડંખ્યા કરતી હતી તે પોતાની કોમની પછાત અને અજ્ઞાન દશા હતી. એટલે, એ દશા કેમ સુધરે, એની જ ઝંખના તે તો કરતા હતા.

‘બળવા’ પછી અંગ્રેજ અમલદારો એમ માનતા થયા હતા કે, હિંદના મુસ્લિમોમાં રાજ પ્રત્યે વફાદારી નથી. સૈયદ અહમદને આ બિલકુલ પાયા વગરનો વહેમ લાગતો. તે દૂર કરવા તેમણે ઈ. સ. ૧૮૬૦માં બળવા ઉપર એક પુસ્તક પણ લખ્યું. અને સરકારી અમલદાર તરીકેની પોતાની લાગવગ અને ઓળખાણ-પિછાન વાપરીને, પોતાની કોમ પર મનાયેલો આ ડાઘ ધોવા તેમણે ખૂબ મહેનત કરી. તેમાંથી એક એ ફળ તો ચોક્કસ આવ્યું કે, અંગ્રેજોમાં સૈયદ અહમદની મૈત્રી અને વફાદારી વિષે કોઈને કશી જ શંકા ન રહી. પોતાની ૪૦ વર્ષની લાંબી નોકરી દરમિયાન તેમણે અનેક અંગ્રેજ અમલદારો, ગવર્નરો અને વાઇસરૉયોની પણ પ્રીતિ સંપાદન કરી હતી, અને એથી એમનું ભવિષ્યનું કામ ઠીક સરળ પણ થયું.

પણ મુસ્લિમ કોમ પર મોટી આફત તો તેમની પછાત અને અજ્ઞાન દશાની હતી. પુરાણપ્રિય મુલ્લાંઓ નવી અંગ્રેજી વિદ્યાઓ ભણવા સામે ભય બતાવતા હતા કે, તેનાથી ધર્મભ્રષ્ટ અને નાસ્તિક થઈ જવાશે. આવા વાતાવરણમાં સૈયદ અહમદને કામ કરવાનું હતું. પોતાના કામની સત્યતા વિષે તેમને આત્મવિશ્વાસ હતો, એટલે ડર્યા વગર તેમણે આગળ વધવા માંડયું. પ્રથમ તેમણે પોતાના વિચારનો પ્રચાર આરંભ્યો. આ અરસામાં તેમની બદલી દિલ્હી પાસે ગાઝીપુરમાં થઈ હતી. તેમણે વિચાર કર્યો કે, અંગ્રેજીમાંથી ઉત્તમ ગ્રંથો જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉર્દૂમાં ઉતારવામાં આવે, તો લોક તે વાંચીને એમાંની નવી વિદ્યાઓ તરફ આકર્ષાય. તેથી ઈ. સ. ૧૮૬૯માં એમણે એક ભાષાંતર મંડળ કાઢ્યું. તે મંડળના કામમાં દેશી અને ગોરા સૌએ રસ બતાવ્યો. પરિણામે, મંડળ તરફથી ઠીક ઠીક સંખ્યામાં સારા અંગ્રેજી ગ્રંથોનાં ઉર્દૂ ભાષાંતરો બહાર પડ્યાં.

ઈ. સ. ૧૮૬૧માં સૈયદ અહમદ મોરાદાબાદમાં નોકરી કરતા હતા, ત્યારે ત્યાં એમણે એક અંગ્રેજી શાળા કાઢી. ગાઝીપુરમાં આવ્યા ત્યારે ત્યાં પણ એક શાળા કાઢી, જે આજ વિક્ટોરિયા કૉલેજ નામથી ચાલે છે. પરંતુ, આટલાથી તેમને સંતોષ નહોતો.

આ અરસામાં તેમના દીકરા સૈયદ મહમદને સરકાર તરફથી વિલાયત ભણવા જવાને માટે શિષ્યવૃત્તિ મળી. સૈયદ અહમદે વિચાર કર્યો કે, નોકરીમાંથી લાંબી રજા લઈને પોતે પણ વિલાયત જવું ને ત્યાંની શિક્ષણ-સંસ્થાઓ જોવી, જેથી પોતાના આગળના કામની યોજના વધારે ચોક્કસ ઘડી શકાય. એટલે બાપ દીકરો બેઉ ઈ. સ. ૧૮૬૯ના એપ્રિલમાં મુંબઈથી વિલાયત જવા ઊપડ્યા. ત્યાંની વિદ્યાપીઠોનો અભ્યાસ કરીને સૈયદ અહમદ ઈ. સ. ૧૮૭૦ના અંતમાં દેશમાં પાછા આવ્યા, ત્યારે તેમના વિચાર પાકા થયા હતા: તેમણે નક્કી કર્યું હતું કે, મુસ્લિમોની કેળવણીને માટે એક કૉલેજ સ્થાપવી. તેની પૂર્વ-તૈયારી કરવાને સારુ તેમણે સમાજ-સુધારાનું એક છાપું કાઢ્યું. આ છાપા દ્વારા તેમણે મુસ્લિમ કોમમાં નવા વિચારોનો પ્રચાર શરૂ કર્યો. જુનવાણી મૌલવી મૌલાનાઓ તો આથી એવા ચિડાયા કે, તેમણે મક્કા માણસો મોકલીને સૈયદ અહમદ સામે ફતવો મેળવ્યો કે તે આદમી કાફર છે – નાસ્તિક પ્રવૃત્તિ કરે છે. પરંતુ સૈયદ અહમદે એ ન ગણકારતાં પોતાનું કામ ચલાવ્યે જ રાખ્યું. કૉલેજને માટે તેમણે સહાનુભૂતિ મેળવવા માંડી તથા નાણાં ઉઘરાવવા માંડ્યાં, અને ઈ. સ. ૧૮૭૫ ના મે માસની ૨૪ મી તારીખે તેને વિધિસર ખુલ્લી મૂકવામાં આવી, અને ૧ લી જૂનથી તેનું કામ શરૂ થયું. કૉલેજની વ્યવસ્થાપક સમિતિના મંત્રી સૈયદ અહમદ હતા. બીજે વર્ષે — ઈ. સ. ૧૮૭૬ માં સરકારી નોકરીમાંથી તે છૂટા થયા, અને પછી અલીગઢમાં જ રહેવાનું રાખીને તેઓ એકચિત્તે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કામમાં અહોરાત લાગ્યા. બીજે વર્ષે કૉલેજનું પોતાનું મકાન તૈયાર થયું, તેનો પાયો હિંદના વાઇસરૉય લૉર્ડ લીટનને હાથે નંખાયો. આમ સર સૈયદ અહમદે પોતાની ઝંખનાને છેવટે મૂર્તિમંત કરી. તેમની વફાદારી તથા આ કામની કદર કરી સરકારે તેમને 'સર'નો ઇલકાબ આપ્યો. કૉલેજનું કામ પણ ધીમે ધીમે પોતાના જ બળથી વધતું ગયું.

અલીગઢ કૉલેજનું કામ થાળે પાડ્યા પછી સર સૈયદે એક નવું કામ ઉપાડ્યું, તે ઈ. સ. ૧૮૮૬માં મુસ્લિમ શિક્ષણ પરિષદ નામની અખિલ ભારતીય સંસ્થાની સ્થાપનાનું. આ સંસ્થા મુસ્લિમોમાં કેળવણીના પ્રચાર અર્થે કામ કરતી રહી છે, અને પ્રાંતે પ્રાંતે તેની શાખાઓ સ્થપાઈ છે.

આ પરિષદ દ્વારા સર સૈયદ હિંદના બીજા આગેવાન મુસ્લિમોના પરિચયમાં આવ્યા. પરિણામે દેશભરમાં તેમની નામના વધી. અલીગઢનું તેમનું કામ પણ દેશમાં આખી કોમમાં જાણીતું થયું. એ કામને તે, ઈ. સ. ૧૮૯૮માં તેમનું મરણ થયું, ત્યાં સુધી સંભાળતા રહ્યા. અને તેમના ગયા બાદ મુસ્લિમ કોમના આગેવાનોએ મળીને ઠરાવ્યું કે, અલીગઢ કૉલેજને વધારી ત્યાં મુસ્લિમ વિદ્યાપીઠ કરવી, એ જ સર સૈયદનું સાચું સ્મારક છે. એ કામ આજ પૂરું થયું છે અને અલીગઢ વિદ્યાપીઠ, તેના આદ્ય સંસ્થાપક, સર સૈયદ અહમદ ખાનના સ્મારક તરીકે, આજ આપણે જોઈએ છીએ.

સ્વાધ્યાય

૧. ૧૮૫૭નો ઇતિહાસ તમારે જાણવો જોઈએ. '૧૮૫૭' નામનું પુસ્તક વાંચો, તો તે કાળની સ્થિતિનો કાંઈક ખ્યાલ તમને આવશે.

૨. સર સૈયદ સુએઝને રસ્તે વિલાયત ગયેલા. ત્યારે નહેર ખોદાતી હતી. દ લેસેપ્સને તે મળ્યા હતા ને તેની જોડે અરબીમાં વાતચીત કરી હતી. તે સુએઝ ઊતરીને ભૂમધ્ય-કિનારે પહોંચ્યા હતા.

૩. જૂના વિચારના મુસલમાનો સર સૈયદને શરૂમાં નિંદતા હતા. હવે? વિરોધી વાતાવરણમાં કામ કરવા કયા ગુણો હોય તો સફળ થવાય તે વિચારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦

સામાજિક જવાબદારી

વિચારક પુરુષો કહે છે કે, આજે જગતમાં સામાજિક ગુણોની ભારે ઊણપ જણાય છે; તેથી કરીને આજના સમાજને ઘણું દુઃખ વેઠવું પડે છે. માણસ એક વ્યક્તિ તરીકેના વ્યવહારમાં સારો સુશીલ ને વિવેકી હોય છે; પરંતુ સામાજિક કામમાં તેના એ ગુણો ક્યાંય ઊડી જાય છે. આના અનેક દાખલા આપી શકાય. આપણા પોતાના સમાજના થોડાક દાખલા જોઈએ. આપણી ગંદકી જ જુઓ. આપણાં ઘર કેવાં સ્વચ્છ હોય છે! પણ આપણી પોળો, આપણી શેરીઓ, આપણાં ફળિયાં, આપણાં ગામડાં કેમ નથી હોતાં? એનું એક જ કારણ છે કે, આપણે સામાજિક જવાબદારીનો ગુણ જોઈએ તેટલો કેળવ્યો નથી; આપણે સામાના સુખ માટે બેદરકાર રહીએ છીએ. મારા આંગણાનો કચરો વાળીને હું પડોશીના આંગણામાં ફેંકું; મારી બારીએથી હું કચરો ફેંકું, પાણી ઢોળું, થૂંકું, અને એમ કરતાં નીચેથી ચાલનારનો ખ્યાલ સરખો ન કરું! આ કેવી બેજવાબદારી, કેવી બેદરકારી ગણાય!

કાયદામાં એક કહેવત છે કે, 'તમારી વસ્તુનો એવો ઉપયોગ કરો, જેથી બીજાને હાનિ ન પહોંચે.' એ માત્ર વકીલોને વિતંડાવાદ કરવાને સારુ નથી ઘડાયેલી, પણ એક ધાર્મિક સિદ્ધાંતની સૂચક છે. એ જ વાક્ય ગીતાજી બીજી રીતે કહે છે, 'જે મનુષ્ય પોતાને બીજામાં જુએ છે અને બીજાને પોતામાં જુએ છે, તે જ જોનારો છે, તે જ જ્ઞાની છે.' અહિંસાના આ સાર્વજનિક, સર્વોત્તમ અને મૂળરૂપ સિદ્ધાંતનો આપણે ડગલે ને પગલે ભંગ કરીએ છીએ, તેથી જ આપણને અને આપણા સમાજને અનેક આફતો અને પંચાતો વહોરવી પડે છે.

ઉપર એક ગંદકીનો જ દાખલો આપ્યો છે. પરંતુ મકાનની, ખેતરની, લેવડદેવડની, વગેરે અનેક બાબતોમાં ઊંડે ઊતરીને જોઈશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સ્પષ્ટ જણાશે કે, આપણે આપણો સમાજધર્મ બરોબર નથી બજાવતા તેથી ઘણા ગૂંચવાડા ઊભા થાય છે.

સુધરાઈએ કરેલી દીવાબત્તી, મોરી તથા રસ્તાની સવડ વગેરેનો તેમ જ રેલવે વગેરે બીજી સાર્વજનિક સુખસગવડોનો ઉપયોગ કરવામાં પણ જે અનેક જાતની બેદરકારી જોવામાં આવે છે, તેથી પણ કેટલો ત્રાસ વેઠવો પડે છે? આ બધામાં ઉપર કહેલું કાયદાનું કે ધર્મનું વાક્ય જો પાળવામાં આવે, તો કેટલો બધો ફેર પડે?

દેશના રાજતંત્ર અને સરકાર સાથેના વર્તનમાં પણ આવી જ ઊણપો જોવામાં આવે છે. આજના જમાનામાં પ્રજાતંત્ર એ લોકપ્રિય રાજપદ્ધતિ મનાય છે. એ પદ્ધતિની સફળતાની ચાવી પ્રજાની સામાજિક કેળવણીમાં રહેલી છે. પ્રજાના દરેક માણસે આખા દેશને પોતાના ઘર સમાન ગણીને અને તેમાં વસતા દરેકને પોતાના ભાંડુ બરોબર સમજીને વર્તતાં શીખવું જોઈએ. પોતાના દેશનું સ્વરાજ બરોબર ચાલે તેને સારુ જે જે ગુણો કેળવવા જોઈએ તે કેળવવાનો, તથા જે જે ફરજો અદા કરવી જોઈએ તે અદા કરવાનો, તેના દરેક શહેરીએ પોતાનો ધર્મ સમજવો જોઈએ. જે દેશમાં આ પ્રકારની સમજ ન વધે, તે દેશ જો સ્વરાજ ભોગવતો હોય તોપણ પોતાનું સ્વરાજ તે ન સંભાળી શકે, અને ત્યાંના લોકો સલાહસંપથી લાંબો કાળ એકત્રિત પણ ન રહી શકે.

એક જ દાખલો લઈએ. અમલદારોને લાંચરુશવત અપાય છે એ સૌ દેશોમાં બનતી વાત છે. પરંતુ જે દેશના પ્રજાજન પોતાના સમાજ-ધર્મમાં કેળવાયા હોય, તેઓ આવું પાપ કદી નહિ કરે. પોતાને સોંપેલું કામ કરવું એ દરેક સરકારી કે ખાનગી નોકરનું કર્તવ્ય છે. તે ન કરે તો એ દંડને પાત્ર થાય છે; દેશની એ અસેવા કરે છે. પરંતુ, એ લાંચ લે છે અને સ્વાર્થી અને સંકુચિત મનના લોકો પોતાનો નાનકડો લાભ જોઈને એ આપે છે. કેટલાંક ખાતાં તો લાંચિયાં તરીકે સૌ કોઈ ઓળખે છે. તે ખાતાંમાં કોઈ નોકર હોય તો એમ જ પુછાતું સાંભળ્યું છે કે, 'ભાઈ, શો પગાર મળે છે?' પછી બીજો સવાલ પુછાય, 'અને બીજું?' આ બીજું એટલે લાંચ. જાણે કે, પગાર જેટલો જ એના પર નોકરને અધિકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોય ! આ કુટેવને માટે આપણે અમલદારને જ એકલાને નિંદવો ન જોઈએ. તેને એ કુટેવ પાડનાર અને તેને નભવા દેનાર પ્રજાજનો પણ તેના જેટલા જ જવાબદાર છે. બલ્કે, તેઓ જ વધારે જવાબદાર છે, કારણ કે તેમણે જ તેને આ ટેવ પાડી છે; તેઓ ધારે તો તેની તે ટેવ તરત જ નાબૂદ કરી શકે.

આવી રીતે વિચારપૂર્વક પોતાનું વર્તન ઘડવું એ ધર્મદષ્ટિએ પણ જરૂરનું છે. અને એથી જ સમાજમાં યોગ્ય વર્તન રાખવું એ ધર્મનો પણ એક ભાગ છે. એ ભાગને સમાજધર્મ કહેવામાં આવે છે. એનો પાયો ઉપર કહેલી જવાબદારી કે પારકાના સુખની દરકારમાં રહેલો છે. આ ગુણમાંથી અનેક નાના મોટા બીજા ગુણો ફૂટે છે. તે બધા સામાજિક ગુણો પણ ચારિત્ર્યનો એક ભાગ ગણાય. તેથી દરેકે આ ગુણો સંભાળપૂર્વક પોતામાં કેળવવા જોઈએ. એમાં સજ્જનતા છે અને સફળ સ્વરાજની ચાવી પણ રહેલી છે.

સ્વાધ્યાય

૧. તમારી શાળાને અંગે કઈ જાતની સામાજિક જવાબદારી જરૂરની ગણાય ? કયા સામાજિક ગુણો તમારામાં હોવા જોઈએ ?

ગામના નાગરિક તરીકે પણ એ વિચારો. આ વિષે ચર્ચા પણ ગોઠવી શકો.

૨. લોક લાંચ શું કામ લેતા હશે ? શું કામ આપતા હશે ? તેમાંથી ઊગરવું હોય તો માણસે પોતા ઉપર કયો કાબૂ રાખવો જોઈએ ?

૩. સામાજિક જવાબદારીઓમાં, પ્રજાતંત્રના આ યુગમાં, મત આપવાની જવાબદારી મોટી વસ્તુ છે. તે સમજવા સારુ, તમારી મેળે 'ચૂંટણી અને મતાધિકાર'નો પાઠ પાછળ આવે છે તે વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧

મીઠી સાથે ભાત

[દોહરા]

डुंगर केरी खीणमां गांभु नामे गाम,
खेती करतो खंतथी पटेल पांचो नाम. १
सीम थकी छेटी हती वाडी एक विशाळ,
भोंय बधी भगरी अने रूडी अधिक रसाळ. २
नवाण छे नव कोसनुं, फरतां जंगी झाड,
रोपी तेमां शेलडी, वाध्यो रूडो वाढ. ३
पटलाणीए पुत्रनुं मुख दीठुं छे मांड;
मीठी उंमर आठनी वहेन लडावे लाड. ४
शियाळो पूरो थतां पाक्यो पूरो वाढ;
वाघ, शियाळ, वरु तणी रहेती वगडे राड. ५
केळ समी सौ शेलडी झूकी रही छे झुंड,
रस मीठानी लालचे भांगे वाडो भूंड. ६
चिचोडो बेसारवा, पांचे करी विचार,
बावळनां नथ बूतडी तुरत कर्यां तैयार. ७
सोंप्युं साथी सर्वने बाकी बीजुं काम,
साधन भेळुं सौ थवा तवा तावडा ठाम. ८
पटलाणी पेखी रही पटेल केरी वाट;
रोंढावेळा गई वही, पडतुं टाढुं भात. ९

[ભુજંગી]

कहे मा, 'मीठी, ले हवे भात आपुं,
कीको लाव मारी कने, जा तुं बापु;
हजी घेर आता नथी तुज आव्या,
भूख्या ए हशे वाढ कामे थकाया.' १०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'भले लाव, बा, जाउं हुं भात देवा,
दीठा छे कदी तें ऊँग्या मोल केवा ?
मॉठी केळशी शेलडी तो खवाशे,
दॅाठी छे टूॅकी वाट, जल्दी जवाशे.' ११
कही एम माथे लई भात चाली,
मूॅकी मार्ग धोरी टूॅकी वाट झाली. १२

[દોહરા]

वही जाय छे वेगमां मीठी भरती फाळ,
गणे न कांटा कांकरा, दोडे ज्यम मृगबाळ. १३
डुंगर झाडी गीचमां कोडे कूदती जाय;
सामो वाढ झझूमतो जोतां ते हरखाय. १४
'हमणां वाडी आवशे, हमणां आपुं भात,'
एम अधिक उतावळी दोडी मळवा तात. १५
बखोलमांथी बहार त्यां वाघ धस्यो विकराळ;
थपाट पाछळथी पडी, बाळा थई बेहाल. १६
भात ओढणी तो रह्युं झरडामां जकडाई;
मीठी बाळा मोतना पंजामां सपडाई. १७
वाघ उपाडी क्यां गयो ? कुदरतमां ककळाट !
वृक्ष ऊभां वीलां बधां ! सूनी बनी सौ वाट ! १८
सांज वही सूनकारमां ओढीने अन्धार;
रात रडे छे रानमां आंसुडे चोधार. १९
पहोंची घर पांचो करे, 'मीठी ! मीठी !' साद;
'मारे तो मोडुं थयुं, रोंढो न रह्यो याद.' २०
पटलाणी आवी कहे : 'मेली छे में भात,
मळी नथी तमने हजी ? रोकाणी क्यां रात ?' २१
'मळी नथी मीठी मने मारग धोरी वाट;
क्यहां गोत करवी हवे ? गई हशे पगवाट.' २२
बनी गयां ए बहावरां बन्ने मा ने बाप;
गयां तुरत ते गोतवा करतां कंई संताप. २३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नभथी चांदो नीरखी विलाय फीके मुख;
झांखां सर्वे झाडवां, दारुण जाणे दुःख. २४
'मीठी! मीठी!' पाडतां बूम घणी मावाप;
जवाब पाछो ना मळे, तेथी करे विलाप. २५
पळतां आगळ, पग महीं अटवायुं कंई ठाम;
ते तो घरनी तांसळी, भात तणुं नहि नाम. २६
खाली आ कोणे करी? हशे सीमनां श्वान;
मीठी कां मेली गई? बोले नहि कंई रान. २७
वळी पगे अटवाय छे झरडुं, नीचे जोय;
मीठी केरी ओढणी! पोके पोके रोय. २८
हा! मीठी, तुं क्यां गई? आ शुं? झमे रुधिर!
उत्तर एनो ना मळे: बधुंय विश्व बधिर. २९
निराश पाछां ए वळ्यां करतां अति ककळाट;
'मीठी मीठी' नामथी रडतां आखी वाट. ३०

वाढ गयो वेचाई ने वीती गई छे वात;
तोपण देखा दे कदी मीठी माथे भात. ३१

સ્વાધ્યાય

૧. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની 'લ્યૂસી ગ્રે' નામની કવિતા પરથી શ્રી. આવસથ્થીએ આ કવિતા રચી છે. અંગ્રેજી કવિતામાં, લ્યૂસી છોકરી છે તેને પિતાએ, એની મા ગામમાં ગઈ છે તેને લેવા, દીવો લઈને સામે મોકલી છે. ત્યાં રસ્તામાં અકસ્માતથી તે મરી જાય છે. મા એકલી ઘેર આવી જાય છે. પિતા પૂછે છે, 'લ્યૂસી ક્યાં?' માતાને મળી જ નથી, ત્યાં તે શું કહે? દુઃખી દંપતી આખું વન ખોળી વળે છે; પણ ગઈ પુત્રી ક્યાંથી મળે? 'સ્વર્ગમાં મળીશું,' એમ કહીને મન વાળે છે. અંતે કવિ કહે છે: 'તોપણ દેખા દે કદી લ્યૂસી જંગલવાટ.'

૨. આ કથા તમારી બા કે મોટી બહેનને ગાઈ સંભળાવો. તમે જો હસ્તલિખિત માસિક ચલાવતા હો, તો તેમાં તે વાત ગદ્યમાં લખો.

૩. પાંચા પટેલ ક્યાંના રહેવાસી હશે? ગોળ કેમ બને તે જાણો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨

ચલણી નાણાનો ગજબ

૧

મત્સ્યગંધ નામે કોળીઓનો એક રાજા હતો. સમુદ્રકાંઠાના પ્રદેશ પર એનું રાજ્ય હતું. આજુબાજુના દરિયા પર એની સત્તા પૂરેપૂરી જામેલી હતી. કોઈ પરદેશીની મગદૂર નહોતી કે, એની સત્તાની હદમાં એક નાનકડું વહાણ પણ લાવી શકે, અથવા એક માછલુંયે પકડી શકે, કે ખાલી છીપ પણ રેતી પરથી ઊંચકી શકે. એ અને એના કોળીઓની ન્યાત જ દરિયાને ખેડી બધા દરિયાઈ પદાર્થોને ખેંચતાં. કોડીં અને છીપથી માંડી મીઠું, માછલાં અને મોતી સુધી બધી દરિયાઈ નીપજનો ઇજારો એની અને એની કોળી પ્રજા પાસે જ હતો.

કાંઠાથી પચાસ માઈલ દૂર સીતાનાથ રાજાનું રાજ્ય હતું. સીતાનાથની પ્રજા ખેતીનો ધંધો કરતી. જંગલના પદાર્થો, ખનિજો વગેરેનું પણ ઉત્પન્ન થતું હતું. અનેક પ્રકારનાં કળાકૌશલ્ય અને કારીગરીમાં તેના લોકો પ્રવીણ હતા. છતાં કમનસીબે સીતાનાથનું રાજ્યતંત્ર નબળું પડ્યું. અંદર અંદરની ફૂટને લીધે રાજ્યમાં અંધાધૂંધી વ્યાપી. આ તકનો લાભ લઈ પડોશના પ્રાંતનો એક રાજા તેના પર આક્રમણ કરવાની તૈયારી કરવા લાગ્યો. સીતાનાથને પોતાના રાજ્યમાં વ્યવસ્થા સ્થાપવાનો કે દેશની રક્ષા કરવાનો એકે માર્ગ સૂઝ્યો નહિ. છેવટે તે મત્સ્યગંધને શરણે ગયો.

મત્સ્યગંધે સીતાનાથના દેશમાં વ્યવસ્થા સ્થાપવાનું અને તેનું બરાબર રક્ષણ કરવાનું બીડું ઝડપ્યું. સીતાનાથના દેશ પર સીતાનાથનું જ રાજ્ય રહે, પણ એની વ્યવસ્થા અને રક્ષા મત્સ્યગંધ રાજા પોતાના બાહોશ અમલદારો મારફત ચલાવે, અને તેના બદલામાં સીતાનાથની પ્રજા એક નાનકડો કર મત્સ્યગંધને આપે, એમ ઠર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર ખરેખર નજીવો હતો. કાંઠાથી થોડે દૂર આવેલા દરિયામાં એક વિચિત્ર પ્રકારની માછલી થતી. આ માછલીની છીપો કોળીઓનું પ્રિય ઘરેણું હતું. એક બાજુથી જુઓ તો તે રૂપાની જેમ ચળકતી; બીજી બાજુથી જુઓ તો તેમાં ઇંદ્રધનુષ્યના રંગ દેખાતા. સૂર્યના પ્રકાશમાં એ હીરા જેવી લાગતી; ચાંદનીમાં એમાં શુદ્ધ રૂપાનો ભાસ થતો; અને અમાસની અંધારી રાતે તારાનો પ્રકાશ પણ એમાં એક જાતનું શાંત, વિવિધ રંગોનું, ઝીણા ઝીણા વીજળીના દીવા જેવું તેજ ભરતો. એના નાનકડા અને નાજુક આકારને લીધે, શરીરના કોઈ પણ ભાગ ઉપર ધારણ કરી શકાય એવા એના જાત જાતના દાગીના બનાવી શકાતા. કોળી સ્ત્રી તેમ જ પુરુષો બંનેને એ દાગીનાનો બહુ શોખ હતો, અને તેનો ચેપ સીતાનાથની પ્રજામાંયે લાગ્યો હતો.

આ માછલીની એક એક ખાલી છીપ સીતાનાથની પ્રજાના દરેક કુટુંબે મત્સ્યગંધને દર મહિને આપવી, એટલો જ કર ઠરાવવામાં આવ્યો.

ખેડૂત પ્રજાની જે સેવા મત્સ્યગંધ બજાવવાનો હતો તે જોતાં, આ કર બહુ જ નજીવો લાગ્યો. કર બેસાડ્યો તે વખતે પણ આ છીપ બીજી દરિયાઈ નીપજ કરતાં જરા મોંઘી ગણાતી. છતાં, દસ તોલા અનાજ કરતાં તેની કિંમત વધારે નહોતી. એટલે કુટુંબ દીઠ વરસે ત્રણ શેર (ગુજરાતના, દોઢ શેર બંગાળી) અનાજનો કર લાગ્યો. મજબૂત કોળીનો તો એ એક જ દિવસનો ખોરાક ગણાય. મત્સ્યગંધ રાજાએ આટલા નજીવા બદલામાં જે સેવા બજાવી, તેથી એ રાજા સીતાનાથની પ્રજામાં બહુ યશ અને પ્રીતિ પામ્યો.

અને સાચે જ, મત્સ્યગંધ ઉદાર રાજા હતો. એની પ્રજાને ખાવાપીવાની મણા નહોતી. એના કોળીઓ મસ્ત શરીરના અને સુખી હતા. જમીનના શાંત ખેડાણ કરતાં દરિયાનું તોફાની ખેડાણ જ એમને વધારે પસંદ પડતું. આથી સીતાનાથના પ્રદેશની એમને પરવા નહોતી. આર્થિક લાભની દૃષ્ટિ કરતાં પોતાની સાહસી પ્રજાને પરદેશી સાથે લડવાનું અને પોતાની કુશળતા અને પરાક્રમ બતાવવાનું ક્ષેત્ર મળે, એટલી જ એની લાલચ હતી. આથી, એણે માત્ર નામનો જ આટલો કર ઠરાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા જ વખતમાં મત્સ્યગંધે સીતાનાથના રાજ્યમાં સુવ્યવસ્થા સ્થાપી દીધી, અને પાડોશી શત્રુને એની સીમમાંથી જ પાછો વાળ્યો. મત્સ્યગંધ રાજાનો ઠેર ઠેર જયજયકાર ગવાયો, અને સીતાનાથના રાજકવિએ એને 'ઉદારકીર્તિ'નું ઉપનામ આપ્યું.

કોઈને તે વખતે એવી કલ્પના નહોતી આવી કે, આટલો નાનકડો કર સીતાનાથની પ્રજાની પાયમાલીનું કારણ થઈ પડશે, અને મત્સ્યગંધની પ્રજાને અત્યંત શ્રીમંત કરી મૂકશે.

૨

કેટલાક મહિના તો આ કરનાં પરિણામો જણાયાં નહિ. ઘણા લોકો પાસે આવી છીપો દાગીનારૂપે હતી, તે એ લોકોએ કરરૂપે આપી. પણ પછી લોકોની પાસે ભેગી થયેલી છીપો ખૂટી પડી. સીતાનાથના રાજ્યમાં છીપો પાકતી નહોતી અને એ પ્રાપ્ત કરવાનું સીતાનાથની પ્રજાના હાથમાંયે નહોતું. એ તો મત્સ્યગંધની પ્રજાના હાથમાં હતું. એટલે મત્સ્યગંધની પ્રજાને છીપનો વેપાર કરવાનું સુખ થઈ ગયું. સીતાનાથની પ્રજાને દર મહિને કુટુંબ દીઠ એક એક છીપ તો જોઈએ જ, અને તે મત્સ્યગંધના કોળીઓ પાસે જ મળી શકે; એટલે તેણે તે વેચાતી લેવાની રહી.

જોતજોતામાં છીપના ભાવ વધી ગયા. ઉપર કહ્યું તેમ, સીતાનાથના પ્રજાજનો મોટે ભાગે ખેડૂત હતા. તેઓ દાણો આપીને છીપો લેવા લાગ્યા. કર બેઠો તે પહેલાં તેમને પાશેર અનાજની એક છીપ મળતી, તે ધીમે ધીમે શેર, બશેર અને મણ અનાજે પણ મળવાના સાંસા પડવા લાગ્યા. કહે છે કે, બદરીનારાયણમાં યાત્રાળુઓ દુકાનદાર પાસેથી આઠ આઠ આના આપી એક નાળિયેર લઈ તે નારાયણના મંદિરમાં મૂકે છે. પૂજારી તે નાળિયેર પાછું દુકાનદારને ત્યાં પહોંચાડે છે, અને એ રીતે એકનું એક નાળિયેર અનેક ઘરાકોને વારંવાર વેચાય છે. આમ થોડાંક નાળિયેર પર જ પૂજારી અને દુકાનદાર મળી વેપાર કર્યે જાય છે. મત્સ્યગંધના કોળીઓને અને સીતાનાથના દેશના છીપના વેપારીઓને તેવું જ ફાવતું થઈ ગયું. તેઓ સીતાનાથની પ્રજાને મણ અનાજ અને ક્યારેક ક્યારેક તેથીયે વધારે કિંમત લઈને એક છીપ આપે. ખેડૂત એ છીપ મહિનાને અંતે મત્સ્યગંધના કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઘરાવનારને પાછી આપે, અને પાછી બીજે મહિને એ જ છીપ ફરી મેળવવા પાછું મણ અનાજ આપે! સીતાનાથના દેશમાં આવાં પચાસ હજાર કુટુંબો હતાં. એટલે, જોકે દેખાવમાં તો માત્ર પચાસ હજાર નાનકડી નાજુક છીપલીઓનો જ કર હતો, છતાં વ્યવહારમાં એ દર મહિને પચાસ હજાર મણ અનાજનો કર થઈ બેઠો. આથી ખેતરોમાં પાક સારો ઊતરતાં છતાં, લોકોને અનાજની ખોટ જણાવા લાગી. એક નાનકડી છીપલી, જે ન ખાવા કામ લાગે, ન પીવા કામ લાગે, જેનો ઘરેણાં સિવાય બીજો કશો ઉપયોગ નહિ, તેણે કરરૂપે અવતરી કેર વર્તાવી દીધો.

દરમિયાન, મત્સ્યગંધ રાજા મરી ગયો અને તેનો પુત્ર મકરરાજ ગાદીએ આવ્યો. તેનામાં તેના બાપની ઉદારતા નહોતી. તેણે આ કરથી પોતાની પ્રજાને સમૃદ્ધ થતી જોઈ. તેથી છિપોલીનો એ કર કદી ન છોડવાની તેણે મનમાં ગાંઠ વાળી, અને એની છત બહુ ન થઈ જાય તેવા ઉપાયો લેવા માંડ્યા.

આથી સ્થિતિ વળી વધારે બગડી. સીતાનાથની પ્રજા ત્રાસી ગઈ અને કરનું સ્વરૂપ બદલવા આજીજી કરવા લાગી. મકરરાજે કરનું સ્વરૂપ બદલવાનું તો ન જ માન્યું, પણ કુટુંબ દીઠ માસિક એક છીપને બદલે રહેમિયત તરીકે ત્રૈમાસિક એક છીપ વસૂલ કરવાનું ઠરાવ્યું.

દેખીતી રીતે તો એણે એકદમ એક તૃતીયાંશ કર કરી નાખ્યો. પણ આ રાહતથી સીતાનાથની પ્રજાને ઝાઝો લાભ થયો નહિ. છીપની સંખ્યા પર મકરરાજનો અંકુશ હતો જ. એટલે પરિણામે માત્ર છીપની કિંમત વધી અને પ્રજા હતી ત્યાં ને ત્યાં જ રહી!

૩

આ તો એક કાલ્પનિક કથા કે રૂપક છે. પરંતુ મહાન રશિયન લેખક અને વિચારક, લિયો ટૉલ્સ્ટૉયે તેની એક ચોપડીમાં આવો જ પણ ઐતિહાસિક દાખલો ટાંક્યો છે, અને તેમાં બતાવ્યું છે કે, ધાતુનો સિક્કો કેવી રીતે એક ઉમદા અને મહેનતુ પ્રજાની ગુલામીનું કારણ બન્યો.

આ પ્રજા તે આપણે જેને ફીજીના લોકો કહીએ છીએ તે છે. તેઓ ન્યૂ ઝિલૅન્ડ અને તેની પાસેના ટાપુઓમાં રહે છે. તેઓ સરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતી કરી જાણે છે અને સુંદર ઢોર ઉછેરે છે. તેમને પોતાનો રાજા હતો અને તે પોતાનું રાજ્ય સારી રીતે ચલાવી જાણતો હતો. ઈ. સ. ૧૮૫૯માં ગોરી પ્રજાના સંબંધમાં આવતાં આ રાજાને નાણાંની જરૂર પડી. ફીજી લોકોએ અમારા ઉપર જુલમ કર્યો છે અને અમને નુકસાન કર્યું છે એમ કહી, ગોરી પ્રજાએ તેની નુકસાની બદલ તેમની પાસેથી ૪૫ હજાર ડૉલરનો દંડ માગ્યો. આ લોકો અન્ન અને ઢોર રૂપી ધનસંપત્તિ તો આપી શકે; પરંતુ સોનારૂપાનો સિક્કો ક્યાંથી લાવે? એટલે પેલા સીતાનાથની ખેડૂત પ્રજાના છીપ મેળવતાં જેવા હાલ થયા, તેવા ફીજીના લોકોના આ ડૉલર મેળવતાં થયા. તેમને પોતાની મોંઘી મજૂરી આપી આપીને સોનૈયા ને રૂપૈયા આણવા પડ્યા. તેમાંથી તેઓ આજ પરદેશી ગોરાઓના રાજ્યમાં ફસાઈ પડ્યા છે. ખરેખર, આ નાણાંનો પ્રશ્ન એવો અટપટો છે કે, વિચારકો તો એમના વિચારમાં એટલે સુધી પહોંચ્યા છે કે, આ નાણાંને લીધે સમાજમાં ઘણાં અન્યાય અને અવ્યવસ્થા તથા જુલમ ઊભાં થવા પામ્યાં છે. નાણાં ન હોય અને જો જૂના જમાનામાં લોક જેમ અદલોબદલો કે વસ્તુઓનો વિનિમય કરીને કામ ચલાવતા હતા એમ કામ ચલાવાય, તો સરવાળે સમાજ વધારે સુખી થાય. આ સવાલો વિદ્યાર્થીઓએ મોટપણે સમજવા જેવા છે.

સ્વાધ્યાય

૧. આપણું ચલણી નાણું શેનું હોય છે?

૨. વસ્તુઓની આપલે સામાન્ય બજારમાં થાય છે એ તો તમે જાણો છો. પણ એક દેશ બીજા દેશ જોડે આપલે કરે છે તે તમે જાણો છો? તેમાંથી દુનિયાનો વેપાર ઊભો થાય છે. અને એમાં ચલણી નાણાંનો ઉપયોગ ખૂબ અટપટો હોય છે. આ પાઠની વાત પરથી તેની તમને થોડીક સમજ પડવી જોઈએ. સમજવા મન થાય તો કોક વધારે જાણકાર મળે તેને પૂછીને જાણજો.

૩. 'ત્યારે કરીશું શું' નામની ટૉલ્સ્ટૉયની ચોપડી વાંચો તો ફીજીના દાખલાનો હેવાલ મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩

ન્યાય કે દયા?

ભૂમધ્ય સમુદ્રને કાંઠે આવેલા વેનીસ નામના સુંદર શહેરમાં ઍન્ટોનિયો અને બેસેનિયો નામના બે મિત્રો રહેતા હતા. ઍન્ટોનિયો એક ધનાઢ્ય વેપારી હતો; દરિયાઈ માર્ગે પૂર્વના દેશો સાથે એનો પુષ્કળ વેપાર ચાલતો, અને એનાં વહાણો લાંબી સફરે જતાં. બેસેનિયોને પોર્શિયા નામની એક પૈસાદાર કન્યા સાથે પ્રેમ બંધાયો હતો. પણ પોતે ગરીબ હોવાથી એને ગામ મળવા માટે પણ ભાગ્યે જઈ શકતો. એક વાર એણે ઍન્ટોનિયોને કહ્યું: 'ભાઈ! થોડાક પૈસા આપે તો હું પોર્શિયાને મળી આવું.' ઍન્ટોનિયોનું સઘળું ધન એના વહાણમાં પડેલું હતું; અને પોર્શિયાને ત્યાં જતાં શોભે એટલું દ્રવ્ય એ બેસેનિયોને આપી શકે તેમ નહોતું; તેથી તેણે શાઇલૉક નામે એક યહૂદી શરાફ પાસે એને નાણાં ધિરાવ્યાં. શાઇલૉકે મશ્કરીનો દેખાવ કરી કહ્યું કે, 'જો ભાઈ! હું તારા તરફથી નાણાં આપું છું તો ખરો, પણ ત્રણ મહિનામાં તું તે પાછાં નહિ અપાવે, તો તારા શરીરનું એક શેર માંસ હું કાપી લઈશ.' શાઇલૉક કેવો લુચ્ચો છે એ બેસેનિયો જાણતો હતો, અને તેથી એ દુષ્ટ લોભીને આવી કબૂલત ન આપવી એમ તેણે ઍન્ટોનિયોને કહ્યું. પણ ઍન્ટોનિયોને ખાતરી હતી કે, પોતાનાં વહાણ ત્રણ માસ પહેલાં જરૂર આવશે, તેમ એને બેસેનિયો ઉપર સ્નેહ ઘણો હતો; તેથી તેણે આ શરત ખુશીથી કબૂલ કરી, અને એ બાબતનો શાઇલૉકને દસ્તાવેજ પણ કરી આપ્યો.

બેસેનિયો એ પૈસા લઈ પોર્શિયાને ગામ ગયો. આ દરમિયાન પોર્શિયાનો બાપ મરી ગયો, અને તે મરતાં મરતાં પોર્શિયાને એટલું કહેતો ગયો કે, 'હું તને સોનાની, રૂપાની અને સીસાની આ ત્રણ પેટીઓ આપું છું. તેની દરેકની ઉપર એક એક લેખ છે, અને તેમાંની એકની અંદર તારી છબી છે. તારી પાસે પૈસા જોઈ તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા લોક પરણવા આવશે; પરંતુ તેઓને આ પેટીઓ બતાવજે, અને તેમાંથી એક પસંદ કરવા કહેજે, અને જેની પસંદ કરેલી પેટીમાં તારી છબી નીકળે તેને તું પરણજે.' સોનાની પેટી ઉપર લખેલું 'બહુને ગમતું'; રૂપાની પેટી ઉપર લખેલું 'તમને ઘટતું'; અને સીસાની પેટી ઉપર લખેલું 'સૌ ખોઈને'.

બેસેનિયોના આવતાં પહેલાં, પોર્શિયા પાસે એક આફ્રિકાનો અને બીજો ફ્રાન્સનો એમ બે રાજા આવી ગયા હતા. આફ્રિકાના રાજાએ જાણ્યું કે, 'બહુને ગમતું બીજું શું હોય? પોર્શિયાની જ છબી હોવી જોઈએ.' એમ ધારી એણે સોનાની પેટી ઉપાડી. અંદર પોર્શિયાની છબીને બદલે 'ચળકે તેટલું સોનું જ ન હોય' એવા શબ્દો નીકળ્યા! ફ્રાન્સનો રાજા અભિમાની હતો. તેણે વિચાર્યું કે, 'મારા યોગ્ય પોર્શિયા સિવાય બીજું કોણ હોય?' એમ ધારી તેણે રૂપાની પેટી લીધી. પણ તેમાંથી પોર્શિયાની છબી ન નીકળતાં 'ધોળું તેટલું દૂધ જ ન હોય' એવા શબ્દો નીકળ્યા! આ પ્રમાણે બે ઉમેદવારોની તો વલે થઈ ગઈ હતી. પણ બેસેનિયોનું શું થશે એમ વિચારતી પોર્શિયા બેઠી હતી, એટલામાં બેસેનિયો આવ્યો, અને પિતાની આજ્ઞા પ્રમાણે એને પણ એ ત્રણે પેટીઓની કસોટીએ ચડાવવો પડ્યો.* બેસેનિયોના મનમાં હતું કે, સૌ ખોઈને — આ સંસારમાં સર્વસ્વનો ત્યાગ કરવો પડે તો તે કરીને — પણ મારે પોર્શિયાને પરણવું; અને પોતાના મનનો આ ભાવ તેને સીસાની પેટી ઉપર લખેલો દેખાયો, તેથી તેણે એ જ પસંદ કરી. ઉઘાડીને જુએ છે તો અંદર પોર્શિયાની છબી! આથી પોર્શિયા અને બેસેનિયો બંને હર્ષ પામ્યાં; અને તેઓએ પરણવાનો દિવસ નક્કી કર્યો.

એટલામાં દૈવયોગે એવું બન્યું કે, ઍન્ટોનિયોનાં વહાણ દરિયામાં તોફાને ચડી ગયાં છે, અને શાઇલૉકનાં નાણાં ભરવાની મુદત પાસે આવી છે, એવી મતલબનો વેનીસથી પત્ર આવ્યો. આ વાંચતાં જ બેસેનિયો ગભરાયો, અને પોતાના મિત્ર ઉપર શાઇલૉક જુલમ

* પેટીનો સંકેત ગુપ્ત રહે તે સારુ, પોતે ઉપાડેલી પેટીમાંથી શું નીકળ્યું તે ગુપ્ત રાખવાના સોગંદ દરેક ઉમેદવારને પહેલેથી લેવા પડતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજારે તે પહેલાં પોતાનો પ્રાણ એને અર્પવા નિશ્ચય કરી, તેણે વેનીસ જવા પોર્શિયાની રજા માગી. પોર્શિયાએ કહ્યું : 'મને પરણો અને મારું સર્વ ધન લઈ જાઓ, અને શાઇલૉકને જે માગે તે આપો, અને તમારા મિત્રને બચાવો.' બેસેનિયો પોર્શિયાને પરણ્યો, અને શાઇલૉકને આપવા માટે દ્રવ્ય લઈ વેનીસ જવા નીકળ્યો. પણ તેના પહોંચતા પહેલાં તો શાઇલૉકે ઍન્ટોનિયોને કેદમાં નંખાવ્યો હતો!

બેસેનિયોના આવ્યા બાદ વેનીસના રાજા પાસે કામ ચાલ્યું. ઍન્ટોનિયો તો પોતે કબૂલ કરેલી શરત પ્રમાણે પોતાનું માંસ કપાવવા તૈયાર થયો, પણ રાજાને દયા આવી અને એના પ્રત્યે દયા રાખવા શાઇલૉકને ઘણું કહ્યું. પણ ઉદારતાથી ગરીબને નાણું ધીરનાર આ વેપારી ઉપર, જેની તેની પાસેથી પૈસા ઓકાવનાર લોભી શાઇલૉકને બહુ દહાડાનું વેર હતું, અને તેથી તેણે માન્યું નહિ. બેસેનિયોએ બમણાં નાણાં આપવા માંડ્યાં, પરંતુ તે લેવા પણ તે દ્વેષી શાઇલૉકે ના પાડી, અને 'મને તો ઍન્ટોનિયોનું શેર માંસ કાપવા દો' એમ હઠ લઈ બેઠો.

રાજાએ કહ્યું : 'અરે ભલા માણસ, તું બીજા ઉપર દયા નહિ રાખે, તો પ્રભુ તારા ઉપર કેમ રાખશે?'

શાઇલૉકે ઉત્તર દીધો : 'મારે દયા ન જોઈએ; મારે તો ન્યાય જોઈએ.'

રાજા આ સાંભળીને મૂંઝાઈ બેઠો હતો, એટલામાં એક કાયદાશાસ્ત્રી કચેરીમાં આવ્યો, અને તેની સલાહ પ્રમાણે આ કામનો ચુકાદો કરવો એમ ઠર્યું. એણે બંને પક્ષની હકીકત સાંભળી શાઇલૉકને દયા રાખવા વિનંતી કરી; અને બેસેનિયોએ પણ દસ ગણાં નાણાં આપવા માંડ્યાં, છતાં તે લેવા શાઇલૉકે સાફ ના પાડી. પેલા વિદ્વાન કાયદાશાસ્ત્રીએ ઍન્ટોનિયોને પોતાની છાતી ખુલ્લી કરવા કહ્યું. તે સાંભળી શાઇલૉક તો હરખાઈ ગયો, અને વારંવાર 'વાહ વાહ!' અને 'શાબાશ, શાબાશ!' એવા શબ્દો કાઢવા લાગ્યો.

કાયદાશાસ્ત્રીએ શાઇલૉકને પૂછ્યું : 'કેમ! તમારી પાસે માંસ કાપવા માટે છરી અને તોલવા માટે ત્રાજવું તૈયાર છે કે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાઇલોકે કહ્યું : 'હાજી, હું બધો સામાન ઘેરથી લઈને જ આવ્યો છું.'

'કાપ્યા પછી એની સારવાર કરવા માટે શસ્ત્રવૈદને લાવ્યા છો ?'

'એ તો અમારા કરારમાં નથી.'



'વારુ! ત્યારે હવે કોર્ટ ફરમાવે છે કે, 'એન્ટોનિયોની છાતીમાંથી એક શેર માંસ તારે કાપી લેવું; પણ તેમ કરતાં જો લોહીનો એક છાંટો પણ બહાર નીકળશે, તો તારી સઘળી મિલકત જપ્ત કરવામાં આવશે!''

આ હુકમ સાંભળતાં જ શાઇલોક તો સ્તબ્ધ થઈ ગયો. લોહીનું ટીપું પણ નીકળે નહિ એમ માંસ શી રીતે કપાય! તેથી પોતાની અતિ દુષ્ટ માગણી છોડી દઈને તેણે કહ્યું : 'ભાઈ! મને મારાં નાણાંનાં ત્રણ ગણાં અપાવો એટલે બસ છે.'

પેલા વિદ્વાને કહ્યું : 'ના, તારે તો ન્યાય જોઈએ!'

'અરે સાહેબ, મને મારી મૂળ રકમ અપાવો એટલે બસ છે. મારે બીજું કાંઈ નથી જોઈતું.'

'અરે દુષ્ટ, હવે સવાલ જવાબ કેવા? તારે ન્યાય જોઈએ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાઇલૉકે કચેરી છોડી જતા રહેવા માંડ્યું, એટલે પેલા વિદ્વાને એને અટકાવી કહ્યું : 'હજી કેસ પૂરો નથી થયો. જાય છે ક્યાં? અહીંની રૈયતનો જીવ લેવા કોઈ પણ પરદેશી યત્ન કરે, તો તેને માલ જપ્ત અને દેહાંતદંડની શિક્ષા આ રાજ્યના કાયદામાં ઠરેલી છે. તારે તો એ ન્યાય પણ જોઈએ!'

આ શબ્દ સાંભળતાં જ શાઇલૉક તો 'હાય રે' કરીને રડી પડ્યો અને દયા માટે આજીજી કરવા લાગ્યો. ઉદાર ઍન્ટોનિયોએ એને દેહાંતદંડ માફ કરવા રાજાને વિનંતી કરી; અને તેની બધી મિલકત જપ્ત થશે તો આ લોભી યહૂદી છાતી ફાટીને મરી જશે એમ જાણીને, જપ્તીના માલનો અર્ધો ભાગ જે કાયદેસર પોતાને મળવાનો હતો, તે પણ શાઇલૉકને આપી દેવા દરખાસ્ત કરી! અને એમ કેસ પૂરો થયો.

આ કાયદાશાસ્ત્રી તે કોણ હતું? પુરુષવેશે આવેલી પોર્શિયા! તેણે એકદમ ઘેર જઈ વેશ બદલી નાખ્યો, અને બેસેનિયો ઘેર આવ્યો ત્યારે તેને પોતે આપેલી લગ્નની વીંટી તેની પાસે માગી. પણ બેસેનિયો તે ક્યાંથી આપે! એ તો એને કચેરીમાં કાયદાશાસ્ત્રીને એના કામના બદલામાં આપવી પડી હતી. પોર્શિયાએ એ વીંટી પોતાની આંગળી ઉપરથી કાઢીને બેસેનિયોને આપી, ત્યારે બેસેનિયોએ તે ઓળખી અને જાણ્યું કે, આ સર્વ ઉપકાર બુદ્ધિશાળી પોર્શિયાનો જ હતો.

સ્વાધ્યાય

૧. પ્રખ્યાત અંગ્રેજ કવિ શેકસપિયરે લખેલા એક નાટકની આ વાત આ૦ આનંદશંકર ધ્રુવે તેમના 'નીતિશિક્ષણ' પુસ્તકમાં આપી છે, તે ઉપરથી આ પાઠ તૈયાર કર્યો છે. એમની એ આખી ચોપડી વાંચવા જેવી મજેદાર વાતોથી ભરપૂર છે. મેળવીને તે વાંચજો.

૨. શાઇલૉક કેસમાં શાથી હાર્યો? હસતાં હસતાં કરેલા કરારનો કેવો હસવા જેવો અર્થ થયો!

૩. આ વાતમાં ન્યાય અને દયા વચ્ચે શો ઝઘડો આવ્યો? છેવટે શું ઉપર આવ્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

નાખુદા

[શિખરિણી]

वहे वेगे नौका सरल सरती सिंधु उपरे,
तरंगो ने तारा शशियर मीठां गान ऊँचरे;
रमे, खेले, पेलां गभरु बटुको, गम्मत करे;
प्रवासी आनंदे अहीं तहीं फरे तूतक परे.
नहीं चिंता कोने, स्थळ समय बाधा नहि करे;
बधे हैये केवी स्मित लहरीओ रम्य विलसे ! ६

अरे, किंतु पेलां क्षितिज परथी वादळ धसे,
बनी गांडो अब्धि ऊँलटी सहसा तांडव करे !
डूबी ज्योत्स्नाराणी विरमी गयुं ए हास्य ऊँजळुं,
ध्रूजे भीरु सर्वे ! निमिष महीं शुं चित्र पलट्युं ! १०

परंतु पेलो त्यां तूँतक उपरे सौम्य गिरि-शो,
ऊँभो छे नाखुदा — थीर, अडग, गंभीर, अटूँलो !
उषा संध्या एने दिवस रजनी एकसरखां !
रह्यो जोई जाणे जग अखिल ए एक ध्रुवमां ! १४

સ્વાધ્યાય

શ્રી. 'સ્નેહરશ્મિ' કૃત 'અર્ઘ્ય' કાવ્યસંગ્રહમાંથી આ કાવ્ય લીધું છે. ઈ. સ. ૧૯૨૪માં એ પ્રસિદ્ધ થયું હતું. તે વરસમાં આખા દેશમાં બધે નિરાશા વ્યાપી હતી, તેમાં પણ ગાંધીજી અડગ, અણનમ અને આશાવાળા રહી, એક ધ્યેયને વળગી રહ્યા હતા. કવિ પોતાની નોંધમાં લખે છે કે, ત્યારની તેમની સૌમ્ય, ગંભીર, દૃઢ નિશ્ચયવાળી અને જવાબદારીના પૂરેપૂરા ભાનવાળી ભવ્યતાની મન ઉપર પડેલી છાપમાંથી આ કાવ્ય સ્ફુર્યું હતું.

એ અર્થમાં સમજો તો આપણા દેશની ત્યારની સ્થિતિનું એ એક રૂપક થયું. પણ જો તમે 'ટાઇટૅનિક'ના કપ્તાન સ્મિથ વિષે, ૬ ઠ્ઠી ચોપડીમાં વાંચો, તો સ્મિથની સ્થિતિ પણ આ કાવ્યના નાખુદા જેવી જ લાગશે. અને શરૂની કડીઓનું વર્ણન પણ એ જ પાઠમાં બંધબેસાડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫

ચૂંટણી અને મતાધિકાર

દુનિયાના વિચારવંત લોકો કહે છે કે, પ્રજાસત્તાક રાજતંત્ર કે લોકશાહી એ રાજ્ય ચલાવવાની ઉત્તમોત્તમ પદ્ધતિ છે. કારણ કે રાજ્યની પ્રથા પ્રજાને માટે, પ્રજાના હિતને સારુ ઊભી થઈ છે. તેથી તેમાં જો પ્રજા પોતે જ પોતાના મત પ્રમાણે કામ કરે, તો જ તેને સંતોષ રહે, અને પોતાને જે વધારેમાં વધારે હિતકર લાગતું હોય તે મુજબ વર્તે અને કાયદા કરી શકે. એટલે, જે રાજ્ય પ્રજાનું હોય, પ્રજા મારફતે ચાલતું હોય, અને પ્રજાના જ હિતમાં કામ કરતું હોય, તે રાજ્ય ઉત્તમ, એમ એક પ્રખ્યાત રાજપુરુષ કહી ગયો છે.

અહીં આગળ પ્રશ્ન એ થશે કે, પ્રજા એટલે તો સૌ કોઈ; નાનાં મોટાં, અભણ ભણેલાં, સમજુ અણસમજુ, રંક રાય, એ બધાં જ પ્રજા તો કહેવાય. અને રાજ્યની નજરમાં તો એકેએક પ્રજાજન સરખો. તો પછી એ બધાનું રાજ્ય એટલે કોનું રાજ્ય? એ બધાનો મત શો છે તે કેવી રીતે જાણી શકાય? એ બધાની મારફતે રાજ્ય ચાલવું જોઈએ એટલે કોની મારફતે? વ્યવહારનો વિચાર કરતાં આવા આવા અનેક સવાલો આપણી સામે આવે છે. એનો ઉત્તર પણ વિચારવંત લોકોએ શોધી કાઢ્યો છે.

પ્રજાએ પોતાના મત પ્રમાણે જો રાજ્ય કરવું હોય, તો તેણે જે પોતાને ગમતા હોય, જેમનામાં પોતાને વિશ્વાસ હોય, તેવા માણસોને પોતામાંથી પસંદ કરવા જોઈએ; અને પછી રાજ્યની લગામ પોતા વતી તેમના હાથમાં મૂકવી જોઈએ. અને પોતે તેમને વફાદાર રહેવાનો ગુણ કેળવવો જોઈએ. આમ પસંદ કરવામાં આવતા માણસ તે પ્રજાના પ્રતિનિધિ કહેવાય. તેવા પ્રતિનિધિ અમુક વર્ષો બાદ ફરી ચૂંટાયા કરે એવી ગોઠવણ કરવી જોઈએ.

પ્રતિનિધિ પસંદ કરવાની રીત પણ નક્કી કરવી જોઈએ; નહિ તો કોકને એક પસંદ પડે ને કોકને બીજો, એવી સ્થિતિમાંથી તોડ શી રીતે નીકળે? તેને સારુ મતાધિકાર અને ચૂંટણીની યુક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધવામાં આવી છે. પ્રથમ દરેક પ્રજા પોતાના કયા માણસને મત આપવાનો અધિકાર છે એ નક્કી કરે છે. જેમ કે, ઘણા દેશોમાં એવું કર્યું હોય છે કે, તે અમુક ઉંમરનો હોવો જોઈએ, અમુક સંપત્તિવાળો હોવો જોઈએ, અમુક ભણતરવાળો હોવો જોઈએ, વગેરે. તેવી લાયકાતવાળા માણસને પ્રતિનિધિ ચૂંટવામાં ભાગ લેવાનો, એટલે કે મત આપવાનો અધિકાર આપવામાં આવે છે. તેને આપણે મતદાર કહીએ છીએ. તમને થશે કે, આ રીતે જો લાયકાત ઠરાવવામાં આવે, તો કેટલાક ઉંમર લાયક હોવા છતાં મતાધિકાર વગર રહી ન જાય? ખરી વાત છે. આપણા દેશમાં ઘણા લોક એવા છે કે જેમને મત મળવો જોઈએ; પરંતુ તે મેટ્રિક નથી થયા કે અમુક સંપત્તિવાળા નથી, માટે તેમને મતાધિકાર નથી. તેથી કરીને વિચારવંત લોક એમ કહે છે કે, પુખ્ત વયનાં બધાં સ્ત્રીપુરુષને મતાધિકાર મળવો જોઈએ; મતદાર બનવાને માટે તે ઉપરાંત બીજી લાયકાતની જરૂર ન રહેવી જોઈએ. આવા મતાધિકારને પુખ્ત મતાધિકાર કહે છે.

મતાધિકાર નક્કી થયા પછી મતદારો પ્રતિનિધિની ચૂંટણી કરે. કોઈ પણ એક દિવસ અગાઉ, જો કોઈ મતદાર ચૂંટણીમાં ઊભો રહેવા માગતો હોય, તે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવી દે. નોંધાવા માગનાર પોતે મતદાર હોવો જોઈએ. નક્કી કરેલી તારીખની અંદર અને નોંધાવવાને માટે ઠરાવેલા વિધિ પ્રમાણે તેણે પોતાનું નામ નોંધાવવું જોઈએ. એમ પ્રતિનિધિ તરીકે ચૂંટાવાને માટે ઊભા થયેલા ઉમેદવારો નોંધાયા પછી, ચૂંટણી માટે એક દિવસ ઠરાવવામાં આવે છે. તે દિવસે બધા મતદારો પોતપોતાનો મત આપી આવે છે. આ કામ જો તમે નજરોનજર ન જોયું હોય તો કદાચ તમને સહેલું દેખાશે. પરંતુ એની તો એક ભારે મોટી ધમાલ હોય છે. એવી ભારે કે એને ચૂંટણીનો જંગ કહેવામાં આવે છે. જંગ શી રીતે?

ચૂંટણી માટે ઊભા થયેલા ઉમેદવારોની સંખ્યા જો ચૂંટવાના પ્રતિનિધિઓ જેટલી જ હોય, તો તો આ ધમાલ ટળી જાય. કેમ કે, જેટલા પ્રતિનિધિ ચૂંટવા છે તેટલા જ ઉમેદવારો જો હોય, તો તેમાંથી અમુક ચૂંટવાના છે એવું રહેતું જ નથી. તેઓ આપોઆપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂંટાઈ જાય છે. પરંતુ જો ચૂંટવાના પ્રતિનિધિની સંખ્યા કરતાં ઉમેદવારો વધારે હોય, તો ચૂંટણી કરવી પડે છે.

દરેક ઉમેદવાર પોતે ચૂંટાય એમ ઇચ્છે જ. તેથી તે મતદારોમાં પ્રચાર કરે છે. તે સભાઓ ભરે છે, પોતાને મત આપવા લોકોને સમજાવે છે. આને સારુ તેણે પોતાને મત આપનારા બધા લોકોમાં ફરી વળવું જોઈએ. તેનો વિભાગ એક જિલ્લો હોય તો આખા જિલ્લામાં ફરી વળવું જોઈએ; બની શકે તો દરેક મતદારને મળી તેને સમજાવવો જોઈએ. આ બધાને માટે ચૂંટણીના દિવસ અગાઉ અઠવાડિયાંથી એ ધમાલ કરે છે. અનેક ઉમેદવારો હોવાથી, તેમાં તેમની વચ્ચે રસાકસી પણ જામે છે. આજના જમાનામાં પ્રચારનાં સાધનો એવાં થયાં છે કે, કેટલાક દિવસથી તેમની મારફતે ધમાલ ધમાલ કરી મૂકી શકાય છે. તેથી એક પ્રકારનો જંગ જ જામે છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી.

અને ચૂંટણીનો દિવસ તો દોડાદોડીનો હોય છે. હજારો મતદારો મત આપવાના મથક ઉપર ભેગા થાય છે. દિવસના મુકરર કરેલા કલાકોની અંદર તેમણે પોતાનો મત આપી દેવો જોઈએ. મુકરર કરેલા વખત બહાર મત આપી ન શકાય. મતનાં મથકો પર જઈને જ મત આપવો જોઈએ. તેથી ઉમેદવારો પોતા તરફથી મફત વાહનોનો બંદોબસ્ત કરે છે, કે જેથી તેમાં બેસી બેસીને મતદારો મત-મથકે જઈને મત આપી આવે. મત-મથક ઉપર પણ ઉમેદવારોના આડતિયા ઊભા રહે છે, અને પોતાના પક્ષને મત આપવા મતદારોને છેવટનું સમજાવે છે. આથી જે ધમાલ અને દોડાદોડીનો દેખાવ થાય છે, તે ભારે રમૂજી અને જોવા જેવો હોય છે. તમે કદીક એ જોજો.

મત આપવાને માટે ખાસ છાપેલા મતપત્ર રાખવામાં આવે છે. તેના નમૂનાનું ચિત્ર પાછળ છે તે જુઓ. ક્રમાંક પછીના પહેલા ખાનામાં ઉમેદવારોનાં નામ કક્કાવારીથી આપ્યાં છે. પછીના ખાનામાં નિશાનીનું ચિત્ર છે. ત્રીજું ખાનું કોરું છે. એ કોરા ખાનામાં × આમ ચોકડી કરીને, તે ખાનાવાળા ઉમેદવારને હું મત આપું છું, એમ જણાવવાનું હોય છે. ચોકડી ઉપરાંત કશું જ ન કરવું જોઈએ. મતપત્ર ઉપર સહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન કરવી જોઈએ. બે ઉમેદવાર ચૂંટવાના હોય તો બે જ ચોકડી કરવાનો હક હોય છે. એનાથી વધારે ચોકડી ન કરાય. આમાંની એકે બાબતમાં જો ભૂલ થાય, તો તે મતપત્ર મત-ગણતરી વેળા રદ કરવામાં આવે છે, એટલે તે મતદારનો મત નકામો જાય છે.

૧	ગોવિંદભાઈ બહેચરભાઈ પટેલ		×
૨	વેણીલાલ છગનલાલ શાહ		
૩	હોરમસજી એદલજી મહેતા		×

તમને થશે, પણ બીજા ખાનામાં પેલી ચિત્રવાળી નિશાની શું કામ છે? તેનું કારણ બહુ મજેદાર છે. અભણ મતદાર હોય તો તે ઉમેદવારનું નામ વાંચી ન શકે, પણ સંજ્ઞા સમજી જાય. ઉપરનો મતપત્ર જુઓ. ધારો કે તમે અભણ છો અને તમારે પહેલા ઉમેદવારને મત આપવો છે. તમે નામ તો વાંચી ન શકો. પણ તમે જાણો છો કે, તેમની નિશાની રેંટિયો છે. એટલે તે ઉપરથી તમે તમારી પસંદગીના ઉમેદવારને મત આપી શકો.

મતપત્રો નાંખવાની પેટી સીલબંધ હોય છે. ધર્માદા પેટીમાં હોય છે તેવો ઉપર એક નાનો છેદ જ તેને હોય છે, તેમાંથી મતદાર પોતાનો મતપત્ર અંદર નાંખે છે. મતપત્ર ઉપર સહી નથી હોતી; મતપેટીની ઓરડીમાં બીજું કોઈ માણસ આવી નથી શકતું; આથી મતદાર પોતાનો મત કોઈ ન જાણે એમ અને શાંતિથી વિચાર કરીને આપી શકે છે. મત મેળવવાને માટે લાંચ ન આપી શકાય; મતદારને લલચાવવાને માટે અઘટિત યુક્તિઓ પણ ન કરી શકાય. આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી અનેક બાબતો વિષે સરકારે નિયમો કરી રાખ્યા છે, કે જેથી ચૂંટણીમાં કશી અઘટિત કે અપ્રામાણિક રીતો કામમાં ન લેવાય. ચૂંટણીની નિર્મળતા ઉપર રાજ્યનો આધાર રહે છે. એટલે જો કોઈ ઉમેદવારને લાગે કે, ચૂંટણીમાં કશી પણ ખોટાઈ કે પદ્ધતિમાં ભૂલચૂક યા આડ-રીતો થઈ છે, તો તે સરકારી કોર્ટમાં ફરિયાદ કરી શકે. કોર્ટ તપાસ કરીને જો જુએ કે ફરિયાદ બરોબર છે, તો ચૂંટણીનું પરિણામ રદ પણ કરે, અને ઇચ્છે તો ગુનેગાર લોકોને સજા પણ કરી શકે.

ચૂંટણીનો દિવસ પૂરો થાય કે રાતોરાત મતપેટીઓ મતની ગણતરી કરવાને માટે નીમેલા પંચ પાસે જાય છે. તેમની સમક્ષ તે ઉઘાડવામાં આવે છે, અને ઉમેદવારોને મળેલા મતની ગણતરી કરવામાં આવે છે. જે મતપત્રમાં, આપણે ઉપર જોઈ એવી કશી ભૂલ હોય, તેને રદ કરવામાં આવે છે. બધા મતપત્રો ગણાઈ રહે એટલે પરિણામ બહાર પડે છે. જે ઉમેદવારને સૌથી વધારે મત મળ્યા હોય તે પહેલો મુકાય; અને વત્તાઓછા મતના ક્રમે ત્યાર પછીના ગોઠવાય છે. આમ બહુમતીથી ચૂંટણીમાં કોણ જીત્યું તે ઠરાવવામાં આવે છે. એટલે તમે હવે સમજશો કે, પ્રજા પોતાનો પ્રતિનિધિ શી રીતે ચૂંટે છે. હવે તમે જાણ્યું હશે કે, પ્રજા પોતે પોતાનું રાજ્ય શી રીતે કરી શકે, તેને માટે વિચારવંત લોકોએ શી યુક્તિ શોધી કાઢી છે.

અર્વાચીન પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ આવી રીતે ઘડવામાં આવી છે. મતાધિકાર અને ચૂંટણી એ એનાં મુખ્ય સાધન છે. મતદારો એ સાધનોને જેવી રીતે વાપરે, તેના ઉપર તેના સારા-નરસાપણાનો આધાર રહે છે. જો મતદારો પોતાની જવાબદારી બરોબર સમજે અને જે લાયક હોય તેને જ મત આપે, તો જ યોગ્ય પ્રતિનિધિઓ ચૂંટાય અને તેઓ સારું રાજ્ય ચલાવી શકે. આજે તમે બાળકો છો; પરંતુ મોટા થઈ તમેય મતદાર બનશો, ત્યારે તમારે માથે આ જવાબદારી આવશે. તમારામાંથી કોઈક ઉમેદવાર થઈ પ્રજાના પ્રતિનિધિ બની તેની સેવા કરવા ચાહશો. તે બધાની તૈયારી તમારે અત્યારથી જવાબદારીનાં કામો કરવાનું શીખીને કરવી જોઈએ. શાળામાં વિદ્યાર્થીમંડળ જો તમે ચલાવતા હો, તો ત્યાં આ રાજ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્ધતિનો પદાર્થપાઠ તમે મેળવી શકો. તમારા જિલ્લાના લોકલ બોર્ડનું કામ જો તમે સમજો, તો ચૂંટાયેલા પ્રતિનિધિઓએ કેવી પ્રામાણિકતા રાખીને કામ કરવું જોઈએ, એ તમને સમજાય. આ બધું સમજવાને માટે સુધરાઈ કે લોકલ બોર્ડનું કામ તમે તમારા શિક્ષકની મદદથી બરાબર સમજજો.

સ્વાધ્યાય

૧. તમારી શાળામાં વિદ્યાર્થીમંડળ છે? તેમાં તમને ચૂંટણી તથા પ્રતિનિધિ દ્વારા કામ લેવાનો પદાર્થપાઠ મળે છે?

૨. હવે પછી એકાદ ચૂંટણી થાય — લોકલ બોર્ડ કે મ્યુનિસિપાલિટીની — તે નિહાળીને જોજો ને સમજજો.

૩. ગ્રામપંચાયત તમારા ગામમાં સ્થપાઈ છે? એના કામકાજ વગેરેની માહિતી મેળવો. તેની ચૂંટણી કેવી રીતે થઈ તે તાજી વાત વિષે મોટેરાંને પૂછો.

૪૬

એક જ દે ચિનગારી

[ભૈરવી]

एक ज दे चिनगारी,
महानल, एक ज दे चिनगारी. ध्रुव
चकमक लोढुं घसतां घसतां खरची जिंदगी सारी;
जामगरीमां तणखो न पड्यो, न फळी महेनत मारी;
महानल, एक ज दे चिनगारी. १
चांदो सळग्यो, सूरज सळग्यो, सळगी आभ अटारी;
ना सळगी एक सगडी मारी — वात विपतनी भारी;
महानल, एक ज दे चिनगारी. २
ठंडीमां मुज काया थथरे, खूटी धीरज मारी;
विश्वानल, हुं अधिक न मागुं : मागुं एक चिनगारी;
महानल, एक ज दे चिनगारी. ३

સ્વાધ્યાય

શ્રી. હરિહરભાઈ ભટ્ટનું આ નાનકડું કાવ્ય એક લોકપ્રિય થયેલું પ્રાર્થના-ગીત છે. કવિ શાની ચિનગારી માગે છે? શું કામ માગે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર રમણભાઈ નીલકંઠ

૧

જે મોટાઈ, જે ઉત્તમતા અને શક્તિ તથા તેજ બાપમાં હોય તે પુત્રમાં ઊતરે જ, એવો કશો કુદરતી નિયમ નથી. બલ્કે, કેટલીય વાર એવું જોવામાં આવે છે કે, પુત્રમાં તે અતિ અલ્પ અંશે ઊતરેલાં હોય છે. રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ આ બાબતમાં ભારે સદ્ભાગી હતા. એ પોતે ગુજરાતમાં ૧૯મા સૈકામાં થઈ ગયેલા નામાંકિત પુરુષોમાંના એક હતા. તેઓ મૂળે સુરતના હતા, અને નિર્ધન હોવા છતાં જાતમહેનતથી સારી કેળવણી લઈ સરકારી કેળવણી ખાતામાં મોટા હોદ્દાએ પહોંચ્યા હતા. વિચારે તેઓ સુધારક હતા. કવિ નર્મદાશંકર, શેઠ કરસનદાસ મૂળજી વગેરે આપણા પ્રાંતના જાણીતા સુધારકોના તે સાથી હતા. 'સત્ય પ્રકાશ' નામે મુંબઈના એક સુધારક પત્રનું તંત્રીપણું પણ એમણે શોભાવ્યું હતું. પરદેશ જવું એ તે જમાનામાં હિંદુઓમાં હીણું અને



શાસ્ત્રવિરુદ્ધ કાર્ય ગણાતું હતું. પરંતુ વિલાયતની શાળાઓ તથા શિક્ષણપદ્ધતિ વગેરેનો અભ્યાસ કરવાને સારુ, તે ઈ. સ. ૧૮૬૦ માં વિલાયત પણ ગયા હતા. એમના જીવનની ત્રીજી એક નોંધવા જેવી વસ્તુ તે એમની ધર્મશ્રદ્ધા. તે પ્રાર્થનાસમાજી હતા. અમદાવાદમાં આજ જોવા મળતા પ્રાર્થનાસમાજ મંદિરના સ્થાપનારાઓમાંના એ એક હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના આ સર્વ ગુણોનો વારસો પામેલા એમના સુપુત્ર તે આપણા જાણીતા સાક્ષર અને સમાજસેવક સ્વ. સર રમણભાઈ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૬૮માં થયો હતો. રા. સા. મહીપતરામ પ્રેમચંદ ટ્રેનિંગ કૉલેજના આચાર્યની પોતાની નોકરીને અંગે અમદાવાદમાં જ ઘર કરીને રહેલા, એટલે સ્વ. રમણભાઈએ અમદાવાદમાં જ પોતાનું જીવન ગાળ્યું અને એ શહેર વાટે જ પોતાના પ્રાંત તથા દેશની અનેકવિધ સેવા કરી. ધંધે તે વકીલ હતા. પરંતુ કેળવણી, સાહિત્ય, સમાજસુધારો, અને સ્થાનિક સ્વરાજ કે સુધરાઈનાં કામોમાં તે રચ્યાપચ્યા રહેતા. તેને અંગેનાં કામોમાં વર્ષો સુધી તેમણે આગેવાની ભરેલો ભાગ લીધો. અને એ બધામાં જે સંગીન કામ તે કરી ગયા, તેનો લાભ આજ સુધી પ્રજા ભોગવે છે. સુવિખ્યાત પિતાના કેવા યોગ્ય સપૂત તે હતા તે, ગાંધીજીએ તેમના દુઃખદ મરણ-પ્રસંગે (ઈ. સ. ૧૯૨૮) લખેલા નીચેના લેખ ઉપરથી જણાશે.

૨



'સર રમણભાઈ ગુજરાતને રડતી મૂકીને ચાલી નીકળ્યા છે. રમણભાઈ એ ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ. રમણભાઈ એટલે સમાજસુધારો. રમણભાઈ ગરીબના બેલી હતા. અમદાવાદના શહેરી જીવનમાં તેઓ ઓતપ્રોત રહેતા. ગુજરાતી ભાષાની તેમની સેવા ઊંચા પ્રકારની હતી. તેમની શુદ્ધ નીતિની અસર તેમના સંબંધમાં આવનારની ઉપર પડ્યા વિના રહેતી જ નહિ. રમણભાઈનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનોદ તેમનાં પુસ્તકોમાં નીતરી આવે છે. પણ તેમણે જિંદગીને વિનોદરૂપે નહોતી જોઈ. જિંદગીને તેમણે કર્તવ્યપરાયણ કરવામાં તેની સાર્થકતા માની. કોઈ પણ શુભ કામમાં રમણભાઈની મદદ હોય જ. દેશહિતના કામમાં તેમનો ફાળો પૂરતો જ મળે.

'જે જે વસ્તુને રમણભાઈએ સેવારૂપ માની હોય, તેમાં પોતાનું શરીર કસી નાંખવામાં તેમણે કદી પાછું પગલું નથી ભર્યું. પોતાની સખત માંદગીમાં પણ અને રાજ્યપ્રકરણમાં પૂરો મતભેદ હોવા છતાં, તેમણે વલ્લભભાઈની મ્યુનિસિપાલિટીની સેવાની કિંમત જાણી હતી, ને તેમને પ્રસંગો પડતાં પૂરી મદદ દેતાં ચૂક્યા જ નથી. અમદાવાદની જાહેર સંસ્થાઓ એવી ભાગ્યે જ હશે કે જેમણે રમણભાઈના નામની ઇચ્છા ન રાખી હોય.

'આવા ગુજરાતના રત્નનો વિયોગ તેમના કુટુંબીઓને જ સાલે એમ નથી, પણ એ વિયોગદુઃખમાં ગુજરાત આખી ભાગીદાર છે.

'આજકાલ રૂઢિ એવી થઈ ગઈ છે કે, જે રાજપ્રકરણમાં અને તેમાંયે જે જલદ રાજપ્રકરણમાં ભાગ ન લેનાર હોય, તેમની શાંત અદૃષ્ટ સેવાની કિંમત ઓછી અંકાય છે. મારો નમ્ર મત છે કે આ ભૂલ છે. કાળ તો એ ભૂલ સુધારી લેશે. જે માણસ એક પણ વિધવાનાં આંસુ લૂછે છે, જે એક પણ બાળાને લગ્નના નામે ઓળખાતા પશુયજ્ઞમાંથી બચાવી લે છે, જે એક પણ અંત્યજની નિઃસ્વાર્થ સેવા કરે છે, તે દેશની અને સમાજની શુદ્ધ સેવા કરે છે; ને સંભવ છે કે, મહાધુરંધર રાજ્યપ્રકરણી યોદ્ધાની લડત ભુલાઈ જશે ત્યારે, આવી ખૂણેખાચરે થતી સેવા ફળ આપ્યાં જ કરતી હશે. જે સેવાની પાછળ તાળીના અવાજ નથી, પણ જેની પાછળ પ્રભુના આશીર્વાદ છે, તે સેવા તો ખરી છે જ. આવી સેવા રમણભાઈની હતી. તાળીના અવાજો પણ તેમને ભાગે આવ્યા હતા. પણ રમણભાઈને જેની કોઈ દહાડો દરકાર નહોતી, તેનું વર્ણન શું! રમણભાઈ તો વીર યોદ્ધા હતા. જુવાનિયાઓની કિકિયારી અને સિસોટી વચ્ચે પણ પોતાના વિચારને ને પોતાના સ્થાનને વળગી રહેતાં તેમને કોણે નથી જોયા? એમના ગુણો આપણામાં ઊતરો એમ આપણે પ્રાર્થના કરીએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. પ્રાર્થનાસમાજ શું છે તે જાણો છો ? અમદાવાદમાં તેની જગા તથા પ્રે૦ રા૦ ટ્રેનિંગ કૉલેજ જોજો.

૨. રમણભાઈએ 'રાઈનો પર્વત' નાટક લખ્યું છે, તે વાંચો. તે ઉપરાંત 'ભદ્રંભદ્ર', 'હાસ્યમંદિર' પુસ્તકો એમણે લખેલાં છે, તેમાંથી પણ તમને મજા પડે એવું વાચન મળશે.

૩. મહીપતરામે 'વનરાજ ચાવડો' નવલકથા લખી છે. આજ તે કથા જૂની થઈ ગઈ છે. છતાં મન થાય તો વાંચજો.

૪૮

આગબોટ માટે સીડી

રેલવેગાડી ઊંચાણ ઉપર ચડે, મોટરગાડી ચડે, બળદગાડી ચડે, માણસ ચડે; પરંતુ આગબોટ પણ ઊંચાણ ઉપર ચડી શકે છે, એ તમને ખબર છે ? આજે ઇજનેરી વિદ્યા એટલી ખીલી છે કે, આગબોટને ઊંચાણ ઉપર ચડવાને માટે પણ પાણીની સીડી કે પગથિયાં જેવી તરકીબો શોધવામાં આવી છે. તમે પનામાની નહેરનું નામ તો સાંભળ્યું હશે. સુએઝની નહેરે જેમ એશિયા અને આફ્રિકા એ બે ખંડોને જુદા પાડયા અને યુરોપ એશિયા વચ્ચેનો જળમાર્ગ સુગમ કરી આપ્યો, એમ આ પનામાની નહેરે પણ ઉત્તર અને દક્ષિણ અમેરિકાના બે ખંડ જેવડા મુલકોને જુદા પાડી આપ્યા અને આટલાંટિકમાંથી પ્રશાંત મહાસાગરમાં સીધા જવાનો માર્ગ કરી આપ્યો. આ પનામા નહેર આગબોટોને માટે સીડી જેવી બાંધી છે. સુએઝ નહેરનું પાણી સમુદ્રની સપાટીએ વહે છે, પરંતુ પનામાની નહેરનાં પાણી ઊંચે ચડતાં ચડતાં સમુદ્રતળથી ૮૪ ફૂટ ચડે છે અને પછી એટલા ફૂટ ઊતરીને સમુદ્ર જોડે મળી જાય છે ! તમને થશે કે, આ તો બિલકુલ વિજ્ઞાનવિરુદ્ધ લાગે છે. પાણી તો કદી પોતાની સપાટી છોડે જ નહિ, તો જે નહેર સમુદ્ર જોડે સંધાઈ છે તેનું પાણી ઊંચે શી રીતે ચડે ? ચાલો આ ઇજનેરી જાદુ સમજીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

નીચેનું ચિત્ર જુઓ. દરિયામાં વહાણ ઊભું છે, તેની સામે નહેરનું મુખ છે. નહેરના ચિત્રમાં ૧, ૨, ૩ અંકથી બતાવેલા ત્રણ બંધ કે બારણાં છે. એક બંધથી બીજા બંધ સુધીના નહેરના



પાણીની સપાટી ક્રમે ક્રમે, પગથિયાની પેઠે ચડતી જાય છે. આવું દરેક પગથિયું હજાર ફૂટ લાંબું અને સો ફૂટ પહોળું છે. તેના પાણીની ઊંડાઈ ૪૧ ફૂટ છે. એટલે મોટામાં મોટી આગબોટ પણ એની પર ચડી શકે છે. શી રીતે ચડે છે?

પહેલા પગથિયાનું બારણું નં. ૧ ખોલવામાં આવે, એટલે એનું પાણી દરિયાની સપાટી બરોબર થઈ જાય; એટલે વહાણ એ પગથિયા પર આવે. આવી ગયા પછી તેનું દરિયા તરફનું બારણું બંધ કરવામાં આવે છે, એટલે પગથિયાનું અને દરિયાનું પાણી અલગ થઈ જાય છે. પછીથી નહેરના કિનારા ઉપર રાખેલા જબરદસ્ત પંપો વડે મોટા હોજ જેવા તે પગથિયાનું પાણી વધારવામાં આવે છે. એટલે વહાણ ઊંચું આવે છે. જ્યારે બીજા પગથિયાના ઊંચા પાણી બરોબર તે આવે, ત્યારે તેનું બારણું નં. ૨ ઉઘાડવામાં આવે છે. બેઉ પગથિયાંનું પાણી એક સપાટીએ થયું છે, એટલે વહાણને બીજા પગથિયા પર લઈ જવામાં આવે છે. આટલામાં તે દરિયાથી ત્રીસેક ફૂટ ઊંચું ચડી જાય છે. આ જ પ્રમાણે બીજા પગથિયામાં પાણી ઉમેરીને તેને ત્રીજા પગથિયા ઉપર ચડાવી લેવામાં આવે છે. આવાં ત્રણ પગથિયાંથી ૮૪ ફૂટ ઊંચાઈ ચડાય છે. ત્યાંથી એક પહાડી સરોવરમાં દાખલ થવાય છે. તે પાર કર્યું એટલે પનામાનો પહાડ આગબોટ ચડી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ઊતરવાનું શરૂ થાય છે. તેનાં પણ ત્રણ પગથિયાં છે. આ વખતે પગથિયાના પાણીમાં ઉમેરો કરવાને બદલે ઘટાડો કરાય છે, અને એમ કરીને સામેના મહાસાગરની સપાટીએ વહાણને ઉતારી દેવામાં આવે છે. આ રીતે વહાણને કુલ ૪૧ માઈલ



કાપવાના હોય છે. આવવા અને જવાને માટે નહેર વચ્ચે ભીંત કરીને બે અલગ પગથિયાં રાખેલાં છે, એટલે અવર જવર ઝટ થઈ શકે છે. એક વહાણને નહેરનાં બધાં પગથિયાં પાર કરી સામા સાગરમાં જવામાં આઠેક કલાક લાગે, એટલું ત્વરિત કામ થાય છે. અલબત્ત, આને સારુ મોટાં જંગી યંત્રો રાખવામાં આવ્યાં છે, અને કરોડો રૂપિયાનો તેને સારુ ખર્ચ કરવામાં આવ્યો છે. પનામાની આ નહેર જગતના એક મોટામાં મોટા ઇજનેરી કામ તરીકે પંકાય છે. તે કામ કોણે કેવી મુસીબતોમાં કર્યું તે હવે ટૂંકમાં જોઈએ.

૨

ફર્ડિનાન્ડ દ લેસેપ્સે સુએઝ નહેરનું કામ પાર પાડ્યું તે તમે જાણો છો. તે પરથી ફ્રાન્સમાં એક મંડળીએ વિચાર કર્યો કે, પનામાની સંયોગીભૂમિની પણ નહેર કરવી જોઈએ, અને ઈ. સ. ૧૮૭૯માં એ કામ દ લેસેપ્સને સોંપવામાં આવ્યું. આ હિંમતવાન માણસે, તે વખતે પોતાની ૭૪ વર્ષની ઉંમર હોવા છતાં, તે કામનું બીડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝડપ્યું. પરંતુ તેમાં તે ફાવી શક્યો નહિ: તે કામને માટે જે કંપની કાઢવામાં આવી હતી તેને દેવાળું કાઢવા વારો આવ્યો, અને દ લેસેપ્સની આબરૂને પણ આથી ધક્કો પહોંચ્યો. પરંતુ એમાં એનો દોષ કાઢી શકાય એમ નથી, કારણ કે પનામા ખોદવાનું કામ સુએઝ જેવું સહેલું નહોતું.

પનામાના ખોદકામમાં બે મોટી મુશ્કેલીઓ હતી: એક તો સંયોગીભૂમિનો ભાગ પહાડી છે. એટલે ખોદકામ કઠણ હોવા ઉપરાંત ઘણું હતું. પરંતુ એથીયે મોટી મુશ્કેલી તો એ હતી કે, એ ભાગમાં પીત જ્વર અને ટાઢિયા તાવનો ઉપદ્રવ ઘણો જબરો હતો. એવો જબરો કે કામ કરનારાઓ ત્યાં નીરોગી રહી જ ન શકે. દ લેસેપ્સની હારનું એક મોટું કારણ આ રોગચાળો હતું.

ફ્રેન્ચ લોકોના પ્રયત્ન નિષ્ફળ ગયા પછી પનામાનું કામ યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે ઉપાડી લીધું. પોતાના ખંડની આવી ઉપયોગી ભૌગોલિક રચનામાં બીજા પડે તે એને કેમ ફાવે? એટલે તે સરકારે ઈ. સ. ૧૯૦૪માં પનામાની પ્રજાસત્તાક સરકાર પાસેથી સંયોગી-ભૂમિની દસ માઈલની પટ્ટી ખરીદી લીધી અને તરત જ નહેરનું કામ શરૂ કર્યું.

પહેલું એ વિચારવાનું હતું કે, નહેર દરિયાની સપાટી સુધીની ખોદવી કે પહાડ પર પગથિયાંવાળી કરવી? દ લેસેપ્સે પહેલી જાતની નહેર ખોદવા ધારેલું. પરંતુ એમાં ખર્ચ અને સમય બધું જ વધારે લાગે એમ હતું, અને ખાસ વિશેષ લાભ નહોતો. એટલે યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે બંધ બાંધી, ઉપર આપણે સમજી આવ્યા તેવી પગથિયાં-પદ્ધતિની નહેર કરવાનું નક્કી કર્યું.

હવે રોગચાળા સામે ઇલાજો લેવાના રહ્યા. તેને સારુ નહેર-કામની આખી વસાહતના ઉપરી તરીકે એક દાક્તરને નીમવામાં આવ્યો. તેનું નામ વિલિયમ ગૉર્ગસ હતું. નહેરકામ માટે ૪૦-૫૦ હજાર માણસોનો કાફલો કામ કરતો હતો. તેને તાવમાંથી બચાવવાની જવાબદારી આ માણસે ઉપાડી હતી. કેવી મોટી જવાબદારી! તેણે તે ઉત્તમ રીતે પાર પાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂઈ પૅસ્ટર નામના ફ્રેન્ચ રસાયનશાસ્ત્રીએ સૂક્ષ્મ જીવાણુની શોધ કરી હતી, તે પરથી સર રેનાલ્ડ રૉસ અને વૉલ્ટર રીડ નામના બે દાક્તરોએ પીત જ્વર તથા મલેરિયાનાં સૂક્ષ્મ જંતુઓ શોધી કાઢ્યાં હતાં. તે કેવી રીતે ઉત્પન્ન થાય છે, વધે છે, અને ડંખ દ્વારા તાવ ફેલાવે છે, તે પણ આ બે દાક્તરોએ શોધ્યું હતું. એમની શોધનો લાભ લઈ ગૉર્ગસે પનામાની મજૂર વસાહતોને રોગમુક્ત રાખવાનો ઠરાવ કર્યો. વસાહતોનાં બધાં મકાનો તેણે ઊંચી ઊભણીવાળાં કરાવ્યાં. તેમની ચારે કોર મચ્છરદાની જેવી જાળી કરાવી. આખી વસાહતમાં કોઈ દારૂ વગેરે કેફી ચીજો ન વાપરી શકે એવો હુકમ કરાવ્યો, કેમ કે દારૂ પીવાથી રોગો સામે ઝૂઝવાની શક્તિ ઘટે છે. બીજી બાજુથી જ્યાં જ્યાં પાણી ભરાઈ રહી મચ્છર પેદા થઈ શકે, ત્યાં ત્યાં બધેથી પાણીનો નિકાસ કરાવ્યો; નિકાસ ન થઈ શકે ત્યાં પાણી પર તેલ છંટાવી જંતુ ન થાય તેમ કર્યું. ઘાસ, ઝાંખરાં વગેરે કાપી કાપીને બાળી નંખાવ્યાં. અને એમ એણે એ નહેરના આખા પ્રદેશમાંથી રોગને એવો તો હઠાવ્યો કે, આજ પનામામાં મરણપ્રમાણ ન્યૂ યૉર્કથી પણ ઓછું છે!

પ્રદેશ રોગથી નિર્ભય થયો, એટલે નહેરનું કામ સરળ રીતે આગળ વધ્યું, અને દસ વર્ષે એટલે ૧૯૧૪માં તે પૂરું થયું, અને તે જ વરસે અમેરિકાના પ્રમુખે આગબોટોને જવાઆવવાને માટે નહેરને ખુલ્લી પણ મૂકી. આથી દુનિયાના વેપારમાં અમેરિકાને મોટો લાભ થયો તે એ કે, ચીન, જાપાન, ઑસ્ટ્રેલિયા ઇત્યાદિ પૂર્વના દેશો ન્યૂ યૉર્કથી પાસે પડ્યા. એ લાભ બે વસ્તુને આભારી હતો — ડૉ. ગૉર્ગસનો અથાક પ્રયત્ન અને નહેરની પગથિયા-પદ્ધતિની ઇજનેરી શોધ.

સ્વાધ્યાય

૧. મલેરિયા તાવ આપણા દેશનો એક મોટો રોગ છે. દર વરસે લાખો માણસ એનાથી મરે છે. તે તાવ મચ્છરથી ફેલાય છે એ જાણો છો?

૨. મચ્છર થતા રોકવાને માટે શા ઉપાયો લેવા જોઈએ?

૩. રૉસ અને રીડ એ બે દાક્તરોની વાત તમને ખાસ કહેવા જેવી છે. ઈ. સ. ૧૮૯૩માં રૉસે મલેરયાના જંતુની શોધ કરી. અને તે વખતે એ આપણા દેશમાં રહેતો હતો. રોજ આઠ આઠ કલાક કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં કરતાં, એક દહાડો એ હતાશ જ થઈ ગયો હતો, ને કામ છોડી દેવાનું મન થતું હતું. ત્યાં તે જ રાતે એને ઉકેલ મળી ગયો — મચ્છરના અંગમાં એણે મલેરિયાના જંતુ, જેવા મલેરિયા થયેલા માણસના શરીરમાંથી મળતા હતા, તેવા જોયા!

ડૉ. રીડની શોધ પીતજ્વરના જંતુ માટેની હતી. તેને મચ્છર પર શંકા ગઈ કે, તે જ એ રોગનાં જંતુ માણસને કરડીને દાખલ કરે છે. ખાતરી કરવા પ્રયોગ કરવો જોઈએ. એટલે કે, કોકે એ રોગનાં જંતુવાળા મચ્છરનો ડંખ લેવા તૈયાર થવું જોઈએ. એનો અર્થ કોકે જીવ આપવા તૈયાર થવું. રીડે જાહેર કર્યું કે, ડંખથી તાવ આવી જો મરણ થશે, તો મરનારના વારસને રકમ આપવામાં આવશે. બે અમેરિકન સિપાહીઓ તૈયાર થયા; પણ એ શરતે કે, તેમને બદલો ન આપવામાં આવે. 'માણસજાતને જે સુખ થશે એ નાનોસૂનો બદલો છે!'— એમ એમણે કહ્યું. ડૉ. રીડે તેમને નમસ્કાર કર્યા અને કહ્યું, 'ધન્ય છે તમને.' એ સિપાહીઓ તો ગયા, પરંતુ પીતજ્વરથી મરતા લાખો માણસોને જીવતદાન દેતા ગયા.

૪૯

માખીની રોજનીશી

જ્યારથી દાક્તરો જંતુશાસ્ત્ર જાણતા થયા, ત્યારથી તેમણે માખી સામે ભારે વેર બાંધ્યું છે. અને તે તેને પાત્ર પણ લાગે છે. જંતુશાસ્ત્રીઓ કહે છે કે, રોગના જંતુઓ વહી જનાર જબરામાં જબરું વાહન એ નિર્દોષ દેખાતી નાનીશીક માખી છે. ગાંધીજીએ એને આપણી સ્વચ્છતાના જાગ્રત ચોકીદારની ઉપમા આપી છે, કારણ કે ક્યાંક પણ જરા સરખી અસ્વચ્છતા હોય કે માખ તેને અચૂક ખોળી જ કાઢે છે. એટલે એના ત્રાસથી બચવાનો સાચો અને સચોટ ઉપાય એ જ છે કે, એને ઉપજતી રોકવી.

સડેલાં છાણ, ગંદવાડ કે એઠવાડમાં તે પોતાનાં અસંખ્ય ઈંડાં મૂકે છે. એ સડાની જ ગરમીથી સેવાઈને બેએક દિવસમાં તે ઈંડાંમાંથી કણા તૈયાર થાય છે. પછી ત્રણેક અઠવાડિયાંમાં તે બધાની માખી બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માખીનું શરીર ૦ા ઇંચ જેટલું માંડ હશે. પરંતુ એવડા શરીર પર અઢી લાખ જેટલા જીવાણુ લઈને તે વેરતી જઈ શકે છે! આમ તે કેવી રીતે કરી શકે છે તે, તથા તેમાં આપણી અસ્વચ્છતાની ટેવો કેવી રીતે મદદગાર બને છે તે સમજાવવા, એક દાક્તરે માખીની એક દિવસની રમૂજી રોજનીશી આપી છે, તે આપણે જોઈએ.

રોજનીશી

સવારે ૫ વાગ્યા — હમણાં જ મૂર્છાવસ્થામાંથી જાગી. તે દરમિયાન શું શું વીત્યું હશે તે તો કોણ જાણે. સારું છે કે યાદ નથી. કહે છે કે, મારી આજુબાજુ આ હજારો કણો છે એવી જ હું પણ હતી. મને તો એવો કણો થવું ન ગમે.

અશક્તિ બહુ લાગે છે.

૫–૧૦ વાગ્યા — કાંઈક શક્તિ લાગે છે. પગમાં જોર દેખાય છે. ખભા ઉપર કશુંક વિચિત્ર જાળી જેવું થતું લાગે છે. નકામું કાંઈક હશે.

અહીં રહેવું ફાવતું નથી — બહુ ગરદી અને અંધારું તથા બફારો છે. આ જગાને લોક ઉકરડો કહે છે. કહે છે કે હું અહીં જન્મી. બાપ રે! તો તો પેલા ધોળા કણાની પેઠે તો હું નહિ જન્મી હોઉં?

૫–૨૦ વાગ્યા — પગ આવ્યા એટલે બધા ઉકરડા ઉપર ફરી વળીને જોયું. મારા જેવડી કેટલીક માખો જોડે સહીપણાં બાંધ્યાં. કેટલીક વડીલ અમ્માઓ અહીં ઈંડાં મૂકવા આવેલી છે, તેમનું ઓળખાણ થયું.

૫–૪૫ વાગ્યા — ખભા ઉપર પેલું વિચિત્ર કશુંક થતું હતું તે તો મને પાંખો ઊગતી હતી. હવે તો ઊડીને હું દુનિયાને પ્રવાસે નીકળી છું. ઉકરડો અને બાળપણ કશું યાદ નથી. અત્યારે એક તબેલાના બારણા ઉપર બેઠી છું. ખૂબ મજામાં છું; જીવનમાં રસ આવે છે. હવે તો ભૂખ લાગી છે ને માથું ભમે છે.

૬ વાગ્યા — એક દુકાનને પાછલે બારણે એક પીપમાંથી સારી વાસ આવે છે, તેથી મોંમાં પાણી છૂટે છે. તબેલાની મોરીમાં થઈને ત્યાં જવાય છે. લાવ જોઈ આવું તો ખરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬–૩૦ વાગ્યા — પીપમાં તો, ખરેખર, સારું સારું ખાવાનું છે. મારી ધારણા ખરી પડી. મારી હજારો સહિયરોને ત્યાં ક્યારનીય પહોંચેલી જોઈ. સરસ સડતાં ભાત, દાળ, રોટલી, દૂધ, વગેરે હતાં. ખૂબ ખાધું. પણ અરે, પીપનું ઢાંકણું કોક વાસી દે તો ભોગ મરે! ઠીક છે કે કોઈ વાસતું નથી.

૭–૧૫ વાગ્યા — દુકાન જોવા ચાલી. ત્યાં તો મજાનો પાર નથી! બરફી, પેંડા, જલેબી, સાકરિયા, વગેરે કાંઈ કાંઈ ચાખ્યું. આપણી તો ટેવ છે કે, કશુંય ખાતા પહેલાં તે વસ્તુ ઉપર ચાલવું, તેને બરાબર જોવી. પછી તેને થૂંકથી પલાળવી અને ખાવી.

૮ વાગ્યા — દુનિયા જોવા મન થયું તેટલા જ પૂરતી આ દુકાન છોડવી પડે છે. એક દુઃખ છે કે, એક બેપગાળું મોટું પ્રાણી ઘડીએ ઘડીએ લાપોટો મારવા આવે છે, તેની ખૂબ પજવણી થાય છે. પણ કશા ભો જેવું નથી, જોકે સતામણી ખરી.

૮–૪૫ વાગ્યા — જાનથી જતી બચી. એક બેપગાળો મજેદાર ઓરડામાં સૂતો હતો, અને બીજા બાજુએ ઊભા હતા. ઓરડામાં ઘૂસી હું બધું જોઈ વળી. પેલા સૂતેલા બેપગાળાના મોં ઉપર ફરતી ફરતી એના નાકમાં ઘૂસી ગઈ. એ તો બાપડાએ કશું ન કર્યું, પણ પાસેના બીજાએ મને પકડવા ધાર્યું. જીવ લઈને નાઠી. નાસતાં નાસતાં 'ટાઇફૉઈડ, ટાઇફૉઈડ' જેવું તેઓ બોલતા હતા તે કાને પડ્યું.

૮–૫૧ વાગ્યા — અરે! મારી રુવાંટી ઉપર હજારો નાનાં જીવડાં વળગ્યાં છે! કેટલાંકને તો ખાઈ ગઈ. પણ બધાં પૂરાં ન થયાં.

સમજી; જેને જંતુ કહે છે તે આ. પેલું 'ટાઇફૉઈડ' સાંભળેલું તેને અને આને સંબંધ હોવો જોઈએ.

૯–૩૦ વાગ્યા — નાહવા મરજી થઈ. દૂધનું વાસણ ઉઘાડું જોઈ, તેમાં પડી નાહી લીધું. ઘણાંખરાં જંતુ પણ ધોવાઈ ગયાં. મારા નાહેલા દૂધને પીતી એક છોકરીને જોઈ.

૧૦ — એક બીજા માંદાનો ઓરડો જોયો. તેને મરડો થયો છે. બહુ વખત નહોતો એટલે જરા જોયું ન જોયું ને નીકળી ગઈ. પણ પાછા જંતુ વળગેલા લાગ્યા. નાહવા માટે દૂધ ખોળી કાઢવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦–૧૫ વાગ્યા — એક બાળકને પાવાના દૂધના ઉઘાડા પડેલા વાડકામાં ફરી નાહી લીધું. રહ્યાસહ્યા જંતુ હશે તે વળી ધોવાયા. એપગાળાં બાળકો મૂરખાં કશું કરી શકતાં નથી; તેમને પજવવામાં ભલી મજા આવે છે.

૧૧ — ભૂખ લાગી. એઠવાડ ખોળી કાઢવો જોઈએ. પાસે જ મળી ગયો, તેમાંથી ખૂબ ખાધું. એઠવાડ મળશે ત્યાં સુધી મારી જાતનું ભવિષ્ય કુશળ છે.

૧૧ા થી ૧૨ — તાપ થવા લાગ્યો. ક્યાંક છાંયો ખોળું છું. પડદા જેવું, કાણાંવાળું કશુંક સુંદર ઘર મળ્યું. પાસે ટેબલ ઉપર નાસ્તો પણ હતો. વગર પૂછ્યે મહેમાન બની ગઈ. પણ પેલા પીપના જેવું સ્વાદિષ્ટ નહિ, છતાં નભાવી લીધું.

૧૨–૬ — મારા એક ભાઈને અકસ્માત થયો — તે રાબમાં પડી ગયો. તેને કાઢ્યો તો ખરો, પણ તે રાબ પી જનાર પેલા એપગાને તેમાં ધોવાયેલા જંતુ પીડશે તો નહિ?

બપોરે ૧ — અગત્યની શોધ કરી: ગળપણ ચોપડેલો કાગળ મૂકેલો જોયો. મને પકડવાને માટે છે તે સમજી ગઈ. નહિ પકડાઉં.

૨ — બપોરે ઊંઘતા સૂતેલા માણસના માથા ઉપર ફરવા લાગું છું તો તે વાંધો લે છે. પકડાવાનો ભય હોય ને છટકી જવામાં ઓર મજા છે.

૨–૩૦ — માથે મોઢે ઓઢીને સૂતેલા એપગાને જોયો. લાગ્યું કે ગૂંગળાઈ મરશે. બાજુના ખંડમાં એક ક્ષયરોગી હતો તેને જોવા ગઈ.

૩ — ત્યાં કાંઈ મજા ન મળી, સિવાય કે ઉઘાડી પિકદાની. તેમાં ઊતરી તેને બરોબર તપાસી. છી! પાર વિનાના જંતુ વળગ્યા! ક્યાંક ધોઈ નાખવા જવું પડશે.

૩–૩૦ — ધોઈ નાખ્યા: જોડેના ઘરની સ્ત્રી છોકરાં માટે રોટલા પર ઘી ચોપડતી હતી, અને બીજે એક ઘેર બાળકનું દૂધ ઉઘાડું પડ્યું હતું. થોડાક જંતુ રોટલા ઉપર ખંખેર્યા; બીજા દૂધમાં પડીને ધોઈ કાઢ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજ ૪ — ઓરડામાં હવે અંધારું ને શાંતિ લાગે છે. લાવ થોડો આરામ કરું.

૫ — પાટલા ખખડે છે. જમવાની તૈયારી કે શું? લાવ જઉં, થોડી મદદ કરીશ.

૫।। — દરેક વાની પર ફરી વળીને તે ચાખી. રસોઈ તો ઠીક કરી છે, પણ ધરપત ન વળે. તેને માટે તો કાલે ઊડીને વડેલા પેલા એઠવાડના પીપે જ જવું જોઈશે. જંતુઅંતુ હતા તે તો ત્યાં જ કાઢી પરવારી. ઓરડાની છતને વળગીને રાત ગાળીશ એમ વિચારી છતે વળગી.

૭ — હાશ! દિવસ સારો ગયો. ખરેખર, પુરુષાર્થથી બધું સાધ્ય છે. કેવા ક્ષુદ્ર કુળમાં જન્મ! પણ તે વહાલો લાગે છે. એઠવાડથી માંડીને બાદશાહના ખાણા સુધી પહોંચવાની મને છૂટ છે, તે તેને જ આભારી છે. કાલે પાછું કામે વળગવું છે. દૂધનું વાસણ હતું તેમાંથી થોડુંક પી લઈને સૂઈ ગઈ.

સ્વાધ્યાય

૧. કઈ કઈ આપણી કુટેવોનો માખી લાભ લે છે તેની યાદી કરો. તે તરફ ધ્યાન આપો.

૨. રોજનીશી તમે લખો છો? આ પાઠ તેનો નમૂનો છે. તે પરથી રોજનીશી રાખતાં શીખો.

૩. માખીની પીડા ક્યારે ક્યારે વધે ઘટે છે તે નિહાળો.

૪. ગળપણ ચોપડેલો કાગળ માખીઓને મારવા માટે દીવાલ પર લગાડવામાં આવે છે. ગળપણ ભેગું ઝેર હોય છે, તેથી માખી તેનાથી મરી જાય છે. કેટલાક લોકો માખીની પીડાથી બચવા સારુ આવો કાગળ વાપરે છે.

૫. મધમાખી અને રોજનીશીવાળી માખી જુદી છે એ તો જાણો છો ને? મધમાખ ક્યાં ફરે? ક્યાં બેસે? શું કામ કરે? તેને પાળી શકાય એ ખબર છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું તો નાવિક નાવિક

सागर-लहेरे सूवार थनारो हुं तो नाविक नाविक;
वादळिया मापत विस्तारो हुं तो नाविक नाविक. १
प्रमत्त झंझावातो वाये,
त्यारे सढनी साथे छाती मारी साहसथी फुलाये :
झंझाओ साथे झूँझनारो हुं तो नाविक नाविक. २
ज्यारे तुफान जागी ऊठे,
तूटे वज्जर माथा उपर, त्यारे मुज उर शौर्य वछूटे :
देतो पहाडोने पडकारो हुं तो नाविक नाविक. ३
चोगम मळे न कोई किनारो,
त्यारे मधदरियाने माथे ऊँजळो तणाय तंबू मारो :
सीमाबंधन परहरनारो हुं तो नाविक नाविक. ४
प्रवालमणिमुक्ता-भंडारो
अगाध तळमां गुप्त पडया, ते उपर वारस-हक छे मारो :
ममतभर्यो निधितळ खूंदनारो, हुं तो नाविक नाविक. ५
मारी आशा ने उल्लासो
ऊभरी ऊभरी धवल फेनमां करतां नील तरंगे हासो :
सिद्धि मारो अदीठ आरो, हुं तो नाविक नाविक. ६
ज्वलंत श्रद्धा केरी होडी,
लाख विचार करीने अंते, में तो भर दरियाए छोडी :
हवे न पाछुं फरी जोनारो हुं तो नाविक नाविक. ७
छो ने सिंधु मृत्युना साजे,
कोटिक काळां मुख उघाडी, सामे धसमस धोधे गाजे !
एनो नथी मने धडकारो — हुं तो नाविक नाविक. ८
ध्रुवनी उपर होकाजंतर
अचल ठर्युं मारुं; लेखुं ना पार विनानुं लांबुं अंतर :
अनंत सफरोनो करनारो हुं तो नाविक नाविक. ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. 'નાખુદા'નું કાવ્ય પૂજાલાલના આ કાવ્ય સાથે યાદ કરો. બેમાં શો ફેર, શું સરખાપણું લાગે છે ?

૨. જગતરૂપી સાગરમાં નાવિકરૂપી મનુષ્ય પોતાની જીવનનૌકા ચલાવે છે. એ રૂપકમાં અર્થ સમજો.

ઊજળો તંબૂ તે નૌકાનો સઢ. બીજી લીટીનો અન્વય — 'વાદળિયા (રંગના) વિસ્તારો (એટલે મહાસાગરો) માપત હું . . .'

૫૧

તારાઓ અને પરમાણુઓ

[છઠ્ઠી ચોપડીમાં શ્રી. રાજગોપાલાચારીએ જેલના પોતાના જુવાન સાથીઓને કરેલી એક વાતચીત તમે વાંચી ગયા. આ બીજી વાતચીત એવી જ અદ્‌ભુત કથા છે. તમે થોડુંક ખગોળશાસ્ત્ર જો ભણ્યા હશો, તો આમાં વિશેષ મજા આવશે.]

૧

રાત્રે આકાશમાં આપણે જે તારાઓ જોઈએ છીએ, તે બધા આપણી પૃથ્વી જેવી પૃથ્વીઓ જ છે! તેમાંના કેટલાક તારા તો આપણી પૃથ્વીના કરતાં લાખો ગણા મોટા હોય છે. આકાશમાં કેટલાંક ઝાંખાં ધાબાં જેવું આપણા જોવામાં આવે છે, તે તો એવી પૃથ્વીઓનાં ઝૂમખાં ને ઝૂમખાં છે. અંતર, કદ અને ગતિની દૃષ્ટિએ આ વિશ્વનો વિચાર કરીએ તો, ખરેખર, આપણે આભા જ બની જઈએ.

આ જાતનું ચિંતન કરવામાં આપણી કલ્પનાશક્તિને કસવી એ સારું છે. એનાથી આપણામાં નમ્રતા આવે છે અને વસ્તુઓનું યોગ્ય મહત્ત્વ સમજવામાં આપણને મદદ મળે છે; તેમ જ દુઃખ અને શોક સહન કરવાની તથા તેમાંથી પણ આનંદ મેળવવાની આપણામાં શક્તિ આવે છે.

અત્યારે હું તમારી જોડે વાત કરું છું ત્યારે, મારા મોંમાંથી નીકળતો ધ્વનિ ચાલતો ચાલતો તમારે કાને પહોંચે છે. તે બહુ ઝડપથી ચાલે છે, છતાં તેને પહોંચતાં કાંઈક વખત તો લાગે જ છે. તમારાથી થોડે દૂર નદી કે તળાવમાં કપડાં ધોતા માણસનું તમે કદી નિરીક્ષણ કર્યું છે? જો કર્યું હશે તો તમને જણાયું હશે કે, આપણે તેને પાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે ફૂટતો કે ઝીંકીને ધોતો આંખે જોઈએ, અને તેનો અવાજ કાને સાંભળીએ, એ બે વચ્ચે સ્પષ્ટ અંતર માલૂમ પડે છે. એ અંતર પડવાનું કારણ એ છે કે, પ્રકાશને તમારી આંખ સુધી પહોંચવામાં જે વખત જાય છે, તેના કરતાં અવાજને તમારા કાન સુધી આવતાં વધારે વાર લાગે છે.

આકાશમાં થતી ગાજવીજ તમે નિહાળીને જોઈ છે? પહેલો તમે વીજળીનો ઝબકારો જુઓ છો. ત્યાર પછી કેટલીક વારે તમે ગર્જના કે વીજળીનો કાટકો સાંભળો છો. ગાજ અને વીજ થાય છે તો એકીસાથે જ. પરંતુ બંનેને આપણી પાસે આવતાં સરખો વખત નથી લાગતો.

ઝડપીમાં ઝડપી ગાડી મિનિટે એક માઈલ જાય છે, ત્યારે ધ્વનિ દર મિનિટે ૧૨ માઈલ દોડે છે. એટલે કે, વેગીલી ગાડી કરતાં ધ્વનિની ઝડપ બાર ગણી છે.

વીજળીના ઝબકારાને પણ આપણી આંખ સુધી આવતાં વખત તો લાગે જ છે. પરંતુ પ્રકાશની ગતિ એટલી પ્રબળ છે કે, તેને લાગતા વખતની આપણને ખબર સુધ્ધાં ન પડે, એટલો તે નજીવો હોય છે. ધ્વનિની ગતિ કરતાં પ્રકાશની ગતિ દસ લાખ ગણી છે. વિશ્વની અંદરના તારાઓ વચ્ચેનાં લાંબાં લાંબાં અંતરો માઈલથી માપી નથી શકાતાં. અતિ ધનવાન માણસની દોલત જ્યારે આપણે ગણીએ છીએ, ત્યારે અમુક પાઈઓ કે રૂપિયા પણ નથી કહેતા: અમુક કરોડ એમ કહીએ છીએ. તેની રીતે, તારાઓ વચ્ચેના અફાટ અંતરનું માપ, એ અંતર કાપતાં પ્રકાશને કેટલાં વર્ષ લાગે, તેના આંકડાથી આપી શકાય છે! તમે વિચાર કરો કે, આખા હિંદની લંબાઈથી સો ગણું અંતર કાપતાં પ્રકાશને એક સેકંડ જ લાગે છે! પ્રકાશ ધ્વનિના કરતાં દસ લાખ ગણો વેગવાન છે; અને ધ્વનિ આપણી વધારેમાં વધારે વેગવાળી ગાડી કરતાં બાર ગણો વેગવાન છે. પૃથ્વી સૂર્યની આસપાસ ૩૮ વર્ષ સુધી ફરે ને તેમાં જેટલું અંતર ચાલે, તેટલું અંતર પ્રકાશ એક દહાડામાં કાપે છે! સૂર્યથી આપણી પૃથ્વી કેટલી બધી દૂર છે, એ તમને ખબર છે? એના કરતાં લગભગ છ ગણો લાંબો એનો ક્રાંતિમાર્ગ થાય. એટલે કે, પૃથ્વીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્ષિક ગતિનો એ ક્રાંતિમાર્ગ ૫૪ કરોડ માઈલ લાંબો થયો. એવાં ૩૮ વર્ષ! તમે જન્મ્યા ત્યારથી ૩૮ વર્ષ વીતે એટલો વખત! એટલું અંતર પ્રકાશ એક જ દહાડામાં કાપી શકે છે. પણ આપણી નજદીકમાં નજદીક જે તારો છે, તેના પ્રકાશને અહીં આપણને પહોંચતાં ત્રણ વર્ષ લાગે છે. આ ઉપરથી એ તારો આપણાથી કેટલો દૂર છે તેની કંઈક કલ્પના તમને આવી હશે. વળી કેટલાક તારાઓ તો આપણાથી એટલા દૂર છે કે, ત્યાંથી પ્રકાશને અહીં પહોંચતાં ત્રણ નહિ પણ હજાર વર્ષ લાગે છે, અને કેટલાક તો તેથીયે વધારે દૂર છે!

એટલે, જ્યારે આપણે કોઈ ઝાંખો તારો જોઈએ છીએ, ત્યારે ત્યાં અત્યારે જે છે તે નથી જોતા, પરંતુ બુદ્ધ જન્મ્યા તે પૂર્વે ત્યાં શું હતું તે જોઈએ છીએ: તે વખતે પ્રકાશ ત્યાંથી ઊપડેલો, અને આજ આટલો લાંબો કાળ થતાં તે તમારી આશ્ચર્યચકિત આંખો સુધી પહોંચે છે! અને ભારતનો આખો ઇતિહાસ એ ગાળામાં ભજવાઈ ગયો! તમારાં કલ્પના-ચક્ષુ દોડાવીને એ પ્રકાશ-પંથીનો ખ્યાલ કરો; ઝડપીમાં ઝડપી ગાડી કરતાં સવા કરોડ ગણી ગતિએ એ આપણી પાસે ધસતો આવે છે, અને તેની નજર આગળ, તેટલામાં તો ભારતવર્ષનો આખો ઇતિહાસ રચાઈ રહે છે, અને ત્યાર બાદ આજ તે આપણાં ચર્મ-ચક્ષુ પર પહોંચે છે!

આ સમજ્યા પછી આ આપણી નાની દુનિયા અને એમાં ગુજરતાં આપણાં નાનકડાં જીવન કેવી નજીવી – ક્ષુલ્લક બાબતો લાગે છે! એમ કલ્પો કે, એક ઉંદરિયામાં ઉંદરો પકડાયા છે; તેમાં રહ્યા રહ્યા તેઓ અંદર મૂકેલા કાંદાના કકડા ઉડાવે છે અને મજા કરે છે: કોઈ લડે છે, કોઈ ખેલે છે, કોઈ બહુ ઉદાસ છે, કોઈ બહુ હર્ષમાં છે. આખા વિશ્વની દૃષ્ટિએ જોઈએ તો આપણી આખી દુનિયા આવું એક ઉંદરિયું જ છે!

૨

આમ, આપણી આસપાસ પથરાયેલું આ વિશ્વ અતિ વિશાળ છે. પરંતુ આપણી અંદર અને દરેક ભૌતિક કણની અંદર પણ એક બીજી અમાપ વિશાળતા પડેલી છે, અને તે આપણી આસપાસના વિશ્વના વિશાળ અવકાશ કરતાં જરાય નાની કે ઓછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવ્ય નથી. અણુઓ, પરમાણુઓ, અને વીજાણુઓને, પ્રકાશના જેટલા વેગથી અને સૂર્યમાળા તથા તારાઓની જેમ વ્યવસ્થિત રીતે, માંહોમાંહે ગોળ ફરતા જો આપણે જોઈ શકીએ, તો જણાય કે એક ભૌતિક કણ પોતે પણ એક આખું વિશ્વ છે. તેની અંદરના અણુ પરમાણુની ગતિ બાહ્ય આકાશના ગોળાઓ જેટલી જ મોટી હોય છે. પરમાણુઓનું જગત બહારના વિશ્વ કરતાં ઓછું ગૂંચવાડા-ભરેલું નથી. અને અંદર તથા બહારથી આવડું મોટું વિશાળ વિશ્વ એકમાત્ર સર્વવ્યાપક શક્તિ કે પરમતત્ત્વમાંથી પ્રગટ્યું છે, જેને આપણા પૂર્વજો ગાયત્રી-મંત્રથી સંબોધતા હતા : ‘જે પ્રકાશ આ અમાપ દુનિયાઓને સતત સર્જે છે, ધારણ કરે છે, ચલાવે છે, અને સંહારે છે, તેને હું પ્રણામ કરું છું. તેનો મારામાં સંચાર થાઓ; તે મને શુદ્ધ કરો.’

જે જમીન ઉપર તમે મારી આસપાસ વીંટળાઈને બેઠા છો, તે સંગીન અને સલામત છે એમ તમે માનો છો. પરંતુ તમને ખબર છે કે, જોઈને આંખોને તમ્મર આવે અને કલ્પના બહેર મારી જાય એટલા વેગથી આપણે ચકર ચકર ફરીએ છીએ? જેને આશરે આપણે બેઠા છીએ તે પૃથ્વી પોતાની ધરી પર ચાકે ચડી છે. એક કલાકમાં ફાસ્ટ ગાડી જાય તેના કરતાં ૧૫–૨૦ ગણા વેગે તે આપણને લઈને ફરે છે. આપણને બધાને સાથે લઈને એ વેગે તે ચાકે ચડે છે એટલું જ નહિ, પરંતુ તેની જ સાથે તે આપણી ઝડપીમાં ઝડપી ગાડીના કરતાં લગભગ છસો ગણા વેગથી સૂર્યની આસપાસ ધાય છે! તમ્મર આવી જાય એવી આ બેવડી ગતિએ આપણને સાથે લઈને પૃથ્વી ચાલે છે. તે વખતે આપણે વાતો કરીએ છીએ, ખેલીએ છીએ, પ્રેમ કરીએ છીએ, યુદ્ધો અને ઝઘડા કરીએ છીએ, વિચારીએ છીએ, સ્વપ્નો સેવીએ છીએ, પ્રાર્થના ઉપાસના કરીએ છીએ. આના કરતાં વધારે રમૂજી બીજું કાંઈ પણ છે? સૌથી વિશેષ રમૂજી તો એ છે કે, આટલી ભયંકર ગતિએ ચાકે ચડીએ છીએ અને ગોળ ગોળ દોડીએ છીએ ત્યારે પણ, આપણે દ્વેષ, ધિક્કાર, દગાફટકા, પેંતરા અને વેરના મનોરથ સેવીએ છીએ, અને એમ માનીએ છીએ કે, બીજાને આમ દુઃખી કરવાથી આપણે ઘણા સુખી થઈશું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. આ પાઠમાં ગતિનું ગણિત આપ્યું છે તે ગણો. પ્રકાશનો વેગ કેટલો ? ધ્વનિનો કેટલો ? પૃથ્વીની બે ગતિના વેગ કેટલા ?

૨. અણુ પરમાણુનું વિજ્ઞાન શોધવામાં આવ્યું છે, તે પરથી દેખાય છે કે, તેમાં જે વીજાણુ છે તે આકાશના તારા જેવા જ છે. જાણે તેમની પણ એક નાનકડી સૃષ્ટિ જ છે! આ અદ્ભુતતા શી રીતે વિજ્ઞાનશાસ્ત્રીઓએ નિહાળી કાઢી, તેની રોમાંચક વાત મોટપણે તમે સમજી શકો.

૩. છઠ્ઠી ચોપડીના 'ઝાડ અને છોડવા' ના પાઠમાં આપણા એક મહાન વિજ્ઞાનશાસ્ત્રી સર જગદીશચંદ્ર બસુનું નામ તમે શીખી ગયા. અહીં તમને એક બીજા આપણા વિજ્ઞાનશાસ્ત્રીનું નામ કહું. તે સર ચંદ્રશેખર રામન. પ્રકાશ વિષે અજબ શોધો કરીને તેમણે આખી દુનિયામાં નામના મેળવી છે, અને હજી તે શોધો કર્યે જાય છે.

૫૨

મુખડાની માયા

मुखडानी माया लागी रे, मोहन प्यारा,
मुखडानी माया लागी रे. ध्रुव

मुखडुं में जोयुं तारुं, आ जगतडुं थयुं खारुं;
मन मारुं रह्युं न्यारुं रे, मोहन० १

संसारीनुं सुख एवुं, झांझवानां नीर जेवुं;
तेने तुच्छ करी फरीए रे. मोहन० २

संसारीनुं सुख काचुं, परणीने रंडावुं पाछुं;
तेने घेर शीद जईए रे? मोहन० ३

परणुं तो प्रीतम प्यारो, अखंड सौभाग्य मारो;
रांडवानो मे टाळ्यो रे, मोहन० ४

मीरांबाई बलिहारी तारी, आशा एक मने तारी;
हवे हुं तो बडभागी रे, मोहन० ५

સ્વાધ્યાય

૧. મીરાંબાઈ (ઈ. સ. ૧૪૯૯–૧૫૪૭)ની વાતનું કાવ્ય ૫ મી ચોપડીમાં છે તે વાંચો.

૨. દયારામનું 'શોભા સલૂણા શ્યામની' કાવ્ય એની જોડે સરખાવવા ફરી વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અમર ત્રિપુટી

આધુનિક શસ્ત્રવૈદું એક અતિ આશ્ચર્યકારક ચીજ છે. કોઈ કાળે કદાચ નહિ કલ્પાયાં હોય એવાં હેરત પમાડનારાં કાર્યો તે આજ કરી શકે છે. જેને ખોલતાં કે ચીરતાં માણસ મરણ જ પામે એમ મનાય, તેવાં તેનાં છાતી, પેટ અને મગજ જેવાં માર્મિક અંગો ઉપર પણ આજે શસ્ત્રવૈદ્ય કે સરજનનું નસ્તર ચાલતું થયું છે. આ બધાં આશ્ચર્યો આજે બહુ જ સાદી લાગતી બેત્રણ શોધોને જ મુખ્યત્વે આભારી છે.

આજે વાઢકાપ કરાવવી એ કોઈ ભારે જોખમની વાત નથી ગણાતી, જેવી થોડાક દાયકા ઉપર આપણને લાગતી હતી. યુરોપમાં પણ ૧૯મા સૈકામાં વાઢકાપવિદ્યા કે શસ્ત્રવૈદ્દાની એવી દુર્દશા હતી કે, લોકો તેને માટેનાં દવાખાનાંને મોતખાનાં જ કહેતા. કેમ કે, શરીર ઉપર સાધારણ વાઢ મુકાયા પછી તેને રુઝ આવવી, તે લગભગ નસીબની વાત મનાતી. ઘા સડી સડીને જ વાઢકાપના દરદી મરી જતા, જોકે સરજને તો પોતાનું કામ બરોબર કર્યું હોય. અને આ રીતે મરવાનું પ્રમાણ આજે માની ન શકાય એવડું મોટું હતું. લંડન જેવા મુખ્ય શહેરની ઇસ્પિતાલોમાં વાઢકાપના દરદીઓમાં મરણ-પ્રમાણ જો ૨૬ ટકા જેટલું આવે, તો તે એક મોટી ફતેહ મનાતી! ગ્લાસગો શહેરની એક ઇસ્પિતાલનું મરણ-પ્રમાણ તો ૮૦ ટકા જેવડું મોટું હતું! આથી કરીને ૧૯મા સૈકાના પૂર્વાર્ધમાં ઇંગ્લેન્ડમાં એક એવી હવા ચાલી હતી કે, મોતખાનાં જેવી એ ઇસ્પતાલો જ બંધ કરવી જોઈએ.

ત્યારની વાઢકાપની વિદ્યામાં બીજી મુશ્કેલી એ હતી કે, આજની જેમ ત્યારે વાઢકાપના દરદીને મૂર્છામાં નાંખવાને માટે સૂંઘાડવાની શીશી કે તેનું કાપવાનું અંગ બહેરું કરી દેવાની એકે દવા જાણવામાં નહોતી. પશુને ડામ દેવા રબારી જેમ તેને બાંધીને પકડી રાખે છે, લગભગ તેમ જ દરદીના હાથપગ બાંધીને તેને પકડી રાખવામાં આવતો, અને તે બિચારો પીડાના ઊંહકારા ભરતો અને દુઃખથી ચીસો પાડતો પડ્યો રહેતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી સ્થિતિમાં વાઢકાપનું કામ સરજન લાંબો વખત ન ચલાવી શકે એ ઉઘાડું છે. તેથી જે વાઢકાપમાં લાંબો વખત લાગે તેવી તો થઈ જ નહિ શકતી. અને દરદીને જે દુઃખ પડતું તે તો જોયું ન જાય એવું હતું.

આ દુઃખમાંથી માણસને અને વાઢકાપની વિદ્યાને ઉગારનાર દાક્તર તે સર જેમ્સ યંગ સિમ્પસન (ઈ. સ. ૧૮૧૧–૧૮૭૦). તે



સ્કૉટલેન્ડનો રહીશ હતો. એડિનબરો યુનિવર્સિટીમાં દાક્તરીનો અભ્યાસ કરીને ત્યાં જ તે પ્રસૂતિવિદ્યાના અધ્યાપક તરીકે કામ કરતો હતો. પ્રસૂતિમાં માતાઓને પડતાં દુઃખો જોઈને એ દયાળુ પુરુષનું હૃદય હમેશાં કકળતું. આનો કંઈક ઉપાય મારે શોધવો જ જોઈએ એમ એને થતું, અને તેની શોધમાં જ એ લાગ્યો રહેતો. તેમાંથી, માણસને સારે નસીબે, ઈ. સ. ૧૮૪૭માં એક દહાડો એણે, આજ વાઢકાપ કરવા માટે આપણને જે દવા સૂંઘાડી બેભાન કરવામાં આવે છે, તે ક્લોરોફૉર્મની શોધ કરી. એ સૂંઘીને બેભાન થવાનો પ્રથમ પ્રયોગ એણે પોતાની ઉપર જ કર્યો હતો. તે એક એવો વિજયી પ્રયોગ નીવડ્યો કે, તેણે આજ સુધી હજારો નહિ, લાખો મનુષ્યોને ભયંકર યાતનાઓમાંથી બચાવ્યાં છે.

સિમ્પસનની આ શોધથી નસ્તરના ઘાથી તરફડતા દરદીની ચીસો મટી અને સરજનો પોતાનું કામ શાંતિથી અને પૂરતો વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈને કરવા લાગ્યા. પરંતુ વાઢકાપવિદ્યાની મોટી વિફળતા તો ઘામાં થતા પેલા અસાધ્ય લાગતા સડાને લીધે હતી. સૂંઘાડવાની દવા નહોતી ત્યારે પણ ચતુર અને ચપળ સરજનો પોતાનું કામ ઝટ ઝટ કરતા, અને તેટલા પૂરતી તો તેમને સફળતા મળતી. પરંતુ પછી ઘાને રૂઝવવાનું તેમને અસાધ્યવત્ લાગતું. એને સાધ્ય કરવાની શોધનું માન પણ એક અંગ્રેજ દાક્તરને મળે છે. તેનું નામ જોસેફ લિસ્ટર (ઈ. સ. ૧૮૨૭–૧૯૧૨) છે.

જોસેફ લિસ્ટરનો પિતા એક સંયમી અને ધર્મનિષ્ઠ પુરુષ હતો. તે પોતે એક જાણીતો વિજ્ઞાનશાસ્ત્રી હતો. સૂક્ષ્મદર્શક યંત્રને વિષે કેટલીક અતિ ઉપયોગી શોધો કરી, વિજ્ઞાનની શોધખોળ માટે તેને એક કીમતી ઓજાર બનાવી આપવાનું માન એને મળે છે. પિતાના ગુણ પુત્રમાં બરોબર ઊતર્યા હતા. વસ્તુને ઝીણવટથી જોવી, તેની વિગતોને બરોબર પકડી લેવી, અને ખંત તથા મહેનતથી પોતાના કામને વળગ્યા રહેવું, એ ગુણો લિસ્ટરને વારસામાં મળેલા હતા. દાક્તરીનો અભ્યાસ તેણે લંડન યુનિવર્સિટીમાં કર્યો હતો. તે પૂરો કરીને લિસ્ટર એડિનબરોમાં સાઈમ કરીને એક જાણીતો દાક્તર હતો, તેની પાસે કામ કરવા ગયો. કામની બાબતમાં સાઈમ ભારે કડક માણસ હતો. પણ લિસ્ટરનો મહેનતુ અને ખંતીલો સ્વભાવ એને પસંદ પડ્યો. અને આ બે જણને એવું તો ગોઠી ગયું કે, થોડાંક વર્ષ બાદ સાઈમની મોટી દીકરી જોડે લિસ્ટરના વિવાહ થયા.



લોર્ડ લિસ્ટર

સાઈમ પાસે કેટલાંક વર્ષ ઘડાઈને લિસ્ટર પોતાને સ્વતંત્ર કામે વળગ્યો. તેને ગ્લાસગો યુનિવર્સિટીમાં અધ્યાપક-પદ મળ્યું હતું. અને ત્યારથી તેના જીવનનું મુખ્ય કામ શરૂ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શસ્ત્રવૈદ તરીકે તેની નામના સારી હતી. પરંતુ ઘા સડતા તે તો સડતા જ, અને આપણે શરૂમાં જ જોયું કે, ગ્લાસગો ઈસ્પિતાલ તો ઘાના સડાથી થતાં મરણ માટે નામીચી હતી. લિસ્ટરને હવે પ્રશ્ન થયો: આ સડો પડવાનું કારણ શું? તે પ્રશ્ન ઉકેલવા માટે તે અનેક રીતે ગડમથલ કરતો, પરંતુ એમાં એ કોઈ રીતે ફાવતો નહોતો.

એવામાં તેના કાન ઉપર એક એવી શોધની વાત આવી કે જેમાંથી તેને આ સડાનું સાચું કારણ હાથ લાગી ગયું, અને તેને રોકવાના ઉપાયો તે યોજી શક્યો. આ શોધ તે પ્રખ્યાત ફ્રેન્ચ વૈજ્ઞાનિક લૂઈ પૅસ્ટર (ઈ. સ. ૧૮૨૨–૧૮૯૫) ની જંતુઓ વિષેની શોધ હતી.

નવાઈની વાત છે કે, પૅસ્ટર દાક્તર નહોતો, પણ એક રસાયનશાસ્ત્રી હતો અને ફ્રાન્સની એક આગેવાન વિદ્યાપીઠમાં રસાયનના અધ્યાપક તરીકે કામ કરતો હતો. પરંતુ તેણે આખી દાક્તરી વિદ્યાને પલટાવી નાંખે એવું કામ કર્યું છે. તેથી કરીને

આજ તે એક મહાનમાં મહાન વિજ્ઞાનવેત્તા તરીકે પંકાય છે. ફ્રેન્ચ લોકો તેને પોતાના પ્રથમ કોટીના મહાપુરુષ તરીકે ગણે છે. અને વિજ્ઞાનના ઇતિહાસમાં તેને જંતુ-વિદ્યાના આદિ શોધક તરીકે ઓળખાવવામાં આવે છે.

તે જમાનામાં લોકો, જંતુ હવામાં રહે છે અને આપોઆપ જન્મે છે, એમ માનતા. એક સાવ સાદી વાત ઉપરથી પૅસ્ટરનું ધ્યાન ગયું કે, ના, એમ નથી; જંતુ પણ દરેક જીવતી ચીજની પેઠે જન્મે છે, અને તેમને માટેના સામાન્ય કુદરતી કાયદા મુજબ વધે છે કે ઘટે છે. આ શોધ તેણે બગડેલો અને સારો દારૂ તપાસતાં તપાસતાં કરી. આજે આપણને આ બહુ સામાન્ય હકીકત લાગે છે. પરંતુ એ સામાન્ય હકીકત પરથી પૅસ્ટરે આગળ જે શોધ્યું, તે તેના કરતાં ભારે ફળદાયી હતું. તેણે એ બતાવ્યું કે, રોગોને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના જંતુ હોય છે; તે શરીરમાં દાખલ થવાથી રોગ થાય છે. એટલે, જો એ જંતુ અને તેના જીવન વિષે જાણવામાં આવે, તો તેનાથી થતા રોગને રોકવા કે મટાડવા માટેના ઇલાજની પણ સૂઝ પડે.

આ એક ભારે જબરી શોધ કહેવાય. તેનાથી આજે માણસ તથા પશુપક્ષી અને વનસ્પતિના અનેક રોગોનાં જંતુ શોધી કાઢવામાં આવ્યાં છે, તેમનું જીવન નિહાળવામાં આવ્યું છે, તથા તેમનાથી થતા રોગના ઉપાયો યોજાયા છે. તે બધું પૅસ્ટરની એ શોધને લઈને થઈ શક્યું છે. પૅસ્ટરે પોતે તો રેશમના કીડાનો રોગ અને હડકવાનાં જંતુ શોધી તેમને માટે રસી બનાવી હતી. હડકાયું કૂતરું કરડે છે ત્યારે આજે આપણે રસી મુકાવી હડકવામાંથી બચી શકીએ છીએ. તે રસીની શોધ પૅસ્ટરે કરી હતી. આ નાનીસૂની શોધ નથી. છતાં વિજ્ઞાનની પ્રગતિનો વિચાર કરીએ તો, તેનું ખરું કાર્ય તેણે વિજ્ઞાન-શાસ્ત્રીઓની જંતુ વિષેની પેલી ખોટી માન્યતા દૂર કરી સાચી શોધ કરી આપી, તે હતું. તે શોધને લીધે જ લિસ્ટરને પોતાના પ્રયોગો માટે સાચી દિશા સૂઝી, અને પેલા જીવલેણ સડાનું કારણ તે કળી ગયો.

હવે તેણે નવી રીતે પ્રયોગો આદર્યા. વાઢકાપ પછી જખમ સડવાનું કારણ જંતુઓ પણ કદાચ હોઈ શકે, એવી કલ્પના એણે કરી; અને તે પરથી જખમને જંતુશુદ્ધ રાખવાના પ્રયત્નો એણે શરૂ કર્યા. હવામાં જંતુઓ હોય તો તે સરજનના હાથ, તેનાં નસ્તર, ચીપિયા વગેરે ઓજારો, તથા પાટા વગેરે સાથે પણ લાગેલા હોય; તેથી તે પણ જંતુરહિત કરવાં જોઈએ, એમ તેને લાગ્યું. તેને કાર્બોલિક ઍસિડના જંતુનાશક ગુણની ખબર હતી. તેણે તેનો વાપર શરૂ કર્યો. વાઢકાપના ઓરડામાં હવામાં હોતાં જંતુ મારવાને માટે તે એનાં છાંટણાં ઉરાડવા લાગ્યો, અને જખ્મો ધોવામાં તથા હાથ, નસ્તર, પાટા વગેરેનાં જંતુઓને મારવાને પણ એ ઍસિડનો ઉપયોગ કરવા લાગ્યો. આનું પરિણામ સારું દેખાવા લાગ્યું, એટલે તેણે એ પ્રયોગ ચાલુ રાખ્યો. એમ કરતાં જ્યારે એની ખાતરી થઈ કે, સડાનો સાચો ઉપાય હાથ લાગ્યો છે, ત્યારે તેણે એ દાક્તરો આગળ જાહેર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે કોઈ મોટી ઇસ્પિતાલમાં ગયા છો? ત્યાં વાઢકાપની તૈયારી થતી જોઈ છે? જોઈ હોય તો તમને ખબર હશે કે, સરજનનાં ઓજારો તથા તેના બીજા સરંજામને જંતુમુક્ત રાખવાને માટે વરાળની બાફ અપાય છે. આ શોધ આજ કેવી સાદી અને સરળ લાગે છે! પરંતુ તે શોધતાં લિસ્ટરને કેટલાંક વર્ષો આપવાં પડ્યાં હતાં!

આમ, છેવટે વાઢકાપની બેઉ મુશ્કેલીઓ દૂર થઈ: સિમ્પ્સને સૂંઘાડવાની શીશી ખોળી અને લિસ્ટરે સડો દૂર કરવાના ઉપાય યોજી આપ્યા. આ બેના પછી અનેક પ્રતિભાશાળી સરજનોએ પોતાની વિદ્યાને ખીલવી છે, અને હજી પણ તે કામ ચાલુ જ છે. પરંતુ તે બધાનો પાયો પૅસ્ટર, લિસ્ટર અને સિમ્પ્સન એ ત્રણ મહાપુરુષોએ નાંખ્યો છે. આજ શસ્ત્રવૈદું માણસજાતને માટે એક આશીર્વાદરૂપ થઈ પડ્યું છે, તે એ ત્રણની અથાક મહેનત અને શોધક બુદ્ધિનું ફળ છે. મોટા રાજાઓ અને મુત્સદ્દીઓ તથા વિજેતાઓ પણ જ્યારે ભુલાયા હશે, ત્યારે આ ત્રિપુટીને સૌ યાદ કરશે, અને તેમણે આપેલા વારસામાંથી સુખ અને સ્વાસ્થ્ય લૂંટ્યા કરશે. ખરેખર, એ અમર ત્રિપુટી છે.

સ્વાધ્યાય

૧. કોઈ મોટા શહેરની ઇસ્પિતાલમાં વાઢકાપનું કામ જોવા જાઓ.

૨. તમારી ચર્ચાપરિષદમાં વિષય ગોઠવો: સિકંદર, તૈમુર જેવા હિંસક વિજેતા મોટા કે પૅસ્ટર, લિસ્ટર વગેરે જેવા શાંત માનવપ્રેમી મોટા? સર રમણભાઈવાળા પાઠમાં બીજો ખંડ છે તે ફરી વાંચી જાઓ.

૩. પનામાની નહેરનો પાઠ ફરી વાંચી જાઓ. તેમાં મચ્છરની ને પૅસ્ટરની વાત કરી છે તે યાદ કરી લો. તે નહેર બની શકી તેમાં પણ પૅસ્ટરની શોધની મદદ રહેલી છે, તે કેવી રીતે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪

શૂરા બાવીશ હજાર

[દિ૦૫]

" वीरा, चालो झट रणमां, काढो ताती तलवार;
' हर हर हर ' नादे घूॅमता करीए अरिनो संहार!
रणधीरा हे रजपूतो, मुज अंग तणा शणगार!
रे चालो हलदीघाटे, शूरा बावीश हजार! १

" वीरा, शुं शौर्य गयुं छे? शुं रजपूॅत थशे गुलाम?
मेवाड पराधीन बनशे? शुं जशे सिसोदीय नाम?
नहि, नहि, नहि, रणमां चालो, झबकावो तम हथियार,
रे घूमो राणा साथे शूरा बावीश हजार! २

" वीरा, तम आजे रणमां वहेशे अस्खलित प्रवाह;
रजपूॅत गौरव हजी पण छे, ते जोशे अकबर शाह.
रे आज प्रताप प्रतापे घूॅमी रहेशे रण मोझार,
ने साथे झूॅझशे तेना शूरा बावीश हजार!"— ३

गर्जन करी एम प्रतापे झुकाव्युं रणे शरीर,
होंकार करी त्यां ऊॅछळ्या राठोड सिसोदीय वीर,
चंदावत, संगावत, ने झाला, चोहाण, परमार,—
रिपुने हणवाने कूद्या शूरा बावीश हजार! ४

मोगल युवराज सलीम ने अंबरपति महावीर मान
लई सैन्य असंख्य ज ऊभा कंई सिंधुतरंग समान!
पण मृगटोळामां कूदे वनराज, करी होंकार,
त्यां कूद्या तेम प्रतापी शूरा बावीश हजार! ५

धड धड धड थाय धडाका, खूॅब तोप तणा चोपास;
कड कड कड तूटी पडतुं नीचे आवे आकाश!
तेने न जरा गणकारी, धरी अंतर शौर्य अपार,
त्यां मृत्यु-मुखे होमाता शूरा बावीश हजार! ६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'आजे नथी पाछुं फरवुं, समरांगण छे अवसान;
रिपुने हणवुं के मरवुं, छे ए ज अमारी ल्हाण.'
एवुं कही सहु झुकावी मोगलने मारे मार,
रे रेल समा त्यां रेले शूरा बावीश हजार! ७
रणवीर प्रताप घूमी त्यां करतो रणनाद प्रचंड,
खरुं आज प्रकाशित कीधुं रणमां निज शौर्य अखंड;
भेदी अरिहार धस्यो ते, खुद सलीम हतो जे ठार,
'हर हर हर' करता गरज्या शूरा बावीश हजार! ८
आकाश धरा त्यां कंप्यां, डोल्यां चौदे ब्रह्मांड!
रणक्षेत्रे आरंभायो शो भीषण हत्याकांड!
ढगना ढग वीरो पडता, नहि शवनो कांई शुमार!
लडता अगणित मोगल ने शूरा बावीश हजार. ९
मार्या रक्षक ने मूहावत, राणाए राखी रंग,
ने सलीम तणा गज पर त्यां निज अश्वे मारी छलंग!
पण गज निज पतिने लईने त्यांथी नाठो ते वार,
राणा सह पाछळ दोडया शूरा बावीश हजार! १०
'अल्लाहो अकबर' करता, त्यां कूद्या मोगल सर्व;
नथी भीरु बन्या हजी कांई, नहि रणमां खोशे गर्व.
त्यां फरी वळी चोपासे, कीधो प्रभुनो उद्धार,
ने घेर्या राणा साथे, शूरा बावीश हजार. ११
पण वीर्य अपूर्व ज कांई छे प्रताप केरुं आज,
एकलडो सोनी वच्चे, ते घूमी रह्यो सिंहराज!
[1]अर्जुनशुं आजे तेनो यश पाम्यो छे विस्तार!
हा! धन्य, प्रताप अने तुज शूरा बावीश हजार! १२
ए युद्ध थकी त्रण वेळा, रजपूत योद्धा दई प्राण,
उगारी लाव्या बळथी निज राणाने निर्वाण.
पण जोई वीरो निज पडता, फरी भेदी धस्यो अरिहार!
नहि जाण्युं, नथी हवे सघळा शूरा बावीश हजार. १३

---

१. અર્જુન પેઠે. અર્જુન કુરુક્ષેત્રમાં જેવા યશ પામ્યો તેવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अति रोषे मोगल सैन्ये घेर्यो राणाने त्यांय,
झब झब झब चपळा जेवी चमकी असिओ रणमांय.
जाणे न प्रताप हवे कंई मोगलथी बचे लगार,
नथी रह्या हवे सहु तेना शूरा बावीश हजार. १४

ए स्थिति राणानी जोई, [1]झालापति लई निज वीर,
शिरछत्र प्रतापनुं मूकी, रणमां दोड्यो रणधीर!
दिल्लीश्वर केरुं ऊलटयुं त्यां सैन्य अगण विस्तार;
रे टप टप धरणी ढळता शूरा बावीश हजार. १५

पण रिपुने हणता पूहोंच्या वीर रजपूत राणा पास,
छोडवी मृत्यु-मुखेथी लाव्या रजपूतनी आश.
पण झालावीर पड्यो त्यां, निजधर्म बजावी सार,
ने रत्न[2] सहस्र गुमाव्या शूरा बावीश हजार. १६

धड धड धड थाय धडाका खूब तोप तणा चोपास,
कड कड कड तूटी पडतुं नीचे आवे आकाश!
ए सैन्य असंख्य वींधीने नीकळ्या रजपूत पछी बहार;
नहि फर्या अरे, कंई सघळा शूरा बावीश हजार! १७

राणाए ते दिन अंते छोड्युं रण हलदीघाट,
पण जगते जोयो तेनी शूरी असिनो चळकाट;
नथी भारतजन कदी भूल्या ए युद्ध तणा भणकार,
सहु स्मरे प्रताप अने ते शूरा बावीश हजार! १८

हा धन्य वीरा रजपूतो! छे धन्य ज तम तलवार!
शुं कीर्ति तमारी जगमां कदी करमाशे पळ वार?
घर घर अहीं हरनिश गाशे तम शौर्यगीतो नरनार—
रे धन्य, प्रताप अने हो शूरा बावीश हजार! १९

---

१. ઝાલા રાજા માનસિંહ તે પ્રતાપનો શૂરવીર સાથી હતો. જુઓ સરકારી વાચનમાળાની ૫મી ચોપડી, પાઠ ૬૨ મો.

૨. વીરરત્ન. બીજો એનો અર્થ ૧૪ પણ થાય છે. આ લડાઈમાં ૧૪૦૦૦ રજપૂતો માર્યા ગયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. કવિ ખબરદાર કૃત 'રાષ્ટ્રિકા'માંથી આ કાવ્ય લીધું છે. તેમાં વર્ણવેલું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું? શા માટે થયું હતું? કોણ તેમાં જીતેલું?

૨. 'અલ્લા હો અકબર' અરબી શબ્દપ્રયોગ છે. તેનો અર્થ, અલ્લા – ઈશ્વર મહાન છે, એવો થાય છે. યુદ્ધની ગર્જના તરીકે મોગલ સૈન્ય તે વાપરે છે. રજપૂત સૈન્ય કઈ ગર્જના વાપરે છે?

૩. આજ મેવાડમાં કોનું રાજ્ય છે? તેની જૂની જાહોજલાલીની વાતો જાણવી હોય તો 'રાસમાળા' કે 'મેવાડની જાહોજલાલી' જેવું પુસ્તક વાંચો.

૫૫

રશિયાની એક સાધ્વી

[સર સેમ્યુઅલ હોર નામે એક અંગ્રેજ ઈ. સ. ૧૯૩૦ના અરસામાં હિંદી પ્રધાન થયો હતો. ઈ. સ. ૧૯૧૪–૧૮ના યુરોપીય યુદ્ધ દરમિયાન તે રશિયામાં હતો. ત્યાંના અનુભવોના તેણે લખેલા એક પુસ્તકમાંથી આ વાત શ્રી. મહાદેવભાઈ દેસાઈએ જેલમાંથી આશ્રમનાં બાળકોને ઈ. સ. ૧૯૩૨માં લખી મોકલી હતી. શ્રી. મહાદેવભાઈ ગાંધીજીના મંત્રી અને આપણા આગળપડતા લેખક તથા પત્રકાર છે.]

૧

મીરાંબાઈની જેમ ઇલિઝાબેથ રાજકુંવરી હતી. જર્મનીના એક રજવાડાની કુંવરી, રશિયાના એક રાજકુંવર સાથે એનું લગ્ન થયું હતું. રાણી વિક્ટોરિયાનું નામ તો આપણે સૌ જાણીએ છીએ. ઇલિઝાબેથ વિક્ટોરિયા રાણીની દીકરીની દીકરી થાય. એટલે તે રાજા પાંચમા જ્યોર્જની ફોઈની દીકરી — બહેન થાય. એનાં માબાપે એના ઉપર રજવાડાના કરતાં એક સંસ્કારી કુટુંબના સંસ્કાર પાડવાનો પ્રયત્ન કર્યો હતો; અને પોતાની પ્રજાના કરતાં સરળતામાં અને નિર્મળતામાં પોતાનું કુટુંબ જરાયે ન ઊતરે, એવી ચીવટ રાખી હતી. બાપની ચાર પુત્રીઓમાંથી બીજી પુત્રી ઇલિઝાબેથ તે વેળાના રશિયાના રાજાના ભાઈ ગ્રાન્ડ ડ્યૂક સર્જ સાથે પરણી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેની સૌથી નાની બહેન રશિયાના રાજાના પાટવી કુંવર સાથે પરણી, જે પાટવી કુંવર પછીથી રશિયાનો રાજા થયો. આમ એક તરફથી એ બહેનો બીજી તરફથી કાકા ભત્રીજાને પરણી હતી.

ઇલિઝાબેથનો સસરો જ્યારે રશિયાનો રાજા હતો, ત્યારે દેશના અરાજક પક્ષના એક માણસે તેનું ખૂન કર્યું હતું. રશિયામાં આવાં ખૂનો એ કાંઈ નવાઈની વાત નહોતી. આખી પ્રજા સૈકાંથી સારી પેઠે કચડાયેલી હતી, અને એ ત્રાસમાંથી છૂટવાને પ્રજાના યુવાન વર્ગે રાજકર્તા વર્ગનું નિકંદન કાઢવાનો માર્ગ શોધ્યો હતો.

ઇલિઝાબેથ પરણીને રશિયા ગઈ ત્યાર પછી દસ પંદર વર્ષ એણે સુખ જોયું. એનો પતિ મોસ્કોનો ગવર્નર હતો, ત્યારે તેનો ભત્રીજો એ રશિયાનો રાજા. ૧૯૦૫માં રશિયાને જાપાનની સાથે લડાઈ થઈ ત્યારે, રખેને દેશમાં બળવો ફાટી નીકળે, એટલા ખાતર પ્રજાને રીઝવવાને માટે, પ્રજાને ધારાસભાની બક્ષિસ આપો, એવી સૂચના કાકાએ ભત્રીજાને કરેલી. કાકો ભત્રીજો બંને રાજ કરવાના ધોરણમાં તો જૂના વિચારના હતા; પણ પાણી પહેલાં પાળ બાંધવાની ખાતર કાકાએ આ સૂચના કરી હતી. એ સૂચના ન સ્વીકારાઈ, એટલે તેણે રાજીનામું આપ્યું. રાજીનામું આપીને મોસ્કો શહેર છોડવાની એ તૈયારી કરતો હતો, અર્ધો સામાન તો મહેલમાંથી ખસેડાઈ ચૂક્યો હતો, ત્યાં એનું ખૂન થયું! ઇલિઝાબેથ મોસ્કોમાં રહીને લડાઈમાં મદદ કરવાની ખાતર એક સેવાક્ષેત્ર ખોલવાની તજવીજમાં હતી, ત્યાં આ ઘટના બની. આ સેવાક્ષેત્રમાં જવાને માટે ઇલિઝાબેથ બહાર નીકળવાની હતી, ત્યાં રાજમહેલના આંગણામાં મોટો ભડાકો સંભળાયો. અને બહાર જઈને જુએ છે તો મહેલનાં બારીબારણાંના કાચ તૂટેલા, જે ગાડીમાં તેનો પતિ બેસવા જતો હતો તે ગાડીના ચૂરેચૂરા થયેલા, અને ગાડીવાન ઘાયલ થયેલો અને પતિ મરણ પામેલો!

ખૂન કરનારા પકડાયા, તેમના ઉપર કેસ ચાલ્યો, તેમને સજા થઈ. ખૂન કરનાર રશિયાનો એક કેળવાયેલો યુવાન હતો. ખૂનીના તરફ તિરસ્કાર અથવા ઘૃણા થવાને બદલે ઇલિઝાબેથની ધર્મનિષ્ઠા ઊભરાઈ. પોતાનાં માતાપિતાની પાસે અને પતિની પાસે એ શીખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી કે, મરણ સમયે ઝેરવેરનો અંત આવવો જોઈએ અને મરનારને ઈશ્વરનું ચિંતન કરવાની તક આપવામાં મદદ કરવી જોઈએ. ઇલિઝાબેથ પોતાના પતિના ખૂન કરનારને જેલમાં મળવા ગઈ.

ખૂનીએ પૂછ્યું, 'તમે કોણ છો ?'

ઇલિઝાબેથ — હું ગ્રાન્ડ ડ્યૂકની વિધવા. તારો એમણે શો અપરાધ કર્યો હતો ?

ખૂની — મારે તમારું ખૂન કરવું નહોતું. મેં ઘણી વાર તમને તમારા પતિની સાથે જોયેલાં. તે વેળા મારા હાથમાં બૉમ્બ હતો; પણ તમે સાથે હતાં, એટલે મેં બૉમ્બ નાખેલો નહિ. આ વેળા એમને એકલા જોયા એટલે મને તક મળી.

ઇલિઝાબેથ — પણ ભલા, તને એમ ન થયું કે, એમનું ખૂન કરવું અને મને જીવતી રાખવી, એટલે તું મારી મરણ કરતાં બૂરી દશા કરીશ ? આ નિર્દોષને મારતાં તારા હૃદયમાં જરાયે અરેરાટી ન છૂટી ? પણ થયું. હવે તારું મરણ પાસે છે, એટલે તું પશ્ચાત્તાપ કર અને પ્રભુની ક્ષમા માગ. તારે માટે બાઇબલની એક નકલ લાવી છું.

ઇલિઝાબેથે એના હાથમાં બાઇબલ મૂક્યું, ત્યારે તેના પતિનું ખૂન કરનારે ઇલિઝાબેથના હાથમાં એક પુસ્તક મૂક્યું અને કહ્યું, 'હું બાઇબલ વાંચીશ; તમે મારી ડાયરી વાંચજો. એ ડાયરીમાં, મારે ખૂન કેમ કરવું પડ્યું, દેશને સ્વતંત્ર બનાવવામાં આડે આવનારાઓનો નાશ કરવાની પ્રતિજ્ઞા મેં કેવી રીતે લીધી અને પાળી, એ તમે જોશો.' એમ બંનેએ એકબીજાની વિદાય લીધી.

૨

ઇલિઝાબેથે પોતાની માલમિલકત, પોતાનાં ઘરેણાં — લગ્નના મંગળસૂત્રરૂપ અંગૂઠી સુધ્ધાં — વેચ્યાં; જે ઊપજ્યું તેમાંથી ત્રીજો ભાગ રાજને આપ્યો, ત્રીજો ભાગ ધર્મકાર્યોને માટે — ઇસ્પિતાલ, દવાખાનાં, અનાથાશ્રમો, શાળાઓ, ક્ષયરોગીને માટે આરોગ્યાલયો, ઇત્યાદિને માટે — આપ્યો, અને ત્રીજો ભાગ સગાંવહાલાંને આપ્યો. પોતે રાજમહેલ છોડ્યો અને બ્રહ્મચારિણીઓનો એક સેવાશ્રમ સ્થાપ્યો અને તેમાં રહેવા ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય રીતે આવા આશ્રમોમાં જોડાનારાં કેવળ પાઠપૂજા અને માળા જપવામાં જ મશગૂલ રહે છે. ઇલિઝાબેથે પોતાના આશ્રમમાં પ્રાર્થના અને પાઠપૂજા ઉપર જેટલો ભાર મૂક્યો, તેટલો જ સેવાધર્મ ઉપર મૂક્યો. પોતે તો આજીવન બ્રહ્મચારિણીની દીક્ષા લીધી, પણ બધી બહેનોને આજીવન દીક્ષાની ફરજ પાડી નહોતી. આશ્રમમાં સેંકડો બહેનો જોડાઈ, તેમાંની વીસેક બહેનો આજીવન દીક્ષાવાળી હતી, અને બીજી આશ્રમવાસ પર્યંતની દીક્ષાવાળી હતી. આ આશ્રમવાસિનીઓમાં રાજકુંવરીઓ હતી, કેળવાયેલાં કુટુંબોની સ્ત્રીઓ હતી, ખેડૂતવર્ગની સ્ત્રીઓ પણ હતી. આશ્રમને માટે નાણાંની ભીખ માગવા નહોતું જવું પડતું. એમનું કામ એવું તો બોલી રહ્યું હતું કે, અનેક ઠેકાણે નર્સોને માટે આ આશ્રમમાંથી માગણી થતી, એનો અનાથાશ્રમ-વિભાગ આખા યુરોપખંડમાં ઉત્તમોત્તમ ગણાતો, અને તેના નિભાવને માટે દાનની રેલ ચાલતી. ઇલિઝાબેથ પોતે કુલમાતાનું પદ સાચવતાં છતાં, એક અતિશય કુશળ નર્સ ગણાતી હતી.

ઇલિઝાબેથનું આશ્રમજીવન જેવું સેવાનિષ્ઠ તેવું જ તપોનિષ્ઠ હતું. આખો દિવસ સતત કામ કર્યા પછી અનેક ક્ષયરોગીઓને જોઈ આવવા, આશ્રમની અનેક શાળાઓની મુલાકાત લેવી, આશ્રમની વ્યવસ્થા સંભાળવી, એવા અનેક વ્યવસાયોમાંથી પરવારીને રાતનો ઘણોખરો ભાગ એ ધ્યાન અને ભજનમાં નિર્ગમન કરતી. ઘડી બે ઘડી નિદ્રા લેતી તો તે એક ખુલ્લા પાટિયા ઉપર,— ન કશું પાથરવાનું કે ઓઢવાનું કે ઓશીકું. માંસાદિ તો કેટલોય કાળ થયાં એણે છોડ્યાં હતાં. જેમ એના જીવનમાં તેમ જ એના આશ્રમમાં ભક્તિયોગ અને કર્મયોગનો સુયોગ જામ્યો હતો.

લડાઈ વખતે આ આશ્રમે દેશસેવાનાં અનેક કામ કર્યાં. તેમાં ઘાયલ થયેલાની સેવાને માટે મળતાં દાનનો હિસાબ રાખવો, અને દરેક દાનની પહોંચ મોકલવાનું અરસિક કામ પણ એની સંસ્થાએ જ માથે લીધું હતું. ૧૯૧૪ની લડાઈમાં પણ આશ્રમની સેવા એણે દેશને અર્પણ કરી. પણ એના જીવનની આકરામાં આકરી કસોટી હજી હવે થવાની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

આપણે જોઈ ગયા છીએ કે, જર્મનીના એક રજવાડાની એ કુંવરી હતી. લડાઈ ચાલે તે દરમ્યાન — અને ખાસ કરીને ખુનામરકીની લડાઈ ચાલે તે દરમ્યાન — શંકાનું વાતાવરણ ગરમાગરમ હોય છે. ૧૯૧૪ના યુદ્ધમાં રશિયા દેશ જર્મનીની સામે લડાઈમાં ઊતર્યો હતો, એટલે આ જર્મનીની કુંવરી ગુપ્ત રીતે જર્મનીને મદદ તો ન કરે? લોકો જર્મનોને જોતા ત્યાં તેમનો પીછો લેતા અને તેમને પજવતા અને ભગાડતા. એક વાર એક મવાલીઓનું ટોળું ઇલિઝાબેથના આશ્રમ ઉપર ચડાઈ લાવ્યું અને આશ્રમને બાળવાને તત્પર થયું. શહેરના નગરશેઠને ખબર પડતાંવેંત તે ત્યાં જઈ પહોંચ્યો અને તેણે મવાલીઓને વિખેર્યા. એની નાની બહેન રશિયાની રાણી હતી, પણ તેની સાથે મોટી બહેનનો ઝાઝો મેળાપ થતો નહિ. તેમાં અધૂરામાં પૂરો રશિયામાં બળવો જાગ્યો, રાજાએ ગાદી છોડી, અને તે ભાગ્યો. ઇલિઝાબેથ તો, આ છતાં પણ, જે સેવાને માટે પોતે દીક્ષા લીધી હતી તેમાં તલ્લીન હતી. પણ તોફાનીઓને ફરી પાછી ઘૂમરી ચડી આવી. કેદખાનાં તોડવામાં આવ્યાં, તેમાંના કેદીઓ અને બીજા મવાલીઓ આ સંસ્થાની આસપાસ ફરી વળ્યા. ઇલિઝાબેથ બહાર નીકળીને સૌની સામે એકલી ઊભી રહી. ઘાંટો પાડીને સૌને કહ્યું : ‘શાંત થાઓ. તમારે શું જોઈએ છે? તમે માનો છો કે, જર્મનીને મદદ કરવાને માટે અહીં ગુપ્ત કારસ્તાન ચાલે છે? અંદર આવો અને જુઓ કે અહીં શું કામ ચાલે છે. અંદર હથિયાર, દારૂગોળો, જાસૂસો વગેરે સંતાડ્યાં હોય તો તેનો સુખે કબજો લો. પણ ખબરદાર, પાંચ માણસથી વધારે આવ્યા તો!’

ટોળાએ સામે ઘાંટો પાડ્યો, ‘અમારે કશું સાંભળવું નથી. અમે તમને કેદ કરીએ છીએ. ચાલો અમારી સાથે.’

ઇલિઝાબેથે સ્વસ્થ ચિત્તે ઉત્તર વાળ્યો, ‘હું આવવા તૈયાર છું. પણ આ સંસ્થાની હું કુલમાતા છું, એટલે મારે એનો કબજો સોંપવો જોઈએ અને બધી વ્યવસ્થા કરી લેવી જોઈએ.’

આમ કહીને બધી બહેનોને પ્રાર્થનામંદિરમાં ભેગાં થવાનું કહ્યું અને પેલા ટોળામાંથી પાંચ જણને હથિયાર બહાર રાખીને અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવવા કહ્યું. પેલાઓ ચૂપ થઈ ગયા, મંત્રમુગ્ધ થઈને એની પાછળ પાછળ ચાલ્યા; ઈશુના ક્રૂસ આગળ પેલાઓ પણ બાઈની સાથે પગે પડ્યા. પછી બાઈએ તેમને કહ્યું, 'હવે જોઈએ તે શોધી લો અને લઈ જાઓ.' પેલાઓ શોધી વળ્યા અને બહાર આવીને બોલ્યા, 'અરે ! આ તો એક ઠાલો આશ્રમ છે આશ્રમ. બીજું કશું જ અહીં નથી.'

૪

આ વાવાઝોડું તો આમ આવ્યું અને ચાલ્યું ગયું. થોડા દિવસમાં બીજું આવનાર હતું. રશિયામાં રાજાને વિદાય કરીને પ્રજાએ રાજસત્તા હાથ ધરી હતી. પણ પ્રજામાં પણ પક્ષ પડ્યા હતા. જે પક્ષે સત્તા હાથમાં લીધી હતી, તે પક્ષને માથે સવા શેર બીજો પક્ષ જાગ્યો હતો. પ્રથમ પક્ષવાળા ઇલિઝાબેથ પાસે આવ્યા અને તેને વીનવવા લાગ્યા, 'હવે તમારો આશ્રમ જોખમમાં છે. પ્રજા પાગલ થઈ છે, તેને તમારી સેવા નથી દેખાતી. તે તો, તમે એક વાર રાજકુટુંબમાં હતાં અને રાણીનાં મોટી બહેન છો, એટલી જ વાત જાણે છે, અને તમારા પ્રાણ લેશે. કૃપા કરીને આશ્રમ છોડી તમે રાજમહેલમાં આવો. ત્યાં તમે સુરક્ષિત રહેશો.'

ઇલિઝાબેથે જવાબ દીધો : 'મેં તો આશ્રમને જીવન અર્પણ કર્યું છે. મરવું જીવવું આ જ આશ્રમમાં છે. રાજમહેલ છોડ્યો હતો તે પાછો રાજમહેલનો આશ્રય લેવાને માટે નહિ. તમે મારા આશ્રમનું રક્ષણ ન કરી શકતા હો, તો એને ઈશ્વર ઉપર છોડો.'

આમ આસપાસ દાવાનળ સળગ્યો હતો, પણ આશ્રમનું કામ તો નિયમિત ચાલ્યા જ કરતું હતું. ઇલિઝાબેથને આવતા તોફાનના ભણકારા તો સંભળાઈ રહ્યા હતા. એ વેળા તેણે એક મિત્રને કાગળ લખ્યો તેમાં જણાવ્યું:

'આવે સમયે જ ઈશ્વરશ્રદ્ધાની સાચી કસોટી થાય છે. રશિયા — વહાલો રશિયા—છિન્નભિન્ન થઈ રહ્યો છે; આપણી આસપાસ વિનાશ સિવાય બીજું કશું જોતી નથી. છતાં મારી શ્રદ્ધા અચળ છે કે, જે ઈશ્વર કસોટીએ કસે છે તે ઈશ્વર અને દયાળુ કૃપાનિધાન ઈશ્વર એ એક જ છે. મોટું તોફાન આવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એમ કલ્પના કરોને! તોફાનમાં ભવ્ય અને ભયાનક બંને અંશો હોય છે. કેટલાક નાસભાગ કરે છે, કેટલાક ડરથી જ મરણ પામે છે, જ્યારે કેટલાક એ મહા તોફાનમાં ભગવાનનું રુદ્ર સ્વરૂપ જોઈ શકે છે. એવું જ તોફાન આજે આપણી આસપાસ ચાલી રહ્યું છે. અમે તો સતત પ્રાર્થના, કામ અને સેવામાં રત છીએ. એટલે અમારી આશા પણ અખંડ છે, અને જે જે બને છે તે દરેક ઘટનામાં અમને ભગવાનની દયાનું જ દર્શન થાય છે. આવે કાળે આપણે આશા રાખતાં જીવી રહ્યાં છીએ, એ જ એક ચમત્કાર નથી?'

થોડા દિવસ પછી પ્રજાનો બીજો પક્ષ બોલ્શેવિકો, જેમના હાથમાં રાજસત્તા આવી હતી, તેઓ ચડાઈ લાવ્યા. પ્રજામાં ઇલિઝાબેથ અને તેનો આશ્રમ એટલાં લોકપ્રિય હતાં કે, ત્યાં તો કોઈ તેનો વાળ વાંકો કરી શકે એમ નહોતું. એ લોકોએ બહાનું કાઢ્યું, — એને હુકમ કર્યો કે, ફલાણી જગ્યાએ રાજકુટુંબ છે ત્યાં તમને લઈ જવાના છીએ, તૈયાર થાઓ. તેણે પોતાની સેવિકા બહેનોને મળી લેવાની રજા માગી. રજા ન મળી. એક બહેનની સાથે એને ઉપાડવામાં આવી અને ટ્રેનમાં બેસાડવામાં આવી. રસ્તેથી ઇલિઝાબેથે પોતાના આશ્રમની બહેનો ઉપર વિદાયનો પત્ર લખ્યો. જે સ્થાને રાજકુટુંબનાં કેટલાંક માણસો હતાં ત્યાં એને લઈ જવામાં આવી. પણ સૌ કેદી હતાં. ખાવા પીવાના સાંસા, પહેરવા ઓઢવાના સાંસા! સૌ મરણની રાહ જોઈને બેઠાં હતાં. રાજા અને રાણી — ઇલિઝાબેથની નાની બહેન — બીજે ઠેકાણે કેદ હતાં. ૧૭ મી જુલાઈ, ૧૯૧૭ ને દિવસે રાજારાણીને ઠાર કરવામાં આવ્યાં. ૧૮ મીએ ઇલિઝાબેથ અને બીજા તેના સાથીઓની વારી આવી. એની, એના સાથીઓની, અને એની સાથે આવેલી બહેનપણીની આંખે પાટા બાંધવામાં આવ્યા, અને નજ-દીકમાં લોખંડના કાટનો ઢગલો પડ્યો હતો તેમાં સૌને નાખવામાં આવ્યાં. કોકે એમાં સુરંગ મૂકી, અને ઘડીકમાં ભડાકાની સાથે સૌના ચૂરેચૂરા થઈ ગયા. પેલા ઢગલા ઉપર નાંખવામાં આવતાં ઇલિઝાબેથે જે શબ્દો ઉચ્ચાર્યા, તે દૂર ઊભેલો એક ખેડૂત સાંભળતો હતો : 'ભગવાન, એ લોકોને ક્ષમા કર : એમને ભાન નથી કે તેઓ શું કરે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

ઇલિઝાબેથ છેલ્લે જે વાક્ય બોલે છે એ ઈશુ ખ્રિસ્તના પાઠમાં વાંચેલું યાદ આવે છે ? જુઓ તે પાઠમાં અંતનો ક્રૂસ-આરોહણ-પ્રસંગ. સાચું ખ્રિસ્તી જીવન કેવું હોય તેનો નમૂનો આ સાધ્વી બાઈ છે.

૫૬

માતા ગિરા ગુર્જરી

[શાર્દૂલવિક્રીડિત]

'शुं शां चार टका'–थी कोई कविए जेनी उपेक्षा करी,
जेनां बाळक केरुं भ्रष्ट मुख, हा! मान्युं बीजाए वळी,
ते छे मात गरीबडी अम तणी साची 'गिरा गुर्जरी',
काली घेली, परंतु आ हृदयनी ए एकली ईश्वरी. १

भाषा कंईक जणाय विस्तरवती, सारस्यथी शोभती,
कोटि मानवना मुखे विलसती, ग्रंथो घणा गूंथती;
माडी! चित्त अमारुं तोपण नहीं एमां लगारे रमे,
जे मीठी वसी मोहिनी तुज विषे, ते त्यां न जोतां जडे. २

को तारी भगिनी हशे, पण नहीं हैयुं अमारुं हसे,
मातानो त्यजी अंक मासी-भवने कोने रहेवुं गमे ?
मातर्! मार्दव जे वस्युं तुज उरे, अन्यत्र ते ना दीसे,
ए लालित्य, मीठाश, सौष्ठव नहीं को वाणी मांहे वसे. ३

ए वात्सल्य-भरी खरी नजर ना अन्यत्रथी आवती,
ने हैयुं ऊछळी रहे तुज भणी, तेवुं न बीजे कदी;
तारुं सेवन कंई बने अम थकी तो धर्मसिद्धि थशे,
ना तो पामी कुपुत्रता नरकमां र्‌हेशुं सदाये अमे. ४

प्रेमानंद-नृसिंह-शामळ-मुखे जे सर्वदा शोभती,
जे देवी दलपत्त-नर्मद-उरे रंगे रही राचती;
सेवी कान्त-कलापीए, कुसुम ने गोवर्धने स्नेहथी,
आजन्मान्त अनन्य ए ज जननी र्‌हेजो अमारी गति. ५

સ્વાધ્યાય

૧. માતૃભાષા માટે વહાલ અને ગૌરવ ભરેલું આ કાવ્ય સ્વ૦ કવિ ખબરદાર (ઈ. સ. ૧૮૭૦–૧૯૨૪)ના 'કિલ્લોલિની'માંથી લીધું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. શરૂમાં જેનો ઉલ્લેખ છે તે પૂરી કડી આમ છે :

'अबे तबेका सोलहि आने, अठे कठेका बार;
आठ हि आने इकडं तिकडम्, शुं शां पेसे चार.'

બીજી લીટીમાં જે ઉલ્લેખ છે તે નીચેના શ્લોકનો છે :—

गुर्जराणां मुखं भ्रष्टं शिवोऽपि शवतां गतः
तुलसी तलसी जाता, मुकुन्दोऽपि मकन्दताम्।

ગુર્જરોનું મુખ ભ્રષ્ટ છે કે, તે 'શિવ'ને શવ, 'તુલસી'ને તલસી (કે તળસી), અને 'મુકુન્દ'ને મકંદ કહે છે.

૫૭

પ્રેમાનંદ

ગુજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ છે, અને જે સેંકડામાં એ થઈ ગયો તે ગુજરાતના વિદ્યાપ્રકરણમાં સર્વોત્તમ સમય હતો. આપણા બધા મોટા કવિઓ ઘણું કરીને એ જ સેંકડામાં થઈ ગયા છે. આણી તરફ શામળભટ વાર્તારૂપે પોતાના સમયનાં સંસારચિત્ર આપવાનો સંપ્રદાય પહેલવહેલો જ પ્રાકૃત ભાષાઓમાં દાખલ કરતો હતો, તો પેલી તરફ અખો ભગત, લોકોના મનને સોના સરખા વહાલા જે પરાપૂર્વના વહેમ, તેને હથોડો લઈને તોડવા મંડી ગયો હતો. વલ્લભ પોતાના મર્દાની સૂરથી તાળી પાડીને વીરરસને લાયકની ભાષા બહુચરાજીની ભક્તિમાં ગજવી રહ્યા હતો, તે વખતે ખેડાનું એક નાનું રત્ન* કોમળ શૃંગારના ઝળકારા મારી રહ્યું હતું. એ પાંચે કવિઓ વિક્રમના અઢારમા સેંકડામાં થઈ ગયા છે.

પ્રેમાનંદની કવિત્વશક્તિ અસાધારણ હતી. એ જે વિષય ઉપર લખે છે, તેનું આબેહૂબ ચિત્ર વાંચનારની નજર આગળ ઊભું કરવાનું એ કદી ચૂકતો નથી. રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે, અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે

* રત્નો ભાવસાર—પેલા સુંદર મહિનાનો લખનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એની વધારે મોટી ખૂબી એ છે કે, એને એક રસમાંથી બીજા રસમાં છટકી જતાં વાર લાગતી નથી, અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશમાત્ર પણ રસભંગ થતો નથી. આવી રીતે એ કાવ્યસિદ્ધ કરે છે તેનું મુખ્ય કારણ એ છે કે, એને જનસ્વભાવનું બહુ જ ઊંડું જ્ઞાન છે. એનાં સઘળાં પાત્ર સંપૂર્ણ યથાયોગ્ય તો નથી, પણ હજી લગી તેના જેવી પાત્રતા જાળવી શકે એવો કોઈ ગુજરાતી કવિ થયો નથી. ગ્રંથસંકલના પણ એની સર્વોપરી છે. ક્યાં કેટલો અને કેવો રસ મૂકવો એ પ્રેમાનંદ બરાબર સમજતો હતો. એણે ગ્રંથસંકલનામાં કદાપિ નાના પ્રકારની પાત્રતા અને પોતાની તરફનાં જ ઘણાં નવાં ચિત્રો દાખલ કીધાં નથી, તોપણ જે એની સંકલનામાં આવ્યું તે યથાયોગ્ય લખી શક્યો છે. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત, તથા પદબંધન સરળ, ઘટ્ટ, અને કોમળ છે.

આ બધા ગુણોને લીધે એ કવિ ઘણો જ જનપ્રિય છે. એનાં ઘણાંખરાં કાવ્ય તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે એમ કહીએ તોપણ ચાલે. હજારોને સુદામાચરિત્ર શનિવારે અને હૂંડી રવિવારે ગાઈ જવાનો નિયમ છે. ગામેગામ ચૈત્ર માસમાં એનું ઓખાહરણ તો ઊછળી જ રહે છે; જુવાન કે વૃદ્ધનાં અંતઃકરણ વિહ્વળ કરી નાંખે છે, અને વ્યાસની એ કાવ્યથી રોજી ચાલે છે. શ્રાદ્ધના દહાડામાં જ્યાં ત્યાં નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ વંચાય છે, અને લોકો અડધી રાત આનંદમાં અને નાગરો ઉપર ફિટકાર પાડવામાં કાઢે છે. સુરત કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલૂમ પડે છે, ત્યાં દરેક સ્ત્રીની અઘરણી વખતે સાસરે ને પિયર મોસાળું ગવડાવવું, એ તો એક આચારનો જ ભાગ થઈ પડ્યો છે. ચોમાસાના દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું નહિ માલૂમ પડે કે જ્યાં પ્રેમાનંદકૃત દશમસ્કંધ વંચાતો નહિ હોય. ત્યાં ભાગવત વાંચ્યે ભણવું સાર્થક થયું એમ ગણાય છે. ધન્ય છે પ્રેમાનંદને, કે જેના કાવ્યસમુદ્રમાં પર્વે પર્વે સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઈને આવે છે, અને શુદ્ધ, કોમળ, તથા ભક્તિમાન થઈને સંસારમાં પાછા વળે છે.

('નવલગ્રંથાવલી'માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૮

હબસીઓનો કુલગુરુ

૧

હબસી લોકો મૂળ આફ્રિકાના વતની હતા. પરંતુ ઈ. સ. પૂર્વે જ્યારે ગ્રીસ અને રોમની સત્તા યુરોપમાં ચાલતી હતી, ત્યારથી યુરોપના લોકો આ ભોળી હબસી પ્રજાના માણસોને પકડી લાવીને ગુલામ તરીકે રાખતા. જેમ વેપારવણજની બીજી ચીજો બજારમાં વેચાય, તેમ આ જીવતાજાગતા હબસી ગુલામો પણ ત્યારે બજારમાં વેચાતા.

યુરોપની પ્રજાઓ અમેરિકાની શોધ થયા પછી ત્યાં વસવા લાગી, ત્યારે તે નવા મુલકમાં ખેતીને માટે માણસોની તો ખૂબ જ જરૂર પડે, એ ઉઘાડું છે. તેઓએ આફ્રિકાથી હબસીઓનાં ટોળેટોળાં પોતાના નવા ખંડ ઉપર આણ્યાં, અને જેમ ગાય, ઘોડા કે બીજાં પશુને રાખે તેમ જ આ મનુષ્ય-પ્રાણીને પણ રાખવા માંડ્યાં. અરે ! તેઓ એટલે સુધી માનતા કે, આ ગુલામ હબસીઓને આત્મા નથી હોતો ! તેથી, પુરુષથી તેની સ્ત્રીને અને સ્ત્રીથી તેનાં નાનાં કુમળાં બાળકોને છૂટાં પાડીને વેચી નાંખવામાં પણ, ન તો તેમને કશી દયા આવતી, કે ન તો કોઈ જાતનો ખટકો લાગતો.

આવી ગુલામ સ્થિતિમાં ગયા સૈકાના મધ્યમાં બૂકર ટી. વૉશિંગ્ટન નામના એક હબસી છોકરાનો જન્મ થયો. એક ગોરા અમેરિકન જમીનદારને ત્યાં તેની મા જોડે તે અને તેનો ભાઈ ગુલામ તરીકે રહેતાં હતાં. તે વખતે આ ગુલામ છોકરાની કેવી હીન દશા હતી એ બતાવવા સારુ, એણે જ પોતાની જીવનકથા લખી છે, તેમાં આપેલા એક બે દાખલા કહું :

બૂકરને પહેરવાને માટે ગૂણપાટનાં કપડાં મળતાં. નાના બિચારા બૂકરની કુમળી ચામડી આથી કરીને છોલાઈ જતી. તેથી તેનો મોટો ભાઈ એવું કરતો કે, નવાં કપડાં પહેલાં પોતે પહેરતો, અને વપરાઈ વપરાઈને થોડાંક નરમ પડે અને સુંવાળાં થાય, એટલે નાના ભાઈને તે પહેરવા આપતો.

ગુલામ દશામાં સબડતા બૂકરને મળતો સવારનો નાસ્તો પણ જાણવા જેવો છે. રોજ સવારે વહેલો ઊઠીને સીધો તે જમીનદારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતર ઉપર જતો. ત્યાં ઢોર માટે ખાણ બફાતું હોય તે ક્યારે કાઢવામાં આવે, એની વાટ જોતો એ ઊભો રહેતો. એની જેમ બીજાં ગુલામ છોકરાં પણ ત્યાં આવ્યાં જ હોય. ખાણ જ્યારે ઢોરોને માટે ટોપલામાં કઢાય, ત્યારે તેમાંથી મોટા સારા જોઈ ને, બફાયેલા વટાણાના દાણા આ છોકરાં પોતાને માટે વીણી લેતાં. આ બૂકરનો નાસ્તો ! જો વખતસર ત્યાં ન પહોંચાય તો તે નાસ્તો પણ જાય.

આમાંથી એક દહાડો છુટકારો થયો. એક ખૂનખાર આંતરયુદ્ધને અંતે, ગોરા અમેરિકનોએ ઠરાવ કર્યો કે ગુલામીની પ્રથા રદ કરવી. તે ખુશાલીને દિવસે માએ પોતાનાં બાળકોને ભેગાં કર્યાં. પોતે ઘૂંટણે પડી. તેની આંખમાં આંસુ હતાં અને તે કાંઈ જ બોલી શકતી નહોતી. હર્ષથી જાણે ગાંડી થઈ ગઈ હોય તેમ, છોકરાંને વારંવાર બાથમાં લે અને ઉપરાઉપરી ચૂમે. કેટલીક વાર એમ ચાલ્યા પછી તે બોલી, 'બેટા, આજ આપણે સ્વતંત્ર થયાં છીએ. ઈશ્વરનો પાડ માનો !'

૨

હવે બૂકર સ્વતંત્ર બાળક થયો. એટલે તેની મા એને કામે મોકલવા લાગી. પાસે આવેલી કોલસાની એક ખાણમાં બૂકરને કામ મળ્યું હતું. ખાણના સખત કામથી થાકીને રાતે તે પાછો આવતો. પણ હવે તેને એક નવી લેહ લાગી હતી: તે ભણવાને નાદે ચડ્યો હતો. તેથી રાતે થાકીને આવતાં છતાં, ભણવા આગળ તેનો થાક ક્યાંયે જતો રહેતો.

આ નાદે ચડાવવામાં મુખ્ય હાથ એની ચકોર માતાનો હતો. પાઈ પાઈ એકઠી કરીને તેણે એને એક ચોપડી લાવી આપી હતી. બૂકર આ ચોપડીને ઘડીભર પણ વેગળી મૂકતો નહિ. એને એવી બીક રહેતી કે, કદાચ ખોવાઈ ગઈ તો ! કામમાંથી ફુરસદ મળે ત્યારે કે રસ્તે ચાલતાં પણ એ કાઢીને તે વાંચવા લાગતો.

કેટલાક વખત બાદ બૂકરને એક બાઈને ત્યાં કામ કરવા જવાનું થયું. આ બાઈ બહુ કપરી અને કડક છે એવી એની ચારે કોર ખ્યાતિ હતી. એને ત્યાં નોકરી કરવી એટલે બસ ! કદી જરા જંપવા જ ન દે ! — એવી એને વિષે સાખ બંધાઈ હતી. આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં, બીજું કામ ન મળવાથી બૂકરની માએ કઠણ કાળજું કરીને તેને આ બાઈને ત્યાં મોકલ્યો.

વાત એવી હતી કે, બાઈ સ્વભાવે ખરાબ નહોતી, પણ કડકાઈથી બરોબર કામ લેનારી હતી. એટલે ખંતથી સોંપેલું કામ કરનારને તેની જોડે વાંધો ન પડે. આથી બૂકરને તેની જોડે ગોઠી જવામાં અડચણ ન આવી. નાનો હોવા છતાં આટલું તો તે સમજતો હતો કે, 'માતા, પિતા અને મોટાભાઈ આખો દહાડો મજૂરી કૂટે છે ત્યારે માંડ પેટિયું નીકળે છે; તો હું તેમાં શું કામ મદદ ન કરું? આ બાઈનો ઉપકાર છે કે તેણે મને કામ આપ્યું.' બૂકરની શેઠાણીને આવો જ માણસ જોઈતો હતો. આ રીતે બેઉનું ઠીક ચાલતું જાણીને બૂકરની માને નિરાંત વળી.

બાઈને ત્યાં બૂકરને ફરાસનું કામ કરવાનું હતું. આખું ઘર બરોબર વાળવું ઝૂડવું, ખુરશી ટેબલ વગેરે રાચરચીલું સાફ રાખવું, બારીબારણાંનાં મિજાગરાં, ઇસ્ટાપડીઓ તથા હાથા વગેરે ઘસી ઘસીને ચકચકિત રાખવાં, આ જાતનું એ કામ હતું. બૂકર આ બધું બરોબર તન અને મન દઈને કરતો. પેલી બાઈ પણ પહોંચેલ હતી. ક્યાં ક્યાં કચરો રહી જઈ શકે તે એને ખબર હતી. એટલે તે તો ખૂણેખોચરે, બારીની ધારો પર, પેટીઓ પટારા પાછળ, ખુરશી ટેબલના પાયા અને બેઠક નીચે, અને એવી એવી, કાળજી વગરનો કામ કરનાર ચૂકી જાય, તેવી જગાઓ તપાસી જોતી. પણ ક્યાંય એને કસર ન જડતી કે જેથી તે બૂકરની કોઈ કસૂર કાઢી તેને વઢી કે ધમકાવી શકે. ખરેખર, નોકર શેઠની જુગતે જોડી મળી હતી. બૂકરે આ બાઈને આખી જિંદગી યાદ કરી કે, મળો તો આવો ગુરુ મળજો.

૩

કામની સાથોસાથ ભણવાનું પણ બરોબર ચાલતું હતું. પડોશમાં જે કોઈ કાંઈ ભણાવી શકે એમ હોય તેની પાસે પહોંચી જઈ મળે એટલું તે ભણી લેતો. પરંતુ તેથી તે ધરાયો નહિ. ગરીબ મા પણ તેમાં શું કરી શકે? એવામાં એક દહાડો એને ખબર પડી કે, એક એવી નિશાળ નીકળી છે કે જ્યાં કામ કરી મજૂરી મેળવીને ભણી શકાય છે. આ તો એના જેવા કામગરા અને પ્રામાણિક તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરીબ છોકરાને માટે ભારે સગવડ કહેવાય. હવે તે નિશાળે પહોંચવાને માટે એ તલપાપડ થઈ ગયો. તેના ગામથી આ શાળા સોથીયે વધુ માઈલ દૂર હતી. પણ તેથી શું? આટલે દૂર જવાને સારુ વાટ-ખર્ચ પણ આપી શકે એવી સ્થિતિમાં એની મા નહોતી. પણ તેથી ઓછું છોડી શકાય? એને તો માત્ર વહાલી માતાની આજ્ઞા અને આશીર્વાદ જોઈતાં હતાં.

તેણે કહ્યું, 'મા, એક મોટી નિશાળ એવી છે કે ત્યાં મજૂરી કરાય અને તેમાંથી ભણાય. હું ત્યાં જાઉં?'

માતા — ક્યાં છે, બેટા?

બૂકર — હેમ્પ્ટન ગામમાં છે એમ કહે છે.

મા — ઓ મા! એટલે દૂર તું કેમ કરીને જવાનો?

બૂકરે જેમ તેમ કરીને રજા મેળવી. ભલી માતાએ આમતેમથી થોડા પૈસા ભેગા કરીને તેને આપ્યા. તે વખતે બૂકર ૧૨–૧૪ વર્ષનો હતો. માતાને છોડીને જવું એ તેના જેવા માતૃભક્ત છોકરાને માટે ઓછો આઘાત નહોતો. પરંતુ, એ સમજતો હતો કે, છેવટે તો પોતાની ઉન્નતિ સાધવામાં જ માતૃપ્રેમ પણ સધાવાનો છે.

રખડતો કુટાતો, કદી ભૂખ્યો તો કદી ટાઢે ઠૂંઠવાતો, ચીંથરેહાલ દશામાં તે હેમ્પ્ટન પહોંચ્યો. શાળા પૂછતો પૂછતો તે તેના મકાને પહોંચ્યો. જન્મારામાં તેણે નહિ જોયેલું એવડું મોટું આલેશાન મકાન જોઈ તેને થયું, 'આ શાળામાં ભણવાનું મળે તો કેવી મજા પડે!'

શાળામાં દાખલ થવા માટે તે આચાર્ય પાસે ગયો. આચાર્યે તેની ચીંથરેહાલ મૂર્તિ સામે જોઈને પૂછ્યું, 'કેમ આવ્યો છે?'

બૂકર — મારે ભણવું છે.

આચાર્ય — ઠીક, જા બહાર બેસ.

અને પછી એક શિક્ષિકાને બોલાવી આચાર્યે કહ્યું કે, 'આ છોકરાને દાખલ કરવો કે કેમ તે તપાસજો.'

શિક્ષિકા બૂકરના દીદાર જોઈને જ કહે, 'તને અહીં નહિ દાખલ કરવામાં આવે. ક્યાંથી આવો આવ્યો છે?'

આ સાંભળતાંવેંત બૂકરના હોશકોશ ઊડી ગયા; તેની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં; મોઢામાંથી તે અક્ષરે બોલી ન શક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂકરની આ દશા જોઈને કે શાથી, બાઈને કાંઈક થયું અને તે બોલી, 'છોકરા, તને ઝાડુ કાઢતાં આવડે છે?' બૂકરે ઝટ જવાબ આપ્યો, 'હા જી, ક્યાં છે ઝાડુ? શું વાળવાનું છે?'

બૂકરને ઝાડુ આપવામાં આવ્યું; ઉપરાંત તેણે લૂગડાનો એક કકડો માગી લીધો; અને દેખાડેલા ઓરડામાં વાળવાનું શરૂ કર્યું. તેના હરખનો પાર નહોતો. મનમાં તે તેની પેલી શેઠાણીને દુવા દેતો હતો. તેને ખબર હતી કે, આ પોતાની પરીક્ષાનો દિન છે. આખો ઓરડો, તેનાં બારીબારણાં, ખૂણા તથા ધારો, અને સઘળું રાચરચીલું, બધું ઉપર નીચે તથા આજુબાજુથી બબ્બે વાર વાળ્યું અને ઘસી ઘસીને સાફ કર્યું. કહેવાની જરૂર નથી કે, પરીક્ષામાં તે પાસ થયો: તેને હેમ્પ્ટન શાળામાં પ્રવેશ મળ્યો.

૪

શાળામાં ચાર વર્ષ રહેવાનું હતું. દિવસનો મોટો ભાગ ખેતર કે ઈંટવાડા યા ગમાણ ગોશાળા વગેરેમાં મજૂરી કરવાની હતી; અને તેની જે મજૂરી મળે તેમાંથી વિદ્યાર્થીનું બધું ખર્ચ નીકળતું. કેટલાક તો તેમાંથી બચત કરી, નાનીશીક મૂડી પણ ભેગી કરી શકતા. બૂકરે આ ચાર અમૂલ્ય વર્ષોમાં એક મિનિટ સરખી નકામી ન જવા દીધી. મજૂરી અને ભણતરમાં વિદ્યાર્થીઓનો આખો દિવસ ભરાયેલો રહેતો. તેમાં રોજ સાંજનાં જમણ અને ઉપાસના વચ્ચે ત્રીસેક મિનિટ રહેતી, તે બધા છોકરા નકામી વેડફી મારતા. બૂકરે તે વખતમાં એક જ્ઞાન-વર્ધિની સભા શરૂ કરી, અને એમાં તેણે એવું જીવન રેડયું કે, થોડાક કાળમાં તે સભા આખી શાળામાં માન પામી.

બધા શિક્ષકો બૂકર ઉપર અપાર પ્રેમ રાખતા. શાળાનો સંસ્થાપક જનરલ આર્મસ્ટ્રોન્ગ કરીને એક ગોરો સદ્ગૃહસ્થ હતો. એ આ શાળાનો પ્રાણ હતો. હબસી ગુલામો સ્વતંત્ર તો થયા, પણ સાધન કે આવડત વિના તેઓ રવડી રખડી મરશે, એમ વિચારીને, આ દીર્ઘદૃષ્ટિવાળા પુરુષે આ નવી જ જાતની શાળા રચી હતી. મોટી ઉંમરનાં હબસી યુવક યુવતીઓને અહીં ભણવાનું મળવાની સાથે તેનું ખર્ચ પણ તેમની મજૂરીમાંથી આપોઆપ મળતું, અને તેમાંથી જ તેઓ ઉપયોગી ઉદ્યોગો શીખી લઈ શકતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. એટલું જ નહિ, શાળાની આખી વ્યવસ્થા જ એવી હતી કે, વિદ્યાર્થીઓ ઉદ્યમી, મહેનતુ અને ખંતીલા બનતા હતા. આર્મસ્ટ્રોન્ગે આ કામ ઉપાડીને હબસીઓની એક ભારે સેવા કરી છે, એમ આજ સૌ કોઈ કહે છે.

તે શાળાના શિક્ષકો પણ આર્મસ્ટ્રોન્ગની જ ભાવનાથી રંગાયેલા હતા. આથી શાળાના વાતાવરણમાં એક પ્રકારનું સેવાભાવનું વાતાવરણ રહેતું. બૂકર જેવા ઉપર આની અસર ન થાય એ તો બને જ કેમ ? એ આર્મસ્ટ્રોન્ગને પોતાના મનથી ગુરુ તરીકે પૂજવા લાગ્યો, અને તેણે મનમાં વિચાર કર્યો કે, જે સેવાભાવ એમણે શીખવ્યો છે એને મારે પણ જીવનમાં ઉતારવો. અને ખરેખર, બૂકરે આ પાઠ બરોબર જીવી બતાવ્યો.

૫

ભણી ઊતર્યા પછી તેના આચાર્યે તેને કહ્યું કે, ‘તું એક નવી કાઢેલી શાળા ચલાવવા જા.’ આ શાળાની કંગાલ દશા જોઈ આપણને તો એમ જ થાય કે, એને તે શાળા જ કોણ કહે! ન મળે તેનું મકાન, ન મળે તેમાં ભણનાર! બૂકરે બધું કામ એકડે એકથી જ શરૂ કરવાનું હતું. ખંત, ધીરજ અને સ્નેહ તથા પોતાની પતિત કોમ પ્રત્યેના પ્રેમથી તેણે આ કામમાં ઝંપલાવ્યું. કામ કામને શીખવે એવી આપણામાં કહેવત છે. બૂકરનાં આ વર્ષો તે કહેવતને અક્ષરશઃ ખરી પાડી દેખાડે છે. તેણે પોતાની એ નાનકડી શાળા પાછળ પોતાનો આખો આત્મા રેડીને, આજ જે એક જગમશહૂર સંસ્થા થઈ છે, તે ‘ટસ્કેજી ઇન્સ્ટિટ્યૂટ’ નામની શિક્ષણસંસ્થા રચી. આ શાળાનાં શરૂઆતનાં વર્ષોમાં તે જાતે જ ભણાવતો, ત્યારે તે પોતાના બાળપણની વાતો કહેતો. પેલી શેઠાણી બાઈની વાત આવતી ત્યારે તેના મોં પર કૃતજ્ઞતા અને આભાર ઝળકી ઊઠતાં અને તે કહેતો, ‘મારી જિંદગીમાં આજ સુધી હું જેટલું શીખ્યો છું તે અને આ બાઈએ મને જે શીખવ્યું તે બે સરખાં કીમતી છે.’

જેમ જેમ શાળાનું કામ વધતું ગયું, તેમ તેમ બૂકરને ભાગે તેના સંચાલનનું, તેની ઉન્નતિને અંગે વિચારો કરી તેને માટે નાણાં વગેરે સાધનોની જોગવાઈ કરવાનું, અને ખાસ તો પોતાની શાળાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ હબસી કોમની ઉન્નતિની કઈ ભાવના અને યોજના રહી છે, તે સમજાવવાનું કામ આવ્યું. આથી તેની નામના દેશભરમાં અને બહાર પણ પહોંચી. પોતાના કામને અંગે એ આખા અમેરિકામાં ફરતો. બધે એને સન્માન મળતું. છતાં ગોરા અને કાળા વચ્ચે ઊંચનીચભાવ એટલો બધો હતો કે, આવા નામાંકિત માણસને પણ સમાન દરજ્જે લેખતાં ગોરા લોક અચકાતા. અમેરિકાના પ્રમુખે એક વાર બૂકરને મળવા બોલાવ્યો, તે ઉપર તો ગોરાઓમાં ભારે મોટી ચર્ચા જાગી



કે, કાળાની જોડે પ્રમુખ હાથ મિલાવે એ તે કેવો ગજબ! એવી જ ચર્ચા બૂકર ઇંગ્લૅન્ડની રાણી વિક્ટોરિયાને મળ્યો ત્યારે પણ ગોરા લોકમાં જાગી હતી.

કાળા લોકમાં પણ બૂકરના કામનો વિરોધ કરનારા કેટલાક પડ્યા હતા. તેઓનું એમ કહેવું હતું કે, બૂકર તો આપણી કોમને મજૂર ને મજૂર જ રાખવા ચાહે છે; નહિ તો આવું મજૂરીનું શિક્ષણ આપવાને બદલે વકીલ, દાક્તરી અને એના જેવું ગોરાઓને મળતું શિક્ષણ આપવા માટે ન મથે? બૂકર ઉત્તરમાં એટલું જ કહેતો, 'જેમને એ શિક્ષણ લેવું હોય તે લે; પણ હું જાણું છું કે, મારી આખી કોમ વકીલ દાક્તર થવાની નથી. મોટા ભાગનાં મારાં ભાંડુઓ કારીગર, ખેડૂત, અને મજૂર જ થશે; એમને હું સ્વતંત્ર, શુદ્ધ અને પ્રામાણિક નાગરિક જીવન જીવવાનું અને ઉત્તમ કારીગર કે ખેડૂત થવાનું શીખવીશ, તો મારે માટે બસ છે.' અને એ જ સાચો હતો, અને છેવટે સાચો ઠર્યો. તાજી જ સ્વતંત્ર થયેલી હબસી કોમ પાસે પોતાના હાથપગ સિવાય બીજું કશું સાધન કે મૂડી નહોતાં. એ વાપરીને કેમ સ્વતંત્રતા જીરવાય, એ આર્મસ્ટ્રૉન્ગે અને બૂકરે શીખવ્યું. થોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વખતમાં હેમ્પ્ટન અને ટસ્કેજીની શાળાઓ હબસી છોકરા છોકરીઓથી ઊભરાઈ જવા લાગી. બૂકરનો માર્ગ તેઓ ઝટપટ સમજી ગયાં હતાં. ગોરા લોક પણ સમજી ગયા કે, હબસીઓને સ્વતંત્ર કર્યામાત્રથી કશું ન વળત; હેમ્પ્ટન જેવી શાળાની યોજનાની પણ જરૂર હતી. તેથી તેમણે પણ એમાં સારી પેઠે મદદ કરી.

ખરેખર, એક લેખકે બૂકર ટી. વૉશિંગ્ટનને હબસીઓનો કુલગુરુ કહ્યો છે, તે તદ્દન યથાર્થ છે. આજ એને મરી ગયે (મરણ ઈ. સ. ૧૯૧૫) પચીસ વર્ષ થઈ ગયાં. એની આખી કોમ એને પોતાના તારણહાર તરીકે અને જગત એક પ્રતિભાશાળી કેળવણીકાર તરીકે હજી સુધી યાદ કરે છે. એણે એની કોમને માટે જે વિદ્યા શોધી તેણે ‘ सा विद्या या विमुक्तये ’ એ બિરદને સાચું પાડી બતાવ્યું છે.

સ્વાધ્યાય

બૂકર ટી. વૉશિંગ્ટનની આત્મકથા વાંચશો તો બહુ મજા પડશે. તેની પૂર્વકથા ખાસ વાંચો. ઉત્તર કથાનું નામ ‘ મારી વ્યાપક કેળવણી ’ છે.

૫૯

વસમી વિદાય

[વનમાં મૃગયાર્થે નીકળેલો રાજા દુષ્યંત, એક મૃગલી પાછળ દોડતો દોડતો, માલિની નદીને તીરે આવેલા કણ્વ ઋષિના આશ્રમ-સ્થાન આગળ આવી પહોંચે છે. કણ્વ ઋષિ ગેરહાજર હોવાથી તેમની પાલિત પુત્રી શકુંતલા તેનું સ્વાગત કરે છે. રાક્ષસોના ઉપદ્રવમાંથી તપોવનનું રક્ષણ કરવા નિમિત્તે દુષ્યંતને ત્યાં વધુ વખત રોકાવું પડે છે; તે અરસામાં એકબીજાના રૂપ-ગુણથી આકર્ષાઈ શકુંતલા તથા દુષ્યંત ગાંધર્વલગ્ન કરે છે. તપોવનની રક્ષાનું કામ પૂરું થતાં દુષ્યંત, શકુંતલાને તેડવા માણસ મોકલવાનું વચન આપી, પોતાની રાજધાનીમાં પાછો ફરે છે.

દરમ્યાન એક દહાડો આશ્રમમાં દુર્વાસા ઋષિ આવે છે. તે વખતે રાજાના જ વિચારમાં મશગૂલ થયેલી શકુંતલા ઋષિનો અતિથિસત્કાર કરવાનું ચૂકે છે, અને તેમનો શાપ પામે છે કે, ‘જેના સ્મરણમાં તું તારું ધર્મકાર્ય ચૂકે છે, તે તને ભૂલી જશે.’ આ શાપની ખબર શકુંતલાની પ્રિય સખીઓ અનસૂયા અને પ્રિયંવદાને જ પડે છે. તેઓ ઋષિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનાવીને શાપનું નિવારણ મેળવી લાવે છે કે, 'દુષ્યંત શકુંતલાને ભૂલી તો જશે, પરંતુ તેણે શકુંતલાને આપેલું કોઈ સંભારણું તેની નજરે પડતાં, તેને બધું ફરી યાદ આવી જશે.'

કણ્વ ઋષિ હવે પોતાનું કામ પૂરું કરી આશ્રમે પાછા ફરે છે, ત્યારે તેમને દુષ્યંત-શકુંતલાએ કરેલા ગાંધર્વલગ્નની ખબર પડે છે. પોતાની પ્રિય પુત્રીને યોગ્ય પતિ મળ્યો એ જાણી તે ખુશ થાય છે, તથા સગર્ભા શકુંતલાને વખતસર રાજાને ત્યાં પહોંચતી કરવાનો નિર્ણય કરે છે. નક્કી કરેલે દિવસે અનસૂયા અને પ્રિયંવદા વિદાય વેળાનો મંગળવિધિ કરવા શકુંતલા પાસે આવે છે, અને તેને વસ્ત્રાભૂષણ પહેરાવી તૈયાર કરે છે, ત્યાં કાશ્યપ (કણ્વ) ઋષિ સ્નાનાદિક પરવારીને, શકુંતલાના જવાનું રટણ કરતા આવે છે. હવે પાઠ વાંચો. કવિવર કાલિદાસના સંસ્કૃત નાટક 'અભિજ્ઞાન શાકુંતલ' પરથી એ ઘડયો છે.]

काश्यप — આજે જાય શકુંતલા પતિગૃહે, બેચેન હૈયું બને,
રોકયાં આંસુથી કંઠ ગદ્ગદ બને, ઝાંખી બને આંખડી;
વાત્સલ્યે થતું આમ ત્યાગી મુજને, તો શાં ચિરાતાં હશે,
કન્યાને કરતાં વિદાય, હૃદયો સંસારી માબાપનાં!

[આગળ આવે છે.]

सखीओ — બહેન શકુંતલા, અલંકાર સજાઈ રહ્યા; હવે આ ચીર પહેરી લે.

[શકુંતલા ઊભી થઈ પહેરે છે.]

गौतमी — બેટા, આનંદથી ઊભરાતી આંખો વડે તને ભેટતા તારા પિતાજી આવ્યા; તેમને પગે લાગ.

शकुंतला — [શરમાતી] પિતાજી! વંદું છું.

काश्यप — બેટા, શર્મિષ્ઠા જેમ યયાતિને હતી, તેમ પતિની માનીતી થજે, તથા તેની પેઠે જ ચક્રવર્તી પુત્ર પામજે.

गौतमी — ભગવન! આ તો વરદાન થયું, આશિષ નહોય.

काश्यप — બેટા, આ અગ્નિનારાયણને હમણાં જ આહુતિ આપી છે; તેમની પ્રદક્ષિણા કર.

[સૌ પ્રદક્ષિણા કરે છે.]

काश्यप — [વેદમંત્રની ઢબે આશિષ આપીને] હવે સિધાવો. [આમ તેમ નજર ફેંકી] ક્યાં છે શાર્ઙ્ગરવ વગેરે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પ્રવેશ કરીને]

शिष्यो — ભગવન! આ રહ્યા અમે.

काश्यप — બહેનને મારગ દેખાડો.

शार्ङ्गरव — બહેન, આમ પધારો.

[સૌ ચાલે છે.]

काश्यप — [આજુબાજુનાં વૃક્ષોને સંબોધીને] હે વૃક્ષો! તમને પહેલાં પાણી પાયા વગર જેણે જાતે પાણી પીધું નથી, તથા શણગાર બહુ પ્રિય હોવા છતાં જેણે તમારા ઉપરના વહાલથી તમારી એક કૂંપળેય કદી તોડી નથી; એટલું જ નહિ, તમને જે દિવસે ફૂલ બેસે, તે દિવસ જેને મન ઉત્સવનો દિવસ હતો, તે આ શકુંતલા પતિઘેર જાય છે; તમે સૌ તેને વિદાય આપો!

[એટલામાં કોયલનો ટહુકો સંભળાય છે, તે તરફ સૌનું ધ્યાન ખેંચી,]

જુઓ, શકુંતલાનાં આ વનવાસી મિત્રોએ કોયલને મોઢે તેને મધુર વિદાય આપી!

शकुंतला — [આગળ ચાલતાં ચાલતાં એક બાજુ] બહેન પ્રિયંવદા, આર્યપુત્રનાં દર્શન માટે ઉત્સુક છું, પણ આ આશ્રમ છોડતાં મારા પગ ઊપડતા નથી.

प्रियंवदा — તને જ આવું થાય છે એમ નથી; તારો વિરહ થવાનો જાણી આખા તપોવનની પણ એવી જ દશા થઈ લાગે છે. જોને, ઉઘાડે મોંએ તને જોતી મૃગલીઓનાં મોંમાંથી કોળિયા પડી જાય છે, મોરો પણ નાચતા થંભી જાય છે, અને પાકાં પાન ખેરવી આ વેલીઓ જાણે આંસુ સારે છે.

शकुंतला — પિતાજી, મારી આ લતાબહેન વનજ્યોત્સ્નાની રજા લઈ લઉં.

काश्यप — એના પર તને સગી બહેન જેવું હેત છે, એ હું જાણું છું. આ રહી જમણે હાથે.

शकुंतला — [પાસે જઈને] વનજ્યોત્સ્ના, તારા આંબાને વળગી હોવા છતાં, તારી આ તરફની ડાંખળીઓ વડે મને ભેટ. હવે તો હું તારાથી વિખૂટી પડવાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काश्यप—તારે માટે જે લાયક વર મેં મનમાં ધારી રાખ્યો હતો, તેને તું પુણ્યબળે પામી; આ નવમાલિકા પણ આંબાને વળગીને ઠેકાણે પડી. હવે તમો બંનેની ચિંતામાંથી હું છૂટયો.

शकुंतला—[સખીઓને] આને તમારા બેના હાથમાં સોંપી, હોં.

सखीओ—અમને કોના હાથમાં સોંપી ? [રડે છે.]

काश्यप—અનસૂયા ! રો ના. અત્યારે તો તમારે બેએ શકુંતલાને ધીરજ આપવાની છે.

[સૌ આગળ ચાલે છે.]

शकुंतला—પિતાજી, પેલી બિચારી હરણી પૂરા દહાડા થયા હોવાથી બહુ ચાલી શકતી નથી, એટલે ઝૂંપડી આગળ જ આવીને ઊભી રહી છે; તે જ્યારે સુખે વિયાય, ત્યારે મને સારા સમાચાર કહેવડાવજો.

काश्यप—નહિ ભૂલું, બેટા.

शकुंतला—[ચાલતાં અટકીને] કોણ મારો છેડો પકડે છે ?

काश्यप—એ તો તેં જેને પુત્ર કરીને ઉછેર્યો છે તે મૃગ. નાનો હતો અને ખાતાં આવડે નહિ ત્યારે દાભ ખાવા જતાં મોં ચિરાઈ ગયેલું, તેથી ઇંગુદીનું તેલ રેડી રેડીને જેના ઘા તેં રૂઝવેલા, તથા સામાની મૂઠીઓ ખવરાવીને જેને તેં ઉછેરેલો, તે હજુ તારો કેડો મૂકતો નથી.

शकुंतला—ભાઈ, તને છોડીને જનારીને શા માટે વળગે છે ? તને જનમ આપીને તારી મા તો મરી ગયેલી, તે મેં તને પાળી-પોષીને મોટો કર્યો. હવે મારી ગેરહાજરીમાં બાપુ તારી સંભાળ લેશે. પાછો ફર.

काश्यप—બેટા, આ રસ્તો ખાડાખૈયાવાળો છે. અને આંસુ-ભરેલી આંખે તું ઠોકરો ખાય છે, માટે જરા હૈયું કઠણ કરી શાંત થા.

शार्ङ्गरव—ભગવન ! જળાશય સુધી જ વહાલાં જનને વળાવવા જવાનું હોય. આ તળાવકાંઠો આવી ગયો. હવે અહીંથી કહેવું કથવું હોય તે કહીને પાછા ફરો.

काश्यप—તો આવો, આ ક્ષીરવૃક્ષની છાયામાં ઊભાં રહીએ.

[સૌ જઈને ઊભાં રહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काश्यप—[સ્વગત] દુષ્યંત રાજાને ઘટે એવો શો સંદેશો કહાવીએ ? [પ્રગટ] શાર્ઙ્ગરવ ! શકુંતલાને સોંપતી વેળા તે રાજાને મારા વતી આટલું કહેજે :

शार्ङ्गरव—આજ્ઞા કરો, ભગવન !

काश्यप—અમે સંયમધન તપસ્વી છીએ, તુંય ઊંચા કુળનો છે; તેમ જ આ શકુંતલાએ પણ સગાંવહાલાંની કશી દોરવણી વિના તારા પર સ્વાભાવિક સ્નેહ કર્યો છે. આ બધાનો ખ્યાલ કરી, તું શકુંતલા પ્રત્યે તારી અન્ય સ્ત્રીઓની જેમ વર્તજે. એથી વિશેષ કાંઈ પામવું એ તો તેના ભાગ્યની વાત છે; તેમાં કન્યાનાં સગાંને કાંઈ કહેવાનું હોય નહિ.

शार्ङ्गरव—જી, સમજ્યો.

काश्यप—પુત્રી, હવે તને શિખામણના બે બોલ કહું. વનવાસી તોય અમે લૌકિક વ્યવહાર જાણીએ, હોં !

शार्ङ्गरव—બુદ્ધિશાળી બધુંય જાણે.

काश्यप—

શુશ્રૂષા કરજે વડીલ જનની, થાજે સપત્ની-સખી;
સ્વામી રોષ થકી કદી અવગણે, સામી ન તેની થતી;
પ્રીતે દાસજનો સહુ રીઝવજે, ફુલાતી ના ભાગ્યથી:
આ રીતે ગૃહિણી બને યુવતી સૌ, અંગાર બીજી કુલે.

ગૌતમીને શું કહેવું છે ?

गौतमी—વહુવારુને એથી વિશેષ કહેવાનું શું હોય ? બેટા, આ બધું બરાબર યાદ રાખજે.

काश्यप—બેટા, મને તથા સખીઓને ભેટી લે.

शकुंतला—પિતાજી, પ્રિયંવદા અને અનસૂયા અહીંથી જ પાછાં ફરશે ?

काश्यप—બેટા, એ બંને હજુ કુંવારી છે; તેઓ ત્યાં આવે એ ઠીક ન કહેવાય. તારી સાથે ગૌતમી આવશે.

शकुंतला—[પિતાને વળગી પડીને] મલયવૃક્ષે ઉખાડીને અળગી કરેલી ચંદનલતાની જેમ, બાપુને ખોળેથી અળગી થયેલી હું પરદેશમાં કેવી રીતે જીવી શકીશ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काश्यप — બેટા, એમ ગભરાય છે શાની? કુલીન પતિની ગૃહિણીનું માનવંતું પદ પામીને, તેના વૈભવશાળી ઘરનાં કામકાજમાં હરહંમેશ ગૂંથાઈ રહીને, તથા થોડા જ વખતમાં પૂર્વ દિશાની પેઠે સૂર્ય જેવા પ્રતાપી પુત્રને જન્મ આપીને, તું મારા વિયોગનું દુઃખ ક્યાંય ભૂલી જશે.

[શકુંતલા પિતાને પગે પડે છે.]



काश्यप — મારી બધી ઇચ્છાઓ તને ફળજો.

शकुंतला — [સખીઓ પાસે જઈ] બહેનો, તમે તો બંને એકસાથે જ મને ભેટો.

सखीओ — [તેમ કરીને] સખી, જો રાજા કદાચ તને ઓળખતાં વાર કરે, તો તેના નામાક્ષરવાળી આ વીંટી તેને બતાવજે.

शकुंतला — તમારા આ વહેમથી તો હું કંપી ઊઠું છું.

सखीओ — બીવાનું કંઈ કારણ નથી. એ તો અતિસ્નેહને કારણે આવી આવી અમંગળ શંકાઓ થાય છે.

शार्ङ्गरव — હવે વાર ન કરો, બીજો પહોર થયો.

शकुंतला — [આશ્રમ તરફ મોં માંડીને] પિતાજી, હવે ફરી આ તપોવન ક્યારે જોવા પામીશ?

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काश्यप — ચારે દિશામાં વ્યાપેલા સામ્રાજ્યની લાંબો કાળ સમ્રાજ્ઞી બનીને, દુષ્યંતના મહાપરાક્રમી પુત્ર ઉપર તે સામ્રાજ્યનો તથા કુટુંબનો બધો ભાર નાખી, તું તારા પતિ સાથે પાછલી અવસ્થામાં જરૂર આ આશ્રમભૂમિમાં રહેવા આવીશ.

गौतमी — બેટા, જવાની વેળા વીતી ચાલી. પિતાજીને પાછા વાળ. [કાશ્યપ તરફ જોઈને] અથવા એ તો આમ ને આમ બોલ્યા જ કરશે. આપ જ પાછા વળો.

काश्यप — બેટા, તપના અનુષ્ઠાનમાં વિલંબ થાય છે.

शकुंतला — [ફરીથી ભેટીને] તપ કરી કરીને તમારું શરીર નંખાઈ ગયું છે, તેમાં મારી ચિંતા કરી કરીને ઉમેરો ન કરશો.

काश्यप — [નિઃશ્વાસ નાખીને] બેટા, ઝૂંપડીને બારણે જ તેં નાખેલા નીવારબલિ ઊગી નીકળ્યા છે, તે જોઈ જોઈને મારો શોક કેમ કરીને શમવાનો છે? પરંતુ, હવે જા. તારો માર્ગ તને કલ્યાણ-કારી નીવડો!

[શકુંતલા તેના સંગાથીઓ સાથે જાય છે.]

सखीओ — [શકુંતલા તરફ જોતી જોતી] અરેરે! શકુંતલા ઝાડીમાં દેખાતી બંધ થઈ.

काश्यप — [નિઃશ્વાસ સહિત] અનસૂયા! તમારી સહચરી તો ગઈ! હવે શોક શમાવીને મારી સાથે પાછાં ફરો.

बंने — બાપુ, શકુંતલા વિના તપોવન શૂનકારભરેલું લાગે છે; તેમાં કેમ કરીને પેસાશે વારુ!

काश्यप — સ્નેહભાવ એવું જ દાખવે. [વિચારમાં ને વિચારમાં આગળ ચાલી]

કન્યા, ખરે! છે ધન પારકાનું;
એને વળાવી પતિઘેર આજ,
મારો થયો નિર્મળ અંતરાત્મા,
સોંપી દીધે થાપણ જેમ પાછી.

[સૌ જાય છે.]

સ્વાધ્યાય

આ પાઠ તમારે ઘેર બધાંને વાંચી સંભળાવો. પુત્રીને સાસરે વળાવનાર માબાપને આજે પણ આવું જ થાય છે, એ જોયું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૦

નિજાનંદની મસ્તી

[ગઝલ]

गुजारे जे शिरे तारे जगतनो नाथ, ते सहेजे;
गण्युं जे प्यारुं प्याराए, अति प्यारुं गणी लहेजे. १
दुनियानी जूँठी वाणी विषे जे दुःख वासे छे,
जराये अंतरे आनंद ना ओछो थवा देजे. २
कचेरी मांही काजीनो नथी हिसाब कोडीनो;
जगत-काजी बनीने तुं वहोरी ना पीडा लेजे. ३
जगतना काचना यंत्रे खरी वस्तु नहीं भासे,
न सारा के नठारानी जराये संगते रहेजे. ४
रहेजे शांति संतोषे, सदाये निर्मळे चित्ते;
दिले जे दुःख के आनंद, कोईने नहीं कहेजे. ५
वसे छे क्रोध वैरी चित्तमां तेने तजी देजे;
घडी जाये भलाईनी महालक्ष्मी गणी लेजे. ६
रहे उन्मत्त स्वानंदे, खरुं ए सुख मानी ले;
पीए तो श्रीप्रभुना प्रेमनो प्यालो भरी पीजे. ७
कटु वाणी सुणे जो कोईनी वाणी मीठी कहेजे;
पराई मूर्खता काजे मुखे ना झेर तुं लेजे. ८
अरे! प्रारब्ध तो घेलुं, रहे छे दूर मागे तो;
न माग्ये दोडतुं आवे, न विश्वासे कदी रहेजे. ९
रही निर्मोही शांतिथी रहे ए सुख मोटुं छे;
जगत-बाजीगरीनां तुं बधां छलबल जवा देजे. १०
प्रभुना नामनां पुष्पो परोवी काव्यमाळा तुं,
प्रभुनी प्यारी ग्रीवामां पहेरावी प्रीते देजे. ११
कवि राजा थयो, शी छे पछी पीडा तने कांई ?
निजानंदे हमेशां बाल मस्तीमां मजा लेजे. १२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. કાવ્યની છેલ્લી લીટીમાં 'બાલ' છે તે સ્વ. કવિ બાલાશંકર ઉલ્લાસરામ (ઈ. સ. ૧૮૫૯–૧૮૯૮)નું નામ સૂચવે છે. બાલ = બાળક કે તેના જેવા નિર્દોષબુદ્ધિ માણસ, એવો અર્થ પણ લઈ શકાય.

૨. નરસિંહ મહેતાનું 'જે ગમે જગતગુરુ' એ પ્રભાતિયું અને આ કાવ્ય સાથે વાંચો ને બેઉનો બોધ એકઠો વિચારો.

૬૧

સાચની મિત્રાચારી

[ગાંધીજીના જીવનકાર્યનો પ્રારંભ, દક્ષિણ આફ્રિકામાં તે બારિસ્ટરી કરતા હતા, ત્યારથી થયો. તે વખતના તેમના અનેક મિત્રોમાં પારસી રુસ્તમજી કરીને એક હતા. તેથી ગાંધીજીની આત્મકથાનાં પ્રકરણોમાં એમનું નામ અનેક સંબંધમાં આવે છે. આ પાઠ ગાંધીજીની આત્મકથાનું એક પ્રકરણ છે, તેમાં એ સંબંધની વાતથી શરૂઆત થાય છે.

અને તેનો વિષય દાણચોરીનો છે. દાણ એટલે કહું. સરકાર પોતાના ખર્ચને માટે અનેક રીતના કર નાંખે છે, તેમાં એક રીત એ છે કે, દેશમાં માલની જે અવરજવર થાય તેના ઉપર કર નંખાય છે. આવા કરને દાણ કે જકાત કહે છે. સામાન્ય રીતે, લોકો આવી જકાત ન ભરવી પડે કે ઓછામાં ઓછી ભરવી પડે, એવું તાકે છે. તેથી દાણચોરી સામાન્ય ચોરી જેવી ખરાબ કે મનમાં ખટકનારી વસ્તુ નથી લાગતી. બીજી રીતે સારા ગણાતા લોકો પણ દાણચોરીની બાબતમાં કશું ખોટું માનતા ન હોય, એવું જોવા મળે છે. હવે આ પાઠ વાંચો.]

પારસી રુસ્તમજીના નામથી તો આ પ્રકરણો વાંચનાર સારી પેઠે વાકેફ છે. પારસી રુસ્તમજી એકીવખતે અસીલ અને જાહેર કામમાં સાથી બન્યા; અથવા તેમને વિષે તો એમ પણ કહેવાય કે, તે પ્રથમ સાથી બન્યા ને પછી અસીલ. તેમનો વિશ્વાસ મેં એટલે લગી સંપાદન કર્યો હતો કે, તેમના ખાનગી ઘરવ્યવહારમાં પણ તે મારી સલાહ માગતા ને તેને અનુસરતા. તેમને દરદ થાય તોપણ તેમાં મારી સલાહની જરૂર જણાતી, ને અમારી રહેણી વચ્ચે ઘણો તફાવત હોવા છતાં, તે મારા ઉપચારોનો અમલ પોતાને વિષે કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાથી ઉપર એક વેળા મોટી આપત્તિ આવી પડી. જોકે પોતાના વેપારની પણ ઘણી વાતો કરતા, છતાં એક વાત તો તેમણે મારાથી છુપાવી હતી. પારસી રુસ્તમજી દાણચોરી કરતા. મુંબઈ કલકત્તાથી માલ મંગાવતા તેને અંગે આ ચોરી થતી. બધા અમલદારોની સાથે તેમને સારો બનાવ હતો, તેથી કોઈ તેમની ઉપર શક ન જ લાવે. જે ભરતિયાં તે રજૂ કરે તેની ઉપર દાણની ગણતરી થાય. એવાયે અમલદારો હશે કે જેઓ તેમની ચોરી પ્રત્યે આંખમીંચામણી પણ કરતા હોય.

પણ અખાની વાણી તે કંઈ ખોટી પડે? —

'કાચો પારો ખાવો અન્ન, તેવું છે ચોરીનું ધન.'

પારસી રુસ્તમજીની ચોરી પકડાઈ. મારી પાસે દોડી આવ્યા. આંખમાંથી આંસુ ઝરે છે, ને પારસી બોલે છે: 'ભાઈ, મેં તમને છેતર્યા છે. મારું પાપ આજે ઉઘાડું પડ્યું છે. મેં દાણની ચોરી કરી છે. હવે મારે નસીબે તો જેલ જ હોય. અને હું તો પાયમાલ થવાનો. આ આફતમાંથી તો તમે જ મને બચાવી શકો. મેં તમારાથી કંઈ છુપાવ્યું જ નથી. પણ વેપારની ચોરીમાં તમને શું કહેવું હોય, એમ સમજી મેં આ ચોરી છુપાવી. હવે પસ્તાઉં છું.'

મેં ધીરજ આપીને કહ્યું: 'મારી રીત તો તમે જાણો છો. છોડાવવું ન છોડાવવું તો ખુદાને હાથ છે. ગુનો કબૂલ કરીને છોડાવાય તો જ હું તો છોડાવી શકું.'

આ ભલા પારસીનું મોં પડ્યું.

'પણ મેં તમારી પાસે કબૂલ કર્યું, એટલું બસ નહિ?' રુસ્તમજી શેઠ બોલ્યા.

'તમે ગુનો તો સરકારનો કર્યો, ને મારી પાસે કબૂલો તેમાં શું વળે?' મેં હળવે જવાબ વાળ્યો.

'મારે છેવટે કરવું તો છે તમે કહો તે જ. પણ મારા જૂના વકીલ —— છે તેમની સલાહ તો લેશો ના? એ મારા મિત્ર પણ છે,' પારસી રુસ્તમજીએ કહ્યું.

તપાસ કરતાં જોયું કે ચોરી લાંબી મુદત ચાલી હતી. પકડાયેલી ચોરી તો થોડી જ હતી. જૂના વકીલની પાસે અમે ગયા. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેસ તપાસ્યો. 'આ કેસ જૂરી પાસે જવાનો. અહીંના જૂરર હિંદીને શાના છોડે? પણ હું આશા તો નહિ જ છોડું,' વકીલ બોલ્યા.

આ વકીલની સાથે મને ગાઢ પરિચય નહોતો. પારસી રુસ્તમજીએ જ જવાબ આપ્યો: 'તમારો આભાર માનું છું. પણ આ કેસમાં મારે મિ. ગાંધીની સલાહ પ્રમાણે ચાલવું છે. તે મને વધારે ઓળખે. તમે એમને સલાહ આપવી ઘટે તે આપતા રહેજો.'

આમ ભીનું સંકેલી અમે રુસ્તમજી શેઠની દુકાને ગયા.

મેં સમજાવ્યું: 'આ કેસ કોર્ટમાં જવાને લાયક નથી માનતો. કેસ કરવો ન કરવો દાણી અમલદારના હાથમાં છે. તેને પણ સરકારના મુખ્ય વકીલની સલાહ પ્રમાણે ચાલવું પડશે. હું બંનેને મળવા તૈયાર છું. પણ મારે તો તેઓ નથી જાણતા એ ચોરીની પણ કબૂલાત આપવી પડશે. તેઓ ઠરાવે તે દંડ આપવાનું હું કબૂલ કરવા ધારું છું. ઘણે ભાગે તો તેઓ માનશે. પણ કદાચ ન માને તો જેલને સારુ તૈયાર રહેવું જોઈશે. મારો તો અભિપ્રાય છે કે, લજ્જા જેલ જવામાં નથી પણ ચોરી કરવામાં છે. લજ્જાનું કામ તો થઈ ચૂક્યું. જેલ જવું પડે તો તે પ્રાયશ્ચિત્ત સમજજો. ખરું પ્રાયશ્ચિત્ત તો હવે પછી દાણચોરી ન કરવાની પ્રતિજ્ઞામાં છે.'

આ બધું રુસ્તમજી શેઠ બરોબર સમજ્યા એમ હું ન કહી શકું. તે બહાદુર માણસ હતા. પણ આ વખતે હારી ગયા હતા. તેમની પ્રતિષ્ઠા જવાનો સમય આવ્યો હતો. અને કદાચ તેમણે જાતમહેનતથી બાંધેલો માળો વીંખાઈ જાય તો?

તે બોલ્યા: 'મેં તમને કહ્યું છે કે, મારું માથું તમારે ખોળે છે. તમારે જેમ કરવું હોય તેમ કરો.'

મેં આ કેસમાં મારી બધી વિનયની શક્તિ રેડી. હું અમલદારને મળ્યો. બધી ચોરીની વાત નિર્ભયપણે તેને કહી. ચોપડા બધા બતાવવાનું કહ્યું. ને પારસી રુસ્તમજીના પશ્ચાત્તાપની વાત પણ કરી.

અમલદારે કહ્યું: 'હું એ પુરાણા પારસીને ચાહું છું. તેણે મૂર્ખાઈ તો કરી છે. પણ મારો ધર્મ તો તમે જાણો છો. મારે તો વડા વકીલ કહે તેમ કરવું રહ્યું. એટલે તમારી સમજાવવાની શક્તિનો ઉપયોગ તમારે તેમની સાથે કરવો રહ્યો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પારસી રુસ્તમજીને અદાલતમાં ઘસડી જવાનું દબાણ ન થાય તો મને સંતોષ છે,' મેં કહ્યું.

આ અમલદારની પાસેથી અભયદાન મેળવી મેં સરકારી વકીલ સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમને મળ્યો. મારે કહેવું જોઈએ કે, મારી સત્યપ્રિયતા તે જોઈ ગયા. હું કંઈ નહોતો છુપાવતો એમ તેમની પાસે સિદ્ધ કરી શક્યો.

આ કે કોઈ બીજા કેસમાં તેમના પ્રસંગમાં આવતાં તેમણે મને પ્રમાણપત્ર આપ્યું: "હું જોઉં છું કે તમે 'ના'નો જવાબ તો લેવાના જ નહિ."

રુસ્તમજીની ઉપર કેસ ન ચાલ્યો. તેમણે કબૂલ કરેલી દાણ-ચોરીનાં બમણાં નાણાં લઈ કેસ માંડી વાળવાનો હુકમ કાઢ્યો.

રુસ્તમજીએ પોતાની દાણચોરીનો કિસ્સો લખી કાઢી કાચમાં જડાવ્યો, ને પોતાની ઑફિસમાં ટાંગી તેમના વારસો ને સાથી વેપારીઓને ચેતવણી આપી.

રુસ્તમજી શેઠના વેપારી મિત્રોએ મને ચેતવ્યો: 'આ ખરો વૈરાગ્ય નથી, સ્મશાનવૈરાગ્ય છે.'

આમાં કેટલું સત્ય હશે એ હું નથી જાણતો.

આ વાત પણ મેં રુસ્તમજી શેઠને કરી હતી. તેમનો જવાબ આ હતો: 'તમને છેતરીને હું ક્યાં જઈશ?'

સ્વાધ્યાય

૧. જગતભરમાં પંકાયેલી ગાંધીજીની આત્મકથા તમારે વાંચવી જોઈએ.

૨. 'સામાજિક જવાબદારી'નો પાઠ તમને અહીં યાદ આવવો જોઈએ. ગાંધીજીએ કઈ રીતે સામાજિક જવાબદારી દાખવી? પારસી રુસ્તમજીએ કઈ રીતે દાખવી?

૩. શ્રી. શંકરાચાર્યે મિત્રની એક વ્યાખ્યા એવી આપી છે કે, 'तन्मित्रं यत्पापान्निवारयति'—પાપમાં પડતાં જે બચાવે છે તે મિત્ર છે. આ પાઠમાં ગાંધીજીએ એવી મિત્રાચારી શી રીતે દાખવી તે સમજ્યા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૨

કાંઠે રમે રે રૂડાં બાળુડાં

दरियानां तीर रळियामणां रे, रूडां रमे नानां बाळ,
न्हातां गातां ने कांई नाचतां, हां रे हैये नथी कोनी फाळ,
कांठे रमे रे रूडां बाळुडां. टेक. १
ऊंचे अनंत आभ थंभियां रे, विना थोभ ने थडकार;
नीचे नाचे रे नीलां पाणीडां, हां रे सदा फिणाळां श्रीकार. कांठे० २
वेळु दाबीने करे घोलकी रे, रूडां तरावे छे वहाण;
पाळेथी वीणी वन पांदडां, हां रे गूंथे होडलां सुजाण. कांठे० ३
रमतां ते बाळुडांए दीठडां रे, एवां अचरज बे चार —
क्यां रे हाल्या आ मोटा काफला ! हां रे कोणे ड्होळियां पताळ ! कांठे० ४
मरजीवा मोतीडांना लोभिया रे ड्होळे पाणीनां पताळ;
वाणीडा लक्ष्मी तणा लालचु, हां रे हाल्या खेडवा वेपार. कांठे० ५
बाळुडां न जाणे जळ ड्होळतां रे, नथी जाणतां वेपार;
कांठे बेसीने वीणे कोडीओ, हां रे वीणे शंखलां बे चार. कांठे० ६
दरियो भेंकार भूरो गाजतो रे, हसे सागरे जुवाळ;
हालां गाती रे जाणे मावडी हां रे नानां बाळुडांने कान. कांठे० ७
ओचिंता आभ चडया वायरा रे, गड्यां काळनां निशान;
डूब्या मरजीवा मोती वीणता, हां रे डूब्यां वाणीडानां वहाण.
कांठे किल्लोले रूडां बाळुडां. ८
मोती मायाना मोटा लोभिया रे महीं पडी खुए प्राण;
नानां निर्लोभी ऊभां कांठडे रे, हां रे करे गान गुलतान. कांठे० ९

સ્વાધ્યાય

૧. રવીન્દ્રનાથના ‘શિશુલીલા’ એ બંગાળી કાવ્ય પરથી શ્રી. ઝવેરચંદ મેઘાણીએ આ અનુવાદ કર્યો છે.

૨. દરિયામાં ડૂબ્યા કોણ? અને બચ્યું કોણ? બાળકો કેમ બચી ગયાં? જગતરૂપી સાગરનું રૂપક લઈને વિચારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દકોશ

કોશમાં વાપરેલા વ્યાકરણના તેમ જ વ્યુત્પત્તિના સંક્ષેપોની સમજ:

અ૦ અવ્યય

અ૦ક્રિ૦ અકર્મક ક્રિયાપદ

ક્રિ૦વિ૦ ક્રિયાવિશેષણ

ન૦ નપુંસકલિંગનું નામ

પું૦ પુંલ્લિંગનું નામ

વિ૦ વિશેષણ

સ૦ સર્વનામ

સ૦ક્રિ૦ સકર્મક ક્રિયાપદ

સ્ત્રી૦ સ્ત્રીલિંગનું નામ

[अ.] અરબી

[इं.] ઇંગ્લિશ

[फा.] ફારસી

[सं.] સંસ્કૃત

[हिं.] હિંદી

અ

અગાધ વિ૦ [सं.] અતિ ઊંડું

અઘરણી સ્ત્રી૦ સ્ત્રી પહેલી વાર સગર્ભા થાય તે

અડંબી સ્ત્રી૦ મગરૂરી; તોર; મિજાજ

અડિયા પું૦ જે અડવાથી પ્રાણીને ખબર પડે છે તે મૂછોના વાળ

અડીખમ વિ૦ અડી–અણી કે મુશ્કેલી ખમ–ખમી શકે એવું; બહાદુર

અણુ પું૦ [सं.] કોઈ પદાર્થનો અતિ ઝીણો કણ [વધારીને કહેવું તે

અતિશયોક્તિ સ્ત્રી૦ [सं.] હોય તેનાથી

અધિકારી વિ૦ [सं.] લાયક; પાત્ર

અનાવૃષ્ટિ સ્ત્રી૦ [सं.] વરસાદ ન થવો તે; દુકાળ

અનુષ્ઠાન ન૦ [सं.] કોઈ ધાર્મિક ક્રિયા

અનેકવિધ વિ૦ [सं.] અનેક જાતનું

અપવાદ પું૦ [सं.] આળ; તહોમત

અફાટ વિ૦ અપાર; અતિ વિશાળ

અબ્ધિ પું૦ [सं.] સમુદ્ર [સુંદર

અભિરામ વિ૦ [सं.] સલૂણું; મનોહર;

અમલ પું૦ [अ.] કેફ; નશો

અમલ કરવો=પાળવું; (તે) મુજબ વર્તવું

અમોઘ વિ૦ [सं.] અચૂક; ન ફરે કે રોકાય એવું; રામબાણ

અમ્મા સ્ત્રી૦ મા

અરાજક વિ૦ [सं.] રાજા ન હોવો જોઈએ તેવું માનનાર કે અંધાધૂંધીવાળું

અરેરાટી સ્ત્રી૦ દુઃખ કે ચિંતાની લાગણી

અલપાવું અ૦ક્રિ૦ લપાવું; છુપાવું

અવધ્ય સ્ત્રી૦ (પદ્ય) અવધ; અવધિ

અસાધ્ય વિ૦ [सं.] ન મટાડી શકાય એવો (રોગ) [જેવું

અસાધ્યવત્ વિ૦ ન જ સુધરી શકે એના

અસીલ પું૦ [अ.] વકીલનો ઘરાક

અસ્ખલિત વિ૦ [सं.] સતત; ચાલુ

અંક પું૦ [सं.] ખોળો

અંગૂછો પું૦ ટુવાલ; અંગ લૂછવાનો કટકો

અંઘોળ ન૦ સ્નાન [માનેલો દોષ

અંતરદોષ પું૦ અમુક અંતરે હોવામાં

અંબાર પું૦ ઢગલો

અંશ પું૦ [सं.] (ખૂણો માપવા) વર્તુલના ૩૬૦ અંશ – ભાગ કરતાં થતો એક ભાગ

આ

આક્રમણ ન૦ [सं.] ચડાઈ; હલ્લો

આજીવન વિ૦ [सं.] આખી જિંદગી સુધીનું [સાધન

આજીવિકા સ્ત્રી૦ [सं.] ભરણપોષણનું

આત્મદર્શી વિ૦ [सं.] (દેહદર્શીથી ઊલટું) આત્માને મુખ્ય માની તેની ઉન્નતિ તરફ જોનારું

આત્મસંતોષ પું૦ [सं.] પોતા પૂરતો માનેલો કે પોતાને થયેલો સંતોષ

આધુનિક વિ૦ [सं.] ચાલુ સમયનું; વર્તમાન; હમણાંનું

આનુષંગિક વિ૦ [सं.] અનુષંગ – સંબંધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળું; અમુકની જોડે કે સંબંધમાં લાગેલું [જેવું
આબેહૂબ વિ૦ તાદશ; મૂળ કે અસલના
આમન્યા સ્ત્રી૦ મર્યાદા; માન
આમવર્ગ પું૦ [अ. આમ+सं. वर्ग] સામાન્ય જનતા કે લોક
આયખું ન૦ આયુષ; આવરદા
આર્યાવર્ત પું૦ [सं.] આર્યોના વસવાટનો વિંધ્ય હિમાલય વચ્ચેનો પ્રદેશ (૨) ભરતખંડ
આહુતિ સ્ત્રી૦ [सं.] હોમવાનું તે [ઝૂઝવું
આંગમવું સ૦ક્રિ૦ કશાની સામે થવું;
આંતરયુદ્ધ ન૦ [सं.] એક દેશની પ્રજામાં માંહોમાંહેની લડાઈ [અંધાપો
આંધી સ્ત્રી૦ સખત તોફાન કે વાવાઝોડું (૨)

ઇ

ઇજારો પું૦ [अ.] ઠેકો; કશી દખલ વગર ભોગવવાનો હક કે કરાર

ઉ

ઉત્તરીય ન૦ [सं.] ઉપરણું; ખેસ કે ઉપર ઓઢવાની ચાદર
ઉથાપવું સ૦ક્રિ૦ દૂર કરવું; (૨) ન માનવું
ઉન્નત વિ૦ [सं.] ઊંચું
ઉપાસક ન૦ [सं.] પૂજનાર
ઉપેક્ષા સ્ત્રી૦ [सं.] અવગણના

ઊ

ઊભણી સ્ત્રી૦ ઓટલા જેવી જે ઊંચાઈ કરી તેની પર ઘર ચણાય છે તે બેસણી

એ

એકરાર પું૦ [अ. ઇકરાર] કબૂલાત
એકવિધ વિ૦ [सं.] એક જ પ્રકારનું

ઓ

ઓતપ્રોત વિ૦ [सं.] બરોબર વણાઈ ગયેલું; સાથે મળી એક બનેલું
ઓળો પું૦ પડછાયો

ક

કક્કાવારી સ્ત્રી૦ ક, ખ, ગ, એમ કક્કાના ક્રમ પ્રમાણેની ગોઠવણ [બચ્ચું
કણો પું૦ ઈંડામાંથી નીકળેલું તરતનું
કબુધ સ્ત્રી૦ કુબુદ્ધિ; ખોટી સમજ
કરાડ સ્ત્રી૦ ઊંચી ઊભી ભેખડ
કરાલ(-ળ) વિ૦ [सं.] વિકરાળ; ભયંકર
કર્મયોગ પું૦ કર્મ જે યોગમાં મુખ્ય હોય તે
કલપવું અ૦ક્રિ૦ કકળવું; કલ્પાંત કરવું
કલંકિત વિ૦ [सं.] કલંકવાળું; બદનામ
કલ્પનાચક્ષુ ન૦ [सं.] કલ્પનારૂપી આંખ; કલ્પનાશક્તિ [કવિતા
કવન ન૦ [सं.] કવિતા કરવી તે (૨)
કષાય પું૦ [सं.] કાટ કે મેલ (૨) પાપ
કહેણ સ્ત્રી૦ (પદ્ય) કહેણી; લોકોમાં થતું વગોણું; દોષ [કુશળ
કાબેલ વિ૦ [अ. કાબિલ] હોશિયાર;
કાયકષ્ટ ન૦ [सं.] કાય–શરીરનું કષ્ટ કે પીડા; તપથી શરીર દમવું તે
કારસ્તાન ન૦ [फा.] પ્રપંચ; દગાબાજી
કુરબાની સ્ત્રી૦ [फा.] બલિદાન આપવું તે
કુર્કટ પું૦ [सं. કુક્કુટ] કૂકડો
કુલગુરુ પું૦ [सं.] આખા કુલ–સમુદાયનો ગુરુ કે શિક્ષક યા નાયક
કુલમાતા સ્ત્રી૦ [सं.] કુટુંબ કે આશ્રમ જેવા મંડળની અધ્યક્ષ સ્ત્રી
કૃતજ્ઞતા સ્ત્રી૦ [सं.] કરેલા ઉપકારને બૂજવો–તેનો ગુણ વસવો તે
કૃપાનિધાન ન૦ [सं.] કૃપાનું નિધાન–ભંડાર; કૃપાના સાગર જેવા પ્રભુ
કોટીધ્વજ પું૦ [सं.] કરોડપતિ
ક્રાંતિમાર્ગ પું૦ [सं.] સૂર્યની ચારે બાજૂ જે માર્ગે પૃથ્વી ફરે છે તે
ક્ષણભંગુરતા સ્ત્રી૦ [सं.] ક્ષણમાં ભાંગી જવું — નાશ પામવું તે; ક્ષણિકતા
ક્ષીરવૃક્ષ ન૦ [सं.] ઉંબરાનું ઝાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ

ખખડધજ વિ૦ મજબૂત (૨) ભવ્ય
ખટકો પું૦ મનમાં ખટકવું કે ચાનક લાગવી તે
ખટદર્શન ન૦બ૦વ૦ હિંદુ ફિલસૂફીનાં છ અંગો — સાંખ્ય, ન્યાય, વૈશેષિક, યોગ, પૂર્વમીમાંસા, વેદાંત અથવા ઉત્તરમીમાંસા
ખત્રિયાંવટ્ટ સ્ત્રી૦ ક્ષત્રીવટ; ક્ષત્રિયનું બિરુદ
ખરખરો પું૦ ખેદ; શોક (૨) પસ્તાવો
ખૂનરેજી સ્ત્રી૦[फा.]લોહી રેડવું તે;કાપાકાપી
ખોહ સ્ત્રી૦ ખો; ગુફા

ગ

ગજગ્રાહ પું૦ [सं.] ગજ – હાથી અને ગ્રાહ – મગર અથવા તેમની રસાકસી, ખેંચાખેંચી (મગરે હાથીને પકડ્યો ને તેને પાણીમાં ખેંચ્યો તે વાત યાદ કરો)
ગભરુ વિ૦ ભોળું; નિર્દોષ
ગાંધર્વલગ્ન ન૦ [सं.] વરકન્યા પોતાની મેળે ગુપ્ત રીતે પરણી લે તે જાતનું લગ્ન
ગિરા સ્ત્રી૦ [सं.] ભાષા
ગુર્જરી સ્ત્રી૦[सं.]ગુજરાતી [કે ગોઠવણી
ગ્રંથસંકલના સ્ત્રી૦ [सं.] ગ્રંથની રચના

ઘ

ઘૂમરી સ્ત્રી૦ વમળ; આંધી [લાગણી
ઘૃણા સ્ત્રી૦ [सं.] સૂગ જેવી તિરસ્કારની

ચ

ચતુરંગિણી વિ૦સ્ત્રી૦[सं.] ચાર અંગો વાળી (સેના). ચાર અંગ — પાયદળ, હાથી, ઘોડા ને રથ
ચમૂ ન૦ [सं.] લશ્કર; સેના
ચરાચર ન૦ [सं.] આખી સૃષ્ટિ
ચંદનલતા સ્ત્રી૦ [सं.] ચંદનના ઝાડ પર ચડેલી વેલ
ચિચોડો પું૦ શેલડી પીલવાનું કોલુ
ચોભીલું વિ૦ દોષમાં કે વશમાં આવવાથી ઝાંખું પડેલું; શરમિંદું; ભોંઠું

છ

છલબલ ન૦ દગો – પ્રપંચ

જ

જલદ વિ૦ આકરું; કડક; તીખું
જલદીક્ષા સ્ત્રી૦ [सं.] ખ્રિસ્તી દીક્ષા પાણી છાંટીને અપાય છે તે
જલપ્રલય પું૦[सं.]રેલથી થતું ભારે નુકસાન
જંત પું૦ (પદ્ય) જંતુ; જીવ
જામગરી સ્ત્રી૦દારૂ સળગાવવાનો પલીતો
જામિની સ્ત્રી૦ [सं. યામિની] રાત્રિ
જિરાફ ન૦ [इं.] લાંબી ડોકવાળું આફ્રિકાનું એક ચોપગું
જીવનમૂળી સ્ત્રી૦ જીવનનું મૂળ
જુગલ ન૦ [सं. યુગલ] જોડકું
જૂરર પું૦ [इं.] જૂરીમાં બેસનાર
જ્યોતિ સ્ત્રી૦ [सं.] જોત; તેજ

ઝ

ઝાંય સ્ત્રી૦ ઝાંખ; પડછાયો
ઝોડ ન૦ ભૂત

ટ

ટેક-વીર વિ૦ ટેક પાળવામાં વીર–બહાદુર

ઠ

ઠાકરી સ્ત્રી૦ ઠકરાત; ઠાકોર કે રાજા હોવું તે
ઠોક પું૦ ગડદો (૨) ઠપકો કે ટોણો

ડ

ડોલર પું૦[इं.]ત્રણેક રૂપિયા બરોબર થતો રૂપાનો એક સિક્કો–અમેરિકામાં ચાલે છે

ત

તત્ત્વજ્ઞાન ન૦ [सं.] તત્ત્વ કે રહસ્યનું જ્ઞાન; ફિલસૂફી
તપોનિષ્ઠ વિ૦[सं.]તપસ્વી;તપમાં નિષ્ઠાવાળું
તરકીબ સ્ત્રી૦ [अ.] યુક્તિ
તરણ ન૦ [પદ્ય] તૃણ; તરણું
તરણિ પું૦ [सं.] સૂર્ય
તરેહવાર વિ૦ તરેહ તરેહનું; વિધવિધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તહેનાત સ્ત્રી૦ સેવાચાકરી
તાતું વિ૦ તેજસ્વી
તાલીમ સ્ત્રી૦[अ.](ધંધા કે કળાનું)શિક્ષણ
તાંડવ ન૦[सं.]શિવનો નાચ(૨)ભયંકર નાચ
ત્વરિત વિ૦ [सं.] ઝપાટાબંધ; જલદી

દ

દખમું ન૦ પારસીઓનાં શબને ઠેકાણે પાડવાનું સ્થળ – કૂવો
દરખાસ્ત સ્ત્રી૦ [फा.] સૂચના કે વિનંતી
દરબારગઢ પું૦ રાજાનો મહેલ [ખત
દસ્તાવેજ પું૦ [फा.] લેણદેણ વગેરેનું
દહેશત સ્ત્રી૦ [फा. દહશત] બીક
દંષ્ટ્રા સ્ત્રી૦ [सं.] દાઢ
દાક્ષિણ્ય ન૦ [सं.] સભ્યતા; વિવેક (૨) દક્ષિણમાં જવું તે
દાવાનળ પું૦ [सं. દાવાનલ] દવ; વનમાં એની મેળે લાગતો અગ્નિ
દિનચર્યા સ્ત્રી૦ [सं.] આખા દહાડાનું કામકાજ કે કાર્યક્રમ [જેવું વહાલું
દિલોજાન વિ૦ [फा.] પ્રાણપ્રિય; જાન
દીદાર પું૦ [फा.] ચહેરો; રૂપ
દુગ્ધા સ્ત્રી૦ પીડા; આપદા
દેવાળું ન૦ દેવું ન આપી શકાવું તે; નાદારી
દેહદર્શી વિ૦[सं.]દેહને જ મુખ્ય માની તેજ જોઈ રહેનાર (જુઓ આત્મદર્શી)
દેહાંતદંડ પું૦ [सं.] મરણની શિક્ષા
દોહ્યલે અ૦ મુશ્કેલીથી

ધ

ધડકારો પું૦ ધાસ્તી; બીક
ધરપત સ્ત્રી૦ ધરાવું તે; સંતોષ
ધર્મદ્વાર માગે=શરણું માગે; (હારીને) શરણ ખોળે [ધર્મપાલન
ધર્મસિદ્ધિ વિ૦ [सं.] ધર્મ કર્યાનું ફળ;
ધર્માસનસ્થાન ન૦ [सं.] ધર્માસન–ન્યાયાધીશના આસનની જગા; અદાલત
ધુરંધર વિ૦ [सं.] શ્રેષ્ઠ; અગ્રેસર
ધૂડી વિ૦ પાટી પર ધૂળ નાંખી લખવાનું શિખવાડાતું તે જમાનાની (શાળા) [રમત
ધોખાબાજી સ્ત્રી૦ દગોફટકો; દાવપેચની

ન

નથ સ્ત્રી૦ કોલુ કે ચિચોડાની વચલી લાટ (જુઓ બૂતડી)
નબી પું૦ [अ.] પેગંબર
નબીરા પું૦[फा.]દીકરા કે દીકરીનું સંતાન
નરમેધ પું૦ [सं.] નર–માણસનું જેમાં બલિદાન અપાય તેવો મેધ–યજ્ઞ
નવમાલિકા સ્ત્રી૦[सं.]જુઓ વનજ્યોત્સ્ના
નવાણુ ન૦ જળાશય [નરમ પડવું
નંખાઈ જવું=લોથ થઈ જવું; સાવ
નાખુદા પું૦ [अ.] વહાણનો સુકાની
નાણવું સ૦ક્રિ૦ (પદ્ય) ન આણવું
નાળ સ્ત્રી૦ નળી; સાંકડી ગલી
નિકાસ પું૦ [सं.] બહાર કાઢવું તે
નિધિ પું૦ [सं.] ભંડાર
નિમિષ સ્ત્રી૦ [सं.] પલકારો; પળ; ક્ષણ
નિરક્ષરતા સ્ત્રી૦[सं.] અભણતા; વાંચતાં લખતાં ન આવડવું તે
નિર્મુખ વિ૦ [सं.] નિરાશ
નિર્વાટ વિ૦ વાટ–રસ્તા વગરનું
નિર્વાણ અ૦ નક્કી; ચોક્કસ [સ્થિર
નિષ્ક્રિય વિ૦ [सं.] કશી ક્રિયા ન કરતું;
નિસ્તૈલ વિ૦ [सं.] તેલ વગરનું
નિઃસ્પૃહતા સ્ત્રી૦ [सं.] ઇચ્છા કે લોભ ન હોવો તે; નિઃસ્વાર્થતા
નીવારબલિ પું૦ [सं.] બલિ તરીકે વેરેલા સામાના દાણા
નેણ ન૦[सं. નયન]આંખ [તોળવાની બુદ્ધિ
ન્યાયબુદ્ધિ સ્ત્રી૦[सं.] ન્યાય સમજવાની કે
ન્યારું વિ૦ જુદું; અલગ

પ

પડકાર પું૦ મોટેથી 'આવી જાઓ' એમ કહેવું તે; આહ્વાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદરનું વિ૦ ગાંઠનું; પોતાનું [ખુલ્લું કરવું
પરકાશવું સ૦ક્રિ૦(પદ્ય)પ્રકાશવું; જાહેર કે
પરમાણુ પું૦ [સં.] અણુનો પણ અણુ
પરહરવું સ૦ક્રિ૦ પરિહરવું; ત્યજવું
પરિવ્રાજક પું૦ [સં.] સંન્યાસી
〃૨ પું૦ [સં.] પશુનો શત્રુ–સિંહ
પશુયજ્ઞ પું૦ [સં.] જેમાં પશુ હોમવાનું હોય એવો યજ્ઞ
પાખંડ ન૦ [સં.] ઢોંગ
પારાવાર વિ૦ પાર વગરનું; પુષ્કળ
પાવો પું૦ આગબોટની સિસોટી
પિકદાની સ્ત્રી૦ થૂંકદાની
પીતજ્વર પું૦ [સં.] પીળો તાવ (તે તાવથી શરીર પીળું પડી જાય છે)
પુરાણી પું૦ [સં.] પુરાણકાર; પુરાણો રચનાર
પૂર્ણાહુતિ સ્ત્રી૦ [સં.] યજ્ઞમાં છેવટે અપાતી આહુતિ (૨) સમાપ્તિ [કાર્ય
પૂર્વકર્મ ન૦ [સં.] પૂર્વજન્મમાં કરેલું
પેચિયું ન૦ પેચ ફેરવવાનું ઓજાર–પાનું
પેઢીઘર વિ૦ પેઢી દર પેઢી; વંશપરંપરાથી
પેરેફિન ન૦ [ઇં.] મીણ જેવો તેલી પદાર્થ
પેંગડામાં પગ ઘાલવો = બરાબરી કે સરસાઈ કરવી
પૈરાણિક વિ૦[સં.](અઢાર)પુરાણો વિષેનું
પ્રક્ષાલન ન૦ [સં.] ધોવું, પખાળવું તે
પ્રજાતંત્ર ન૦ [સં.] પ્રજાની સત્તાવાળું કે પ્રજાએ નામેલું તંત્ર કે વ્યવસ્થા કરનારું મંડળ
પ્રજાસત્તાક વિ૦ [સં.] પ્રજાની જેમાં સત્તા ચાલતી હોય એવું; લોકશાહી
પ્રતિબંધ પું૦ [સં.] મનાઈ
પ્રતિહાર પું૦[સં.] દ્વારપાળ; બારણાનો પહેરેગીર
પ્રમત્ત વિ૦ [સં.] ગાંડું; મદ ભરેલું
પ્રમાણવું સ૦ક્રિ૦ જાણવું, માનવું
પ્રયોગ પું૦ [સં.] કામમાં લેવું તે; ઉપયોગ (૨) અખતરો [કરે એવું
પ્રસન્ન વિ૦ [સં.] સ્વચ્છ; નિર્મળ(૨)રાજી
પ્રાકૃત સ્ત્રી૦; ન૦[સં.] પ્રાકૃત – સામાન્ય લોકની ભાષા (સંસ્કૃત નહિ તેવી)
પ્રારબ્ધ ન૦ [સં.] નસીબ [જોનાર
પ્રેક્ષક પું૦ [સં.] (તમાસો, જલસો ઇ૦)
પ્રેક્ષાગાર ન૦ [સં.] (તમાસો જોવા) પ્રેક્ષકોને બેસવાનું મકાન

ફ

ફરાસ પું૦ સાફસૂફી કે દીવાબત્તીનું કામ કરનાર
ફાલુ ન૦ શિયાળની એક જાત
ફુલેલ ન૦ સુગંધીદાર તેલ
ફેન ન૦ [સં. ફેણ–ન] ફીણ
ફોક વિ૦ ફોગટ; નકામું

બ

બટુક પું૦[સં.] બાળક; છોકરું
બડભાગી વિ૦ ભારે નસીબદાર
બદી સ્ત્રી૦ [ફા.] કુટેવ; ખોટી રૂઢિ
બરદ ન૦ (પદ્ય) જુઓ બિરદ
બસ સ્ત્રી૦ [ઇં.] ઉતારુઓ માટે મોટી લારી જેવી મોટર
બંધે વિ૦ (પદ્ય) બંને; બેઉ
બાકર ન૦ (પદ્ય) બકરું
બાજીગરી સ્ત્રી૦ [ફા.] ખેલ; તમાસો
બાળો વિ૦પું૦ નાદાન; બાળક જેવો અણસમજુ
બિરદ ન૦ વચન; ટેક
બિલ ન૦ [ઇં.] ધારાસભામાં વિચારવા માટે રજૂ થતા કાયદાનો ખરડો
બિહાવવું સ૦ક્રિ૦ બિવડાવવું; ડરાવવું
બુદ્ધ વિ૦ [સં.] બોધ કે જ્ઞાન પામેલું; જ્ઞાની (૨) સ્ત્રી૦ [પદ્ય] બુદ્ધિ
બૂતડી સ્ત્રી૦ ચિચોડાની નથની આસપાસની બે લાટમાંની દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગદું નo ભોંયરું

બ્રહ્મી વિo બ્રહ્મદેશનું

ભ

ભક્તિયોગ પુંo [सं.] ભક્તિ જે યોગમાં મુખ્ય હોય તે

ભગરું વિo ભભરું; છૂટું કણકીદાર

ભમરાળુ વિoભમરા–વમળો થતું (પાણી)

ભરતિયું નo માલની કિંમતનું બિલ

ભવ પુંo [सं.] જન્મ (૨) સંસાર

ભંડક નo ભોંયરા જેવો ભાગ

ભીનું સંકેલવું=વાતનો તોડ કાઢ્યા વગર ગમે તેમ આટોપવું

ભીષણ વિo [सं.] ભયંકર; કારમું

ભૂર વિo [सं. ભૂરિ] વિશેષ; વધુ

ભૂલી સ્ત્રીo ભૂલ

ભૂસ્તરશાસ્ત્રી પુંo [सं.] જમીનના અંદરના થરોનું શાસ્ત્ર જાણનારો

ભેંકાર વિo (પદ્ય) ભયંકર [બનેલું

ભૌતિક વિo [सं.] સ્થૂળ; પાંચ મૂળતત્ત્વોનું

ભ્રષ્ટ વિo [सं.] પતિત; અપવિત્ર

મ

મજહબ પુંo [अ.] ધર્મ

મન-ગમયંતી વિoસ્ત્રીoમનને ગમતી;વહાલી

મનેખ પુંo મનુષ્ય; માણસ

મનોરથ પુંo [सं.] ઇચ્છા; મનની ધારણા–મુરાદ [કાઢનાર

મરજીવો પુંo દરિયામાં ડૂબકી મારી મોતી

મર્દન નo [सं.] ચોળવું–ઘસવું તે

મલયવૃક્ષ નo [सं.] મલય પર્વત ઉપરનું ઝાડ (૨) ચંદનનું ઝાડ

મવાલી પુંo [फा.] ગુંડો; તોફાની બેજવાબદાર માણસ [આગેવાનીભર્યું

મહાધુરંધર વિo [सं.] જબરું મોટું

મહાનલ પુંo [सं.] મોટો અનલ–અગ્નિ

મહાવત પુંo હાથી હાંકનાર કે સંભાળનાર

મહિયારી સ્ત્રીo ગોવાળણ; ગોપી

મહી નo દહીં

મંગળસૂત્ર નo લગ્ન વખતે કન્યાના ગળામાં પહેરાવવાનો દોરો, જે સૌભાગ્યના મંગળ તરીકે સ્ત્રી પહેરે છે

મંચ પુંo [सं.] ભાષણ કરનાર જે ઊંચા માંચા પરથી બોલે છે તે જગા

મંત્રમુગ્ધ વિo [सं.] સાપ મંત્રથી જેમ સજડ થઈ જાય છે તેવું—સ્તબ્ધ

માનવકુલાંગાર પુંo [सं.] માણસજાતમાં અંગારા જેવો પાકેલો તે; અધમ માણસ

માનિની વિoસ્ત્રીo[सं.]માની-અભિમાની સ્ત્રી

માર્દવ નo [सं.] મૃદુતા; કોમળતા

માર્મિક વિo [सं.] અતિ નાજુક; કોમળ

મુગ્ધ વિo [सं.] સુંદર; મોહક (૨) ફૂટતી જુવાનીવાળું [પ્રવીણ માણસ

મુત્સદ્દી પુંo [अ.] રાજદ્વારી કામોમાં

મુનસફ પુંo [अ. मुन्सिफ़] દીવાની અદાલતનો ન્યાયાધીશ

મુમુક્ષુ વિo [सं.] જન્મમરણમાંથી છૂટવાની–મોક્ષની ઇચ્છાવાળું

મૂર્છાવસ્થા સ્ત્રીo [सं.] બેભાન દશા

મૃગયા સ્ત્રીo [सं.] શિકાર

મોડબંધો પુંo વરરાજા [ગટર

મોરી સ્ત્રીo ગંદા મેલાને જવાની નીક;

ર

રઘુવીર પુંo [सं.] રઘુવંશમાં વીર – રામ

રચનાત્મક કાર્યક્રમ પુંo [सं.] કાંઈક કરવાનું કે રચવાનું જેમાં મુખ્ય હોય તેવું કામકાજ

રત્નાકર પુંo [सं.] રત્નોના આકર–ખાણ જેવો, દરિયો [અસ્તવ્યસ્ત

રફેદફે અo [अ. रफ़ादफ़ा] વેરણછેરણ;

રસના સ્ત્રીo [सं.] જીભ

રસાયનશાસ્ત્રી પુંo[सं.]રસાયન જાણનાર. રસાયન = પદાર્થો મળીને થતું રૂપાંતર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ કે દૂધનું દહીં થાય તેવું
રસાલો પું૦[ફા. રિસાલા] મોટા માણસ સાથે જતા માણસો વગેરેનો સમૂહ
રહસ્ય ન૦ [સં.] મર્મ; સારરૂપ તત્ત્વ કે ગૂઢ અર્થ [દૃષ્ટિ
રહેમિયત સ્ત્રી૦ [ફા.] દયા કે કૃપાની
રળી સ્ત્રી૦ હરખ (૨) હોંશ; કોડ
રંગભેદ પું૦ [સં.] ચામડીનો રંગ જુદો હોવાને લીધેનો ભેદભાવ
રાગી વિ૦ [સં.] પ્રેમી [મુખ્ય રસ્તો
રાજમાર્ગ પું૦ [સં.] ધોરી–મોટો કે
રાષ્ટ્ર પું૦; ન૦ [સં.] દેશ
રુદિયું ન૦ (પદ્ય) હૃદય
રુદ્ર વિ૦ [સં.] ઉગ્ર; કારમું; ભયંકર
રૂપૈયો પું૦ રૂપાનો સિક્કો; રૂપાનાણું
રેણુ પું૦; સ્ત્રી૦ [સં.] ધૂળ; રજ
રેંઢાવેળા સ્ત્રી૦ રેંઢો–વાળુની વેળા

લ

લલાટ ન૦ [સં.] કપાળ [નાજુક; કોમળ
લલિત વિ૦ [સં.] સુંદર; કળામય (૨)
લહાણુ સ્ત્રી૦ લાભ; ફાયદો
લહેર સ્ત્રી૦ મોજું; લહરી [અને પ્રિયતા
લાલિત્ય ન૦ [સં.] લલિતતા; સુંદરતા
લાવા-રસ પું૦ જ્વાળામુખી પર્વતમાંથી નીકળતો પ્રવાહી પદાર્થ
લોઢપિંજર ન૦ લોઢાની પાંજરા જેવી રચના (પા. ૮૮ પર ચિત્રમાં જુઓ.)

વ

વધસ્તંભ પું૦ [સં.] વધ કરવા માટે લટકાવવાનો સ્તંભ
વધેરવું સ૦ક્રિ૦ બલિદાન આપવું–કાપવું
વનજ્યોત્સ્ના સ્ત્રી૦[સં.] જૂઈ જેવી એક વેલ
વરવું સ૦ક્રિ૦ પસંદ કરવું
વલવલવું અ૦ક્રિ૦ વિલાપ કરવો; રડવું
વસાહત સ્ત્રી૦ નવી જગાએ થતો વસવાટ કે વસ્તી
વસિયતનામું ન૦ [ફા.] વારસા વિષે કરાતું ખત; વીલ
વસૂલાત સ્ત્રી૦ [અ.] વસૂલ કરવું કે લેવું તે; ભરપાઈ [વહેવારનો ન્યાય
વહેવારાંવટ સ્ત્રી૦ વહેવારુપણું; સામાન્ય
વંચક પું૦ [સં.] છેતરનાર; ધુતારો
વાઢ પું૦ શેરડીનું ખેતર કે વાવેતર
વાત્સલ્ય ન૦ [સં.] વહાલ; હેત
વાનપ્રસ્થાશ્રમ પું૦[સં.]ગૃહસ્થનું જીવન પૂરું કરી, કામોમાંથી છૂટા થઈ વનમાં વાસ કરવો તે
વામા સ્ત્રી૦ [સં.] સ્ત્રી
વારિરાશિ પું૦ [સં.] વારિ–પાણીનો રાશિ–ઢગલો કે ઓઘ
વાસના સ્ત્રી૦ [સં.] મનમાં દૃઢ થયેલી કામના કે ઇચ્છા
વિલાવું અ૦ક્રિ૦ કરમાવું
વિષ્ટિ સ્ત્રી૦ [સં.] સંધિ કે સમાધાની કરવાની વાટાઘાટ
વિસરાળ વિ૦ભુલકણું;વીસરી જાય એવું
વિસાત સ્ત્રી૦ વસાત; ગણતરી; હિસાબ
વિસ્તરવતી વિ૦સ્ત્રી૦[સં.]વિસ્તારવાળી; ખૂબ ખીલેલી
વીજાણુ પું૦ વીજળીનો અણુ (પદાર્થ-વિજ્ઞાન એમ બતાવે છે કે દરેક પરમાણુ-માં અમુક વીજાણુ રહેલા છે.)
વેદાંત ન૦ [સં] હિંદુ ફિલસૂફીની છ મુખ્ય શાખામાંની એક. જુઓ ષટદર્શન
વેદી સ્ત્રી૦ [સં.] યજ્ઞનો હોમ કરવાને પવિત્ર કરેલી જગા
વેસેલિન ન૦[ઇં.]મીણ જેવો એક તેલી પદાર્થ
વેળુ સ્ત્રી૦ રેતી [કરવું તે
વ્યવહાર પું૦[સં.] વર્તન; અમલ; કાંઈ

શ

શકટ ન૦ [સં.] ગાડું
શગ સ્ત્રી૦ દીવાની જ્યોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરાફ પું૰[अ. सर्राफ़] નાણાવટી;વ્યાજુકાં નાણાં ધીરનાર

શાંતિપાઠ પું૰ [सं.] શાંતિ શીખવતો [પાઠ કે બોધ

શાંતિરાજ પું૰ [सं.] શાંતિનો રાજા

શિબિર પું૰[सं.]છાવણી;ડેરોતંબુ;પડાવ

શુક્લ વિ૰ [सं.] ધોળું

શૂકર પું૰[सं.] ડુક્કર; ભૂંડ

શૈત્યપાવનત્વ ન૰[सं.] શીતળતા અને [પવિત્રતા

શ્રુતિ સ્ત્રી૰ [सं.] વેદ

શ્વપચ પું૰[सं.]શ્વ–કૂતરું રાંધી ખાનાર– [ચંડાળ

સ

સત્યપ્રેમ પું૰ [सं.] સત્યને માટેનો પ્રેમ

સબૂધું વિ૰ સપૂચું; બધું

સબૂર અ૰ થોભો! ખમો!

સમરાંગણ ન૰ [सं.] લડાઈનું મેદાન

સમ્રાજ્ઞી સ્ત્રી૰[सं.]સમ્રાટની સ્ત્રી–મહારાણી

સરલ વિ૰[सं.]સીધું (૨) મુશ્કેલી વગરનું

સલૂણું વિ૰ સુંદર; મનોહર

સવર્ણ વિ૰ [सं.] ચાર વર્ણોની ગણનામાં આવતું; અસ્પૃશ્ય નહિ એવું

સહસા અ૰ [सं.] ઓચિંતું; અચાનક; [એકદમ

સહસ્રસ્તંભ વિ૰ [सं.] હજારો સ્તંભવાળું

સંધું વિ૰ (પદ્ય) બધું; સર્વ

સંપ્રદાય પું૰ [सं.] રિવાજ; ધારો

સંયમ પું૰ [सं.] શરીર મનને કાબૂમાં રાખવું તે

સંયમધન વિ૰ [सं.] સંયમ જેમનું ધન છે તેવું – સંયમી, તપસ્વી

સંરક્ષક પું૰ [सं.] રખેવાળ

સંસ્કૃત વિ૰ [सं.] સુધરેલું; સારી રીતે કેળવાયેલું; સંસ્કારી

સાજ પું૰ સરસામાન; સામગ્રી

સારસ્ય ન૰ [सं.] સરસતા; સારાપણું

સાર્થકતા સ્ત્રી૰ [सं.] અર્થનું – ખપનું હોવું તે; સફળતા

સામો પું૰ એક હલકું અનાજ

સાવજ પું૰ સિંહ

સિતારો પું૰ [फ़ा.] તારો

સિંધુતરંગ પું૰ [सं.] દરિયાનું મોજું

સીલબંધ વિ૰ સીલ – લાખથી મહોર મારીને બંધ કરેલું

સુકાન ન૰ [अ. सुक्कान] વહાણને ધાર્યા પ્રમાણે ફેરવવાની કળ જેવી યોજના

સુગંધી સ્ત્રી૰ (ચોળવાની) સુગંધી વસ્તુ

સુતર આવે તેમ=સુતર પડે — સરળતા કે સહજતા હોય તે રીતે

સુપરિન્ટેન્ડેન્ટ પું૰ [इं.] દેખરેખ રાખનાર વડો અમલદાર

સૂમ વિ૰ [अ. शूम] કંજૂસ; કૃપણ

સૃષ્ટિદોહિની વિ૰સ્ત્રી૰ [सं.] સૃષ્ટિના દોહનરૂપ; અતિ સુંદર

સોણું ન૰ સ્વપ્નું

સોનૈયો પું૰ સોનાનો સિક્કો; સોનાનાણું

સ્ટીરિન ન૰ [इं.] મીણ જેવો પદાર્થ (મીણબત્તીમાં વપરાય છે.)

સ્તબ્ધ વિ૰ [सं.] સડક; દિંગ; અચંબાથી સ્થિર [અંધોળડી

સ્નાનાગાર ન૰ [सं.] નાહવાની ઓરડી;

સ્નેહાળ વિ૰ સ્નેહ–ચીકટ કે તેલવાળું

સ્મશાન-વૈરાગ્ય પું૰ [सं.] સ્મશાનમાં ગયાથી ઊપજતો ક્ષણિક વૈરાગ્ય

હ

હત્યાકાંડ પું૰ [सं.] ખૂનરેજી; મારામારી

હમામખાનું ન૰ [फ़ा.] જુઓ સ્નાનાગાર

હસ્તી પું૰ [सं.] હાથી

હાસ પું૰ [सं.] હાસ્ય; હસવું તે

હિમાચ્છાદિત વિ૰ [सं.] બરફથી છવાયેલું – ઢંકાયેલું

હિમાયતી વિ૰ [फ़ा.] તરફદાર; પક્ષકાર

હોકાજંતર ન૰ હોકાયંત્ર; સમુદ્રમાં દિશા જોવા માટેનો કાંટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar